જ્ઞાનવર્ધક પુસ્તકમાળા, પુ. ૭૩ મું

# થોડાંક રસદર્શનો:

## સાહિત્ય અને ભક્તિનાં

લેખક

કનૈયાલાલ મુનશી

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ

# શ્રી મુનશી દમ્પતિની કૃતિઓ :

## શ્રી. લીલાવતી મુનશી :

રેખાચિત્રો અને બીજા લેખો
કુમાર દેવી
જીવનમાંથી જડેલી, ખંડ ૧ લો અને ૨ જો સાથે
વધુ રેખાચિત્રો ને બીજું બધું (છપાશે.)

## શ્રી. કનૈયાલાલ મુનશી :

વેરની વસુલાત (બીજી આવૃત્તિ)
મારી કમલા અને બીજી વાતો (ત્રીજી આવૃત્તિ)
પાટણની પ્રભુતા (બીજી આવૃત્તિ)
ગુજરાતનો નાથ (પાંચમી આવૃત્તિ)
પૃથ્વીવલ્લભ (ત્રીજી આવૃત્તિ)
રાજાધિરાજ (બીજી આવૃત્તિ)
કોનો વાંક? (ત્રીજી આવૃત્તિ)
સ્વપ્નદ્રષ્ટા (બીજી આવૃત્તિ)
ભગવાન કૌટિલ્ય
કાકાની શશી
ધ્રુવસ્વામિનીદેવી
પૌરાણિક નાટકો : પુરંદર પરાજય, અવિભક્ત આત્મા, તર્પણ તથા પુત્રસમોવડી. (બીજી આવૃત્તિ)
સામાજિક નાટકો : વાવાશેઠનું સ્વાતંત્ર્ય, બે ખરાબ જણ તથા આજ્ઞાંકિત
બ્રહ્મચર્યાશ્રમ
સ્નેહસંભ્રમ
શિશુ અને સખી
મારી બીનજવાબદાર મુસાફરી (પ્રેસમાં જશે)
કેટલાક લેખો, ભાગ પહેલા ને બીજો
થોડાંક રસદર્શનો : સાહિત્ય અને ભક્તિનાં
આદિવચનો (પ્રેસમાં)
લોપામુદ્રા (ચાર વિભાગમાં છપાય છે.)
નરસૈયો : ભક્ત હરિનો (છપાય છે.)
Gujarata and Its Literature (પ્રેસમાં જશે)

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાનું |
|---|---|
| આમુખ : સાહિત્ય, ભક્તિ અને ભાવના... ... ... | |
| સાહિત્યનો વિકાસક્રમ.... ... ... ... ... | ૧ |
| સાહિત્યનું સ્વરૂપઃ કથન, સાહિત્ય અને કલ્પના. ... | ૧૧ |
| સરસતા.... ... ... ... ... ... | ૨૪ |
| સાહિત્યમાં સચોટતા. ... ... ... ... ... | ૪૩ |
| શૈલી અને પદલાલિત્ય. ... ... ... ... | ૭૦ |
| ભક્તિ અને સાહિત્ય.... ... ... ... ... | ૭૯ |
| હિંદમાં શુદ્ધ ભક્તિનો ઉદય ... ... ... ... | ૧૦૯ |
| ભક્તિનો મધ્યાહ્ન અને ગુજરાતી સાહિત્ય : ... ... | ૧૪૫ |
| (૧) ગુજરાતમાં વિષ્ણુભક્તિ... ... ... ... | ૧૪૫ |
| (૨) લોકસાહિત્યમાં રાધાકૃષ્ણ ... ... ... | ૧૪૮ |
| (૩) ગુજરાતમાં પૌરાણિક બળ અને ઉપાસના. ... | ૧૫૩ |

(૪) રામાનંદી ઉપાસનાપ્રધાન ભક્તિ... ... ૧૬૦
(૫) શુદ્ધ ભક્તિનો મધ્યાહ્ન : ચૈતન્ય ... ... ૧૭૨
(૬) વૃંદાવનીય ભક્તિ... ... ... ... ૧૮૬
(૭) મીરાંબાઈ... ... ... ... ... ૧૯૦
(૮) નરસિંહ મહેતા ... ... ... ... ૧૯૬
(૯) પુષ્ટિમાર્ગ–વલ્લભસંપ્રદાય. ... ... ૨૦૩

આથમતી ભકિત અને ગુજરાતી સાહિત્ય :

(૧) પૌરાણિક પ્રવાહ : નાકર ... ... ... ૨૧૨
(૨) પ્રેમાનંદ... ... ... ... ... ૨૧૪
(૩) જ્ઞાન ને વૈરાગ્ય ... ... ... ... ૨૨૦
(૪) નિર્માલ્ય જીવન અને સાહિત્ય ... ... ૨૨૭
(૫) સ્વામિનારાયણ સંપ્રદાય ... ... ... ૨૩૧
(૬) દયારામ : ગુજરાતનો પ્રણયકવિ ... ... ૨૩૮
(૭) અર્વાચીન યુગનો પ્રારંભ : શુદ્ધભકિતનો અસ્ત ૨૪૯

# આમુખ

## સાહિત્ય, ભક્તિ અને ભાવના.

### ( ૧ )

૧૯૨૩માં શિષ્ટ સાહિત્યમાં રહેલી સરસતાનો મેં અભ્યાસ આરંભ્યો ત્યારે ' સાહિત્ય–તેનાં સ્વરૂપ અને પ્રકાર ' એ નામનો લેખ લખવા માંડયો હતો. એ લેખ તો અધુરો રહ્યો, પણ સાહિત્યનાં વિકાસ અને સ્વરૂપ, સચોટતા અને પદલાલિત્ય એ વીશે મેં જે લખ્યું હતું તે આજે પ્રગટ કરું છું. એ ભાગ સાહિત્યસંસદે ' સાહિત્યનું દિગ્દર્શન ' પ્રગટ કરવાનો ઇરાદો રાખ્યો હતો તેમાં સામેલ કરવાનો વિચાર હતો, પણ તે ફલીભૂત થયો નહીં.

એ જ દિગ્દર્શનના પાંચમા ભાગ માટે ઇ. સ. ૧૯૨૫–૨૬ મેં 'ભક્તિ અને ગુજરાતી સાહિત્ય' નામનો લેખ લખ્યો હતો. એ લેખ પણ વિષયવાર છુટો વહેંચી નાંખી, કૈંક સુધારી વધારી, યોગ્ય મથાળાં હેઠળ અહીંઆં છપાવ્યો છે.

બંને લેખોમાં મેં ઝાઝા ફેરફાર કર્યા નથી. એ બંનેમાં રહેલા વિચારો અને દષ્ટિબિંદુઓ મને, સત્યોનું રહસ્ય શોધતાં, સાંપડેલાં છે; અને પરસ્પરાવલંબી હોવાથી એક જ પુસ્તકમાં છપાયે વધારે ઉપયોગી થઈ પડશે એમ માની આમ ભેગા કર્યા છે. મારા સાહિત્યવિષયક અન્વેષણો આ લેખોમાં, 'કેટલાક લેખો'માં, 'આદિવચનો'માં, અને અંગ્રેજીમાં લખેલી 'ગુજરાત અને તેનું સાહિત્ય' નામની ચોપડીમાં છુટાં છુટાં પડયા છે. કોઇક દિવસ એ બધાને એક ઠેકાણે ભેગાં કરી છપાવવાની આશા છે.

( ૨ )

પહેલા લેખમાં 'સાહિત્યનો વિકાસક્રમ' નોંધ્યો છે. બીજા અને ત્રીજામાં, કેટલુંક સાહિત્ય શિષ્ટ બને છે અને બાકીનું એવું થતું જ નથી, એનું કારણ શોધવાનો મારો પ્રયત્ન સમાયો છે. આ પ્રકારના અનેક અન્વેષણોના અભ્યાસ પછી આ લેખો લખ્યા છે. એકજ વિચારકને હું અનુસર્યો નથી. ઘણાનાં દષ્ટિબિંદુ મેં સ્વીકાર્યા છે, પણ તે મારા સ્વાનુભવની કસોટી પર ચઢાવીને. મને કાંચન લાગ્યું તે હું રજુ કરું છું.

પણ આ પ્રયત્નની પાછળ જે દષ્ટિબિંદુ રહ્યું છે તે હું સ્પષ્ટ કરવા માગું છું. ખરું સાહિત્ય એ તો શિષ્ટ હોય તે જ; એટલે, જે એકજ વખતે સરસ અને સચોટ હોય તે. આ સાહિત્યનું રહસ્ય થોડાને જ બરાબર સમજાય છે, અને થોડાકની જ સંસ્કારી રસિક્તા તેનાથી આનંદ પામે છે. અને એ જ સાહિત્યને શિષ્ટ સાહિત્ય તરીકે પૂજાવાનો, એના સ્રષ્ટાને જ ખરા સાહિત્યક તરીકે ગણાવાનો હક્ક છે.

આ તો લોકશાસનનો જમાનો રહ્યો. આખી દુનિયામાં પ્રવર્તી રહેલા વિપ્લવને લીધે સમાજના પડો ઉપર તળે ઝપાઝપ થાય છે. છાપવાની કલાએ કથનમાત્રને થોડુંક આયુષ્ય ને થોડાંક વાંચનારા

આપ્યા છે. અને લોકસેવાના વધતા જતા આદર્શો 'સામાન્ય દૃષ્ટિએ ઉપયોગિતા એ સાહિત્યનું સાફલ્ય' એમ શીખવવાનો દાવો કરે છે. પરિણામે, સામાન્યો રસિકતાનો દાવો કરતા થયા છે, અને શિષ્ટતાની કસોટી કરવાની ધૃષ્ટતા કરે છે. અને સંસ્કારી અને વિશુદ્ધ રસિકતાને સ્થાને લોકપ્રિયતા અથવા ઉપયોગિતાની પ્રતિષ્ઠા સ્થાપવાના જપ કરવામાં આવે છે.

અજ્ઞાની સર્વજ્ઞતાનો આડંબર ધરે તોએ શિષ્ટતાના અંતિમ ધોરણમાં લવલેશ ફેર પડવાનો નથી. શાકુંતલ ને મેઘદૂત, હેમ્લેટ અને ઓથેલો, ફાઉસ્ટ અને એપીપ્સાઇકીડીઓન, ઇલીઅડ અને ડીવાઇન કોમેડી–એ તો શિષ્ટતાના અંતિમ ધોરણો જ રહેવાના. એને એક જયઘોષ ન મળે, એક કેલવણીકાર તેને ઉપયોગી ન ધારે, એકએક ગામડીઆને તે ન સમજાય તોપણ એ તો રહેવાનાં સરસતાનાં સત્ત્વ; અને એનુંજ ધોરણ રહેવાનું શિષ્ટ રસિકતાની કસોટી.

ગુજરાત અત્યારે દરેક દિશામાં દિગ્વિજય કરે છે ત્યારે આ વસ્તુ એણે ધ્યાનમાં રાખવા જેવી છે. એ બીજા વિષયમાં પ્રગતિ કરે તે સાથે સાહિત્યના વિષયમાં પણ એણે પ્રગતિ કરવી હોય તો ધ્યેય એના રસિકોએ ધ્યાનમાં રાખવું જોઈએ. સાહિત્યનું ખરું અને એક માત્ર ધ્યેય સરસતાનું સર્જન છે. સરસતા સરજાય નહીં તો કલાત્મક કૃતિ પેદા થાય નહીં.

( ૩ )

કલ્પનાચિત્ર રચવાની શક્તિમાં કલાનું મૂલ છે એ સત્ય તો મને બાલપણથી સમજાયું છે. ૧૯૨૪માં કલ્પનાચિત્રનું મહત્વ વર્ણવ્યું ત્યારે ઈટાલીના અર્વાચીન મહાન તત્ત્વજ્ઞાની ક્રોસના સૌંદર્ય સિદ્ધાંતોથી હું અજાણ હતો. પણ તેના સિદ્ધાંતોમાં મારા આ અભિપ્રાયનું સમર્થન હું જોઉં છું. "કલા પર કલ્પનાનું અદ્ભુત સામ્રાજ્ય છે. એની સમૃદ્ધિ કલ્પનાચિત્ર છે. એ વિષયોનું વર્ગીકરણ કરતી નથી, તે

બંને લેખોમાં મેં ઝાઝા ફેરફાર કર્યા નથી. એ બંનેમાં રહેલા વિચારો અને દૃષ્ટિબિંદુઓ મને, સત્યોનું રહસ્ય શોધતાં, સાંપડેલાં છે; અને પરસ્પરાવલંબી હોવાથી એક જ પુસ્તકમાં છપાયે વધારે ઉપયોગી થઈ પડશે એમ માની આમ ભેગા કર્યા છે. મારા સાહિત્યવિષયક અન્વેષણો આ લેખોમાં, 'કેટલાક લેખો'માં, 'આદિવચનો'માં, અને અંગ્રેજીમાં લખેલી 'ગુજરાત અને તેનું સાહિત્ય' નામની ચોપડીમાં છુટાં છુટાં પડયા છે. કોઇક દિવસ એ બધાને એક ઠેકાણે ભેગાં કરી છપાવવાની આશા છે.

( ૨ )

પહેલા લેખમાં 'સાહિત્યનો વિકાસક્રમ' નોંધ્યો છે. બીજા અને ત્રીજામાં, કેટલુંક સાહિત્ય શિષ્ટ બને છે અને બાકીનું એવું થતું જ નથી, એનું કારણ શોધવાનો મારો પ્રયત્ન સમાયો છે. આ પ્રકારના અનેક અન્વેષણોના અભ્યાસ પછી આ લેખો લખ્યા છે. એકજ વિચારકને હું અનુસર્યો નથી. ઘણાનાં દૃષ્ટિબિંદુ મેં સ્વીકાર્યા છે, પણ તે મારા સ્વાનુભવની કસોટી પર ચઢાવીને. મને કાંચન લાગ્યું તે હું રજુ કરું છું.

પણ આ પ્રયત્નની પાછળ જે દૃષ્ટિબિંદુ રહ્યું છે તે હું સ્પષ્ટ કરવા માગું છું. ખરું સાહિત્ય એ તો શિષ્ટ હોય તે જ; એટલે, જે એકજ વખતે સરસ અને સચોટ હોય તે. આ સાહિત્યનું રહસ્ય થોડાને જ બરાબર સમજાય છે, અને થોડાકની જ સંસ્કારી રસિકતા તેનાથી આનંદ પામે છે. અને એ જ સાહિત્યને શિષ્ટ સાહિત્ય તરીકે પૂજાવાનો, એના સ્રષ્ટાને જ ખરા સાહિત્યક તરીકે ગણાવાનો હક્ક છે.

આ તો લોકશાસનનો જમાનો રહ્યો. આખી દુનિયામાં પ્રવર્તી રહેલા વિપ્લવને લીધે સમાજના પડો ઉપર તળે ઝપાઝપ થાય છે. છાપવાની કલાએ કથનમાત્રને થોડુંક આયુષ્ય ને થોડાંક વાંચનારા

આપ્યા છે. અને લોકસેવાના વધતા જતા આદર્શો 'સામાન્ય દૃષ્ટિએ ઉપયોગિતા એ સાહિત્યનું સાફલ્ય' એમ શીખવવાનો દાવો કરે છે. પરિણામે, સામાન્યો રસિકતાનો દાવો કરતા થયા છે, અને શિષ્ટતાની કસોટી કરવાની ધૃષ્ટતા કરે છે. અને સંસ્કારી અને વિશુદ્ધ રસિકતાને સ્થાને લોકપ્રિયતા અથવા ઉપયોગિતાની પ્રતિષ્ઠા સ્થાપવાના જપ કરવામાં આવે છે.

અજ્ઞાની સર્વજ્ઞતાનો આડંબર ધરે તોએ શિષ્ટતાના અંતિમ ધોરણમાં લવલેશ ફેર પડવાનો નથી. શાકુંતલ ને મેઘદૂત, હેમ્લેટ અને ઓથેલો, ફાઉસ્ટ અને એપીપ્સાઇકીડીઓન, ઈલીઅડ અને ડીવાઇન કોમેડી–એ તો શિષ્ટતાના અંતિમ ધોરણો જ રહેવાના. એને એક જયઘોષ ન મળે, એક કેલવણીકાર તેને ઉપયોગી ન ધારે, એકેએક ગામડીઆને તે ન સમજાય તોપણ એ તો રહેવાનાં સરસતાનાં સત્ત્વ; અને એનુંજ ધોરણ રહેવાનું શિષ્ટ રસિકતાની કસોટી.

ગુજરાત અત્યારે દરેક દિશામાં દિગ્વિજય કરે છે ત્યારે આ વસ્તુ એણે ધ્યાનમાં રાખવા જેવી છે. એ બીજા વિષયમાં પ્રગતિ કરે તે સાથે સાહિત્યના વિષયમાં પણ એણે પ્રગતિ કરવી હોય તો ધ્યેય એના રસિકોએ ધ્યાનમાં રાખવું જોઈએ. સાહિત્યનું ખરું અને એક માત્ર ધ્યેય સરસતાનું સર્જન છે. સરસતા સરજાય નહીં તો કલાત્મક કૃતિ પેદા થાય નહીં.

( ૩ )

કલ્પનાચિત્ર રચવાની શકિતમાં કલાનું મૂલ છે એ સત્ય તો મને બાલપણથી સમજાયું છે. ૧૯૨૪માં કલ્પનાચિત્રનું મહત્વ વર્ણવ્યું ત્યારે ઈટાલીના અર્વાચીન મહાન તત્ત્વજ્ઞાની ક્રોસના સૌંદર્ય સિદ્ધાંતોથી હું અજાણ હતો. પણ તેના સિદ્ધાંતોમાં મારા આ અભિપ્રાયનું સમર્થન હું જોઉં છું. "કલા પર કલ્પનાનું અદ્ભુત સામ્રાજ્ય છે. એની સમૃદ્ધિ કલ્પનાચિત્ર છે. એ વિષયોનું વર્ગીકરણ કરતી નથી, તે

ખરાં છે કે કાલ્પનિક તેનો નિર્ણય કરતી નથી, તેની વધઘટ કરતી નથી, તેની વ્યાખ્યા આપતી નથી. એ તો જુએ છે ને ચીતરે છે—એટલું જ,"[1] કલ્પના-ચિત્ર રચવા માંડ્યું કે માણસ કલાકાર થયો; અને સરસતા જન્માવાની વૃત્તિ અપૂર્વ કલ્પનાચિત્ર રચવાના પ્રયત્નમાં સાફલ્ય પામે છે.

પણ આથી સરસતા શું છે અને તેને જન્માવાની વૃત્તિ શી છે તેનો નિર્ણય થતો નથી. ક્રોસના અભિપ્રાય પ્રમાણે કલ્પનાચિત્ર જોએલી વસ્તુનું તત્ત્વ પ્રતિબિંબિત કરે ત્યારે સરસતા જન્મે; અને એ સરસતા તે માનસિક કલ્પનાચિત્રનું લક્ષણ છે, જોએલા વિષયનું નથી. 'જ્યારે આપણે સરસ કલાત્મક કૃતિનો આનંદ લઈએ છીએ ત્યારે આપણા અંતરની વૃત્તિનું જ પ્રદર્શન કરીએ છીએ.' પણ 'જોએલી વસ્તુનું તત્ત્વ' એટલે શું? પ્રશ્ન તો નિરુત્તર જ રહ્યો. સરસતા શી વસ્તુ છે એ વિશે મારું દૃષ્ટિબિંદુ સમજાવવાનો આ લેખોમાં મેં પ્રયત્ન કર્યો છે.

"દરેક સંસ્કારી મનુષ્યમાં એવી એક વૃત્તિ છે કે જે દરેક વસ્તુની ભાવના રચ્યા જ કરે છે, અને સમૃદ્ધ સ્વભાવના માણસોની મૌલિક માનવતામાં તેનું બીજ હોવાથી, આ વૃત્તિ થોડાક જ પ્રકારે રચના રચે છે. જેમ ઉકળતા પાણીમાંથી વરાળ નીકળ્યા કરે તેમ, આ વૃત્તિને લીધે વસ્તુના ઇંદ્રિયદ્વારા જે વાસ્તવિક સંસ્કારો પડ્યા હોય છે, તેમાંથી તે વસ્તુની અપૂર્વતાની અસ્પષ્ટ રેખાઓ બહાર પડ્યા જ કરે છે; અને તે કલ્પનાચિત્રની રેખાઓ બને છે. આ

---

૧ "Art is ruled uniquely by imagination. Images are its only wealth. It does not classify objects, it does not pronounce them real or imaginary, does not qualify them, does not define them; it feels and presents them—nothing more." Carr: The Philosophy of Benedetto Croce. p. 35.

રેખાઓમાં સમાય એવી ભાવનાત્મક અપૂર્વતા–સરસતા–કોઈ કલ્પના-ચિત્રમાં કે વસ્તુમાં પરખાય એટલે આનંદ પ્રગટે છે ને રસિકતા સંતોષાય છે.''

આ વૃત્તિને મેં રસવૃત્તિ તરીકે ઓળખાવી છે, અને તેનું કંઈક પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

' પણ ભાવનાત્મક અપૂર્વતાની વ્યાખ્યા જેટલી અઘરી છે તેટલી એની પારખ નથી; અને ખરી રસિકતા જે આ અપૂર્વતાને પરખે છે તેનું મેં કૈંક વિવેચન કર્યું છે.

( ૪ )

ભાવનાત્મક અપૂર્વતાની શોધ જેમ હું કરતો આવ્યો છું તેમ તેને સાહિત્યમાં સરજવાના પ્રયત્નો પણ કરતો આવ્યો છું. પ્રણય એક સ્થૂલ સંબંધથી પર એવો સૂક્ષ્મ સંબંધ છે; અને તેનું નિરીક્ષણ અને વર્ણન કરતાં મને લાગ્યું કે એ સ્ત્રીપુરુષની સર્વાંગ સુંદર એકતાની ભાવના છે. પ્રણય કદી સંપૂર્ણ સિદ્ધ થઈ જતો નથી, પણ સદાય સિદ્ધ થતો જાય છે. વિજાતી તરફ આકર્ષાવાની પશુવૃત્તિ પગલે ને પગલે ભાવનાત્મક અપૂર્વતા પ્રાપ્ત કરતી ને સૂક્ષ્મ થતી જતી, આખરે વિશુદ્ધ પ્રણયમાં પરિણમે છે. અને જેમ આ અપૂર્વતાની સિદ્ધિ થતી જાય છે તેમ, એમાંથી તૃપ્તિના અંશ જઈ, સાત્વિક આનંદ પ્રગટે છે. 'વેરની વસુલાત'થી માંડી, 'દેવે દીધેલી' સુધી પ્રણયની ભાવનાનાં કલ્પનાચિત્ર મેં ચીતર્યાં છે, અને તેની સરસતા સાહિત્યદ્વારા વ્યક્ત કરવાના પ્રયત્ન કર્યા છે.

પ્રણયની ભાવનાનાં ચિત્ર દોરતાં મને ભક્તિનો અભ્યાસ કરવાનું મન થયું. હીંદની અને તેના સાહિત્યની આડે વિંધ્યાચલ સમાન ભક્તિ પડી છે; અણગણ્યા ભક્તોને અને કવિઓને પોતાની છાયામાં સંઘરતી. લિંગપુજામાંથી ઉદ્ભવેલી ઊર્મિ, વિલાસનાં અવનવાં

ખુંદી, આખરે ચૈતન્યના માધુર્યમાં પરિણમે છે ત્યારે ભક્તિમાં રહેલી સરસતા સમજાય છે. જે સંયોગો ભક્તિ ઉભી કરે છે, ને જે સંયોગોવડે હીંદમાં ભક્તિ, અને ખાસ કરી કૃષ્ણભક્તિ, ઉદ્‌ભવી તેની આછી રૂપરેખાઓ આપવાનો મેં પ્રયાસ કર્યો છે. સામાજિક કે વ્યક્તિગત પરિસ્થિતિને લીધે પ્રણયની ભાવના વિકૃત સ્વરૂપ લે, જ્યારે પ્રણયતરસ્યો માણસ તેને મનુષ્ય તરફ વાળવાને બદલે કાલ્પનિક ઇશ્વર તરફ વાળે, ત્યારે શુદ્ધ ભક્તિ પ્રગટે છે. એ સિદ્ધાંત મને સ્પષ્ટ દેખાયો તેવો મેં વર્ણવ્યો છે. ભાવનાત્મક અપૂર્વતા પામેલો એવો વિકૃત પ્રણય ગોપીભાવે ઘણા ભક્તોએ અનુભવ્યો છે ને ઘણા કવિઓએ ગાયો છે. અને જેટલે અંશે એ ગીતોમાં અપૂર્વતાના રંગ છે તેટલેજ અંશે તે સરસ છે. આ દૃષ્ટિબિંદુએ સરસતાના મારાં અન્વેષણને સરલ કરી દીધું છે.

આમ જોતાં ચંડીદાસ અને ચૈતન્ય વચ્ચે, નરસિંહ અને શેલી વચ્ચે, મીરાં અને સેફો વચ્ચેનો ભેદ અદૃષ્ટ થાય છે. પ્રણય ને ભક્તિની સનાતન એકતા સમજાય છે; અને પ્રણયગીત ને શુદ્ધ ભક્તિના પદ બંનેમાં રહેલી એકજ પ્રકારની સરસતાનું દર્શન થાય છે.

સાહિત્યની દૃષ્ટિએ આ સમાનતા સ્વીકારતાં છતાં, શુદ્ધ ભક્તિનો વિરોધ કર્યા વગર હું રહી શકયો નહીં. સમાજમાં શુદ્ધ ભક્તિનું પ્રાબલ્ય એ સ્ત્રીઓની અધમ દશાનો અને પ્રણયના અભાવનો પુરાવો છે. જે જીવંત પ્રણય અનુભવી શકે તે શુદ્ધ ભક્તિ અનુભવી શકે જ નહિ. અને જીવનને ઉલ્લસિત ને સુંદર કરતી પ્રણય જેવી ભાવના અદૃષ્ટ થાય, અને ભક્તિ સ્ત્રીઓને, નરકનું દ્વાર ગણીને, તિરસ્કરણીય લેખે, અને સમાજ, જીવન અને આત્માને ગુંગળાવી મૃત્યુની પયગંબરી કરે, એ સદાય શોચ્ય વાત છે. શુદ્ધ ભક્તિએ સાહિત્યમાં ભલે સરસતા આણી હોય, પણ જીવનમાં, પુરૂષપ્રણીત અન્યાયની અવધિ કરી છે.

## ( ૫ )

પણ આ ઉપરથી સરસતા વિશે એક મારું બીજું દૃષ્ટિબિંદુ

સ્પષ્ટ થાય છે. પ્રણય ને ભક્તિ બંને સાહિત્યમાં સરસતા આણે છે તેમ તે, ક્રમે, પ્રણયી ને ભક્તના જીવનમાં પણ સરસતા આણે છે. ચૈતન્યે કાલ્પનિક રાધાની ભાવનાની સિદ્ધિમાં એના જીવનની સરસતા ગણી, ચંડીદાસે જીવતી રામીમાં ત્રિસંધ્યા અને ગાયત્રીની ભાવના ઝંખતાં એના જીવનની સરસતા સિદ્ધ કરી. જે એમનો અપૂર્વતા માટેનો તલસાટ સાહિત્યને સરસ કરે છે તે એમના જીવનને પણ સરસ કરે છે. આ ઉપરથી મને એટલું સ્પષ્ટ થયું છે કે જે વૃત્તિ કલ્પના-ચિત્રમાં અને વ્યક્ત કરેલી કૃતિમાં સરસતા સર્જે છે તે જ વૃત્તિ પુરૂષને પોતાને પણ સરસતા ઝરતી વ્યક્તિ બનાવી મુકે છે. રસવૃત્તિ એ અપૂર્વતાપ્રેરક મહાવૃત્તિનું માત્ર અંગ છે.

આ વૃત્તિ જો એક હોય તો માનવતાનું દર્શન સહેલું થઈ જાય છે; કારણ કે મહાપુરુષ મનુષ્યદેહી વિશિષ્ટ ભાવનાઓ રૂપે નજરે પડે છે. "પોતાના સ્વભાવને લાક્ષણિક શક્તિમાં ફેરવી નાંખવો એજ આર્ય માનવતા...તેજોમય ને પ્રતાપી બનેલી પોતાની સ્વભાવજન્ય વિશિષ્ટતા સાથે આર્ય તાદાત્મ્ય મેળવે છે ત્યારે તે.. એક પ્રાકૃતિક શક્તિ –Elemental Force–બને છે, ને દુર્ધર્ષ પ્રાબલ્ય મેળવે છે."[૧]

તેજ પ્રમાણે જ્યારે બે પ્રણયીના મનમાં રમતું ઐક્યનું કલ્પના-ચિત્ર બંને પ્રણયીની દૃષ્ટિએ એક આત્મારૂપે દેખાય ત્યારે ભાવના સિદ્ધ થાય, અને જીવનમાં પ્રણય સરસતાનું સત્ત્વ બનીને રહે.

આમ સઘળી સરસતા ને મહત્તાનું મૂલ 'છું તે' રહેવામાં નથી, પણ 'છું' તેનાથી નીરાળો ને 'અપૂર્વ' બનવામાં છે; 'ભવ'માં નથી, 'ભાવના'માં છે. અને એ ભાવનાની સિદ્ધિમાં જ પરમ આનંદ અનુભવાય છે. પ્રણય અને ભક્તિ, સાહિત્ય અને માનવતા, ત્યાગ અને કર્તવ્યનાં તત્ત્વોનું અન્વેષણ કરતાં મને એકજ મૌલિક સિદ્ધાંત સુજ્યો જાય છે: ઉત્તરોત્તર વધતી ભાવનાની સિદ્ધિ કરવાના પ્રયત્નમાં જ સાહિત્ય અને જીવનની સરસતા છે.

---

૧ મુનશી: માનવતાનાં આર્યદર્શનો.

# થોડાંક રસદર્શનો:

## સાહિત્ય અને ભક્તિનાં.

### સાહિત્યનો વિકાસક્રમ.

(૧)

"પ્રારંભમાં શબ્દ હતો. શબ્દ ઈશ્વરની સાથે હતો. શબ્દ તેજ ઈશ્વર હતો. એણે બધી વસ્તુ સરજાવી અને એના વિના સૃષ્ટિ અણુસરજી રહી. જીવન એમાંજ સમાયું હતું." ઇસુના આદ્ય શિષ્યે આ સૂત્ર ઉચ્ચાર્યાં હતાં. અને તે સૂત્રોનું રહસ્ય ઉચ્ચારનારે ધારેલું તેનાથી પણ વિશેષ ઉંડું છે એમ લાગ્યા વિના રહેતું નથી. કારણ કે પ્રારંભમાં પણ શબ્દ હતો ને આજે પણ શબ્દ સર્વવ્યાપી છે. પ્રારંભમાં પણ શબ્દે સૃષ્ટિને જીવનની ઓળખ કરાવી, ને આજે પણ એના વિના આચાર-વિચાર, ભાવ કે ભાવના શક્ય નથી. શબ્દો અંધકારનો વિનાશ કરે છે: સંસાર સાધે છે ને તોડે છે; હૃદયો ભાંગે છે ને ભેગાં કરે છે; પ્રેમ ને ઉલ્લાસનો સ્વાદ ચખાડે છે. તે વિચારની ગહનતા માપે છે ને આચારની પ્રણાલિકા નક્કી કરે છે. શબ્દજાળે રચેલા કરાર પર વ્યવહારજીવન ટકી રહે છે. શબ્દરચનાથી ઘડેલા કાનુનો રાજ્યો રાખી રહે છે ને

ઉથલાવે છે. શબ્દરૂપે પ્રગટેલી ભાવના સમગ્ર જીવન પર સત્તા ચલાવે છે, જનતાને જીતે છે, સંસ્કાર જગવે છે અને પ્રગતિ ને મોક્ષ સાધે છે. સેંટ જોન કહે છે તે ખરું છે. જીવન એમાંજ સમાયું છે. શબ્દબ્રહ્મ સર્વવ્યાપી છે અને સર્વસત્તાનું મૂલ છે.

આ શબ્દબ્રહ્મની પૂજા એ મનુષ્યનો આદ્ય ધર્મ છે. પશુમાંથી મનુષ્ય થવા મથતા પ્રાણીનો પ્રથમ પ્રયાસ, સમજાય એવા નાદસમૂહથી, અંતરાત્મા વ્યક્ત કરવાનો હતો. અને જે જુદાજુદા નાદસમૂહમાં આત્મા વ્યકત કરવાની શક્તિ હતી તેને સમારી, સુધારી, ગોઠવી, તેમાંથી નવાનવા ચમકારા કાઢવામાં તેણે હજારો વર્ષો ગાળ્યાં. સંસ્કૃતિની શરુઆતથીજ જંગલી માણસ શબ્દરચના પર ધ્યાન આપે છે; કારણ કે સંસ્કાર શબ્દોમાં મઢાય તોજ અમર થાય છે. કલાની ટોચે ચઢેલા ગ્રીકોએ શબ્દવ્યૂહની અપૂર્વતા સાધવામાંજ જીવનનું સાફલ્ય માન્યું હતું. શબ્દની ધારા અખંડ રાખવા હીંદુ સંસ્કૃતિએ વિશુદ્ધ ને ભાવનાશીલ બ્રાહ્મણોનું વર્ગશાસન અમર કર્યું. અને આજના વ્યવહારયુગમાં પણ સાહિત્ય દરેક સ્વરૂપે જનતાની ભક્તિ ને બુદ્ધિશાલીની સેવાને પાત્ર થાય છે. અને જ્યાં હોય ત્યાં એ બ્રહ્મનો ઉપાસક ને એની પૂજાનો પ્રચાલક સાહિત્યક–વકીલ, ધર્મગુરુ, પંડિત કે કવિરૂપે–અર્ઘ્ય પામે છે.

( ૨ )

પણ સાહિત્યપૂજાનું વર્ણન જેટલું સહેલું છે તેટલુંજ અઘરું કામ તેનો ઇતિહાસ શોધવાનું અને તેની રૂપરેખા દોરવાનું છે. કોઈ પણ મનુષ્યજાતિના ઇતિહાસનાં મૂલ નંખાયાં તે પહેલાં એ શરૂ થઇ ચુકયો હતો. અને છેલ્લાં દશહજાર વર્ષનું જે સાહિત્ય હાલ હાથ લાગે છે તે આ ઇતિહાસનાં

માત્ર છેલ્લાં પ્રકરણોજ પુરાં પાડે છે. આર્યોએ વેદ ઉચ્ચાર્યા કે મીસરવાસીઓએ ચિત્રાક્ષરી ( hieroglyphics ) લખવા માંડી તે માત્ર આરંભનાજ પ્રયત્નો નથી; પણ હજારો વર્ષોના પુરોગામી પ્રયત્નોનાં સાફલ્યરૂપી સુંદર પરિણામ છે. પણ આપણે સદ્‌ભાગ્યે જનતાના જુદાજુદા વિભાગો સમસંસ્કારી નથી. પચીસસો વર્ષ પર પાણિનિએ વ્યાકરણના નિયમો નિશ્ચલ કર્યા છતાં પણ આજે દુનીઆની કેટલીક જંગલી જાતિઓ અસ્પષ્ટ ઉચ્ચારણની આરંભદશામાં છે; અને તેવી જુદીજુદી જાતિનાં સંસ્કૃતિ, ભાષા ને જીવનની સરખામણીથી એ ઇતિહાસનાં કેટલાંક પ્રકરણોની સામગ્રી મળે છે.

જાનવરો પોતાના ભાવો માત્ર અસંબદ્ધ અવાજ કાઢી દર્શાવે છે અને તે દશા પુરી થઇ ત્યારથી શબ્દનો ઇતિહાસ શરુ થએલો લાગે છે. દરેક શબ્દ પાછળ કૈં પણ વ્યક્ત કરવાનો પ્રયત્ન રહેલો છે અને વ્યક્ત કરવાના સાધન પ્રમાણે એ ઇતિહાસનાં સીમાચિન્હો ગોઠવી શકાય. એ પ્રમાણે સાહિત્ય-વિકાસનો ક્રમ પાડી શકાય:—

૧. શબ્દનું ઉચ્ચારણ શરુ થયું ત્યારથી શરુ થએલો વિભાગ.
૨. સંબદ્ધ ભાષાનો વિભાગ.
૩. પદ્યરચના શરુ થઇ તે વિભાગ.
૪. લેખનકલા શરુ થઇ તે વિભાગ.
૫. છાપવાની કલા શરુ થઇ ત્યાર પછીનો વિભાગ.

પ્રાણીઓની માફક અસંબદ્ધ અવાજથી લાગણી દર્શાવવી એ સ્થિતિ અને શબ્દના ઉચ્ચારણથી વસ્તુ કે ક્રિયા દર્શાવવી એ સ્થિતિ એ બે વચ્ચે સમય અને સંસ્કારનું ઘણુંજ મોટું અંતર રહ્યું છે. અમુક વસ્તુ અમુકજ અવાજે ઓળખાવવી; અમુક ક્રિયા અમુકજ ફેરફારથી સૂચવવી; બે વસ્તુ વચ્ચેનો એક

ઉથલાવે છે. શબ્દરૂપે પ્રગટેલી ભાવના સમગ્ર જીવન પર સત્તા ચલાવે છે, જનતાને જીતે છે, સંસ્કાર જગવે છે અને પ્રગતિ ને મોક્ષ સાધે છે. સેંટ જોન કહે છે તે ખરું છે. જીવન એમાંજ સમાયું છે. શબ્દબ્રહ્મ સર્વવ્યાપી છે અને સર્વસત્તાનું મૂલ છે.

આ શબ્દબ્રહ્મની પૂજા એ મનુષ્યનો આદ્ય ધર્મ છે પશુમાંથી મનુષ્ય થવા મથતા પ્રાણીનો પ્રથમ પ્રયાસ, સમજાય એવા નાદસમૂહથી, અંતરાત્મા વ્યક્ત કરવાનો હતો. અને જે જુદાજુદા નાદસમૂહમાં આત્મા વ્યકત કરવાની શક્તિ હતી તેને સમારી, સુધારી, ગોઠવી, તેમાંથી નવાનવા ચમકાર કાઢવામાં તેણે હજારો વર્ષો ગાળ્યાં. સંસ્કૃતિની શરુઆતથીજ જંગલી માણસ શબ્દરચના પર ધ્યાન આપે છે; કારણ કે સંસ્કાર શબ્દોમાં મઢાય તોજ અમર થાય છે. કલાની ટોચે ચઢેલા ગ્રીકોએ શબ્દવ્યૂહની અપૂર્વતા સાધવામાંજ જીવનનું સાફલ્ય માન્યું હતું. શબ્દની ધારા અખંડ રાખવા હીંદુ સંસ્કૃતિએ વિશુદ્ધ ને ભાવનાશીલ બ્રાહ્મણોનું વર્ગશાસન અમર કર્યું. અને આજના વ્યવહારયુગમાં પણ સાહિત્ય દરેક સ્વરૂપે જનતાની ભક્તિ ને બુદ્ધિશાલીની સેવાને પાત્ર થાય છે. અને જ્યાં હોય ત્યાં એ બ્રહ્મનો ઉપાસક ને એની પૂજાનો પ્રચાલક સાહિત્યક–વકીલ, ધર્મગુરુ, પંડિત કે કવિરૂપે–અર્ધ્ય પામે છે.

( ૨ )

પણ સાહિત્યપૂજાનું વર્ણન જેટલું સહેલું છે તેટલુંજ અઘરું કામ તેનો ઇતિહાસ શોધવાનું અને તેની રૂપરેખા દોરવાનું છે. કોઈ પણ મનુષ્યજાતિના ઇતિહાસનાં મૂલ નંખાયાં તે પહેલાં એ શરૂ થઇ ચુકયો હતો. અને છેલ્લાં દશહજાર વર્ષનું જે સાહિત્ય હાલ હાથ લાગે છે તે આ ઇતિહાસનાં

માત્ર છેલ્લાં પ્રકરણોજ પુરાં પાડે છે. આર્યોએ વેદ ઉચ્ચાર્યા કે મીસરવાસીઓએ ચિત્રાક્ષરી ( hieroglyphics ) લખવા માંડી તે માત્ર આરંભનાજ પ્રયત્નો નથી, પણ હજારો વર્ષોના પુરોગામી પ્રયત્નોનાં સાફલ્યરૂપી સુંદર પરિણામ છે. પણ આપણે સદ્ભાગ્યે જનતાના જુદાજુદા વિભાગો સમસંસ્કારી નથી. પચીસસો વર્ષ પર પાણિનિએ વ્યાકરણના નિયમો નિશ્ચલ કર્યા છતાં પણ આજે દુનીઆની કેટલીક જંગલી જાતિઓ અસ્પષ્ટ ઉચ્ચારણની આરંભદશામાં છે; અને તેવી જુદીજુદી જાતિનાં સંસ્કૃતિ, ભાષા ને જીવનની સરખામણીથી એ ઇતિહાસનાં કેટલાંક પ્રકરણોની સામગ્રી મળે છે.

જાનવરો પોતાના ભાવો માત્ર અસંબદ્ધ અવાજ કાઢી દર્શાવે છે અને તે દશા પુરી થઇ ત્યારથી શબ્દનો ઇતિહાસ શરુ થએલો લાગે છે. દરેક શબ્દ પાછળ કૈં પણ વ્યક્ત કરવાનો પ્રયત્ન રહેલો છે અને વ્યક્ત કરવાના સાધન પ્રમાણે એ ઇતિહાસનાં સીમાચિન્હો ગોઠવી શકાય. એ પ્રમાણે સાહિત્ય-વિકાસનો ક્રમ પાડી શકાય :—

૧. શબ્દનું ઉચ્ચારણ શરુ થયું ત્યારથી શરુ થયેલો વિભાગ.
૨. સંબદ્ધ ભાષાનો વિભાગ.
૩. પદ્યરચના શરુ થઇ તે વિભાગ.
૪. લેખનકલા શરુ થઇ તે વિભાગ.
૫. છાપવાની કલા શરુ થઇ ત્યાર પછીનો વિભાગ.

પ્રાણીઓની માફક અસંબદ્ધ અવાજથી લાગણી દર્શાવવી એ સ્થિતિ અને શબ્દના ઉચ્ચારણથી વસ્તુ કે ક્રિયા દર્શાવવી એ સ્થિતિ એ બે વચ્ચે સમય અને સંસ્કારનું ઘણુંજ મોટું અંતર રહ્યું છે. અમુક વસ્તુ અમુકજ અવાજે ઓળખાવવી; અમુક ક્રિયા અમુકજ ફેરફારથી સૂચવવી; બે વસ્તુ - વચ્ચેનો એક

પ્રકારનો સંબંધ એકજ રીતે દેખાડવો; એક વસ્તુની ઉપમા બીજીને આપી તેનાથી થતી અસર દેખાડવી—આ ક્રિયાઓને પેઢીધર કેળવેલા સંસ્કારથી સહેલી કરી, શબ્દનાં ઉચ્ચારણો સરજાવવામાં મનુષ્યજાતિના કેટલા યુગો ગયા હશે? બાળકને જે શક્તિ થોડા મહીનામાં આવે છે તે માટે મનુષ્યજાતિને શતાબ્દિપરંપરા સુધી પ્રયત્ન કરવો પડયો છે.

ત્યાર પછી સંબદ્ધ ભાષાનો યુગ આવતાં પણ ઘણો સમય થયો હશે. શબ્દ ઉચ્ચારવા એ એક વાત, પણ શબ્દોના સમૂહથી વસ્તુ કે ભાવને સ્પષ્ટ કરવાં એ બીજી વાત છે. આ બીજા યુગમાં વ્યાકરણમાં સમાએલા બુદ્ધિના સનાતન નિયમોનું દર્શન થયું. તેની મદદથી ભાષા જન્મી અને અંતરને વ્યક્ત કરવાના પ્રયત્નો વધારે સરલ થવા લાગ્યા.

આ યુગમાં માત્ર વસ્તુના કથનથી માણસે સંતોષ માન્યો નહીં. તેણે કલ્પનાની મદદથી વસ્તુવસ્તુ વચ્ચે સંબંધ ઉપજાવ્યો અને અલંકારને જન્મ આપ્યો. તેણે શબ્દરચનાથી વિચાર સ્પષ્ટ કરવા માંડયા, વિચારેલા સિદ્ધાંતોને નવા શબ્દમાં જડી માનસિક વિકાસનાં સીમાચિન્હો મુકવા માંડયાં ને કાર્યકારણના સંબંધનો ખ્યાલ તેણે શબ્દરૂપે બહાર પાડવા માંડયો. વર્ણનો શરૂ થયાં, વાતચીત શરૂ થઇ, સ્પષ્ટ વિચાર શરૂ થયો. માત્ર કથનથી માણસે સંતોષ ન માન્યો, પણ કથનને અસરકારક બનાવવાનો પ્રયાસ કર્યો. વાણીમાં ભાવ આણ્યો અને હાથચાળાને તેને અનુરૂપ બનાવ્યા. અને પરિણામે વાચા માત્ર અંતરને વ્યક્ત કરવાનું એક સાધન ન રહી, પણ સાંભળનાર પર સત્તા ચલાવવાનું શસ્ત્ર બની બેઠી. શબ્દોચ્ચારણે સાહિત્યનું સ્વરૂપ લેવા માંડયું.

વાચા દ્વારા અસરકારક રીતે ભાવોને પ્રદર્શિત કરવા જતાં પદ્યનો જન્મ થયો અને નવો યુગ શરુ થયો. પદ્યની શરુઆત

સાહિત્યની પ્રગતિમાં અગત્યનું પગલું છે. પદ્ય થતાં ભાષા વધારે અસરકારક અને સુંદર બની; એક નીરાળી ને પ્રતાપી પ્રવૃત્તિ તરીકે સાહિત્યને મનુષ્યજીવનમાં સ્થાન મળ્યું; અને વાચાદેવીના ઉપાસક તરીકે સાહિત્યકની કીંમત વધવા લાગી. ભાવ અને કલ્પનાની પાંખે ચઢી પદ્યે અણદીઠી સૃષ્ટિઓ જોવા ને જોવડાવવા માંડી. પદ્યની ધુનમાં ભાવના ઉંચે ને ઉંચે ચઢવા લાગી અને એ પદ્યનો રચનાર મનુષ્ય મટી દૈવી મંત્રદ્રષ્ટા લેખાવા લાગ્યો.

મનુષ્યની બધી જાતિઓમાં આર્યોએ આ યુગ સહુથી પહેલાં આરંભ્યો હોય એમ લાગે છે. જ્યારે બીજી જાતિઓ શબ્દોચ્ચારણની દશામાં હતી ત્યારે આર્ય મંત્રદ્રષ્ટાઓએ ઉત્કૃષ્ટ ભાવ અને અદ્દ્ભુત ભાવનાઓને ગૌરવશીલ અને સુંદર પદ્યમાં અમર કરી. સંસ્કૃતિના આદિ યુગથીજ શબ્દબ્રહ્મની સેવા આર્યત્વનું અંગ બની ગઈ; અને આર્યોના સમાજમાં એ બ્રહ્મના ઉપાસકની પદવી, બારોટ, રાજ્યકવિ કે પ્રશંસકની નહીં પણ બધી પદવીથી નીરાળી ને શ્રેષ્ઠ એવી મહર્ષિની થઈ. આ પદવીધર, મનુષ્ય મટી, દેવોનો મિત્ર થઇ રહ્યો. "विदुष्टे तस्य मेधिराः"[1] મંત્રદ્રષ્ટા મધુચ્છંદાનો પુત્ર જેતા ઈંદ્રને કહે છે. અને આવા 'મેધિરા' વિશ્વામિત્રો ને વસિષ્ઠોને રાજાઓના ગુરુ, સંસ્કૃતિઓના સ્થાપક અને ભાવિના વિધાતાઓનાં પદ મળ્યાં. અને જ્યાં જ્યાં આર્યત્વ પ્રસર્યું છે ત્યાં ત્યાં સાહિત્ય ને સાહિત્યકનું સ્થાન સર્વોત્તમ અને અસ્પૃશ્ય બની રહ્યું છે. અને આજે આર્યજીવનના અધિષ્ઠાતાપદે વિશ્વામિત્ર, વ્યાસ, વાલ્મીકિ અને પાણિનિ; હોમર, કાલિદાસ ને ડેમોસ્થનિસ; શેક્સપીઅર અને ગીટી જેવા શબ્દબ્રહ્મની સિદ્ધિ પામેલા મંત્રદ્રષ્ટા, 'Sayers'–કથનકાર–ભોગવે છે.

---

૧ "તને કવિઓ પીછાણે છે." ઋગ્વેદ: ખં. ૧. અ. ૩. સૂ. ૧૧.

( ૩ )

પદ્યયુગની પછીના યુગની શરુઆત અનાર્યોએ કરી એ તો સ્પષ્ટ વાત છે. પરાધીનતા તરફ દ્વેષથી જોનાર આર્યોએ તો સાહિત્યને સ્મરણશક્તિ દ્વારાજ અમર કર્યું, પણ લેખન-કલાની શોધ સેમીટીક જાતિએ કરી અને અક્ષરાવલિ શોધવાનો યશ ફીનીશ્યનોને અપાય છે. એસીરીઆના અસલ વતની સુમેરીઅનો કે ફીનીશ્યનો અને આર્યો વચ્ચે ગમે તે સંબંધ હોય, પણ આર્યો જ્યારે વરુણનાં યશોગાન જ્વલંત પદ્યમાં ગાતા અને પર્ણકુટિમાં રહી સાદું ને સરલ જીવન ગાળતા ત્યારે સેમીટીક અનાર્યો ગગનભેદી પ્રાસાદો બાંધતા, સુંદર શિલ્પકામ કરતા અને ચિત્ર–અક્ષરોથી નજીવા સાહિત્યને ચિરસ્થાયી વસ્તુઓ પર કોતરી અમર કરતા. આથી આર્ય અને સેમીટીક દૃષ્ટિબિંદુ વચ્ચેનો વિરોધ સ્પષ્ટ થાય છે. આર્ય શબ્દથી આત્માને વ્યક્ત કરતો; સેમીટીક સ્થાપત્ય, કોતરકામ ને ચિત્રથી આત્માને વ્યક્ત કરતો. સેમીટીકે ચિત્ર દ્વારા આત્મા વ્યક્ત કરવા જતાં ભાષાનું સ્થાન ચિત્રને આપ્યું અને ચિત્ર–અક્ષરોનો જન્મ થયો.

જેમ ઉચ્ચારણની દશા પ્રાપ્ત કરવા જતાં સાહિત્યનો જન્મ થયો તેમ લેખનકલા શોધવા જતાં સાહિત્યની વૃત્તિ સુદૃઢ અને સતેજ થઈ. પહેલાં એક સામાન્ય વસ્તુ દર્શાવવા કોઈએ તેનું ચિત્ર દોર્યું; પછી કાલ્પનિક વસ્તુઓ અને ક્રિયા રૂઢ ચિત્રથી દર્શાવાઇ. પછી વસ્તુનું નામ જે વ્યંજનથી શરુ થાય તે વ્યંજનના ઉચ્ચારણ માટે તે વસ્તુ વપરાતી ગઇ. આમ ધીમે ધીમે ચિત્ર–અક્ષરી એ લેખનપદ્ધતિ સ્થાપવાનો પ્રથમ પ્રયાસ નહોતો પણ હજારો વર્ષના વિકાસથી રચાએલી લેખનકલાના પરિપાકરૂપ તે હતી.

પછી ચિત્રનાં ચિહ્ન થઈ ગયાં અને ચિહ્ન ઉચ્ચારણ દર્શાવવા વપરાવા માંડયાં. ગ્રીક કલ્પનાસૃષ્ટિના પ્રોમેથીઅસ સમા કોઇ મહાન્ શોધકે 'સરસ્વતી દેવીના બ્રહ્માસ્ત્ર ને સૃષ્ટિભરના સ્મરણચિહ્ન'[1] સમા સ્વર અને વ્યંજન શોધ્યા અને આખી અક્ષરાવલિની પદ્ધતિ હાથ લાગી. સાહિત્ય માત્ર ઉચ્ચારાતું મટી ગયું, લખાતું પણ થયું. વ્યક્ત કરવાની બે પદ્ધતિ એક થઇ ગઈ. પરિણામે સાહિત્ય ચિરસ્થાયી બન્યું, વધારે અસરકારક બન્યું અને તેમાં સૌંદર્ય સીંચવાનો પ્રયોગ વધારે સફલ થયો. સરસ સાહિત્ય ચિરંજીવી થવાથી આદર્શ વધ્યો અને વધેલો આદર્શ ઝપાટાબંધ સંસ્કારને વિકસાવવા અને વિચારને ઉત્તેજવા લાગ્યો.

શોફનહોર[2] લેખકના બે વિભાગ પાડે છે: વસ્તુ માટે લખે તે અને લખવા માટે લખે તે. ખરું જોતાં, લેખનકલા શરુ થતાં સાહિત્યકોના બે પ્રકાર થયા: એક પોતે શું ધારે છે કે કેવે સ્વરૂપે વસ્તુ જુએ છે તે કહેનાર અને બીજો પુરોગામી સાહિત્યકો કહી ગયા છે તે વડે વસ્તુ જોનાર ને કહેનાર. જેમ પદ્યયુગમાં મંત્રદ્રષ્ટા–સાહિત્ય ઉચ્ચારનાર–નો વર્ગ થયો તેમ લેખનપદ્ધતિએ પંડિતવર્ગ પેદા કર્યો. પંડિતની પ્રેરણા પુસ્તકો છે; તેની શક્તિ પુસ્તકો દ્વારા મેળવેલી છે; તેની મહત્તા પુસ્તકો રચવાની શક્તિમાં છે. મંત્રદ્રષ્ટા આત્મામાં ડુબકી મારે છે. પ્રકૃતિને તીક્ષ્ણ દૃષ્ટિએ નીરખે છે અને એ બે ક્રિયાઓથી નીપજેલો અનુભવ વ્યક્ત કરે છે. પંડિત બીજાએ રચેલા સાહિત્યમાં મચ્યો રહે છે; તેની દૃષ્ટિ જ્ઞાનનું પ્રદર્શન જોઈ જ રાચે છે; અને આ પ્રકારની મહેનતથી કરેલા જ્ઞાન-

---

૧ પ્રોમેથાઅસઝ બાઉંડ: એસ્કાઈલીસ. ( Prometheus Bound: Aeschyles )

૨ લેખકવૃત્તિ: શોફનહોર ( Authorship: Schopenhaur )

સંચયને વ્યક્ત કરવા તે મથે છે. દ્રષ્ટાને નિયમ માત્ર પોતાનાજ ને પોતાની રસદષ્ટિના; પંડિતના નિયમો ભેગા કરેલા જ્ઞાનમાંથી નીતરતા સિદ્ધાંતો. જેમ જ્ઞાનનો સંચય થતો ગયો તેમ વિદ્વત્તાના આદર્શો પ્રગટયા, અને દ્રષ્ટાએ વિદ્વત્તાને એક માત્ર સાધનરૂપ બનાવી; પંડિતે તેને પ્રયત્નનું મૂલ ને લક્ષ્ય બંને લેખ્યાં. જેમ સાગરમાં દેખાતા પર્વતશૃંગનું પ્રતિબિંબ ખરા પર્વતથી પણ સરસ ને મનોહર હોય છે તેમ દ્રષ્ટાના કથનમાં માત્ર કહેલી વસ્તુ સરસ નથી હોતી, પણ કહેનારનું વ્યક્તિત્વ ને દષ્ટિબિંદુ વધારે સરસ હોય છે. આથી દ્રષ્ટાના કથનમાં માનવતા વધારે દેખાય છે અને તેથી તે ચિરંજીવ થાય છે. પંડિતના કથનમાં માનવતા કરતાં મહેનત વધારે હોય છે અને તે મહેનતની મદદથી થનાર પંડિત વધારે સમૃદ્ધિના ભાર નીચે કથન દાબી નાંખે છે. આ મૂલ ભેદે સાહિત્યના વિકાસના દરેક યુગમાં જુદાજુદા તરંગો ઉપજાવ્યા છે.

લેખનકલાના વિકાસથી સાહિત્યના ભંડારીઓ પંડિતો થયા. લખવું એ અઘરું કામ હતું અને લખેલાં પુસ્તકો ભેગાં કરવાં એ તેથીએ અઘરું હતું એટલે સાહિત્યનું જ્ઞાન દુષ્પ્રાપ્ય હતું. થોડાકજ પંડિતો થઈ શકતા. થોડાકજ પંડિતાઈનો પાઠ શીખવી શકતા, અને થોડાક જ પંડિતાઈની પરીક્ષા કરી શકતા. પંડિત વિદ્વતા મેળવતો, સાહિત્યના આદર્શો શોધવાનો પ્રયત્ન કરતો, સાહિત્યની પ્રણાલિકાઓ સરજાવતો અને પંડિતોના અભિપ્રાય પ્રમાણે પોતાનું દષ્ટિબિંદુ બદલતો. હીંદમાં લેખનકલાએ સ્મરણશક્તિનું સ્થાન કયાં સુધી લીધું જ નહીં; અને પંડિતાઈનો આધાર ખાસ કેળવેલી સ્મરણશક્તિ પર રહ્યા કર્યો.

આ લેખનયુગમાં સાહિત્યનું ક્ષેત્ર ઘણુંજ સંકુચિત છતાં ઘણુંજ નિર્મલ રહ્યું. સાહિત્યની ભાવના થોડાક સાહિત્યકોએ

વિશુદ્ધ કરી ને શિષ્ટ સાહિત્યની અને સાહિત્યના ક્ષેત્રની સીમા નક્કી કરી. આલમમાં આજે અપૂર્વ શિષ્ટતાના સાધક તરીકે જે સાહિત્યકોને પૂજે છે એ પૂજા પણ આ યુગમાં શરુ થઈ.

(૪)


પંદરમી સદીમાં નવા યુગનાં બીજ રોપાયાં. ગટનબર્ગે જર્મનીમાં, કોસ્ટરે હોલાંડમાં અને કેક્ષ્ટને ઈંગ્લાંડમાં છાપવાની કલા સરલ કરી. તે સમયમાં કાગળ બનાવવાનું પણ સહેલ થઈ ગયું. જે પંડિતોનો ઈજારો હતો તે સમસ્ત લોકની મીલકત બની. સાહિત્યમાં લોકશાસન સ્થપાયું અને સાહિત્યનો આસ્વાદ લેવાનો અધિકાર આખી જનતાએ પ્રાપ્ત કર્યો. પંડિતોની સંખ્યા વધી ખરી પણ પરીક્ષકોની સંખ્યા અગણિત થઈ ગઈ. દ્રષ્ટાઓને શુષ્ક જ્ઞાન મેળવી, પંડિતોની કસોટીએ ચઢવાની જરુર ન રહી. સાહિત્યકને પંડિતની લેખનીની પરવા વગર ચિરંજીવી બની, ભવિષ્યની પ્રજાના સ્વીકાર માટે. **'कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी'** એ માન્યતા આદરવાનું સરલ થઇ પડયું. કૃત્રિમ પંડિતાઇ વિના હૃદયને વ્યક્ત કરવાનો અધિકાર મનુષ્યમાત્રને પ્રાપ્ત થયો અને સાહિત્યના આદર્શોમાં સ્વાભાવિકતા અને વૈવિધ્ય આવ્યાં.

યુરોપમાં છાપવાની કલા જેમ વધતી ગઇ તેમ સાહિત્ય ને સાહિત્યક બંનેમાં ફેરફાર થયો. મનુષ્યના મને સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. મનુષ્યના આચરણને સ્વતંત્ર કરવાના પ્રયાસો શરુ થયા. ધાર્મિક સ્વાતંત્ર્ય માટે યુદ્ધ શરુ થયું અને ભૂતકાલના સાહિત્યની ભાવનાઓ જીવનનો પુનરુદ્ધાર કરવા મંડી ગઈ. લ્યુથર, ડાંટે ને શેકસપીઅરમાં છુટાંછવાયાં મૂર્તિમાન્ થએલાં બલો આખરે આ સાહિત્યયુગના પયગંબર રુસોમાં એકઠાં મળ્યાં. એણે રાજકીય સત્તા સામે બળવો કર્યો. સ્વાતંત્ર્યના

સિદ્ધાંતો શીખવ્યા ને ફ્રેંચ ઉત્ક્રાંતિની આગ ચેતાવી. એણે અર્વાચીન યુગના શ્રેષ્ઠ સાહિત્યસ્વરૂપ નવલકથાને વિકસાવી; એણે આત્માના સર્વદેશીય ઉચ્ચારણોને સાહિત્યમાં મઢાવવાનો હક સિદ્ધ કર્યો. પંડિતો ગુંચવાયા અને તેમને ભુવનત્રય ત્રુટતાં લાગ્યાં. પુરાણી માનવસૃષ્ટિ પર તાંડવ કરતા રુસોએ નવસૃષ્ટિ સરજાવી કહીએ તો ચાલે. એના આત્મકથનો ને નવલકથાઓ સાહિત્યની આ સૃષ્ટિના આદર્શો થઈ રહ્યાઃ અનેક સાહિત્યકો–ગોઅથે, બાયરન, શેલી, હ્યુગો, ઇબ્સન, ફ્રાંસ આદિ રચના સંપૂર્ણ કરવા મથી રહ્યા. સાહિત્યના સામ્રાજ્યની સીમા ફરીથી નક્કી થઇ. (સાહિત્ય એટલે સમસ્ત જીવનનાં અંગોનાં દરેક સ્વરૂપનું કથન) એમ સ્વીકારાયું, અને સાહિત્યકોને (જીવનનાં બધાં તત્ત્વો ભેળવવાનો અને કલાનું દરેક સ્વરૂપ સરજાવવાનો) પરવાનો મળ્યો. પરિણામે લેખનયુગે નિર્ણીત કરેલું શિષ્ટતાનું ધોરણ અદષ્ટ થઈ ગયું.(જીવન અને સાહિત્ય સમવિસ્તારી થયાં.)

આ પ્રમાણે સાહિત્યનાં આદર્શો અને પ્રગતિ જુદાજુદા યુગ પ્રમાણે બદલાતાં આવ્યાં છે.

થોડાંક રસદર્શનો........




જે. જે. રૂસો

[નવસાહિત્ય સૃષ્ટિનો આચાર્ય]

# સાહિત્યનું સ્વરૂપ.

## કથન, સાહિત્ય અને કલ્પના

(૧)

સાહિત્યની વ્યાખ્યા આપવાને અસલના વખતથી અનેક પ્રયત્નો થયા છે. પણ યુગ બદલાતાં સાહિત્યનું ક્ષેત્ર બદલાય છે. દરેક યુગમાં દ્રષ્ટાએ અને પંડિતોએ સ્થાપેલી પ્રણાલિકાઓ જુદીજુદી હોય છે. અને તેથી એક વ્યાખ્યા દરેક યુગમાં લાગુ પાડી શકાતી નથી. હાલના યુગમાં તો સાહિત્યનો વિસ્તાર જીવન જેટલો છે અને જેમ જીવનમાં બધાં ક્ષેત્રોમાં અનુભવ લેવાનું દરેક માણસથી બનવું મુશ્કેલ છે તેમ સાહિત્યની સર્વદેશીય વ્યાખ્યા પણ આપવી મુશ્કેલ છે. પણ સાહિત્ય કોને કહેવું તે નક્કી કરવું કામ મુશ્કેલીનું નથી. સાહિત્યના થોડાઘણા સંસ્કારો પણ જેને પડ્યા હોય તે સામાન્ય કથન અને સાહિત્ય વચ્ચેનો ભેદ પારખે છે. પણ સાહિત્યનાં લક્ષણોનો નિર્ણય કરવા જતાં પહેલાં કથન અને સાહિત્ય મનુષ્યજીવનમાં જે સ્થાન ભોગવે છે તેનું કારણ શું છે તે જોવું જોઈએ.

(૨)

મનુષ્યનો સ્વભાવ સૃષ્ટિ સરજવા તલસતા બ્રહ્મ જેવો છે. વ્યક્ત કરવું એ એનું મૌલિક લક્ષણ છે. સાધનામાત્રથી મનુષ્ય અંતર વ્યક્ત કરવા મથે છે અને મરે છે ત્યારે જ આ મથા-

મણ પડતી મુકે છે. અને વ્યક્ત કરવાનાં શક્તિ અને સાધનો જેમ જુદાં તેમ જુદીજુદી કલાઓને તે જન્મ આપે છે.

એ નાદ દ્વારા જ્યારે કૈં વ્યક્ત કરે ત્યારે સંગીત જન્મે છે. જ્યારે હાથચાળાથી વ્યક્ત કરે ત્યારે અભિનય જન્મે છે, જ્યારે ચિત્રથી વ્યક્ત કરે ત્યારે ચિત્રકલા પ્રગટે છે, જ્યારે પથ્થર કે સ્થૂલ પદાર્થથી વ્યક્ત કરે ત્યારે શિલ્પકલા; જ્યારે બાંધકામથી વ્યક્ત કરે ત્યારે સ્થાપત્ય; અને જ્યારે ભાષાથી તે વ્યક્ત કરે ત્યારે તે સાહિત્ય સરજાવે છે. દરેક કલામાં વ્યક્ત કરવાનો પરમ પ્રયત્ન સમાયો છે.

ભાષા દ્વારા કૈં પણ વ્યક્ત કરવું હોય તે વાચા વડે કે લેખનીથી થઇ શકે. એ વ્યક્ત કરવાની ક્રિયા તે કથન. કથન હોય તે સાહિત્ય બને.

કથનના નિયમોનું શાસ્ત્ર તે વ્યાકરણ. વ્યાકરણના નિયમો એ માનસશાસ્ત્રના નિયમો છે. મનુષ્યના મગજનાં મૂલતત્વો પર એ રચાયાં છે અને એના વડે જ કહેલું સમજાય છે. જો એ નિયમો ન જળવાય તો વ્યક્ત કરેલું કોઈ બીજું સમજે નહીં એટલે કથન સ્પષ્ટ થાય નહીં. જ્યારે નિયમો પ્રમાણે ઘડાએલું કથન બહાર પડે ત્યારે તેને સાહિત્યના નિયમો લાગુ પાડી શકાય.

કોઈ વખત સાહિત્યના નિયમો વ્યાકરણના નિયમોની અવગણના કરે છે. ઘણી વાર કર્તાને બદલે ક્રિયાપદથી વાક્ય શરુ થતું જોઈએ છીએ. કોઈ વાર કર્તા કે ક્રિયાપદ વગરનું વાક્ય સાહિત્યમાં સ્થાન પામે છે, અને છતાં સ્પષ્ટ કથન થાય છે. આ અવગણના ઘણી વાર માત્ર દેખીતી જ હોય છે; અને છતાં એ એટલું જ પુરવાર કરે છે કે સાહિત્યના નિયમો વ્યાકરણના નિયમો કરતાં વધારે વ્યાપક અને મર્મસ્પર્શી છે.

(૩)

સાહિત્યપદ પામવા માટે કથન સચોટ રીતે થવું જોઇએ. જેથી કથન કથવાનો—વ્યક્ત કરવાનો હેતુ પાર ન પડે તેને સાહિત્ય લેખાય નહીં. અને આ હેતુ બે રીતે પુરો પાડવામાં આવે છે: એક શું કહેવું છે તે સામાને બરોબર દર્શાવાય ત્યારે; બીજું જ્યારે એ કથનની સામા માણસ પર જે અસર કરવાની ઇચ્છા હોય તે થાય ત્યારે. સચોટતા આમ બે પ્રકારની હોય: કથનને સ્પષ્ટ કરે તે અને તેને અસરકારક બનાવે તે. જે કાવ્ય કવિના હૃદયની લાગણીઓ સ્પષ્ટ રીતે દર્શાવે તે પહેલા પ્રકારનું; જેનાથી કવિની લાગણીના જેવોજ સમભાવ વાચકમાં પ્રગટે તે બીજા પ્રકારનું. પહેલો પ્રકાર સાધવો સહેલો છે; બીજો સાહિત્યશક્તિની ખરી કસોટી કરે છે. ઘણા કવિઓ પોતાનું રુદન સંભળાવે છે, પણ સામાને કોઇકજ રડાવી શકે છે.

પણ એકલા સચોટ કથનને સાહિત્ય કહી શકાય નહીં. ગાળો દઇ ગ્રામ્ય શબ્દો કે હલકી ઉપમા વાપરી ભાવનું કથન કરવામાં સચોટતા આવી જાય પણ તેથી તે સાહિત્ય ન બને. સચોટ કથન સરસ હોય તોજ સાહિત્ય બને.

કથન સરસ છે એમ પારખવું સહેલ છે; પણ એની સરસતા[૧] શામાં સમાઇ છે તેનો નિર્ણય ઘણો અઘરો છે. પણ સાહિત્યનું સ્વરૂપ આ પ્રમાણે આપી શકાય. સચોટ અને સરસ કથન તે સાહિત્ય. સ્પષ્ટ અસર કરે અને રસિકતા સંતોષે તેવું કથન તે સાહિત્ય.

---

૧. સરસતા શબ્દનો પ્રયોગ નવો છે અને ઘણાને અરુચિકર લાગશે, છતાં એ અર્થ બરોબર સૂચવે છે. કલાત્મક અપૂર્વતા માટે અંગ્રેજીમાં Beautiful શબ્દ વપરાય છે અને સ્થૂલ કે શારીરિક સપ્રમાણતા ને સંવાદિતાને માટે પણ એજ શબ્દનો પ્રયોગ થાય.

પણ સાહિત્યનાં આ બે-સચોટતા અને સરસતા-લક્ષણો એવાં નીરાળાં નથી હોતાં કે સચોટ અને સરસ સાહિત્ય વચ્ચેનો ભેદ તદ્દન સ્પષ્ટ થઈ શકે. ખરું જોતાં તો ઘણે ભાગે બંને લક્ષણો થોડેવધતે અંશે સાથેજ રહ્યાં હોય છે; અને શિષ્ટ સાહિત્યનું લક્ષણ એજ છે કે તે સચોટ અને સરસ બંને હોય છે. છતાં ઉંચામાં ઉંચા પ્રકાર શિવાયના બધા સાહિત્યમાં બેમાંનું એકજ લક્ષણ આગળ પડતું જણાય છે, અને તેથી આ બંને લક્ષણને જુદાંજુદાં તપાસ્યા વિના સાહિત્યનું સ્વરૂપ નક્કી નહીં થઈ શકે.

---

છે. પણ ઘણી વસ્તુ-પ્રકૃતિનું તોફાન, નિર્જનતાની ભવ્યતા, ભયાનક લડાઇનો ત્રાસદાયક દેખાવ સુંદર ન કહેવાય છતાં તે કલાની દૃષ્ટિએ સરસ કહેવાય છે. તેથી સુંદર શબ્દનો પ્રયોગ મને અયોગ્ય લાગ્યો છે.

'રસ' શબ્દ કેટલેક અંશે ઉચિત લાગે છે, છતાં 'મેઘદૂત'માંથી રસ ઝરે છે એમ કહી શકાય છે, પણ 'મેઘદૂત'નું લક્ષણ રસ છે એમ ભાગ્યેજ કહેવાય. વળી ચિત્રમાં રસ છે કે પુતળામાં રસ છે એમ કહેવું અયોગ્યજ ગણાય.

વળી જેમાં રસ હોય તે સરસ-એમ સંસ્કૃત પંડિતો કહે છે. પણ રસના પ્રકાર અને લક્ષણ એવી રીતે નક્કી કરવામાં આવ્યાં છે કે જયાં જયાં રસ હોય ત્યાં ત્યાં સરસ કલા કે સાહિત્ય પ્રગટે એમ સંભવતું નથી. આલંકારિકોએ શૃંગાર, વીર, કરુણા, અદ્ભુત, હાસ્ય, ભયાનક, બીભત્સ, રૌદ્ર અને શાંત એવા નવ રસ કહ્યા છે. પણ રસના આમ પ્રકાર નક્કી કરવા જતાં, સરસતા શામાં સમાઈ છે તે સમજાતું નથી. તેમજ ભવ્યતા ( Sublimity ) જેવા ભાવ કે વિનોદરસ ( humour ) જેવા રસને આ યાદીમાં સ્થાન મળ્યું નથી. અને માત્ર બીભત્સ રસ જે સાહિત્યમાં હોય તેને સરસ કહેવાય કે કેમ એ સવાલ ઉભો થાય છે. એટલે આ પ્રમાણે વપરાએલા 'રસ' શબ્દનો પ્રયોગ દૂર મુકી 'સરસતા' શબ્દ વાપરવાથી સાહિત્યનાં લક્ષણોનું પૃથ્થકરણ કંઈક અંશે સરલ થશે.

આ બે લક્ષણો માત્ર કથનનાંજ નથી હોતાં, પણ દરેક પ્રકારના વ્યક્ત કરવાના કલાત્મક પ્રયત્નનાં હોય છે. નાદ કે ચિત્ર, સ્થાપત્ય કે શબ્દ કે ગમે તે કોઇ બીજી રીતથી વ્યક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે કલામય ત્યારેજ ગણાય કે જ્યારે તે સચોટ અને સરસ બંને હોય.

(૪)

સાહિત્યના પ્રકાર નક્કી કરવા માટે કયા વિષયનું કથન થઈ શકે તે જોવું જોઇએ. સામાન્ય રીતે જોતાં કથન ચાર વિષયનું હોઈ શકે: (૧) વસ્તુ, (૨) વિચાર, (૩) ભાવ અને (૪) ભાવના.

વસ્તુ કાં તો ઇંદ્રિયગ્રાહ્ય, કલ્પનાગ્રાહ્ય કે બુદ્ધિગ્રાહ્ય વિષય હોય.

વિચારનું ક્ષેત્ર મોટે ભાગે તો વસ્તુઓના કાર્યકારણ સંબંધનું અન્વેષણ હોય છે. ઘણી વખત આ સંબંધ સ્પષ્ટ જોયા વિના વસ્તુઓને કલ્પનાથી સંબદ્ધ રાખવા જતાં વિચાર સ્ફુરે છે. કોઈક વખત સિદ્ધાંતો ઉપજાવવાની કે તેમને કલ્પનાથી જોડવાની ક્રિયાને વિચાર કહીએ છીએ. ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ને આત્માના પરસ્પર સંબંધનું અન્વેષણ પણ વિચારનો વિષય હોઈ શકે.

ભાવનો અર્થ સાધારણ રીતે લાગણીઓ થાય છે. બીજા વિષય તરફ કોઈ પણ પ્રકારની રજોગુણી માનસિક દશા તે લાગણી. રાગ, દ્વેષ વગેરે દ્વંદ્વોને પરિણામે ઉદ્ભવતી ઝીણી મોટી રાજસિક દશા તે લાગણીઓ.

અપૂર્વતાની ઝાંખી કરવા જતાં ઉદ્ભવેલું સ્વરૂપ તે ભાવના.

આ ઉપરથી સાહિત્યનું સ્વરૂપ થોડા શબ્દોમાં કહી શકાય: વસ્તુ, વિચાર, ભાવ અને ભાવનાને ભાષા દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન તે કથન. કથન સચોટ અને સરસ હોય તે સાહિત્ય. સાહિત્યનો સ્થૂલ દેહ તે શબ્દો. સાહિત્યમાં સમાએલી

પણ સાહિત્યનાં આ બે–સચોટતા અને સરસતા–લક્ષણો એવાં નીરાળાં નથી હોતાં કે સચોટ અને સરસ સાહિત્ય વચ્ચેનો ભેદ તદ્દન સ્પષ્ટ થઈ શકે. ખરું જોતાં તો ઘણે ભાગે બંને લક્ષણો થોડેવધતે અંશે સાથેજ રહ્યાં હોય છે; અને શિષ્ટ સાહિત્યનું લક્ષણ એજ છે કે તે સચોટ અને સરસ બંને હોય છે. છતાં ઉંચામાં ઉંચા પ્રકાર શિવાયના બધા સાહિત્યમાં બેમાંનું એક જ લક્ષણ આગળ પડતું જણાય છે, અને તેથી આ બંને લક્ષણને જુદાંજુદાં તપાસ્યા વિના સાહિત્યનું સ્વરૂપ નક્કી નહીં થઈ શકે.

---

છે. પણ ઘણી વસ્તુ–પ્રકૃતિનું તોફાન, નિર્જનતાની ભવ્યતા, ભયાનક લડાઇનો ત્રાસદાયક દેખાવ સુંદર ન કહેવાય છતાં તે કલાની દૃષ્ટિએ સરસ કહેવાય છે. તેથી સુંદર શબ્દનો પ્રયોગ મને અયોગ્ય લાગ્યો છે.

'રસ' શબ્દ કેટલેક અંશે ઉચિત લાગે છે, છતાં 'મેઘદૂત'માંથી રસ ઝરે છે એમ કહી શકાય છે, પણ 'મેઘદૂત'નું લક્ષણ રસ છે એમ ભાગ્યેજ કહેવાય. વળી ચિત્રમાં રસ છે કે પુતળામાં રસ છે એમ કહેવું અયોગ્યજ ગણાય.

વળી જેમાં રસ હોય તે સરસ–એમ સંસ્કૃત પંડિતો કહે છે. પણ રસના પ્રકાર અને લક્ષણ એવી રીતે નક્કી કરવામાં આવ્યાં છે કે જ્યાં જ્યાં રસ હોય ત્યાં ત્યાં સરસ કલા કે સાહિત્ય પ્રગટે એમ સંભવતું નથી. આલંકારિકોએ શૃંગાર, વીર, કરુણા, અદ્‌ભુત, હાસ્ય, ભયાનક, બીભત્સ, રૌદ્ર અને શાંત એવા નવ રસ કહ્યા છે. પણ રસના આમ પ્રકાર નક્કી કરવા જતાં, સરસતા શામાં સમાઈ છે તે સમજાતું નથી. તેમજ ભવ્યતા ( Sublimity ) જેવા ભાવ કે વિનોદરસ ( humour ) જેવા રસને આ યાદીમાં સ્થાન મળ્યું નથી. અને માત્ર બીભત્સ રસ જે સાહિત્યમાં હોય તેને સરસ કહેવાય કે કેમ એ સવાલ ઉભો થાય છે. એટલે આ પ્રમાણે વપરાએલા 'રસ' શબ્દનો પ્રયોગ દૂર મુકી 'સરસતા' શબ્દ વાપરવાથી સાહિત્યનાં લક્ષણોનું પૃથક્કરણ કંઈક અંશે સરલ થશે.

આ બે લક્ષણો માત્ર કથનનાંજ નથી હોતાં, પણ દરેક પ્રકારના વ્યક્ત કરવાના કલાત્મક પ્રયત્નનાં હોય છે. નાદ કે ચિત્ર, સ્થાપત્ય કે શબ્દ કે ગમે તે કોઇ બીજી રીતથી વ્યક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે કલામય ત્યારેજ ગણાય કે જ્યારે તે સચોટ અને સરસ બંને હોય.

(૪)

સાહિત્યના પ્રકાર નક્કી કરવા માટે ક્યા વિષયનું કથન થઈ શકે તે જોવું જોઇએ. સામાન્ય રીતે જોતાં કથન ચાર વિષયનું હોઈ શકે: (૧) વસ્તુ, (૨) વિચાર, (૩) ભાવ અને (૪) ભાવના.

વસ્તુ કાં તો ઇંદ્રિયગ્રાહ્ય, કલ્પનાગ્રાહ્ય કે બુદ્ધિગ્રાહ્ય વિષય હોય.

વિચારનું ક્ષેત્ર મોટે ભાગે તો વસ્તુઓના કાર્યકારણ સંબંધનું અન્વેષણ હોય છે. ઘણી વખત આ સંબંધ સ્પષ્ટ જોયા વિના વસ્તુઓને કલ્પનાથી સંબદ્ધ રાખવા જતાં વિચાર સ્ફુરે છે. કોઈક વખત સિદ્ધાંતો ઉપજાવવાની કે તેમને કલ્પનાથી જોડવાની ક્રિયાને વિચાર કહીએ છીએ. ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ને આત્માના પરસ્પર સંબંધનું અન્વેષણ પણ વિચારનો વિષય હોઈ શકે.

ભાવનો અર્થ સાધારણ રીતે લાગણીઓ થાય છે. બીજા વિષય તરફ કોઈ પણ પ્રકારની રંજોગુણી માનસિક દશા તે લાગણી. રાગ, દ્વેષ વગેરે દ્વંદ્વોને પરિણામે ઉદ્ભવતી ઝીણી મોટી રાજસિક દશા તે લાગણીઓ.

અપૂર્વતાની ઝાંખી કરવા જતાં ઉદ્ભવેલું સ્વરૂપ તે ભાવના.

આ ઉપરથી સાહિત્યનું સ્વરૂપ થોડા શબ્દોમાં કહી શકાય: વસ્તુ, વિચાર, ભાવ અને ભાવનાને ભાષા દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન તે કથન. કથન સચોટ અને સરસ હોય તે સાહિત્ય. સાહિત્યનો સ્થૂલ દેહ તે શબ્દો. સાહિત્યમાં સમાએલી

સર્વવ્યાપી વસ્તુ તે કલ્પના. શબ્દો દ્વારા વસ્તુ, વિચાર, ભાવ, કે ભાવના દર્શાવવાં એ મનુષ્યનું કાર્યક્ષેત્ર છે. ભાષાદ્વારા વસ્તુ, વિચાર, ભાવ કે ભાવનાને સરસ રીતે દર્શાવી સામા માણસમાં જ્ઞાન, શ્રદ્ધા, સમભાવ કે કર્તવ્ય પ્રગટાવવાં તે સાહિત્યકનું ક્ષેત્ર છે.)

( ૫ )

સાહિત્યમાં સમાએલી સર્વવ્યાપી ને સચરાચર વસ્તુ કલ્પનાજ છે. એક વસ્તુને જોઇ, તેની ગેરહાજરીમાં પણ તેની છાપ અથવા તેના સંસ્કારો સંઘરી રાખવાં એ સ્મરણ-શક્તિનું કામ. પણ આપણે માત્ર એ છાપ કે સંસ્કારો સંઘરી રાખતા નથી, પણ તેને ફરીથી ચિત્રરૂપે પ્રગટાવીએ છીએ. આ કલ્પના વડે. આટલેથી પણ આપણે અટકતા નથી. આપણે એ ચિત્રમાં નવા રંગો પુરીએ છીએ, નવી રેખાઓ ઉમેરીએ છીએ, અસલની તેની વિશિષ્ટતા ભુંસી નાંખીએ છીએ અને નવું ચિત્ર ઉભું કરીએ છીએ. આ પણ કલ્પના વડે. આ નવું ચિત્ર આપણે ઉભું કરવા માંડીએ છીએ ત્યારે તેને સરસ પણ બનાવવા મથીએ છીએ.

એક ગુલાબ લઈએ: તેનાં રૂપ, રંગ, ગંધ ને સ્પર્શની છાપ સ્મૃતિ સંઘરી રાખે છે. તે સ્મરણોને કલ્પના ભેગાં કરી એ પુષ્પનું ચિત્ર ખડું કરે છે, એટલુંજ નહીં પણ ઘણી વાર પુષ્પનું ચિત્ર ખડું કરતાં કલ્પના એક પુષ્પનો રંગ લે છે, બીજાનો ઘાટ લે છે, ત્રીજાની સુવાસ લે છે અને એક અપૂર્વ ગુલાબનું ચિત્ર ઉભું કરે છે. આ પુષ્પમાં અસલ પુષ્પનાં કેટલાંક અંગો છે, પણ એનું સૌંદર્ય અસલથી પણ વધારે બને એવો પ્રયોગ થાય છે. આખરે આ ક્રિયાથી ગુલાબનું જેવું છે તેવું નહીં, પણ હોવું જોઈએ એવું, ગુલાબની જાણે ભાવના હોય તેવું, સરસ કલ્પનાચિત્ર બને છે.

( ૬. )

ભાવનાત્મક અપૂર્વતા આણવાની જે શક્તિ તે કલ્પનાશક્તિથી નીરાળી છે, તેને રસવૃત્તિ કહી શકાય. આ રસવૃત્તિ દરેક વસ્તુ જોઇ ઉત્તેજાતી નથી. કેટલીક વસ્તુમાં એવાં લક્ષણ હોય છે કે તેથી આ વૃત્તિ ઉસ્કેરાય છે અને કલ્પનાચિત્રને સરસ કરવા માંડે છે. આવા લક્ષણવાળી વસ્તુઓની ખુબી પારખે તે રસિકતા; અને જે ખુબી યા લક્ષણથી રસિકતા સંતોષાય ને આ રસવૃત્તિ ઉત્તેજાય તે સરસતા. સુંદર પુષ્પ, સુરેખ શરીર, ચંદ્રથી શોભતી રાત્રિ, રસભર કાવ્ય રસિકતા સંતોષે છે; અને એ બધાંનું સામાન્ય લક્ષણ તે સરસતા.

આ સરસ ચિત્રને કલ્પના મગજ આગળ ફરીફરી આણે છે અને ખરા પુષ્પથી જે આનંદ નહોતો મળ્યો તે આ કાલ્પનિક પુષ્પથી મળે છે. કઝીન કહે છે તે પ્રમાણે સુંદર વસ્તુની હાજરીમાં, કે તેના સ્મરણથી અથવા કલ્પનાએ રચેલી વસ્તુના માત્ર વિચારથી આત્મામાં આંદોલનો પ્રગટાવવાં એ કલ્પનાનું વિશિષ્ટ લક્ષણ છે.[1] આટલુંજ નહીં, પણ કલ્પનામાં વાત્સલ્ય ઘણુંજ છે. ખરી વસ્તુ કરતાં પોતે રચેલા ચિત્રથી તે વધારે ઘેલી બને છે. પ્રિયતમાની હાજરી આનંદ આપે તેના કરતાં તેનાં સ્મરણે આલેખેલું ચિત્ર વધારે આનંદ આપે છે એ દરેક કવિનાં કાવ્યો પરથી જણાશે.

આ પ્રમાણે આત્માનાં આંદોલનો શરુ થયાં કે માણસમાં રહેલી વ્યક્ત કરવાની વૃત્તિને એ ચિત્ર વ્યક્ત કરવાની પ્રેરણા થાય છે; અને જો માણસમાં સર્જકતા હોય તો આ પ્રેરણા માત્ર વ્યક્ત કરવાની નથી થતી, પણ એવી રીતે વ્યક્ત કરવાની થાય છે કે જેથી સામા માણસમાં એવાં જ આંદોલનો પ્રગટે અને સામાની રસિકતા એજ પ્રમાણે સંતોષાય; એટલે કે સચોટ ને સરસ રીતે. "ખરી

૧. Victor Cousin: Lectures.

દુનીઆમાં જે વસ્તુ કે નીતિનું સ્વાભાવિક સૌંદર્ય જોઈ આપણે રાચીએ છીએ તેને જોવાની ને અનુભવવાની ઇચ્છા થાય છે. અને આપણે તે સૌંદર્યને પુનઃ પ્રગટાવવાને મથીએ છીએ-પણ તેના અસલ સ્વરૂપે નહીં, પરંતુ જે આપણી કલ્પના-શક્તિ રચે તે સ્વરૂપે. અને આથી મનુષ્યને યોગ્ય એવી નવીન કૃતિ પ્રગટે છે. તેને આપણે કલાત્મક વસ્તુ કહીએ છીએ."[1]

(૭)

આ વ્યક્ત કરવાનો પ્રયત્ન જ્યારે કથન દ્વારા થાય છે ત્યારે પાછી કલ્પનાની જરુર પડે છે. દરેક ઉચ્ચારણ કે શબ્દ, દરેક ચિહ્ન કે અક્ષર કલ્પનાતંતુનાં જ ઘડાએલાં હોય છે, કારણ કે દરેકની સાથે કેટલા યુગો થયાં કોઇ પ્રતિમા, વિચાર, ભાવ કે ભાવનાના સંસ્કારો કલ્પનાએ જોડીજ મુકયા હોય છે; અને તેથી એક શબ્દ કાને પડતાં સાંભળનારની કલ્પના તેના સહચારી સંસ્કાર ને માનસિક દશા પ્રગટ કરે છે. 'પ્રેમ' અને 'સ્વાતંત્ર્ય' જેટલા નાનકડા શબ્દને કલ્પનાએ કેટલા ને કેવા સંસ્કારો અર્પ્યા છે? એ શબ્દો ઉચ્ચારાય કે સાંભળ-નારની કલ્પના કેવી ઉત્તેજાય છે! અને સહચારી વસ્તુ અને ભાવ વગેરેનો ખ્યાલ કેવો પ્રગટે છે? આમ શબ્દો અને મનોદશાના પરસ્પર સંસ્કારો[2] નક્કી કરવા એ પણ કલ્પનાનું કાર્યક્ષેત્ર છે.

વળી કલ્પનાચિત્ર યોગ્ય રીતે વ્યક્ત કરવા કલ્પના જુદીજુદી વસ્તુ વચ્ચે અને શબ્દ વચ્ચે સંબંધ ઉભો કરી એવી શબ્દજાલ રચે છે કે જેથી સાંભળનારના મગજમાં સમભાવી કલ્પનાચિત્રો સહેલાઇથી ઉભાં થઇ શકે છે. આ શબ્દજાલને શબ્દચિત્ર કહી શકાય.

"શબ્દો સારી રીતે પસંદ કર્યા હોય તો તેમાં એવું બલ આવે છે કે ઘણી વખત એક વસ્તુને જાતે જોઇ હોય તેના કરતાં તેના

૧. Cousin : Lectures.

૨. Association of Ideas.

વર્ણનથી તેનો વધારે સજીવ ખ્યાલ આવે છે."[1] તેવીજ રીતે કલ્પના શબ્દો વડે સમભાવ, નવા વિચારો, નવી ભાવનાઓ, શ્રદ્ધા તેમજ કર્તવ્ય પ્રગટાવે છે. અને કલ્પનાની મદદથી જ શબ્દજાલમાં રહેલી સરસતા પરખાય છે અને અનુભવાય છે.

(૮)

આ ક્રિયાને વધારે સ્પષ્ટ રીતે આમ વર્ણવી શકાય;

(૧) એક વસ્તુનો સંસ્કાર માણસ પર સચોટ રીતે પડે છે;

(૨) એ સંસ્કારમાંથી કલ્પનાચિત્ર પ્રગટે છે;

(૩) રસવૃત્તિ એ ચિત્રમાં અપૂર્વતાની ઝાંખી કરવા મથે છે; અને એમ કરવા જતાં એમાં સરસતાનું આરોપણ કરે છે;

(૪) રસિકતા આ સરસતા જોઇ આનંદ પામે છે;

(૫) માણસ આ સરસ કલ્પનાચિત્ર વ્યક્ત કરવા ઇચ્છે છે;

(૬) જો માણસમાં સર્જકશક્તિ હોય તો એ ચિત્રને એ સચોટને સરસ રીતે વ્યક્ત કરે છે,–કલાત્માક કૃતિ સરજે છે;

(૭) એ કલાત્મક કૃતિની સચોટતા સામા માણસ પર ઉંડી છાપ પાડે છે; અને

(૮) એમાં રહેલી સરસતા સામાની રસિકતા પોષી તેને આનંદ પમાડે છે.

આ ક્રિયાના બે ભાગ પાડી શકાય. કલ્પના પર કેમ અસર થાય: ને છાપ પડે; કેવા પ્રકારના ચિત્રથી આંદોલન ઉદ્દ્ભવે અને સર્જકશક્તિ ઉત્તેજાય; અને સામા માણસમાં કેવી રીતે જોઇતી અસર થાય: આ સચોટતાનો વિષય. રસિકતા કેમ આકર્ષાય ને સંતોષાય; રસવૃત્તિ કેમ જાગે ને સરસ રંગો પુરે; સરસ કલ્પનાચિત્ર કેમ બને; અને સરસતા દર્શાવાય એવી કલાત્મક કૃતિ કેમ રચાય: એ સરસતાનો વિષય. પણ એ કલાત્મક કૃતિ સરજાવવા–એટલે કે આ બધી ક્રિયા બરોબર થાય તે માટે–કલ્પનાનાં ઉડ્ડયનો કેવાં જોઈએ એ નીરાળો

---

૧. Addison: Pleasures of Imagination.

(૯)

કલ્પનાને બંધન હોતાં નથી. તેણે અડધો માણસ ને અડધો ઘોડો (centaur) પેદા કર્યો; વીશ હાથવાળો રાવણ ને સહસ્ર શીર્ષવાળો શેષ સરજાવ્યો; ને સીદબાદને પક્ષીની પાંખે અને માછલીની પીઠ પર ચઢાવી હીરાની ખાણો શોધવા મોકલી આપ્યો. પણ આ તો ઘણી જ નિયંત્રિત કલ્પનાનાં પરિણામ છે; અને છતાં એમની અસ્વાભાવિકતા ને અવાસ્તવિકતા કેળવાએલી રસિકતાને દુઃખવે છે અને બાલક કે અજ્ઞ શીવાય બીજા પર જોઇતી અસર કરી શકતી નથી.

અનિયંત્રિત કલ્પના આવું પરિણામ શા માટે લાવે છે? કલ્પના કેવી હોવી જોઇએ કે જેથી સચોટતા અને સરસતા સાધી શકાય? કલ્પનાને કલાત્મક બનાવવા તેના વિહારની મર્યાદા કયાં બાંધવી?

આ પ્રશ્નોના જવાબ શોધવા કલ્પનાચિત્ર આબેહુબ રચવાની ક્રિયાને વધારે ધ્યાનથી તપાસવી જોઇએ. સ્મરણસંચિત લક્ષણો પરથી રસવૃત્તિની મદદ લઈ, ભાવનાત્મક સરસ પુષ્પનું ચિત્ર ઉપજાવવું એ એ ક્રિયાનું એક અંગ. અને એ ચિત્ર એવું આબેહુબ રચવું કે જેથી ખરું પુષ્પ જે મનોદશાઓ પેદા કરે છે તેથી પણ વધારે પ્રબળ દશાઓ પેદા થાય એ બીજું અંગ. જો પુષ્પના કલ્પનાચિત્રમાં અપૂર્વતા—ખરા પુષ્પથી નીરાળી ભાવનાત્મક અપૂર્વતા—ન હોય તો તે સરસ કહેવાય નહીં, અને જો તેમાં ખરા પુષ્પ જેવી વાસ્તવિકતાને સ્વભાવિકતા હોય નહીં તો તે પુષ્પ જેવી અસર કરી શકે નહીં.

અને તેજ પ્રમાણે વ્યકત કરેલાં કલ્પનાચિત્રોની પણ એવીજ મર્યાદા બંધાય છે. વીનસ ડો મીલો એ શિલ્પકામનો સર્વોત્તમ અને અપૂર્વ નમુનો ગણાય છે. એ પુતળામાં કારીગરે એવું શું આણ્યું છે કે દરેક યુગના કલાકારો એની પૂજા કરી રહ્યા છે?

સુંદરમાં સુંદર સ્ત્રીથી એ મૂર્તિ જુદી છે. માનવ સ્ત્રીથી એ ઘણી મોટી છે. શાંતિ દર્શાવતી આંખો; પ્રભાવ દર્શાવતું કપાળ; વિલાસ દર્શાવતા ગાલ; કોડ દાખવતા હોઠ; શાંત ને આત્મનિષ્ઠ પ્રભાવ



વિનસ ડી મીલો પૃ૦ ૨૬

[ગ્રીકોની રતીદેવીની સરસતાના સત્વ સરખી શિલ્પાકૃતિ]

દાખવતો ડોકનો મરોડ; શક્તિ અને વિલાસ બંને દાખવતાં સ્તનો; શારીરિક બલ અને છટા બંને દાખવતી કમર અને આખા અંગ પર રહેલી દૈવી મોહકતા ને વિલાસની છાપ–આ બધાં કોઇ પણ સ્ત્રીમાં મળવાં અશક્ય છે. આ પાષાણની સ્ત્રીમાં કોઈ પણ સુંદર સ્ત્રીમાં જડે તેનાથી નીરાળી અપૂર્વતા છે. દુનીઆની સ્ત્રીઓનાં લક્ષણો કલ્પનાની મદદથી ભેગાં આણી એક અસંભવિત સંગ્રહસ્થાન એમાં કલાકારે કર્યું છે; અને એ સંગ્રહસ્થાનને એવી એકતાનતા અર્પી છે કે તે આદર્શમાં લેખાય. એ મૂર્તિ સ્ત્રી નથી લાગતી, પણ સ્ત્રી કેવી હોઇ શકે, હોવી જોઇએ તેનો આદર્શ ખડો કરે છે.

અને છતાં એને જોતાં સુંદર સ્ત્રીને જોઇ જે મનોદશા ઉદ્‌ભવે છે તે ઉદ્‌ભવે છે. એ મૂર્તિનું સ્ત્રીત્વ ભયંકર ને આકર્ષક છે. તેના સર્વે અંગમાંથી એવી પ્રતાપી માનવતા ઝરે છે કે તે મનુષ્યસ્વભાવના ઉંડામાં ઉંડા ભાવોને પ્રગટાવે છે ને પોષે છે. એની સ્વાભાવિકતા, સપ્રમાણતા અને વાસ્તવિકતા એવી છે કે એવી સ્ત્રી હોઇ શકે નહીં એમ ખ્યાલ પણ આવે નહીં.

આ સાથે જેમાં આ નિયમો ન સચવાયા હોય તેવી કૃતિ સરખાવીએ. આપણા મંદિરોમાં ઘણી દેવીઓની પ્રતિમા જડી આવે છે. શકિત બતાવવા તેનું માપ એવું મોટું કર્યું હોય છે કે કઢંગું લાગે; તેજસ્વિતા બતાવવા વહેંતના કમલપત્ર જેવા નેત્રોમાં કાટા ડોળા બતાવ્યા હોય છે; વિલાસ બતાવવા બે 'कनककलशौ' લટકાવ્યા હોય છે; અને ચાંચલ્ય બતાવવા સ્વાભાવિક શરીર ન લચકાઇ શકે એમ કમર વાંકી કરવામાં આવે છે. તેમાંથી નથી ઝરતી ભાવના કે તેમાં નથી થતી અપૂર્વતાની ઝાંખી. અને કુબ્જાનું સ્ત્રીત્વ જોઇને મનોદશા થાય તેવી પણ મનોદશા આ મૂર્તિને જોઇ નથી થતી. એ તો ઘડેલો પથ્થર તે પથ્થરજ.

એક મૂર્તિ કલામયતાની પરાકાષ્ઠા બતાવે છે. બીજીમાં કલામયતાનો અંશ પણ નથી. બંનેમાં કલ્પના તો છે, પણ વીનસમાં કલ્પનાએ મર્યાદા સાચવી છે, બીજામાં તેને બંધન જેવું કૈં રહ્યું

૧૦

આ જોતાં કલ્પનાવિહારની મર્યાદા આ પ્રમાણે બંધાયઃ—

**કલ્પનાએ રચેલા ચિત્રમાં કાલ્પનિક અંશ એટલા આવવા જોઇએ કે એમાં ભાવનાત્મક અપૂર્વતા દેખાય. અને સ્વાભાવિકતા અને વાસ્તવિકતા એટલી જોઇએ કે ખરી વસ્તુ જે મનોદશા પ્રગટાવે તે બધી વધારે વેગથી પ્રગટે.**

સરસતા અને સચોટતા કેવા પ્રકારની કલ્પનાથી સધાય તેનો આ મુખ્ય નિયમ. આ નિયમે બાંધેલી મર્યાદામાં રહેવું તે ઔચિત્ય. આ ઔચિત્ય તે કલાનું જીવન.

"વિચાર[1] કરતાં જે કાવ્યમાં ઔચિત્યરૂપ જીવિત નથી તે કાવ્યના અલંકારોથી અથવા માત્ર મિથ્યા ગણના કરેલા ગુણોથી ઘણું થયું. કારણકે અલંકારો તે માત્ર (કાવ્યના) અલંકારોજ છે અને ગુણો તે હમેશાં ગુણરૂપેજ રહે છે. પરંતુ (શૃંગારાદિ) રસથી પ્રસિદ્ધ કાવ્યનું ઔચિત્ય એ

---

૧ ક્ષેમેંદ્રઃ

काव्यस्यालमलंकारैः किं मिथ्या गणितैर्गुणैः ।
यस्य जीवितमौचित्यं विचिन्त्यापि न दृश्यते ॥
अलंकारास्त्वलंकारा गुणा एव गुणाः सदा ।
औचित्यं रससिद्धस्य स्थिरं काव्यस्य जीवितम् ॥

* * *

पदे वाक्ये प्रबन्धार्थे गुणेऽलंकरणे रसे ।
क्रियायां कारके लिंगे वचने च विशेषणे ॥
उपसर्गे निपाते च काले देशे कुलव्रते ।
तत्त्वे सत्त्वेऽप्यभिप्राये स्वभावे सारसंग्रहे ॥
प्रतिभायामवस्थायां विचारे नाम्न्यथाशिषि ।
काव्यस्याङ्गेषु च प्राहुरौचित्यं व्यापि जीवितम् ॥

અવિનાશિ એવું એનું જીવિત છે. એટલે કે ઔચિત્ય હોય તોજ કાવ્ય સચેતન કહેવાય છે.

* * *

પદમાં, વાકયમાં ને પ્રબંધના અર્થમાં; ગુણમાં, અલંકારમાં ને રસમાં; ક્રિયામાં ને કારકમાં; લિંગમાં, વચનમાં ને વિશેષણમાં; ઉપસર્ગમાં ને નિપાતમાં; કાલમાં, દેશમાં, કુલમાં અને વ્રતમાં; તત્ત્વમાં ને સત્ત્વમાં; અભિપ્રાયમાં, સ્વભાવમાં ને સારસંગ્રહમાં; પ્રતિભામાં અને અવસ્થામાં; વિચારમાં, નામમાં અને આશિષમાં–આ પ્રમાણે કાવ્યનાં પદાદિક અંગોમાં રહેલા ઔચિત્યને કાવ્યનું વ્યાપક જીવન કહેલું છે. ”

માત્ર વસ્તુનાં કલ્પનાચિત્રોનેજ આ નિયમ લાગુ પડે છે એમ નથી; ભાવ, વિચાર વગેરે બધાને આ નિયમ લાગુ પડે છે. કલ્પનાએ રચેલો ભાવ ખરા ભાવ કરતાં વધારે સૂક્ષ્મ, સમૃદ્ધ ને ભાવનાત્મક અને છતાં એવોજ સ્વાભાવિક જોઇએ. આનાં દષ્ટાંત સાહિત્યમાં ઠેરઠેર જડે છે. હોમરનું ઇલીઅડ મહાકાવ્યમાં શ્રેષ્ઠ છે. એમાંના વીરોએ દર્શાવેલી વીરતા ને શક્તિ, દ્વેષ ને ક્રોધ જીવનમાં જોવામાં નથી આવતાં; પણ જે જોવામાં આવે છે તેની ભાવનારૂપે એ બધાં દેખાય અને છતાં એ બધાં એટલાં સ્વાભાવિક લાગે છે કે આપણા મિત્રોની એ કથા હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

તેવીજ રીતે કાલિદાસનું મેઘદૂત વર્ણનાત્મક ભાવપ્રધાન સાહિત્યનો અપ્રતિમ નમુનો છે. કોઇપણ પ્રણયીએ યક્ષની માફક વાદળાંને સંદેશો કહ્યો નહીં હોય. પણ વિયોગ સહતા કયા સંસ્કારી પ્રણયીને યક્ષ થવાનું–યક્ષના ભાવો ને આદર્શ માનવાનું મન થયું નથી ? અને છતાં એના ભાવો, એની પ્રાર્થના, એની વેદના એટલી સ્વાભાવિક છે કે સામાન્ય જીવનમાં એ ભાવો દર્શાવવાને એનાથી વધારે ઉચિત શબ્દો જડવા મુશ્કેલ છે.

તેજ પ્રમાણે વિચાર અને ભાવનાને પણ આજ નિયમ લાગુ પડે છે એ કોઇ પણ દષ્ટાંત દેખાડી આપશે.

## સરસતા

(૧)

એક શક્તિ સરસતા માટે ઝંખે છે, અને તેને પારખ્યા પછી સંતોષાય છે. તે રસિકતા. જ્યારે કલ્પનાશક્તિ કલ્પનાચિત્ર ખડું કરવા જાય છે ત્યારે રસવૃત્તિ અપૂર્વતાનો અંશ ઉમેરી ચિત્રને સરસ બનાવે છે. અને જ્યારે એ ચિત્ર વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે, ત્યારે વ્યક્ત કરેલી કૃતિમાં એજ વૃતિ અપૂર્વતાનો અંશ આણવા મથે છે. જ્યારે આ કૃતિ સરસ બને છે ત્યારે ઉંચા પ્રકારની કલા પ્રગટે છે. અને સચોટતા સામા માણસને સરસતા દર્શાવી, તેની રસિકતા સંતોષે ત્યારે તે કલાત્મક કૃતિ કહેવાય છે.

(૨)

સરસતા એટલે જે રસિકતા પોષે તે લક્ષણ; રસિકતા એટલે સરસતા જોઇ રાચે તે શક્તિ.

રસિકતા એક કલાત્મક કૃતિની કસોટી છે. જે એને ન સંતોષે તે કલાત્મક કહેવાય નહીં.

આ રસિકતા પ્રણાલિકા સેવ્યાથી આવતી નથી. એરીસ્ટોટલના એકતાનતાના નિયમો ને ભરતમુનિના નાટયકલાના નિયમો પાળી પાળી ઘણાએ સાહિત્ય રચ્યું; પણ ઘણાએ એવા સાહિત્યથી માનવજાતિની રસિકતા પોષાઈ નથી, અને આજે તેનું નામનીશાન પણ રહ્યું નથી. તેજ પ્રમાણે આજે છાપવાની સુલભતાને લીધે,

સાહિત્યને નામે ઘણું કથન બહાર પડે છે. અને, સામાન્ય જનો જે મનગમતી વસ્તુનો આસ્વાદ લેવાની પોતાની ભુખને રસિકતાને નામે ઓળખે છે તે વૃત્તિ, તેનાથી ક્ષણ વાર રીઝે છે. છતાં થોડાક વખતમાં એ કથનની ખરી કીંમત અંકાય છે અને તેને લોક વીસરી જાય છે. અને આ ખોટી યા રોગિષ્ઠ વૃત્તિ સંતોષવા સામાન્યો બીજા કશા તરફ વળે છે.

પણ જે રસિકતા કલા અને સાહિત્યમાં શિષ્ટતા પારખે છે, જે યુગેયુગે કેટલીક કૃતિઓ અને કથનને જ અમર તરીકે લેખે છે અને જેની કસોટીએ ચઢતાં ક્ષણિક કૃતિઓ અને સાહિત્ય પોતાની અલ્પતા અનુભવે છે તે તો માત્ર થોડાક જ કેળવાએલા, સંસ્કૃત અને શિષ્ટ જનોની. આ વર્ગ સંસ્કારી યુગમાં અને દેશમાં હોય છે અને તેની રસિકતા એક જ પ્રકારની હોય છે. કાલિદાસના સમયમાં અનેક બીજા કવિઓ હશે, પણ આ રસિકતાએ શાકુંતલને સંઘરી રાખ્યું, ભૂર્જપત્ર પર લખ્યું, મોઢે રાખ્યું. તેણે પંડિતો પાસે તેને શ્રેષ્ઠ ઠરાવ્યું, તેણે ગોઅથે પાસે તેને સર્વોત્તમ કહેવડાવ્યું. આ રસિકતાનો પણ સનાતન સંપ્રદાય છે. એ સંપ્રદાયે કલાને, સાહિત્યને, વૃત્તિઓને અને જીવનોને એક તાંતે બાંધ્યાં છે, અને હજારો વર્ષો સુધી એણે થોડાક 'રસદેવો' ની પૂજાથી માનવતા ઘડી છે.

આ રસિકતાનું રહસ્ય જાણનાર વર્ગનું મુખ્ય લક્ષણ વિદ્વત્તા નથી, તેમ કલાત્મક કૃતિઓ રચવાની શક્તિ પણ નથી. પણ આ વર્ગની ખરી ખુબી કલ્પના તથા જીવનનાં વૈવિધ્ય અને સમૃદ્ધિ ભોગવવાની અદ્દભુત શક્તિમાં રહેલી દેખાય છે. જેની વૃત્તિઓ જડ હોય, જે નિશ્ચલ નિયમોની ધુંસરી વહી સંતોષ માને, નવા આનંદોમાં, નવા પ્રસંગોમાં જેની કલ્પના અને આસ્વાદ લેવાની શક્તિ નિર્બલ કે ભીરુ હોય તે આ વર્ગમાં આવી શકે નહીં. અને તેમજ જેની કલ્પનામાં વાસ્તવિકતા ન હોય, જેના આનંદમાં શુદ્ધિનો રંગ ન હોય તે કદી આ વર્ગમાં સ્થાન પામતો નથી. પણ જ્યારે જીવનનો ભોક્તા

અને પરીક્ષક પેદા થાય છે, જ્યારે એની રસિકતા શુદ્ધ આદર્શોથી પોષાય અને ઘડાય, જ્યારે સચોટને સરસ કૃતિઓનો આસ્વાદ તેની રસવૃત્તિને સતત ઉત્તેજ્યા કરે ત્યારે તેની તુલનાત્મક શકિત ખીલે અને ત્યારે એણે કરેલું ફરમાન કલાત્મક કૃતિને વિસ્મૃતિના અંધકારમાં પુરી દે કે શિષ્ટતાના સિંહાસન પર બેસાડે છે.

આ રસિકતા બુદ્ધિનું લક્ષણ નથી, વિચારનું પરિણામ નથી. જે શકિતઓ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ અનુભવે છે અને પારખે છે તેના જેવી એ છે. એ બુદ્ધિથી કાબુમાં રહે, વિચારથી કેળવાય, અભ્યાસથી સુધારાય અને આદર્શ સેવ્યાથી નિર્મલ બને. પણ જેમ સારી અને માઠી ગંધ સ્વાભાવિક શક્તિથી પરખાય છે તેમ સરસ અને નરસ, સુંદર અને સામાન્ય કૃતિઓ પણ તેવીજ રીતે પરખાય છે. આ શકિત પંચેન્દ્રિયથી નીરાળી નથી પણ પાંચે શકિતની પાછળ રહી તેને કેળવે છે અને ઉત્તેજે છે અને તે શક્તિઓ દ્વારા મેળવેલા આનંદની કસોટી કરે છે.

## ( ૩ )

આ શકિતનાં ત્રણ જુદાં જુદાં અંગ છેઃ

૧. સરસતાનો આસ્વાદ લેવાની ઉત્કંઠા

૨. સરસતા પારખવાની શક્તિ

૩. સરસતાથી આનંદ મેળવવાની શક્તિ

રસિક માણસના સ્વભાવમાં કલ્પના અને જીવનનાં વૈવિષ્ય અને સમૃદ્ધિ ભોગવવાની શક્તિનું પ્રાધાન્ય હોય છે. સરસતાનો આસ્વાદ ચાખવાની ખરી ઉત્કંઠા, જે રસિકતાનું ખરું અંગ છે, તેનો આધાર આ શક્તિ પર છે, અને છતાં આ શક્તિથી એ ઉત્કંઠા નીરાળી છે.

આ ઉત્કંઠા સામાન્ય ઇચ્છાથી જુદી છે. ઇચ્છા થાય તે વસ્તુ મેળવવા માટે, રાખવા માટે અને તે વડે તૃપ્તિ અનુભવવા માટે. આ ઉત્કંઠા થાય છે તે સરસતા પારખવા માટે, એ પરીક્ષામાં જ રહેલો આનંદ

મેળવવા માટે. એને અંતે તૃપ્તિ નથી, પણ સાત્ત્વિક અને નિસ્પૃહ આનંદ છે; અને તૃપ્તિથી આવતો કંટાળો નથી. ઇચ્છા રજોગુણી છે, અકળાવે છે, સંમોહ આણે છે. આ ઉત્કંઠા સત્ત્વગુણી છે, શુદ્ધ કરે છે, ભાવના પ્રબલ કરે છે. ઇચ્છાને પરિણામે દ્વંદ્વ–સુખ કે દુઃખ, સંતોષ કે અસંતોષ છે; આ ઉત્કંઠાને પરિણામે–યોગને પરિણામે મળે એવાં–આનંદ અને શાંતિ છે.

વિષયલાલસા એક પ્રબલ ઇચ્છા છે. તેનું લક્ષ્ય માત્ર સંગ નથી, તૃપ્તિ છે. તે માણસને અકળાવે છે, ગુંગળાવે છે. તેનું ખાવાનું ઝેર કરે છે, તેની ઉંઘ બગાડે છે અને તેને કામ, ક્રોધ, સંમોહ, સ્મૃતિવિભ્રમ અને બુદ્ધિનાશની ઉતરતી અને ઉતરતી પગથી પર લઇ જાય છે;(૧) નહીં તો જ્યારે તૃપ્તિ થાય ત્યારે ક્ષણિક સુખ આપે છે. આ સુખ પછી થોડો વખત એ ઇચ્છા અકારી થઇ પડે છે. અનેક વખત તૃપ્તિ મેળવ્યા પછી ઇચ્છા ઘટી જાય છે અને તૃપ્તિથી મળતું સુખ જતું રહે છે. કલ્પના રોગિષ્ટ બને છે અને ધીમેધીમે માણસ જડ, સ્થૂલ અને અધમ બની રહે છે.

પણ મનુષ્યની શરીરરેખામાં રહેલી સરસતા અનુભવવાની ઉત્કંઠા તદ્દન જુદા પ્રકારની છે. તેનું લક્ષ્ય એવી સરસતાની પારખ અને તે ક્રિયાથી ઝરતા આનંદનો અનુભવ છે. એ પારખ વિના પણ તે શાંત છે. અનેક વાર એવો આનંદ અનુભવતાં પણ તે અકારો થતો નથી. વીનસ ડી મીલો કે એપોલો બેલ્વીડીઅર કે તાજમહેલ જોઇ કયા રસિક જનને તૃપ્તિ થઇ છે કે તે જોઇ આનંદ મેળવવાની ઉત્કંઠા ઘટી છે? આ આનંદ નિસ્પૃહ છે અને જેમ તે અનુભવાય તેમ તેની સીમા વધે છે. તે અનુભવનારને શુદ્ધ બનાવે છે, તેના જીવનને કલામય બનાવે છે અને તેની શકિતઓને ભાવનાશીલ બનાવે છે. સરસતાનો અભ્યાસ મનુષ્યના શરીર અને શરીરના

૧ ભગવદ્‌ગીતા અ. ૨ જો.

સાહચર્ય માટે માન ઉપજાવે છે; અને મનુષ્યોનું સૌંદર્ય વધે અને તેમનું જીવન કલામય થાય એવી ભાવના પ્રેરે છે.

તેજ પ્રમાણે સાહિત્યમાં રહેલી સરસતા પારખવાની પણ ઉત્કંઠા. ઇલીઅડના સતત અભ્યાસથી ગ્લેડસ્ટનનું જીવન બંધાયું. હેમલેટે કેશવચંદ્રસેનને પ્રેર્યો. શાકુંતલ અને મેઘદૂતે કેટલાંને આનંદનો અનુભવ કરાવી, ઉચ્ચ જીવનનાં અધિકારી કર્યા હશે?

( ૪ )

હવે રસિકતાનું જે અંગ સરસતા પારખે છે તે તરફ વળીએ. આ પારખનું ક્ષેત્ર માત્ર ઇન્દ્રિયગ્રાહ્ય વિષયો નથી. ભાવ, ભાવના, કલ્પનાગ્રાહ્ય વિષયો અને ઇશ્વર કે આનંદ જેવો સૂક્ષ્મ ને બુદ્ધિગ્રાહ્ય વિષયને પણ રસિકતા પારખી શકે છે.

રસિકતા પારખે છે તે મનગમતી વસ્તુને જ એમ નથી. ઘણી વસ્તુઓ જુદાં જુદાં મનને ગમે છે, પણ તેથી તે સરસ કહેવાતી નથી. કોઈ કહે કે મને આ વસ્તુ ગમે છે અને આ નથી ગમતી તો તેનો વાંધો કાઢી શકાય નહીં; પણ જો કોઈ કહે કે મેઘદૂત, તાજમહેલ, વીનસ ડી મીલો કે એપોલો બેલ્વેડીઅર સરસ નથી તો તરત કહી શકાય કે એ માણસમાં રસિકતા નથી. મનગમતી વસ્તુનો મનના ક્ષણિક વલણ પર આધાર છે. વસ્તુ સરસ થઇ એ તો સરસજ રહેવાની. મનગમતી વસ્તુ આનંદ આપે કે ન પણ આપે; સરસ વસ્તુ તો આનંદ આપે જ. જેમ સત્ય અચલ તેમજ સરસતાઃ સર્વેને આનંદ અને સંતોષ આપવાની. જેને એ ન મળે તેની પારખશક્તિ જ નકામી.

તેજ પ્રમાણે 'ઉપયોગી' કે 'સારી' વસ્તુની રસિકતાને પરવા નથી. ઉપયોગી વસ્તુ કોઇ બીજા—એ વસ્તુથી નીરાળા—ઉપયોગની હોય. સારી વસ્તુ કોઇ કામ માટે યોગ્ય જોઇએ. પણ સરસ વસ્તુ તો તેની સરસતા માટેજ આકર્ષક છે. ઉપયોગી કે સારી વસ્તુ

તેનો ઉપયોગ દૂર થતાં અકારી થાય છે; સરસ વસ્તુ તો સદા સર્વદા આનંદકારીજ હોય છે. આ ઉપરથી આટલું ચોક્કસ કહી શકાયઃ—

**૧. રસિકતા જે ધોરણ નક્કી કરે છે તે બધા સમયમાં અચલ અને એકજ હોઈ શકે.**

**૨. સરસતા મેળવવાની ઉત્કંઠા સંતોષાય ત્યારે જે આનંદ થાય તેજ એ પરીક્ષાનું સાફલ્ય અને સરસતાનું અંતિમ ધોરણ.**

**૩. અને આ આનંદ તૃપ્તિ વિનાનો, સાત્ત્વિક અને નિસ્પૃહ હોય છે.**

( ૫ )

હવે આ આનંદ કેવી રીતે મળે છે તે જોઇએ. વીનસ ડી મીલો નજરે જોઇ અને લાગ્યું કે આ સ્ત્રીનું પુતળું. જ્યાં એ પુતળું દૃષ્ટિગોચર થયું કે જોનારની રસિકતાએ રેખાએ રેખા તપાસવા માંડી શા માટે? એ પુતળું છે તે ચોક્કસ. સ્ત્રીનું છે તે પણ ચોક્કસ. કેવી સ્ત્રીનું છે તે જિજ્ઞાસા સંતોષવા પણ નહીં. ત્યારે શા માટે? એટલા જ માટે કે એનાં રૂપ ને રેખાઓ, સ્ત્રીની જે ભાવના રસિકતાએ જોનારના મનમાં ઘડી છે તેનાં રૂપ ને રેખા જેવાં છે કે નહીં. એનો અર્થ એ કે દરેક વસ્તુની ભાવના રસિકતા રચી રાખે છે અને તેની સાથે ખરી વસ્તુને સરખાવે છે.

આ ભાવના શી વસ્તુ છે? દરેક સંસ્કારી માણસને–સંપૂર્ણ માણસને પણ–ભાવના હોય છે; તે છે તેનાથી નીરાળો અને અપૂર્વ થવા મથે છે. આ અપૂર્વતા શામાં સમાઇ છે તે સમજાતું ભલે ન હોય, છતાં તેની નજર આગળ એ જાગ્રત્ સ્વપ્ન તર્યા જ કરે છે. કોઇક પ્રસંગે એણે એ ભાવના સિદ્ધ કરી એમ લાગે છે, કોઇક વખતે એ ભાવના હાથમાંથી સરી જાય છે. ભાવના એટલે અપૂર્વતા મેળવ્યે માણસ પોતે કેવો થઇ શકે એનું પોતાના મગજમાં ઉદ્ભવેલું સ્વરૂપ. એ ભાવનાં હંમેશાં સ્પષ્ટ હોતી નથી, તે કદી તેની તે રહેતી

નથી. તે સદા વધ્યા જ કરે છે. સદાએ ભાવના તો સિદ્ધ કરવાની હોય છે; સિદ્ધ થઇ હોતી જ નથી.

ભગવાન્ બુદ્ધ શીવાય કોઇ એવો પુરુષ ઇતિહાસમાં જાણ્યામાં નથી કે જેના મનમાં હંમેશાં પોતાની અપૂર્વતા એક દુષ્પ્રાપ્ય સ્વપ્નારૂપે નહીં, પણ સિદ્ધ કરેલી વસ્તુ તરીકે રહી હોય. પણ ઘણાં માણસને કોઇક વખત એ ભાવના સિદ્ધ થઈ હોય એમ લાગે છે. તે અને તેનો આદર્શ પલવાર સમવિસ્તારી થઇ જાય છે. પોતાનું સ્થૂલ વ્યક્તિત્વ અને સ્વપ્નવત્ સૂક્ષ્મ ભાવનાત્મક વ્યક્તિત્વ એક થાય છે અને તે પલે પરમ આનંદ ઝરે છે. તત્ત્વજ્ઞાની કહે છે કે આત્મા બ્રહ્મમાં લીન થાય છે. યોગી કહે છે કે ચિત્તવૃત્તિનો નિરોધ થાય અને નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે આ પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ સિદ્ધાંતો માત્ર તત્ત્વજ્ઞાનનાં નથી. દેશભક્ત દેશ માટે પ્રાણ ખુએ છે ત્યારે આ આનંદ પ્રાપ્ત કરે છે. કવિ પોતાના હૃદયમાં આલેખેલી પ્રિયતમાને મળે છે ત્યારે પણ આ આનંદ મેળવે છે. દરેક વખતે એકજ પ્રકારની ક્રિયા થાય છે. તે પલે મનુષ્ય અને તેની ભાવના એક બને છેઃ પાર્થ ધનુર્ધર અને યોગેશ્વર કૃષ્ણ નરનારાયણની એક મૂર્તિ બને છે.

તેજ પ્રમાણે રસિક માણસની રસિકતા દરેક વસ્તુની ભાવના અણજાણપણે રચી રાખે છે. જ્યારે એ ભાવના સાથે તે વસ્તુની સરસતા મળતી આવે છે અને જ્યારે એ ભાવના અને વસ્તુની સરસતાનું ઐક્ય થાય છે ત્યારે એવો જ આનંદ પ્રાપ્ત થાય છે. ઉપર આપેલા દૃષ્ટાંતમાં રસિકતાએ રચેલી સ્ત્રીસૌંદર્યની ભાવના જોડે પરીક્ષક વીનસનું રૂપ અને રેખાઓ સરખાવે છે. જો એ સરખામણીથી આનંદ ઉદ્‌ભવ્યો તો રસિકતા સંતોષાય છે અને વીનસની સરસતા પરખાય છે.

એપોલો બેલ્વેડીઅર (ગ્રીકના સૂર્યદેવ)ની મૂર્તિ જેવી અપૂર્વ કૃતિ જોઇ એક રસિકે જે આનંદ અનુભવ્યો તેના ઉદ્‌ગારો સાંભળવા જેવા છેઃ—



એપોલો બેલ્વેડીઅર પૃ૦ ૩૦

[ ગ્રીકોના સૂર્યદેવની અપૂર્વ શિલ્પાકૃતિ ]

જણાતું નથી, પણ એપોલો બેલ્વેડીઅરના સ્વરૂપમાં બધા દેવોનું વિશિષ્ટ સૌંદર્ય ભેગું મળ્યું લાગે છે. કપાળ જુપીટરનું છે ને તેમાં સરસ્વતી દેવીનો નિવાસ છે; ભવાં, તેની ગતિથી તેની પ્રૌઢ ઇચ્છાશક્તિ દેખાડે છે; મોટી આંખો દેવોની સમ્રાજ્ઞીના જેવી છે, ગૌરવશીલ છે; અને જ્યાં વિલાસ સદા શોભે છે એવા મુખ પર બેકસની પ્રતિમા છે. વેલો પર મૃદુ ફણગા જાણે મરુતના શ્વાસથી હાલતા હોય તેમ તેના રુપાળા વાળ તેના શીશની આસપાસ વીંટાય છે. તેમાં દેવોને પ્રિય સુવાસ છે અને કલાદેવીઓએ તેને સુંદર રીતે સમાર્યા છે.

આ કલાત્મક કૃતિનો ચમત્કાર જોઇ હું બધું ભુલી જાઉં છું. મારું મગજ ગૌરવથી એની તુલના કરવાને યોગ્ય એવા સૂક્ષ્મ સ્વભાવનો સ્વીકાર કરે છે. હું પ્રશંસા કરતાં આનંદ અનુભવું છું. ભવિષ્યવેત્તાઓના જેવી પ્રેરણાથી હોય તેમ મારું હૈયું ઉભરાય છે. ડેલોસમાં, સીરીઆની પુનિત કુંજોમાં, જ્યા એપોલો વિહરતા ત્યાં હું વિચરું છું, અને પુરાણા પીગમેલીઅન જેવું સૌંદર્ય અર્પતા એવું સૌંદર્ય આ મૂર્તિને સચેતન બનાવે છે. ઓ અપ્રતિમ અને પરમ કૃતિ ! હું તારું કેમ વર્ણન કરું ? એ માટે મારી લેખનીને કલાની પ્રેરણા જોઇએ. પણ જે લક્ષણો મેં વર્ણવ્યાં છે તે તારે ચરણે ધરું છું ! દેવોને તાજ પહેરાવવા આવે તે તો તેમના ચરણ આગળ જ રાખવો પડે છે. કારણ, તેમને માથે તો કોઇથી પહોંચાતું જ નથી. ”[૧]

( ૬ )

એકજ કલાત્મક કૃતિથી દરેક રસિક જનને આનંદ થતો હોવાથી કેટલાક તત્ત્વજ્ઞાનીઓ માને છે કે મનુષ્યના મગજમાં અપૂર્વતા કે સરસતાનું એક સંપૂર્ણ ધોરણ છે અને તેજ સરસતાની કસોટી કરે છે. આ માન્યતા સાકાર ઇશ્વરની માન્યતાની માફક ઘણા જનોને

૧ Winklemann : History af Art among tho Ancients Vol. II. Bk. IV. VI.

પ્રિય થઈ પડી છે, પણ તે સકારણ લાગતી નથી. ભાવનાની રેખાઓ સદાએ વધતી ને વધતી જ જતી હોય છે એટલે અપૂર્વતા કોને કહેવી એ જરા મુશ્કેલ થઇ પડે છે.

પણ આટલું તો કહી શકાય. દરેક સંસ્કારી જણમાં એવી એક વૃત્તિ છે કે જે દરેક વસ્તુની ભાવના રચ્યા જ કરે છે. અને સમૃદ્ધ સ્વભાવના માણસોની મૌલિક માનવતામાં તેનું બીજ હોવાથી આ વૃત્તિ થોડાક જ પ્રકારે રચના રચે છે. જેમ ઉકળતા પાણીમાંથી વરાળ નીકળ્યા કરે તેમ આ વૃત્તિને લીધે વસ્તુના ઇંદ્રિય દ્વારા જે વાસ્તવિક સંસ્કારો પડ્યા હોય છે તેમાંથી તે વસ્તુની ભાવનાત્મક અપૂર્વતાનાં અસ્પષ્ટ સ્વરૂપની રેખાઓ બહાર પડ્યાજ કરે છે; અને તે કલામય ચિત્રની રેખાઓ બને છે. અને જ્યારે આ રેખાઓમાં સમાય એવી અપૂર્વતા—સરસતા—કોઇ કલ્પના ચિત્ર કે વસ્તુમાં પરખાય ત્યારે રસિકતા સંતોષાય છે, આનંદ પ્રગટે છે.

(૭)

આ રસિકતાની કસોટી પર ચઢી, પરમ આનંદ અપાવે એવી સરસતાનું સ્વરૂપ શું ? વસ્તુઓમાં એવું કયું લક્ષણ હોય છે કે જેને સરસતા કહી શકાય ?

દરેક પ્રકારની સરસતા રસિકતાને એકજ પ્રકારે પોષે છે અને એકજ પ્રકારનો આનંદ પ્રગટાવે છે. એટલે સરસતા જુદીજુદી વસ્તુઓમાં હોય તો પણ એકજ પ્રકારની કહી શકાય. એ સરસતા શી વસ્તુ છે ?

આપણે આગળ જોઇ ગયા કે મનગમતાપણું તે સરસતા નથી; તેમજ ઉપયોગિતા પણ સરસતા નથી.

સપ્રમાણતા અને સંવાદિતા પણ સરસતા નથી, કારણ કે હૃદયભેદક શોક, ભયાનક ક્રોધ, તોફાની સાગર, શમશમતી અને સિંહગર્જને ત્રાસદાયક બનેલી નિર્જનતા, કે ચારે તરફ પડતા વરસાદમાં સંભળાતી

ગર્જના અને દેખાતી વિદ્યુલ્લેખા સપ્રમાણ કે સંવાદી નજ કહેવાય, પણ સરસ છેજ.

સૌંદર્ય પણ સરસતા નથી કારણ કે ઘણી સાદી વસ્તુમાં અને કોઇક કઢંગી વસ્તુમાં કોઇક વાર સરસતા દેખાય છે. કેટલાક સૌંદર્યને સરસતા માને છે અને સૌંદર્યનાં લક્ષણો નક્કી કરવાનો પ્રયત્ન કરે છે. બર્ક જેવા ઘણાએ સૌંદર્યના લક્ષણોની નિષ્ફળ શોધ કરવા માંડી હતી. તેણે આ પ્રમાણે તેનાં લક્ષણો આપ્યાં છે. (૨) નાનું, (૨) સુંવાળું, (૩) અંગોમાં વૈવિધ્યવાળું, (૪) જેના વિભાગો કોણવાળા ન હોય પણ એકબીજામાં મળી જતા હોય તેવું, (૫) (૫) શક્તિ દર્શાવ્યા વિના નાજુક બાંધાનું, (૬) ઘેરા કે આંખને લાગે એવા રંગનું નહીં, છતાં સ્પષ્ટ ને તેજસ્વી રંગવાળું, (૭) અને આંખને લાગે એવા રંગનું હોય તો બીજા રંગોના મિશ્રણવાળું હોય તે સુંદર[૧]

જેણે સૌંદર્યનો જરા પણ અભ્યાસ કર્યો હશે તેને આ વર્ગીકરણ અધુરું લાગ્યા વિના રહેવાનું નથી. આમાંના ઘણા લક્ષણો સૌંદર્યની સાથે કોઇક વખત રહે છે, પણ તેનાથી કે તે ભેગાં કરે સૌંદર્ય થતું નથી. ઘણાં બીજાં વિરોધી લક્ષણો પણ સૌંદર્યની સાથે રહેલાં જોઇએ છીએ, અને આ કોઇપણ લક્ષણને લીધે વસ્તુ સરસતા પ્રાપ્ત કરતી નથી.

એકતાનતા હોય ત્યાં તે ઘણી વખત જણાય છે; છતાં રંગ કે રૂપના વૈવિધ્યમાં પણ તે જડે છે. સજીવતા પણ સરસતા નથી; કારણ કે ક્રોસ પર ચઢેલો ખ્રીસ્ત જેવાના નિશ્ચેતન મુખ પર પણ તે દેખાય છે.

આ બધામાં સરસતા નજરે ચઢે છે, છતાં બધાથી એ લક્ષણ તો નીરાળું છે. આ બધાં લક્ષણો, સરસતા વિના, રસિકતા સંતોષી શકતાં નથી; માત્ર સરસતાજ ગમે તે સ્વરૂપે એ કસોટી પર ચઢે છે.

(૧) Burke: On the Sublime and the Beautiful ચિત્રકારની દ્રષ્ટિએ સૌંદર્યનાં લક્ષણો માટે જુઓ Hogarth: Analysis of Beauty:

ત્યારે એ સરસતા શાને કહેવી ?

કેટલાક તત્ત્વવેત્તાઓ માને છે કે સરસતાનું અંતિમ ધોરણ–એક, આદર્શમય અને સંપૂર્ણ સરસતાનું તત્ત્વ સૃષ્ટિભરમાં પ્રસરી રહ્યું છે. જે આનંદ રસિકતા અનુભવે છે તે વેદાંતે વર્ણવેલો પરણ્ આનંદ છે એ એમ માનીએ તો આદર્શ સરસતા એજ બ્રહ્મ એ સહેલાઇથી માની શકાય. તેવાજ કંઈ ખ્યાલથી પ્લેટો ડાયોટીમસ પાસે આ આદર્શ સરસ શબ્દોમાં આ પ્રમાણે વર્ણવે છેઃ

"શાશ્વત સરસતા–અનાદિ અને અનંત; અક્ષય્ય અને અવર્ધનીય; સર્વાંગ સરસ; દિશા, કાલ અને સંબંધથી સ્વતંત્ર રીતે અને સર્વ માટે સરસ; નિરાકાર, નીરંગ ને અશરીર; જે નથી વિચાર અને નથી શાસ્ત્ર; જેની પરમ સ્થિતિ નથી એવી સ્વયંભૂ ને સ્વસ્થ; જેમાં બધા પ્રકારની સરસતા સમાઇ શકે છે છતાં જેનાં ઉત્પત્તિ કે લયથી તે નથી વધતી, ઘટતી કે દબાતી. આ સંપૂર્ણ સરસતા અનુભવવા પાર્થિવ સરસતાથી શરૂ કરવું; અને આ પરમ સરસતા પર દૃષ્ટિ ઠેરવી તેને પામવાના નિરંતર પ્રયત્ન કરતાં, એક સરસ વસ્તુ પરથી અનેક સરસ વસ્તુનું ધ્યાન કરવું. અનેક પરથી સર્વ સરસ વસ્તુ પર ચિત્ત ચોંટાડવું. સરસ વસ્તુથી સરસ ભાવ તરફ દોરાવું. સરસ ભાવથી સરસ વિચાર પર જતા આખરે એક એવા પરમ વિચાર પર આવવું કે જેનું ધ્યેય માત્ર સરસતાજ હોય. આમ કરતાં આખરે એ આત્મનિષ્ઠ સરસતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. હે પ્રિય સોક્રેટીસ ! આવા શાશ્વત સરસતાના દર્શનથીજ જીવન કીંમતી લાગે છે. માનવતાનાં રૂપ અને રંગથી નીખુટી અને નાશવંત શોભાથી વીહોણી, પરમ વિશુદ્ધ અને સરલ સરસતા–દૈવી સરસતા–કેવળ સ્વરૂપે નજરોનજર જોવાનું જેના ભાગ્યમાં લખ્યું છે તેના વિશે શું કહેવું ?"

પરમાનંદ માટે પણ હીંદી વેદાંતી બીજું શું કહી શકે ? તૈત્તરીય આનેજ રસાત્મક આનંદમય પુરુષોત્તમ કહે છે. કઝીન જેવા યુરોપીય તત્ત્વજ્ઞાની પણ આ સરસતાનેજ ઇશ્વર માને છે.

પણ આગલા પ્રકરણમાં કહ્યું તેમ એક સરસ વસ્તુ દેખાઇ કે એનાથી સરસ વસ્તુની ભાવના પ્રગટે છે. વીનસ સરસ છે. તાજમહાલ સરસ છે. શાકુંતલ સરસ છે. એમની સરસતાનો અસ્વાદ લેતાં રસિક્તા સંતોષાય છે, આનંદ થાય છે અને છતાં એમાં દેખાતી અપૂર્વતા ભાવનાત્મક છે; એનાથી વધારે સરસ વસ્તુની નિરીક્ષકને ઝાંખી થાય છે અને તે અનુભવવા રસિક હૃદય તલસે છે. તેથી ભાવના રચવાની આ વૃત્તિથી સ્વતંત્ર રીતે સરસતાનું એકજ અંતિમ ધોરણ રચવું એ અશક્ય છે.

પણ તે ઉપરાંત બીજા પણ અનેક પ્રશ્નો ઉભા થાય છે. ચિત્તવૃત્તિનો નિરોધ એવો થઇ શકે કે ઇશ્વરને ઓળખાય? એ ચિત્તવૃત્તિજ જ્યાં સુધી જ્ઞાનનું સાધન છે ત્યાં સુધી તેની પર થઇ, અજ્ઞેય દૃશ્યમાં રહેલી સરસતા અસલ સ્વરૂપે કદી પરખાય? જો ઇન્દ્રિયગ્રાહ્ય વસ્તુનું ખરું સ્વરૂપ ન જણાય તો રસિક્તાથી ગ્રાહ્ય એવી સરસતાનું સ્વરૂપ કેમ જણાય? આ પ્રશ્નનો નિર્ણય થયો નથી અને થવાનો નથી. તેથી આટલું જ કહી શકાય. વસ્તુનું જે લક્ષણ રસિક્તા સંતોષે છે તેજ સરસતા. એટલે કે કેટલીક વસ્તુઓના એવા સંસ્કાર પડે છે કે તેથી માણસમાં રહેલી ભાવનાત્મક અપૂર્વતા રચવાની વૃત્તિ ઉત્તેજાય છે; અને આ સંસ્કારો એ વૃત્તિએ રચેલી અપૂર્વતા જોડે સંવાદ સાધી નિસ્પૃહ આનંદનો અનુભવ કરાવી શકે છે. આવા સંસ્કાર જગવવાની શક્તિ તે સરસતા.

સપ્રમાણતા, સંવાદિતા, એકતાનતા, વૈવિધ્ય, સૌન્દર્ય અને સજીવતા—આ બધાં કે આમાંથી થોડાં લક્ષણો આ સરસતા જોડે રહે છે. તે બધાં રસિક્તાને પુરેપુરી રીતે સંતોષી શકતાં નથી, છતાં આ બધામાંથી કોઇ પણ લક્ષણ જ્યાં ન હોય ત્યાં સરસતા ભાગ્યેજ જડે છે. ખરું જોતાં તો જેમ ઇન્દ્રિયગ્રાહ્ય વસ્તુ પર ચિત્તવૃત્તિ દિશા ને કાલ વગેરે આરોપે છે તેમ જ્યારે રસિક્તા સરસતાથી સંતોષાય છે

ત્યારે તે પોતાના કેટલાક ગુણોનું આરોપણ સરસ વસ્તુ પર કરે છે, અને આ બધાં લક્ષણો આરોપિત છે એમ ઘણી વખત લાગે છે.

(૮)

સરસતા જોઇ રસિક્તા કેમ સંતોષાઇ અને આનંદ કેમ પ્રાપ્ત થયો તે આપણે જોયું. જો માણસમાં માત્ર રસિકતા જ હોય તો તે આનંદ લઇ બેસી રહે છે; જો તેનો સ્વભાવ સમૃદ્ધ હોય તો તેની રસવૃત્તિ જાગે છે.

રસવૃત્તિ એટલે વસ્તુનું ભાવનાત્મક અપૂર્વ કાલ્પનિક ચિત્ર દોરવાની અને સર્જક શક્તિ એ કલ્પના ચિત્ર વ્યકત કરે તો તેને સરસ બનાવવાની શક્તિ. જો સર્જક શક્તિ ન હોય તો રસવૃત્તિ પહેલાજ પ્રકારનું પરિણામ લાવી બેસી રહે છે. જો બે શક્તિઓ ભેગી મળે તો માણુસ દ્રષ્ટા થઇ, કલાત્મક કૃતિ બહાર પાડે છે.

જોનારની રસિકતા સરસતાને પારખી, વખાણીને આનંદ માણે છે. ત્યાર પછી રસવૃત્તિ જાગે છે. સંવાદિતા વગેરે પોતાના ગુણોનું આરોપણ કરી, તે ખરી વસ્તુનાં સ્મરણોમાં રહેલી અપૂર્વતા જોવા બેસે છે. અને દરેક પ્રકારની સરસતાની આસપાસ ભાવનાત્મક અપૂર્વતાનું વર્તુલ રચે છે. આથી કલ્પના જ્યારે ચિત્ર રચે છે ત્યારે તે વધારે સરસ બને છે. વસ્તુ હોય તેનાથી તેનું ચિત્ર વધારે નિર્મળ, સુંદર અને સપ્રમાણ બને છે. વિચાર હોય તો તે વધારે સ્પષ્ટ, સંવાદી અને સંબદ્ધ બને છે. ભાવ હોય તો તે વિશુદ્ધ, સૂક્ષ્મ અને સમૃદ્ધ બને છે. અને ભાવના હોય તો તે વધારે સંપૂર્ણ અને સંવાદી બને છે.

આવું ચિત્ર દોરતાં રસવૃત્તિ આનંદ લે છે; અને દોરી રહીને પણ ખરી વસ્તુ કરતાં તેમાં વધારે રસ લે છે. કલ્પનાના ચિત્રમાં એવી મોહકતા અને અપૂર્વતા હોય છે કે ખરી વસ્તુ કરતાં હંમેશાં તેનાથી રસિકતા વધારે સંતોષાય છે.

ઘણી વખત, જે જાતની અસર સરસ કલ્પનાચિત્રથી થાય છે એવીજ અસર અસલ વસ્તુ જોઇને પેદા કરે છે; અને તરતજ

રસવૃત્તિ સરસતાનું આરોપણ કરવામાં ગુંથાય છે. સુંદર બાગ, રમણીય સંધ્યા અને ઘેરાયેલું ગગન રસિકતાને રીઝવે છે; આનંદ અપાવે છે; અને કોઇ પણ પ્રકારના ચિત્ર વિના, જાણે પ્રકૃતિની સામગ્રીમાં અપૂર્વતા હોય તેમ કલાત્મક કૃતિ–સંગીત કે કાવ્ય–બહાર પાડે છે. એક ક્રિયા ઓછી થઇ જાય છે. કલ્પનાચિત્ર દોરાતું નથી. પણ રસવૃત્તિનું પ્રાબલ્ય ઓછું થતું નથી -પણ વધે છે. માત્ર સર્જનના ઉત્સાહમાં, કલ્પનાશક્તિ એ ચિત્રના અંશો અસલ વસ્તુમાંજ ઉમેરી, બે ક્રિયાની એક કરે છે. શબ્દો કલ્પનાચિત્ર દોર્યા વિના અસર કરે છે એવો બર્કનો અભિપ્રાય આવી રીતે ખરો લાગે છે.

રસવૃત્તિ જે ચિત્રમાં રંગ પુરે છે તે ઇંદ્રિયોએ ગ્રહેલી વસ્તુના જેવું હોતુંજ નથી, પણ જુદું હોય છે. એ પ્રકૃતિનું વાસ્તવિક ચિત્ર નથી દોરતી, પણ ભાવનાત્મક ચિત્ર ઉપજાવે છે. અને તેજ પ્રમાણે જ્યારે કલાત્મક કૃતિ તરીકે કોઇ પણ ચિત્ર વ્યક્ત થાય છે ત્યારે તેમાં શુદ્ધ અને નગ્ન વાસ્તવિકતા જોવાની આશા પણ ખોટી છે. ઇંદ્રિયગ્રાહ્ય દર્શન પ્રત્યક્ષાદિ પ્રમાણોથી મર્યાદિત અને તેનાં લક્ષણોથી અલંકૃત હોય છે તેને આપણે વાસ્તવિક કહીએ છીએ. જ્યારે રસવૃત્તિની મદદથી તેનું ચિત્ર દોરાય છે ત્યારે તે વૃત્તિના નિયમો તેને લાગુ પડે છે અને તેનાં લક્ષણો તેમાં ઉમેરાય છે. પરિણામે વસ્તુની સરસ થાય છે. જેમ ઇંદ્રિયે ગ્રહેલા સંસ્કારો પર રચાએલી વસ્તુ રેખામાં–જેને આપણે સત્ય કે વાસ્તવિક કહીએ છીએ તેવી રેખામાં–ઇંદ્રિયજ્ઞાનથી પર એવું પરમ સત્ય સ્વરૂપ કદી દેખાતુ નથી, તેમ સરસ વસ્તુમાં માત્ર વાસ્તવિક રેખાઓ દેખાતી નથી. સત્ય વસ્તુ અને તેના સરસ ચિત્રનો જે સંબંધ છે તે ઉપર વર્ણવેલો ઔચિત્યનો નિયમ જ જાળવે છે.

સત્ય અને સરસ વસ્તુ વચ્ચેના વિરોધની પરીક્ષા કરવાનું આ સ્થાન નથી. પણ જે જે સરસતાનાં ક્ષેત્ર છે–કલાનાં અને સાહિત્યનાં, કલ્પનાનાં અને ભાવનાનાં–જે જીવનમાં અમી રેલાવે છે અને જીવનને

ઉર્ધ્વગામી કરે છે; જેનાથી મનુષ્ય ક્ષુદ્ર વાસ્તવિકતામાંથી વિમુક્ત બની સુખ, સ્વાતંત્ર્ય અને આનંદ અનુભવે છે તે બધાં ક્ષેત્રમાં નગ્ન–એટલે માત્ર ઇંદ્રિયગ્રાહ્ય સંસ્કારોએ રચેલા એવા–સત્યને માટે સ્થાન નથી. મનુષ્યની અપૂર્ણતા જોઇ અને ઇંદ્રિયથી પર એવા જ્ઞાનની અસંભવિતતા લક્ષ્યમાં લઈ બેજ ક્ષેત્ર સંભવેઃ એક ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુની વાસ્તવિક, ક્ષુદ્ર, આનંદવીહોણી દુનિઆ અને બીજી રસવૃત્તિએ રચેલી ભાવનાત્મક, આનંદપૂર્ણ અને સરસ સૃષ્ટિ. જે આ રસસૃષ્ટિમાંથી માનવને બચાવવાનો દાવો કરે છે તે શું કરવા મથે છે તેનું તેને ભાન નથી; નહીં તો રસ, ભાવ અને અપૂર્વતાના અંશોનો વિનાશ કરી અધમતા પ્રવર્તાવવાની આસુરી પ્રવૃત્તિમાં તે મચ્યો રહે નહીં.

આ ઉપરથી એટલુ તો સ્પષ્ટ થશે કે કલાના કોઇ પણ ક્ષેત્રમાં નગ્ન સત્યને માટે સ્થાન નથી. ઉંચા પ્રકારનું વિજ્ઞાન પણ રસવૃત્તિથી સ્પષ્ટ અને સંવાદી બનેલાં વિચાર અને ભાવના સેવે છે. ઇતિહાસ એ સત્ય હકીકતની યાદી નથી, પણ માનવજીવનના સરસ પ્રસંગોનાં ભાવનાત્મક ચિત્રોનું સરસ કથન છે. તત્ત્વજ્ઞાન માત્ર ઇંદ્રિય અને મનથી ગ્રાહ્ય એવા વિષયોની વચ્ચે રસવૃત્તિએ રચેલા સંવાદી અને સજીવ સંબંધરૂપી વિચારોનું કથન છે. અને ધર્મ, સત્ય અને નિતિને નામે પ્રચલિત થએલી કૃતિઓ સરસ રીતે, અપૂર્વ સ્વરૂપે વ્યક્ત થએલી ભાવનાઓનું કથન છે.

(૯)

રસવૃત્તિની મદદથી સર્જકશક્તિ કલાત્મક કૃતિ રચવા મથે છે, અને જે સરસતાથી રસિકતા સંતોષાઇ તેનાથી વધારે ઉત્તમ સરસતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે. જેમ કલ્પનાચિત્ર દોરવામાં આનંદ થાય છે તેમ કલાત્મક કૃતિ પ્રગટાવવામાં પણ પરમ આનંદ થાય છે. સર્જન એટલે જ આનંદ. એમાં જીવનમાં જણાતો આનંદ એકાગ્ર બની રહે છે. કવિ અપ્રતિમ કાવ્ય ઉચ્ચારે છે ને જેવો આનંદ પામે છે એવો આનંદ યોગીને પણ દુર્લભ છે. જે ભાવનાત્મક અપૂર્વતા

એની રસવૃત્તિએ કલ્પનાચિત્રમાં આણી, તેવીજ અપૂર્વતા ઇંદ્રિયગ્રાહ્ય વિષય દ્વારા–પથ્થરમાં, નાદમાં, શબ્દમાં–તે મૂર્તિમાન્ કરવા માંડે છે.

દરેક કલાકારની રસવૃત્તિની મર્યાદા તેણે સ્વીકારેલું કથનનું સાધન ઉભી કરે છે. સ્થાપત્ય મારફતે દર્શાવાતી રસવૃત્તિ બાંધકામની સામગ્રી, તડકો અને છાંયડો, રંગ અને હવાથી મર્યાદિત છે; શિલ્પકામ મારફતે દર્શાવાતી વૃત્તિને પથ્થરની સ્થૂલતા, સ્વરૂપ ને નિશ્ચલતાની મર્યાદા સ્વીકારવી પડે છે; ચિત્રકલા મારફતે દર્શાવાતી વૃત્તિને રેખા, રંગ અને પટની કઠણ મર્યાદા સાચવવી પડે છે. સંગીતનું સાધન માત્ર નાદ છે, એટલે તેનું કાર્યક્ષેત્ર સંકુચિત છે અને તેમાં સરસતા આણવી એ કઠણ કામ છે. પણ સાહિત્યનું સાધન શબ્દો છે. તેને સ્વરૂપ નથી, તેને રંગ નથી, તેને રેખા નથી; તેમાં તેજ ને છાયા શક્ય નથી; તેમાં નાદવૈવિધ્ય આવે તેમ નથી. એનો સંબંધ અપરોક્ષ રીતે રસિકતા સાથે છે. એ સાધન બધાંથી સૂક્ષ્મ, બધાંથી અટપટું અને છતાં બધાંથી વધારે સચોટ છે. માનવહૃદયના સૂક્ષ્મતમ તરંગથી માંડીને અકલ્પ્ય ભવ્યતાની હૃદયપ્રેરક ભાવના સુધી એ વ્યક્ત કરી શકે છે; અને રસવૃત્તિની પુરેપુરી સમૃદ્ધિને દર્શાવી, અપૂર્વતાની ઉંચામાં ઉંચી ભાવનાનું દર્શન શક્ય કરી શકે છે. આ અપૂર્વતા જેટલે અંશે સજીવ થાય તેટલે અંશે કલાની કૃતિ સફલ થાય. આવી કૃતિ પ્રકૃતિ કરતાં ઉંચા પ્રકારની છે; કારણકે ભાવનાજન્ય અપૂર્વતાની સરસ રેખા એમાં જડે છે. માઇકલ એંજેલોએ કોતરેલ નરનારીમાં રહેલી ભવ્યતા અને અપૂર્વતા મનુષ્યના ઇતિહાસમાં કોઇ પામ્યું હોય તેમ જાણમાં નથી.

દૃષ્ટાંતરૂપે એ શેલી જેવા કવિની વ્યક્ત કરવાની રીત લઇએ. એનાજ શબ્દોમાં :—

" ગંભીર દર્શન અને ચમકતાં સ્વપ્નાંઓએ તેની કલ્પના પોષી. વિશાલ પૃથ્વીનાં અને સર્વવ્યાપી આકાશનાં દરેક દૃશ્ય અને નાદે તેના હૃદયમાં સર્વોત્તમ તરંગો મોકલતાં. દૈવી તત્ત્વજ્ઞાનનાં ઝરણાં તેના તરસ્યા હોઠ પર

પડતાં. અને પૂજ્ય ભુતકાલે ઈતિહાસ કે કથામાં જે જે મહત્તા, સુજનતા કે સૌંદર્ય અમર કર્યાં હતાં તે એ સમજતો અને જાણતો."

શેલીની કાવ્ય રચવાની અદ્દભુત શક્તિ દરેક વસ્તુને અપૂર્વતા અર્પી રહે છે; દરેક વસ્તુને જુદા અને મોહક રૂપમાં, મોહક સંબંધમાંતે નીરખ્યાજ કરે છે. તેના મગજમાં આખી સૃષ્ટિનું ભાવનાત્મક સ્વરૂપ તરવર્યા કરે છે. અદ્દભુત સરસતાની ભાવના તેની દરેક મનોદશાને પ્રેરી રહી છે. જેવી એની રસવૃત્તિ છે તેવીજ એની સર્જક શક્તિ છે. શબ્દો, વાકયો, ટુંકા, શબ્દચિત્રો, અલંકારો, ભાવો, અને ભાવનાઓ–અપ્રતિમ, ઉચિત, અને સરસ–એની કૃતિઓમાં, અખંડ ધોધે, વહ્યા કરે છે. એ જન્મથી 'કથનકાર' છે. એનો શબ્દ સૃષ્ટિને અપૂર્વતા અર્પે છે. એણે રચેલી સૃષ્ટિ' ખરી સૃષ્ટિથી સરસ અને સજીવ, સમગ્ર માનવ જીવનને સમૃદ્ધ અને ભાવના-શીલ કરી રહે છે.

માત્ર આવી સૃષ્ટિ સરજવામાંજ મનુષ્યને પરમાત્માનું દર્શન સંભવે છે એમ કેટલાક તત્વવેત્તાઓ માને છે. એક અગ્રણી જર્મન તત્વવેત્તા કહે છે: 'સૃષ્ટિમાં રહેલી, અસ્મિતા ને હેતુપૂર્ણ વ્યવસ્થા, અને તે વિનાની વ્યવસ્થાનો વિરોધ નિરંતર ચાલી આવ્યો જણાય છે; અને આખરે કલાત્મક કૃતિના સહેતુક સંવાદમાં વિરામ પામે છે. એમાં બુદ્ધિ આખરે સંપૂર્ણ આત્મદર્શનની પરાકાષ્ઠા અનુભવે છે. સાથે અમર્યાદિત આનંદ પણ રહેલો હોય છે. બધો વિરોધ નાશ પામે છે, ને બધાં રહસ્યો સમજાય છે. દૃશ્ય અને દ્રષ્ટાની અસ્મિતાપૂર્ણ ક્રિયા વચ્ચે અણધારેલો સંયોગ કોઈ અજ્ઞેય તત્વ રચી દે છે. એ સંયોગમાં રહેલું સંપૂર્ણ ને નિશ્ચલ તાદાત્મ્ય દર્શનમય સૃષ્ટિ સરજે છે.

આ તાદાત્મ્ય સામાન્ય સૃષ્ટિનો અનુભવ કરનારની દૃષ્ટિથી છુપાયેલું છે. છુપાવનાર પડદો કલાકારની દૃષ્ટિ આગળથી ખસી જાય છે. અને કૃતિઓ રચવાની એને સ્વયંભૂ પ્રેરણા થાય છે. કલા, એક ને શાશ્વત એવું દર્શન બની જાય છે. પરમ તત્ત્વ, જે કદી દર્શનનો વિષય થતું નથ

અને છતાં જે દર્શનનો વિષય થઈ શકે એવી સૃષ્ટિનો હેતુ છે તેના અસ્તિત્વની ખાત્રી આ ચમત્કારથી થાય છે, અને તેથી કલા તત્વજ્ઞાનથી ચઢે છે.

કલાત્મક કૃતિમાંજ દર્શન એ પરમ તત્વને સ્પર્શે છે. તત્વજ્ઞાની કલાને સર્વોત્તમ લેખે છે. 'સહેતુક ક્રિયા,' અને 'અહેતુક આવિર્ભાવ' પ્રકૃતિ અને ઇતિહાસમાં કદી સાથે રહેલાં જોઈ શકાતાં નથી, તે જીવન, કર્તવ્ય અને વિચારમાં સદાય વિરોધી બની રહે છે, 'શાશ્વત અને મૌલિક ઐક્યના જે મંદિરમાં, તે બંને એક જવાલ બની ગયાં હોય એમ મળે છે, તેનું ગર્ભદ્વાર તો માત્ર કલાજ ઉઘાડે છે.'

આ વિચાર ખરો હોય કે નહીં પણ એટલું તો નિર્વિવાદ કે કલાત્મક કૃતિની સરસતા સરજવામાં જ મનુષ્યનું પરમ સાફલ્ય છે. તેથી આવા સ્રષ્ટા, આવા કલાકારો જનતાની પૂજાને પાત્ર થાય છે, અને એમણે પ્રવર્તાવેલો કલાધર્મ, બધા ધર્મથી શ્રેષ્ઠ, સમગ્ર જીવનને અનંત કાલ પ્રેરી રહે છે.

## સાહિત્યમાં સચોટતા

### (૧)

કલાત્મક કૃતિ વ્યક્ત કરવાની ક્રિયામાં સચોટતા ત્રણ વખત આવે છે :

૧. ઇંદ્રિયદ્વારા કોઇ પણ વસ્તુ માણસના મગજ પર સચોટ છાપ પાડે ત્યારે ;

૨. કલ્પના ચિત્ર ખડું થાય ત્યારપછી તેની સચોટ અસર ચિત્રકાર પર થાય છે, અને તેના મનમાં આંદોલનો જાગે છે ત્યારે ;

૩. અને કૃતિ કે કથનદ્વારા ચિત્ર વ્યક્ત કર્યા પછી સામા માણસ પર સચોટ અસર થાય છે ત્યારે.

સચોટતા કેવી રીતે આવે છે ? એક વસ્તુની ઉંડી અસર થાય છે, અને બીજી તરફ આપણે ધ્યાન પણ નથી આપતા તે શા સારુ ? કયું લક્ષણ હોય તો સચોટ અસર થાય છે ?

જુદા જુદા માણસો પર જુદી જુદી વસ્તુ સચોટ અસર કરે છે; અને તેનું કારણ એકજ હોઈ શકે કે કોઇક વસ્તુનું સ્વરૂપ કે સ્વભાવ કોઇકને વધારે આકર્ષક લાગે; એટલે કે, વસ્તુ અને જોનાર વચ્ચે એક જાતનો સ્વાભાવિક સંવાદ પ્રગટે છે.

કેટલીક વસ્તુ ઘણા માણસો પર સચોટ અસર કરે છે. તેનું કારણ એટલું જ કે એ વસ્તુનાં લક્ષણ કે સ્વરૂપ અને મનુષ્યના સ્વભાવની મૌલિક રચના વચ્ચે સંવાદ હોય છે.

આ સંવાદ કેમ સંભવે તે વિચારવું જોઇએ.

(૨)

આ બધાનું અન્વેષણ કરવા ચંદ્ર જેવી એક વસ્તુ લઇએ. પ્રાણીએ માનવ સ્વરૂપ પ્રાપ્ત કર્યું તે પહેલાંથી ચંદ્ર ઘણા માણસો પર દર પંદર દહાડે અમી વર્ષાવી, રસઘેલછા આણે છે અને ઘણી ચિર-સ્થાયી અસર કરે છે. એનું શું કારણ ?

વાસ્તવિક રીતે ચંદ્ર તો છે માત્ર આકાશમાં ફરતો દેખાતો, હોળવાયલો જ્વાલામુખી; ઉજ્જડ, નિર્જન ને નિસ્તેજ પથરો. એમાં જલનો છાંટો નથી, અમી નથી. એ કૈં વર્ષી શકે એમ નથી. એની રચનામાં પ્રણયને ઉત્તેજે કે શાંતિને પ્રસારે એવું કૈં તત્વ નથી. છતાં એ શાંતિ, અમી અને પ્રણયના પ્રેરક તરીકે સઘળા માણસો પર શા માટે છાપ પાડે છે ?

પ્રકાશનો સ્વામી સૂર્ય છે. એના સુખદ પ્રકાશ સાથે સદાય તાપનું દુઃખ સહેવાની માણસને ટેવ છે. ચંદ્રથી તાપ વિનાનો પ્રકાશ મળે છે. અને રાતે જ ચંદ્ર સ્પષ્ટ દેખાય છે અને ત્યારે શાંતિ પ્રસરે છે એટલે નિષ્કલંક સુખ ભોગવી શકાય છે. પરિણામે ચંદ્ર જ્યારે આકાશમાં હોય ત્યારે તેનાથી ઉત્પન્ન થતું નહીં એવું, પણ પોતાની ટેવોને લઇને માણસને સુખ મળે છે. અને તે કાર્યકારણ સંબંધ બાંધી દેવાની વૃત્તિથી ચંદ્રને સુખનું કારણ માને છે.

આ ઉપરાંત જ્યાં સ્વરૂપ એક હોય ત્યાં સ્વભાવ પણ એકજ છે એમ માની લે છે. તે ચંદ્રનો સ્વભાવ નક્કી કરવા માંડે છે. સાધારણ રીતે જ્યારે માણસ આનંદમાં હોય કે પ્રસન્ન હોય ત્યારે તે હાસ્યનો કે મહેરબાનીનો પ્રકાશ પાડે છે; અને આનંદ કરાવવા, બધાનું સુખ જોવા અને બધાને સુખી કરવા તૈયાર હોય છે. અને તેથી ચંદ્રને પ્રકાશવાળો ને તાપ વિનાનો દેખી-એટલે બધાને શાંત ને સુખી કરતો જોઈ, માણસ પોતાના સ્વભાવનું તેના પર આરોપણ કરે છે અને માને છે કે ચંદ્રનો સ્વભાવ એવો છે કે તે શાંતિ પ્રસારે છે, અમી વર્ષાવે છે, અલ્હાદ આપે છે અને પ્રણયને પોષે છે.

સિંહ જેવા પ્રાણીનો જે સ્વભાવ માણસ ધારે છે તેના પર અનેક શબ્દો ને કલ્પનાચિત્રો રચાયાં છે. તેને જોઇ આપણને શાંતિભરી સત્તા, દુર્ધર્ષ પ્રતાપ, ને ઔદાર્યશીલ મહત્તાનો ખ્યાલ આવે છે. અને પોતાના એ બધા ગુણો તે વનચરોના સામ્રાજ્યમાં દર્શાવે છે એમ માનીએ છીએ. આ ગુણોથી સંપન્ન માણસને આપણે નરસિંહ કહીએ છીએ. પ્રેમઘેલી સુંદરી પ્રિયતમને કેસરીસમી મોહક કટીવાળો ને તેના જેવાં ગૌરવશીલ ડગ ભરતો જોવા આતુર રહે છે. અને અંગ્રેજી સત્તાએ, પોતે ઉપર આપેલા ગુણોથી ભરપુર છે એમ મનાવા, સિંહને પોતાના ચિન્હ તરીકે રાખ્યો છે. અને એ ચિન્હથી ઘણા એમ માને છે કે એ રાજ્યસત્તાના એ ગુણો છે.

પણ સિંહમાં એમાંનો એક ગુણ હોય એવું પુરવાર થઇ શક્યું નથી. એ વિકરાલ ને હિંસક પ્રાણી છે એટલી વાત ખરી. પણ બીજા બધા ગુણો તો આપણા પોતાના સ્વભાવના તેના પર કરેલા આરોપણથીજ, તેના છે એમ આપણે માની લીધું છે. માણસ શાંત હોય ત્યારે ધીમો ચાલે; સિંહ ધીમો ચાલે છે માટે શાંત હોવો જોઇએ. માણસને સત્તાનો ગર્વ હોય ત્યારે ધીમે ધીમે ઉંચી ડોક કરી ચાલે છે માટે તેને સત્તાનો ગર્વ હોવો જોઇએ. માણસમાં શક્તિ, શાંતિ ને ગર્વ હોય તો તે ઔદાર્ય દાખવે; આપણે સિંહમાં શક્તિ, શાંતિ ને ગર્વનું આરોપણ કર્યું છે એટલે તેના સહચારી ગુણ ઔદાર્યનું પણ આરોપણ કરીએ છીએ.

આ ઉપરથી આરોપણવૃત્તિનો પ્રકાર સ્પષ્ટ થાય છે.

**૧. આપણાં સ્વભાવ કે મનોદશાને લીધે આપણું જે સ્વરૂપ થતું હોય તેવું સ્વરૂપ જ્યારે કોઈ વસ્તુનું દેખાય ત્યારે આપણે એમ માનીએ છીએ કે તેનામાં પણ તેવાંજ સ્વભાવ કે મનોદશા છે.**[૧]

(૧) એ વૃત્તિનું નામ ભાવાંતર ક્રિયા, 'feeling into' આપ્યું છે. એને માટે અંગ્રેજીમાં empathy શબ્દ વપરાય છે. Vernon & Anstruther Thomson: Beauty and Ugliness.

ગણિતશાસ્ત્રી કે રાજ્યનીતિજ્ઞનો વર્ગ છોડી સામાન્ય ગામડાના હીંદીની મનોદશા લઇએ. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ચરખાનું શું સ્થાન છે તેની એને પરવા નથી; ચરખો ચલાવવાથી કઈ રીતે બ્રીટીશ સલ્તનતની ફોજો ઉડી જશે તેનો એને વિચાર નથી.

એની મનોદશા અસંતોષની ને અકળામણની છે. એને પરરાજ્ય દૂર કરવું છે. શી સ્થિતિ થાય તો એ પરરાજ્ય દૂર થાય ? એક વિદ્વાન બાહોશ, ત્યાગી, અકલ્પ્ય વસ્તુ સિદ્ધ કરી શકવાની ઇચ્છાશક્તિવાળો પુરુષ કહે છે કે પરરાજ્ય દૂર કરવું હોય તો ચરખો ચલાવવો. તે પુરુષ ચરખા પર પરરાજ્ય દૂર કરવાની શક્તિનું આરોપણ કરે છે. સામાન્ય માણસને એ કાર્યકારણસંબંધ કેમ થયો તેની પરવા નથી. કોઇ બીજાએ આ આરોપણ કર્યું હોત તો તે હસી કાઢત. પણ એને આ પુરુષમાં શ્રદ્ધા છે. એ વગર પૂછે આ આરોપણનો સ્વીકાર કરે છે અને પરરાજ્ય દૂર કરવાની ઇચ્છા ને ચરખો ચલાવવાની સ્થિતિ એ બે વચ્ચે નિકટ સંબંધ થાય છે. અને ચરખા પર પરરાજ્ય દૂર કરવાની શક્તિનું આરોપણ જેમ વધે છે તેમ તેમ ચરખાની અસર તેના પર વધારે સચોટ થાય છે. જ્યાંજ્યાં એ ચરખો જુએ છે ત્યાં ત્યાં સ્વરાજ્યપ્રાપ્તિ પણ જુએ છે. તેના આત્મામાં શ્રદ્ધા પ્રકટે છે.

(૧) જો સાંભળનારમાં સ્વરાજ્યની ઇચ્છા ન હોય, (૨) જો સાંભળનાર ચરખો અને સ્વરાજ્ય વચ્ચેનો સંબંધ ન જોઇ શકે, (૩) અથવા તો ચરખાને આર્થિક બળ માની રાજકીય બળ ન માની શકે તો ઉપર કહેલા ત્રણ નિયમો સચવાતા નથી, શ્રદ્ધા પ્રગટતી નથી અને કર્તવ્યપ્રેરણા થતી નથી.

આજ પ્રમાણે ભાવ અને ભાવના વ્યક્ત કરવા માટે આ નિયમોની જરૂર પડે છે. 'લાઓકુન' જેવી શિલ્પકૃતિથી વેદનાનો ભાવ, કે મીલાનના દેવાલય જેવી સ્થાપત્યની કૃતિથી ભાવના સચોટ રીતે ઉદ્દભવે છે તે પણ આ નિયમો તેમાં જળવાયા છે તેથીજ.

(૭)

સચોટતાના ઉપર આપેલા નિયમો જોતાં,

૧. કથનકારનો સ્વભાવ વિવિધતાપૂર્ણ અને સમૃદ્ધ જોઇએ.

૨. જે મનોદશાનું કથન કરવું હોય તે સામાન્ય માનવતાની મૌલિક મનોદશા જોઇએ.

૩. તેની મનોદશા અને કથન વચ્ચેનો સંબંધ અવિભાજ્ય અને મૌલિક જોઇએ.

૪. અને કથનનું સ્વરૂપ સામાન્ય માણસને સ્વાભાવિક લાગવું જોઇએ.

૧ કથનકારોના સ્વભાવનો આધાર દેશ, કાલ, પરિસ્થિતિ અને સાહિત્યના પ્રચલિત પ્રેરક બલ પર રહ્યો છે એમ કેટલાક માને છે. છતાં મનુષ્યનો સ્વભાવ દરેક દેશ અને કાલમાં એક જણાય છે. અને સાહિત્યના આદર્શોનો પ્રકાર અને શિષ્ટ સાહિત્યની દરેક કાલ અને દેશમાં વ્યાપેલી સત્તા જોતાં એમ સ્પષ્ટ લાગે છે કે શિષ્ટ સાહિત્ય મૌલિક મનુષ્ય સ્વભાવમાંથીજ પ્રગટે છે.

માત્ર દેશ કાલ કે પરિસ્થિતિથી જે અસર સ્વભાવ પર થાય છે તેને લીધે નીપજતું સાહિત્ય ચિરંજીવ અને સર્વમાન્ય થતું નથી. પણ જ્યાં સુધી તે દેશ, કાલ ને પરિસ્થિતિ ચાલે છે ત્યાંજ સુધી સરસ મનાય છે. આ સાહિત્યને ઉપશિષ્ટ કહી શકાય.

પણ જ્યારે મનુષ્યનો સ્વભાવ બદલાય છે કે સમૃદ્ધ થાય છે ત્યારે આ નિયમમાં ફેર પડે છે. પ્રાચીન અને અર્વાચીન કાલ વચ્ચે એટલે છાપવાની કલા શોધાઇ તે પહેલાના અને તે પછીના સાહિત્ય વચ્ચે જે ભેદ દેખાય છે તે મનુષ્યના સ્વભાવમાં થયેલા ફેરફારથી રચાયો છે. પહેલાં સાદો, સરલ અને પ્રણાલિકાગ્રસ્ત સ્વભાવ હતો. પછીનો અટાપટો, વિવિધરંગી અને સ્વતંત્ર સ્વભાવ થયો છે. સાદા અને સરલ આદર્શોનું સ્થાન સમૃદ્ધ ભાવનાઓએ લીધું છે. ધર્મની

શ્રદ્ધાનું સ્થાન આત્મશ્રદ્ધાએ લીધું છે. આથી ઘણી વખત પ્રાચીન સાહિત્ય અર્વાચીન વાંચક પર જોઇએ તેવી સચોટ અસર કરતું નથી.

૨. મનુષ્યનો સ્વભાવ બદલાય અને સમૃદ્ધ થાય તેની સાથે મૌલિક મનોદશાઓ પણ બદલાય અને વધે. મેઘદૂત શિષ્ટ લાગે છે, પણ અર્વાચીન હૃદય શેલીના એપીપસાઇકીડીઓનથી વધારે તલ્લીન બને છે. સીસેરોનાં ભાષણોએ પ્રાચિન સાહિત્યકોને ઘેલા કર્યા. આજે એ શિષ્ટ સાહિત્યમાં ખપે છે અને શિષ્ટતાની પ્રણાલિકાઓ પુરી પાડે છે; પણ પ્રાચીનો પર તેમણે જે અસર કરી તે આજે આપણા પર તે કરતા નથી.

૩. અને ૪. મનોદશા અને કથન વચ્ચેનો સંબંધ મૌલિક હોવો જોઇએ; અને કથનનું સ્વરૂપ સામાન્ય માણસને સ્વાભાવિક લાગવું જોઇએ. કથનકારની તેમજ સાંભળનારની દૃષ્ટિએ જ્યાં કૃત્રિમતા દેખાય ત્યાં સચોટતા કદી સધાય નહીં. આ સચોટ સાહિત્યનું મુખ્ય ધોરણ છે અને તેનો આધાર બે વસ્તુ પર રહ્યો લાગે છે : કથનની સામગ્રી અને કથનની રચના.

(૮)

કથનની સામગ્રીમાં શબ્દ અને શબ્દચિત્રોનો સમાવેશ થાય છે. પણ જેમ ઈંટ મટોડાં ઘર નથી તેમ આ સામગ્રી સાહિત્ય નથી.

પણ ઘણા દેશમાં અને ઘણા યુગોમાં અને ખાસ કરીને જ્યારે જ્યારે પંડિતવર્ગ પ્રાધાન્ય મેળવે છે ત્યારે આ સિદ્ધાંત વીસરાઇ જવાય છે, અને માત્ર શબ્દજાલની જાદુઇ રમતમાં સાહિત્યનો પ્રયત્ન વિરામે છે. આને પરિણામે સાહિત્યની અધોગતિ થાય છે. હીંદના મધ્યકાલીન સાહિત્યની મોટામાં મોટી ખામી સચોટતાનો અભાવ છે. "रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम्" પંડિતશ્રેષ્ઠ અને કવિ થવાનો આડંબર ધરનાર જગન્નાથ પંડિત કહી ગયા. ખાલી રમણીયતા —સચોટતા વિનાની સરસતાનો આ આદર્શ સિદ્ધ કરવા કૃત્રિમતાજ સેવવી પડે છે; અને કથન ધારેલી અસર કરશે કે કેમ તેની પરવા

રહેતી નથી. આ આદર્શ પર રચાયેલું કથન સાહિત્ય ભલે કહેવાય પણ તેને શિષ્ટ સાહિત્ય માનવામાં ભ્રાંતિદર્શન રહ્યું છે એમ સર્વમાન્ય શિષ્ટ સાહિત્યના અભ્યાસીને લાગ્યા વગર રહેતું નથી.

શબ્દો યોગ્ય, શુદ્ધ અને સુઘડ હોય તોજ કથન સહેલાઈથી સચોટ થાય છે, કારણ કે શબ્દોથીજ સહચરી માનસિક દશા પેદા થાય છે. જેમજેમ ભાષાનો ઉપયોગ કસીકસીને થાય, શિષ્ટવર્ગ વધારે અને વધારે સ્વભાષાનો અભ્યાસ કરતો જાય અને સ્વભાષામાંજ વિચાર કરવાનો અભ્યાસ રાખતો જાય તેમતેમ સચોટ શબ્દોનો ઉપયોગ થઇ શકે છે. જ્યાં શબ્દોના અર્થનું સ્પષ્ટ ભાન ન હોય કે તેના યોગ્ય વપરાશની ટેવ ન હોય, તેની પસંદગી કરવાનો અભ્યાસ ન હોય કે તે વડે વિચાર કરવાની શક્તિ ન હોય તો સારા શબ્દો જડી આવતા નથી અને પરિણામે શિષ્ટ સાહિત્ય સંભવતું નથી. જ્યાં સુધી જર્મની અને રશીઆમાં ફ્રેંચ ભાષાજ શિષ્ટવર્ગની ભાષા મનાતી ત્યાં સુધી ઉંચા પ્રકારનું સાહિત્ય તેમાં પ્રગટ્યું નહીં; અને આજે અંગ્રેજી ભાષામાં વિચાર કરવાની ટેવથી શુદ્ધ, સુઘડ કે યોગ્ય ગુજરાતી શબ્દોનો ઉપયોગ સરલતાથી થતો નથી, અને સાહિત્યની સચોટતા વધતી નથી.

મણિશંકર રત્નજી ભટ્ટ જેવા સુઘડ શબ્દો વાપરતા હતા તેવા ઘણા થોડા સાહિત્યકો વાપરે છે; અને છતાં "શા માટે તમારા સુકોમલ ગાલને ખારાં આંસુથી ખરાબ કરો છો?"[1] એમ એક પાત્ર પાસે તે પુછાવે ત્યાં "ખરાં" અને "ખરાબ"માં રહેલાં અનૌચિત્ય ને અસુઘડતા સાલ્યા વિના રહેતાં નથી. આજ કવિની શબ્દો પસંદ કરવાની શક્તિ નીચેના લલિત શબ્દોમાં દેખાય છે:

"ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈર
આનાથી કૈં અધિક હૃદયે, આર્દ્ર જ્યાં હોય દૈવ"[2]

---

૧ રોમન સ્વરાજ. ૨ ચક્રવાકમિથુન.

(૯)

શબ્દો ઉપરાંત કથનની ખરી સામગ્રી શબ્દચિત્રો પુરી પાડે છે. શબ્દ વસ્તુનો નિર્દેશ કરે છે; પણ તેના ગુણ, સંબંધ કે સ્વરૂપનો ખ્યાલ આબેહુબ રીતે આપી શકતા નથી. એ તો કલ્પનાજ જુદી જુદી વસ્તુઓ વચ્ચે એવો સંબંધ બાંધે કે તેથી એક વસ્તુના કથન માટે અનેક સમભાવી, સહચારી, કે સબંદ્ધ ચિત્રો શબ્દ વડે ખડાં થઇ શકે. શબ્દચિત્રો મૂલ વસ્તુનો અસરકારક ચિતાર આપે તોજ તે સાહિત્યની સામગ્રીમાં ગણાય.

બધા અલંકારો શબ્દચિત્ર રચવા જતાં પ્રગટે છે. એ શબ્દ-ચિત્રોનું વર્ગીકરણ એ અલંકારનું શાસ્ત્ર.

માણસ માત્રને એકલો " નર " શબ્દ સચોટ નહીં લાગ્યો. ગોપાલ આર્યના સમયમાં તેની કલ્પના આગળ શક્તિનો આદર્શ બળદ હતો એટલે તેણે કલ્પનાચિત્ર ખડું કર્યું : " નરપુંગવ ". જ્યારે ચપલતા અને વિનાશક શક્તિની મૂર્તિનું ચિત્ર આલેખવાંની જરુર પડી ત્યારે તેણે ચિત્ર રચ્યું: " નરશાર્દૂલ ". જ્યારે પ્રભાવ ને સત્તાનો રંગ પુરવાની જરુર જણાઇ ત્યારે સુધારો કર્યો: " નરસિંહ ". જ્યારે તેમાં તેજ, ઔદાર્ય અને સમૃદ્ધિ દર્શાવવાની જરુર જણાઇ ત્યારે ચિત્ર ચીતર્યું: " નરેંદ્ર "

આ ઉપરાંત શબ્દચિત્ર રચવા કથનમાં વાસ્તવિકતા જોઇએ, તેમજ અપૂર્વતાની આકર્ષકતા જોઇએ. ચિત્ર જો વાસ્તવિક ન હોય તો ખરી અસર કરી શકે નહીં; ચિત્ર જો આકર્ષક ન હોય તો ધ્યાન ચોંટે નહીં. શબ્દચિત્રોથી સચોટતા કેમ સધાય એ નક્કી કરવું સહેલ નથી અને છતાં કેટલાક ઉપયોગી સિદ્ધાંતો નક્કી થઇ શકે છે.

શબ્દચિત્ર એવું જોઇએ કે તેમાંથી વગર પ્રયત્ને–એટલે સ્વાભાવિક રીતે–સ્વરુપ તરી આવે. નહીં તો ચિત્ર ગમે તેવું સારું હોય તો પણ કૈં અસર કરતું નથી.

શબ્દચિત્ર જેમ થોડાં વપરાય તેમ કથનની સ્પષ્ટતા વધે છે; અને તેની છાપ પણ વધારે આબેહુબ પડે છે. પણ ઘણી વખત સાહિત્યમાં શબ્દના કે શબ્દચિત્રના ભારોભારથી સચોટતા સાધવાના પ્રયત્નો જોવામાં આવે છે. ઉભરાતી સામગ્રીના પ્રદર્શનથી પ્રશંસા ભલે મળે પણ સચોટતા સધાતી નથી. દરેક સાહિત્યક, શરુઆતના પ્રયાસોમાં, સચોટતા સાધવા શબ્દાડંબર રચે છે, પણ તેનામાં ખરા કલાકારની શક્તિ ખીલતાં, તે ગણ્યાંગાંઠ્યા ચિત્રથીજ સચોટતા સાધે છે. શેકસપીઅર અને ભવભૂતિની કૃતિઓ આ નિયમનાં દષ્ટાંતરૂપ છે.

"કેટલાક લેખકો અર્થ વગરના શબ્દોનો સમુચ્ચય રચે છે; અને સરલ કથનથી એટલા ડરે છે અને ભભકાના દેખાવથી એટલા આકર્ષાય છે કે દરેક વસ્તુને ઉભરાતી વાક્પટુતામાં જડી દે છે."[૧] ઘણી વખત શબ્દસમુચ્ચયનેજ શિષ્ટ ગણવાની, "વિચારને સાટે શબ્દો રજુ કરવાની" પ્રણાલિકા પડી જાય છે, દંડીના શબ્દસમુચ્ચયો વાયુ કે મત્સ્યપુરાણના કેટલાક અનુષ્ટુપો જેટલી પણ સચોટતા ધરાવતા નથી. ખરી સચોટતા યોગ્ય વસ્તુ આગળ ધરવામાં છે; બધી સામગ્રીના અન્નકૂટથી મળતી નથી.

અને કેટલાક ખાસ અર્થ વિનાના શબ્દોથી, કે વગર મુદ્દાએ તે ને તે શબ્દો ફરીફરી વાપરવાથી કરવામાં આવતું કથન, કથન ભાગ્યે જ કહેવાય છે.

વળી જેમ શબ્દચિત્રમાં વિગતો ઓછી હોય છે અને જેમ તેના રંગો સાદા કથનમાં મળી જાય છે તેમ ચિત્ર વધારે આબેહુબ બને છે. તેથી જ વિગતવાર આપેલી ઉપમા કરતાં સાદા દેખાતા શબ્દે રચેલું ચિત્ર વધારે સચોટ અસર કરે છે. કાલીદાસ માત્ર એકજ કવિ છે કે જેની વિગતભરી ઉપમામાં પણ સચોટ ચિત્ર

૧. ક્વીંટીલીઅન.

દોરવાની અદ્‌ભૂત શક્તિ હોય છે. અને છતાં 'अनाघ्रातं पुष्पम्'[2] શબ્દોથી શરૂ થતા શ્લોક જેવા અનેક શ્લોકો વાંચતાં એમ લાગ્યા વિના રહેતું નથી કે ચિત્રાવલિ રચવાની સંસ્કૃત સાહિત્યની સર્વમાન્ય પ્રણાલિકાની ધુંસરી એને ગળે પડી ન હોત, અને શબ્દ-ચિત્રોની પરંપરા રચવામાં જ કલાનો આદર્શ સમાયો છે એમ એણે ન ગણ્યું હોત તો એની કૃતિઓ છે તેથી પણ વધારે સચોટ થાત.

ખરી અસર કરવા માટે શબ્દચિત્ર જીવંત વ્યક્તિની માફક નીરાળું પાડવું જોઇએ. અને એની રેખાઓ સ્પષ્ટ જોઇએ. અલંકારનો સંકર થાય, એક ચિત્ર બીજા જેવું લાગે, અથવા ચિત્ર છુટું અને નીરાળું દેખાય નહીં તો કથન અસ્પષ્ટ, અસર વિનાનું અને નિર્માલ્ય બને છે. કવિ નાનાલાલની પંક્તિ " દગબાણથી પ્રારબ્ધલેખ લખ્યો "[3] એ આબેહુબ ચિત્ર ખડું કરે છે. અસ્પષ્ટ ને નિર્જીવ શબ્દચિત્રનું એક દૃષ્ટાંત એજ કવિની કૃતિમાંથી લઇએ:

"રાજદુર્ગની પીઠિકાની પઠેમ દેવદુર્ગની પીઠિકા સરીખડો ઉચ્ચ ને વિસ્તીર્ણ છાતીપાટ હતો; કમલના પાન સમોવડ ઘેરા પાનનું ભવ્ય મુખમંડલ ને આબાના પહોળા પાન સમું ભાલપત્ર હતું. સાધુતાના ઘુમ્મટ સમા કુંભસ્થલ શા ગંડસ્થલ."[4]

આ શબ્દજાલમાંથી ચિત્ર ઉપજાવવું અશક્ય થઇ પડે છે. આ સાથે ડી કવીન્સીનું આજ વિષયનું થોડાક શબ્દમાં આપેલું પણ સચોટ ચિત્ર સરખાવીએ.

" મને લાગ્યું કે આ વાત ( પેટી ઉચકવી ) એક માણસની શક્તિની બહાર હતી. પણ તેના ખભા એટલાસ સમા મહા પ્રતાપી, રાજ્યસત્તાનો ભાર વહેવાને યોગ્ય હતા; અને સોલ્સબરીના મેદાન સમી વિશાલ તેની પીઠ હતી."[5]

---

૨. શાકુંતલ.
૩. જયા અને જયંત.
૪. આચાર્ય શ્રી લાલજી મહારાજ.
૫. De Quincey: Confessions of an Opium Eater!

સજીવ શબ્દચિત્રોથી સચોટતા સાધવાની શક્તિ અર્વાચીનોમાં કાર્લાઇલમાં સંપૂર્ણ કલાએ પહોંચેલી દેખાય છે. મીરાબોના શરીર ને શક્તિનું ટૂંકું પણ સચોટ વર્ણન નમુના તરીકે લઇએ.

"બેઠલી ટોપી નીચે દેખાતાં કાળાં સેમસનસમાં જુલ્ફાંથી શોભતો, જ્વલંત અને અસુરેખ તે ચાલ્યો આવ્યો. અગ્નિગર્ભ અને ભભુકી ઉઠે એવો સમુચ્ચય તે હતો, જે ન હોલવાય કે ન સળગતો અટકાય...પણ આખા ફ્રાંસને ધૂમથી ભરી દઇ શકે."[1]

સચોટ શબ્દચિત્રો વિના કાવ્ય સંભવતું નથી. કલ્પનાચિત્રો સરજવાની વૃત્તિ એ કવિસ્વભાવનું પ્રથમ લક્ષણ છે. અને તેથી મહાકવિઓની કૃતિઓ શબ્દચિત્રોથી ભરપૂર દેખાય છે. પણ પદ્યમાં કલ્પનાને વધારે સ્વાતંત્ર્ય હોવાથી તેમાં સરલતાથી ચિત્રો ઉપજાવી શકાય છે તેવી રીતે ગદ્યમાં સંભવતું નથી. ગદ્યમાં વાસ્તવિકતાનું પ્રાબલ્ય વધારે હોય છે; અને પરિણામે વાસ્તવિક અને આબેહુબ ચિત્રો ઉભાં કરવા માટે વધારે મહેનત પડે છે. ગદ્યમાં અદ્દભૂત શબ્દચિત્રો આણવાની શક્તિ ઉપર વક્તાનું સામર્થ્ય રચાયું છે; અને વિશ્વવિખ્યાત વક્તાઓનાં ભાષણોનો પ્રભાવ તેમાં આલેખેલાં ચિત્રો પરજ રહ્યો હોય છે.

વક્તાઓએ રચેલા શબ્દચિત્રના નમુના દાખલ વોરન હેસ્ટીંગ્સના મુકદ્દમામાં શેરીડને કરેલ અંગ્રેજી ભાષણમાંથી ઉતારો લઇએ.

"સુજા-ઉ-દૌલા જંગલી હૃદયનો પણ ચારિત્ર્યવાન્ હતો; અને પોતે યુદ્ધમાં ક્રૂર હતો છતાં તેણે સાનુકૂલ આકાશ ને રસાળ જમીનને પરિણામે એના દેશને મળેલી સમૃદ્ધિ મહેનતથી સાચવી રાખી હતી. તેના મરણ પછી શું થયું છે તે જાણ્યા વિના કોઇ અજાણ્યો માણસ અવધ પ્રાંતમાં ગયો હોત તો ઉજ્જડ ને સુકાં ખેતરો; બળીને રાખ થએલી લીલોતરી; નિર્જન ને ખંડીએર થએલાં ગામો; તુટેલાં ને શિખર વગરનાં મંદિરો; ભાંગેલા ને સુકાઇ ગએલા કુંડો—આ વિશાલ ને સર્વગ્રાહી વિનાશ જોઇ તે પુછત કે આ સુંદર ને સમૃદ્ધ દેશને કોણે ઉજ્જડ કર્યો? સર્વવ્યાપી વિગ્રહથી

---

૧. Carlyle French Revolution

ક્યા રાક્ષસી ગાંડાએ—ક્યા વિનાશઘેલા પરદેશી શત્રુએ—ક્યા આંતર વિગ્રહોએ, ધાર્મિક ઝનુને–ક્યા રાજ્યના કૌટુંબિક વિગ્રહે—ક્યા દંતકથામાંજ મળતા એવા રાક્ષસે ચારે તરફ વિચરી, મનુષ્ય તરફ દ્વેષથી પ્રેરાઈ, પ્રકૃતિ ને મનુષ્યસ્વભાવના વિકાસનું દરેક સ્વરૂપ ) આનંદનાં દરેક સાધનો અને જીવન માટે જોઈતી મૌલિક ને સાદી વસ્તુઓ પણ મૃત્યુના જેવા પાશથી નિર્જીવ કરી મુકી છે ?"

આ શબ્દચિત્ર જોઇએ તેનાથી વધારે ભભકભર્યું છે, પણ સચોટ છે. ડેમોસ્થનીસે આવું ચિત્ર થોડાક શબ્દોથી વધારે સચોટ બનાવ્યું હોત.

(૧૦)

કથનની રચનાપર પણ સચોટતાનો આધાર રહે છે. પંડિત વર્ગ કથનની રચના પર ઘણું ધ્યાન આપતો આવ્યો છે અને દરેક દેશ ને કાલમાં તે સિદ્ધાંતો નક્કી કરે છે. પણ એ સિદ્ધાંતો પર ચિત્ત એકાગ્ર કરવાથી ઘણી વખત સચોટતા એ કથનનો મુખ્ય હેતુ છે એ વાત ઘણી વખત વીસારી દે છે.

કથનની રચનાનું એકજ લક્ષ્ય હોય–સ્વાભાવિકતા. જો કથન સ્વાભાવિક હોય તોજ સચોટ અસર કરે. પણ સ્વાભાવિક કથન કહેવું કોને ? બાણને પોતાની વાકયરચના ઘણી જ સ્વાભાવિક લાગતી હશે; પણ આપણને ઘણીજ કૃતિમ લાગે છે. એટલે સચોટ સાહિત્યનું નિરીક્ષણ કરીને સ્વાભાવિક રચનાનું ધોરણ નક્કી કરી શકાય.

વાકય; શબ્દોને શબ્દચિત્રોની ગોઠવણ; સમગ્રકથનનો પ્રવાહ; અને પ્રભાવ—આ કથનની રચનાનાં અંગ છે.

જે વાકયમાં એકજ વાત હોય; જેમાં વિશેષણ ને શબ્દચિત્રો યોગ્ય ને આછાં હોય. જેની રચનામાં જેવી રીતે મગજમાં વક્તવ્ય પ્રગટે તે રીતનો ક્રમ હોય. જેના શબ્દનું સંગીત અર્થ જોડે સમભાવી હોય. અને જે સુગ્રથિત હોઇ જોઇતો પ્રભાવ પાડી શકે–તેજ વાકય સાહિત્યમાં અમર સ્થાન પામે છે. વાક્યની રચના પણ એક

કલાત્મકકૃતિ છે. તાજમહેલમાંથી સુંદરતા, કે બુદ્ધની પ્રતિમામાંથી ગૌરવ નીતરે છે તેમ વાક્યોની રચનામાંથી પણ સૌંદર્ય, સંગીત, પ્રતાપ, ભાવ વગેરે નીતરે છે.

વાક્યો બે પ્રકારનાં હોય છેઃ સરલ અને પ્રૌઢ. વિશાખદત્ત જ્યારે ચાણક્ય પાસે **कायस्थ इति लघ्वी मात्रा**[1] એ શબ્દો બોલાવે છે, ત્યારે એ વાક્યની સરલતામાં રહેલા પ્રભાવથી અને એનાથી સૂચન થતા કૌટિલ્યના પ્રતાપની ખરી અસર થાય છે. સીઝરનું વિખ્યાત વાક્ય " હું આવ્યો–જોયું–જીત્યો" ઘણાંના પાનાંનાં-પાનાં કરતાં વધારે સચોટ વર્ણન આપે છે. જે પ્રભાવ સાદા અને સરલ પણ મર્મસ્પર્શી વાક્યોમાં છે, તે લાંબા અને અનેક શબ્દ-ચિત્રથી લાધેલાં વાક્યોમાં રહેતો નથી.

જ્યારેજ્યારે જીવનના મહાપ્રસંગો આવે છે, જ્યારે માણસ આડંબર કે પ્રશંસાનો શોખ છોડી જીવસાટે માત્ર સચોટ અસરજ કરવા મથે છે, ત્યારે જે પ્રતાપી વાક્યરચના નીકળે છે. તેજ વાક્ય-રચના સ્વભાવિક, શ્રેષ્ટ અને ઇષ્ટ છે. જ્યારે ૧૭૭૫ માં અમેરીકાએ ઇંગ્લાંડ સાથે યુદ્ધમાં ઉતરવું કે નહીં એ ગંભીર પ્રશ્ન ચર્ચાઇ રહ્યો હતો, જ્યારે યુદ્ધમાં ઉતરતાં કાં તો સત્યનાશ વળી જાય કે કાં તો સ્વાતંત્ર્ય મળે એમ હતું, જ્યારે સ્વાતંત્ર્ય પ્રેમનો જુસ્સો પ્રખર તપતો હતો, ત્યારે અમેરીકાના નાયક પેટ્રીક હેન્રીએ જે વાક્યો ઉચ્ચાર્યાં તે સ્વાભાવિક રચનાનું સારું ધોરણ પુરું પાડે છે.

વિજય, મહાશય, કૈં સશક્તને નથી મળતો; એ તો મળે છે ચતુરને, શૂરને. વળી મહાશય, આપણે રસ્તોજ ક્યાં રહ્યો છે? જો આપણે બીજો રસ્તો ખોળવા જેટલી અધમતા દાખવીએ તોપણ હવે વિગ્રહમાંથી પાછા પડ્યા તો પરાધીનતા અને દાસત્વ વિના બીજો રસ્તો નથી. આપણી શૃંખલા તો ઘડાઈ ગઇ છે. તેનો ખડખડાટ બોસ્ટનનાં મેદાનમાં સંભળાય છે. વિગ્રહ વિના છુટકો નથી—અને એ ભલે આવે. હું ફરીથી કહું છું—એ ભલે આવે.

---

૧. મુદ્રા રાક્ષસ.

આ વાતમાં મહાશય, ખેંચતાણ નકામી છે. ગૃહસ્થો ભલે શાંતિ શાંતિ પોકારે, પણ શાંતિ છેજ નહીં. વિગ્રહ તો ક્યારનો શરૂ થઇ ગયો. ઉત્તરથી જે હવે મરૂત આવશે, તે ગાજતાં શસ્ત્રોનો ધ્વનિ લઇને કાને અથડાશે. આપણા બંધુઓ તો ક્યારનાએ રણે ચડયા છે. આપણે ત્યારે શા માટે અહીંઆં આળસુ બની બેસી રહ્યા છીએ? ગૃહસ્થોની શી ઈચ્છા છે? એમને શું જોઈએ છે? શું જીવન એટલું પ્રિય છે, શું શાંતિ એટલી સુમધુર છે, કે શૃંખલા કે ગુલામગીરીની કીંમતે રાખી રહેવી? સર્વ શક્તિમાન પ્રભો! એ વિપત્તિ નીવારો! બીજા શું રસ્તો લે તે હું જાણતો નથી, પણ મને. કાંતો સ્વાતંત્ર્ય દે, નહીં તો મૃત્યુ.

આની સાથે હીંદને બળવો કરવાને ઉત્તેજવા તત્પર થએલા ગુજરાતી સાહિત્યકની સ્વાભાવિક પણ સચોટ વાક્યરચના સરખાવવાથી આ રચનાનો ખ્યાલ આવશે.

એમાં કૈં ભારે બસ આવી ગયું એમ પણ નથી. આત્માનો તો એ સ્વભાવ છે. જોહરની ઓરતોએ બહાદુરી બતાવેલી. લાખો અંગ્રેજોએ એ બહાદુરી બતાવી છે. તુર્ક ઓરત મરદો આજે એ બતાવી રહ્યા છે.

પણ ભેદ છે. તેઓ તો મારે પણ ને મરે પણ. અમરપણું તો મરવા-માંજ છે, એમ આપણે જાણીએ છીએ. મારવાનો ધંધો છોડીને મરવાનોજ શીખવો એમાં કાંઇ મુશ્કેલી ખરી કે? મરતાં શીખતાં તો છાતી જોઇએ. તે વિશ્વાસુને પલકમાં આવે. મારતાં શીખતાં શરીર જોઇએ. બંદુકનો મહાવરો જોઈએ. હજારો ધતીંગ શીખીએ ને પછી ખુનીમાં ખપીએ.

પણ કોઈ હીન્દુ કહેશે, આ તો ક્ષત્રિપણાની વાતો લખાઇ. ગુજરાતને ને ક્ષાત્રપણાને શી લેવાદેવા? આપણે તો વેપાર કરી જાણીએ. ગુજરાત ભલે આવું હોય; હીંદુપણું એવું ન હોય. ચારે વર્ણમાં ચારે ગુણ હોવાજ જોઇએ. દરેકમાં પોતપોતાની વર્ણનો ગુણ વિશેષ હોય ખરો. પણ બીજા ગુણ તેનામાં નજ હોય તો તે નપુંસક છે. જે માતા પોતાના બચ્ચાને સારૂ મરી જાણે છે તે ક્ષત્રિયાણી છે, જે પિતા પોતાની સ્ત્રીને સારૂ જાન દે છે તે ક્ષત્રિય છે. પણ આ બધાનો ધંધો જગતની રક્ષા કરવાનો નથી હોતો. તેથી તેવાને આપણે ક્ષત્રિય નથી ઓળખતા.

આ કાળે જગતની—હીંદુસ્તાનની રક્ષા કરવાનો બધાનો ધર્મ છે કેમકે તે કોઈનો નથી રહ્યો—નથી જોવામાં આવતો.

આટલું તો હીંદુનું. ગુજરાતના મુસલમાન પારસી વ. શું કરે? તેઓનું એ હીંદુસ્તાન છે, તેઓનું એ ગુજરાત છે. તેઓએ પણ હીંદુસ્તાનને ગુલામીમાંથી છોડવવાનું છે. અને તેઓ પણ કેવળ મરીને છોડાવી શકે છે.

એટલે હીંદુ, મુસલમાન, પારસી, ઈસાઈ, યહુદી, ગમે તે, જે પોતાને હિંદુસ્તાની માને છે. તે બધાએ મરવાનો મંત્ર શીખવાનો ને સાધવાનો. એ પાઠ તો કેવળ જે ઈશ્વર ઉપર આસ્થા રાખનાર છે તેજ ભણીને ભજવી શકે.[1]

(૧૧)

સંસ્કૃતમાં સમાસના અમર્યાદિત શોખને લીધે વાક્યરચના ઘણીજ કઢંગી થઇ હતી. અને કેટલાક પંડિતોને વાક્યો અનંતતા જેટલાં લાંબાં અને બ્રહ્માંડ જેવડાં સર્વગ્રાહી જોવામાંજ રસ પડયો હોય એમ લાગે છે. તેનાથી સચોટતા સધાઈ હોય કે સાહિત્ય શિષ્ટ થયું હોય એમ માનવું કઠણ થઇ પડે છે. બાણ અને દંડીની વાક્યરચનાની અસ્વાભાવિકતા એ સંસ્કૃત સાહિત્યમાં એક કલંક રૂપ છે. દણ્ડિએ એક વાક્યમાં રાજાનું વર્ણન આપ્યું છે. એ વાક્ય વાંચતાં જો ઉંઘ ન આવે તો જરુર રાજાની મહત્તાની તપસીલ કરવા હાથમાં કલમ લેવાનું મન થાય. અને સચોટ અસર થવાને બદલે એ શાબ્દિક શૃંખલાસાંથી છુટવા દૈવી મદદની યાચના કરવાનું પણ મન થાય.

તે નગરોમાં વીર યોદ્ધાઓના સમૂહથી ઉન્નત તરંગવાળો અને હાથી અને અશ્વો રૂપ મગરોથી ભયંકર લાગતો; જે સર્વ શત્રુસમૂહના સૈન્યરૂપી સમુદ્રનું મંથન કરવામાં મંદરાચલ સમાન જેનો ઉન્નત ભુજદંડ એવો; ઇંદ્રપુરીના આંગણામાં રહેલા વનને વિશે વિહાર કરવામાં નિમગ્ન થએલા એવા યુવાન અપ્સરાઓના ગણથી ગવાતી, શરદકાલનો ચંદ્ર, કુંદપુષ્પ, કર્પૂર, હિમ.હાર, મૃણાલ, હંસ, ઐરાવત, જલ, ક્ષીર, શંકરનું અટ્ટહાસ્ય કૈલાસ અને કાશ નામના ઘાસની સમાન (શ્વેત) મૂર્તિવાળી અને અંતર દિશાઓ પણ જેનાથી પુરાએલી છે એવી વિસ્તૃત કીર્તિથી સર્વત્ર મનોહર;

૧ 'પરીક્ષા' બારડોલી સત્યાગ્રહ વિશેનો લેખ: ગાંધીજી.

મેરૂપર્વતના શિખર પર પહેલાં મહાન સુંદર રત્નોથી યુક્ત રત્નાકરની પરિધિરૂપ મેખલાથી યુક્ત એવી ધરણીરૂપી રમણીનું સભાગ્ય ભોગવવામાં ભાગ્યશાલી; હમેશાં યાગ અને દક્ષિણાથી વિવિધ વિદ્યાથી શોભતા ઉત્તમ શિષ્ટ બ્રાહ્મણોનું જેણે રક્ષણ કરેલું છે એવો, શત્રૂઓને સંતાપ આપતા પ્રતાપથી સદા સૂર્યની સમાન જણાતો, અને મેઘનો દર્પ અને કામદેવનું સૌંદર્ય એ બેની સમાન મનોહર અને નિર્દોષ સ્વરૂપવાળો રાજહંસ નામનો રાજા હતો.

પણ આ ખોટી પ્રણાલિકા દાખલ થઈ તે પહેલાંની વાકય રચના ઘણીજ ઉત્તમ પ્રકરની હતી. તેમાં વ્યવસ્થા, ગૌરવ અને છટા દેખાય છે. અને તેમાં પ્રતાપ કે વૈવિધ્ય દેખાતું નથી, છતાં મીઠા ભાવોની અસર તેનાથી સારી થઇ શકે છે. આ વાકયરચનાનું બંધારણ ન બગડે એટલા માટે અનુષ્ટુપની યોજના થએલા લાગે છે. એ છંદની મર્યાદામાં રાખવાથી વાકયોની વ્યવસ્થા ને છટા કેમ સચવાય છે એ ગીતાના વાંચકોને સહેલાઇથી સમજાશે. વિષ્ણુપુરાણના પાંચમા અંશનાં વાકયો દુનિઆના સાહિત્યના આભૂષણરૂપ છે; અને એ આદર્શ જો પ્રાકૃત સાહિત્યમાં જળવાયો હોત તો તેમનો વિકાસ કૈં ઓરજ થાત. જુના ગુજરાતી સાહિત્યમાં એ ધાટીનો બે લીટીની કડીમાં વાકયનો સમાવેશ કરવાની રીતિ પ્રચલિત દેખાય છે; તેમાંનાં થોડાંક દૃષ્ટાંત લઇએ;

એક કહિ રહી કાં અલગી? એટલા માંહાં શું થાકી?
એક કહિ, ના, એ અતિ શીલી પ્રમદા છિ અતિ પાકી?[1]

* * *

ભેલું નગર; રહ્યા ગઢ ઘોલી, સાહમા તીર વિછૂટઇ
માધવ ભણઇ 'કર્ણ ! જા નાસી, કા મરઈ અણખુટઈ?'
પાડી છીંડુ' કર્ણરા નાઠઉ; પાછી જાઈ રાણી;
પાએ નવી ડાભસી ખુચઈ; રહી ન પીઈ પાણી.[2]

૧ ભાલણ: કાદંબરી.

૨ પદ્મનાભ; કાન્હડદે પ્રબંધ.

પણ સંસ્કૃત ગદ્યમાં અનુષ્ટુપની આ વ્યવસ્થા, ગૌરવ ને છટા કોઈકોઈવાર દેખાય છે, અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તો છેજ નહીં. અર્વાચીન ગુજરાતમાં આવા પ્રકારની વ્યવસ્થિત વાક્ય-રચનાથી ગોવર્ધનરામ કોઇક પ્રસંગે શાંત ગૌરવની અસર કરી શકે છે.

કુસુમ તું એકલી કૌમારવ્રત પાળી શું કરવાની હતી? એકલો પડેલો પાણીનો રેલો ધુળમાં ભળી જાય છે, મનુષ્યની ચરણથી રજમાં ચંપાઈ જાય છે, ને તડકામાં ઉડી જાય છે! તેવું તારૂં જીવન થશે. જે મહાત્માનાં અંતઃસ્વપ્ન તેં જોયાં અને કલ્યાણ કાર્યનું મનોરાજ્ય તેં દૃષ્ટિગોચર કર્યું તે મહાત્માના હૃદયરત્નાકરની તું રંક સુભદ્રા થઈશ તો પણ ઓછી વાત નથી. તો આ તો ગંગા, એની બ્રહ્મપુત્રા, અને તેની સિંધુ એ સર્વ મહા નદીઓનું કામ કરવાને તું એકલીજ સમર્થ છે ને તારા વિના એ કામ કરવાને આખા ત્રિભુવનમાં કોઈ સમર્થ નથી. તો કુસુમ, શું એવું પુણ્ય જીવન પ્રાપ્ત કરવા તને અભિલાષ નથી થતો? [૧]

× × ×

પણ એ સાહિત્યક પર પડેલી બાણ અને દંડીની છાપને પરિણામે તેનાં ઘણાં વાક્યોની રચનાની સચોટતા ઘટતી. નીચેની વાક્યરચનામાં શબ્દસામગ્રી છતાં મનોહર બાલાની મોહકતા પણ વીસરી જવાય છે.

એને શરીરે વસ્ત્ર ન જેવાં હતાં. ધોળો ગવનનો ચણીઓ પહેર્યો હતો. પણ તેનો કચ્છ વાળી દીધો હતો, અને અંગ અને પગ ઉઘાડાં હતાં તે સાથેસાથે રોપેલી કેળોના થાંભલા જેવા દેખાતા હતા, અને તેનો રંગ કેળ-માંથી નીકળી આવેલા ગર્ભના જેવા રંગવાળા ચણીઆમાં મળી જતો હતો. કચ્છ વાળેલા ચણીઆની ઉલી કળીઓ કેળોનાં માથાના પાંદડાં જેવી હતી. ચણીઆને મથાળે કમળ નાળ વીંટી દીધી હોય તેમ નેફો અને નાડુ લાગતાં હતાં; અને નાડાંના શિરોભાગની ગાંઠ આગળ સુધી તંગ કરેલો એ પાસથી ખેંચતાં નેફાની ગાંઠ પાસેની ચણીઆની ફાટમાંથી દીસી આવતા ખીડેલા કમળપુટના જેવા ઉદર ભાગને શિરે, પરાગમાં ભરાઇ ધોળો-પીળો

૧ સરસ્વતીચંદ્ર ભાગ ૪.

થએલો ભ્રમર કમળદળ ઉપર બેઠો હોય તેનાં જેવું નાભિમંડળ બેઠેલું દૂરથી પણ દેખાતું હતું.[1]

ગોવર્ધનયુગ પછી ગુજરાતી વાક્યરચનામાં વૈવિધ્ય, પ્રભાવ સ્વાતંત્ર્ય અને સ્વાભાવિકતા જે આવતી જાય છે અને બાણુની પ્રણાલિકા અદૃષ્ય થતી જાય છે એ નરસિંહરાવ, આનંદશંકર અને ગાંધીજીના હમણાંના લેખો પરથી સ્પષ્ટ જણાશે.

ગ્રીક સાહિત્યકો વાક્યરચના સ્વાભાવિક કરવા ઘણીજ મહેનત કરતા અને આજે પણ ડેમોસ્થનીસ જેવાનાં વાક્યો આદર્શરૂપ છે. અંગ્રેજી પર લેટીનની અસર વધારે હોવાથી આ જાતની રચના ઉત્તમ પ્રકારની થઇ નથી. પણ ફ્રેંચ ભાષામાં વાક્ય રચના પર ઘણુંજ ધ્યાન અપાયું છે, અને અર્વાચીન સાહિત્યને શોભાવે એવી પ્રતાપી, વિવિધ અને વ્યવસ્થિત રચના સહેલી થઇ પડી છે. અને તેની સ્વાભાવિકતા એવી હોય છે કે કાવ્યમય કે તેજસ્વી ગદ્યના પુસ્તકો વાંચતાં પણ કાવ્યમયતા કે તેજને માટે પ્રયત્ન થાય છે એવો ખ્યાલ સરખોએ આવતો નથી. એક નમુના દાખલ દુનીઆભરમાં આજે શ્રેષ્ઠ એવા સાહિત્યક અનાતોલ ફ્રાંસની કટાક્ષ અને પ્રભાવમાં અપ્રતિમ એવી "જુડીઆનો દંડનાયક"[2] નામની નાની વાતનાં છેલ્લાં વાક્યો લઇએ;

એક પલના મૌન પછી તેણે ધીમેધીમે પ્રૌઢ થતાં જતાં ઘણા ગંભીર અવાજે કહ્યું. આ સીરીઆની સ્ત્રીઓ કેવી વિલાસમય છટાથી નાચે છે ! એ અંધારા નાના ખંડમાં, ફાટેલી શેત્રંજી પર માત્ર એકજ ધુમાડીઆ દીવાના તેજમાં મંજીરા વગાડવા હાથ હલાવતી ને નાચતી એક યાહુદેણ[3] જોડે મારે ઓળખાણ થયું હતું. કમાન વળેલી એની જંઘા; વાળના ભારથી જાણે લચી રહ્યું હોય તેમ પાછળ નાખેલું તેનું માથું; મદઘેલછામાં તરતી તેની આંખોથી શોભતી આતુર, મદાલસા અને સરલ–તેને જોઇને કવીઓપેટ્રા

૧ સરસ્વતીચંદ્ર ભાગ ૪.

૨ Pracurator of Judea.

૩ મેરી મેડલીન, ઈસુ ખ્રીસ્તની આદ્યશિષ્યા.

પોતે અદેખાઈથી શીક્કી પડી જાત. તેના જંગલી નૃત્યો, તેનો જરાક અસંસ્કારી પણ સુમધુર સ્વર, તેની આસપાસ ઉડતી સુવાસ, તેની અર્ધનિદ્રાવશ સ્થિતિ પર હું રીઝ્યો હતો. હું તેની પાછળ ખધે ફરતો. સીપાઇઓ, જાદુગરો અને બદમાશો જે તેની આસપાસ ફરતાં તેની સાથે હું ફર્યા કરતો. પણ એક દહાડો તે જતી રહી, અને મેં તેને ફરી જોઇ નહિં. ગલીચ ગલીઓ અને પીઠાઓમાં મેં તેને બહુ શોધી. ગ્રીક મદિરાનો સ્વાદ ખોવો પરવડે પણ તેનાવિના પરવડે એમ નહોતું. એ અદૃષ્ટ થઈ ત્યાર પછી થોડે મહીને મને ખબર પડી કે ગેલીલીના એક જુવાન જાદૂગરનાં અનુયાયી સ્ત્રીપુરૂષની મંડળીનો તેણે સંગ કર્યો હતો. તેનું નામ જીસસ હતું: તે નાઝરેથથી આવ્યો અને કોણ જાણે શા ગુનાહ માટે તેને ક્રોસ પર ફાંસી દેવામા આવી હતી. પોંટીઅસ ![1] આ માણસ વિશે કંઇ ખબર છે?

પોંટીઅસ પાઇલેટે ભવાં ચઢાવ્યાં અને સ્મૃતિનાં ઉંડાણો શોધતો હોય એમ કપાલ પર હાથ મુકયો. પછી થોડી વિપલની શાંતિ પછી તે બબડયો. "જીસસ? જીસસ નાઝરેથનો? એ કોણ એ? મને તો તે યાદ પણ નથી આવતો."

દુનીઆના એક અમર પ્રસંગને ફ્રેન્ચ ગદ્યના આ અપૂર્વ ફકરામાં કટાક્ષમયતાથી મઢતાં, શબ્દ, શબ્દચિત્રો અને વાકયરચનાનાં વૈવિધ્ય, સરલતા, પ્રભાવ અને સ્વાભાવિકતા વડે તેણે જે સચોટતા સાધી છે તેવી દુનીઆના સાહિત્યમાં મેળવવી મુસ્કેલ છે. એમાં મેરીની દશા અને તેના સૌંદર્યનું થોડાક શબ્દોમાં આબેહુબ ચિત્ર મળે છે; અને છેલ્લા ભાગમાં માત્ર વાકયની સ્વાભાવિક રચનાથી ઇસુના મૃત્યુનું સમકાલીન ઇતિહાસમાં શું સ્થાન હતું તેનો સચોટ ખ્યાલ આવે છે.

## (૧૨)

કેટલાક સાહિત્યકો સચોટતા આણવા પ્રૌઢ વાકયનો ઉપયોગ કરે છે. પ્રૌઢવાકય એટલે અનેક વાકયોનું રચેલું એકતાનતાવાળું વાકય. આ પ્રયોગ થોડાક જ કરી શકે છે; કારણ કે મોટી રચના રચવા

[1] ખ્રીસ્તને ફાંસી દેવાનો હુકમ કરનાર જુડીયાનો દંડનાયક.

જતાં, વાક્યમાં જે સજીવતા જોઇએ તે સચવાતી નથી. અને પરિણામે સચોટ અસર થતી નથી. આથી પ્રૌઢ વાક્ય રચવામાં પ્રવિણ એવા સીસેરોની સલાહ પણ એ છે કે વાક્ય મોટું બનાવવા કરતાં તેના છુટાછુટા કકડા કરવાથી સચોટતા વધારે સધાય છે.

છતાં કેટલાક કથનનો વિષય એવો ગંભીર, પ્રૌઢ, કે પ્રભાવશાળી હોય છે કે તેને સચોટ રીતે વ્યક્ત કરવા જતાં પ્રૌઢ વાક્ય સાધારણ રીતે પ્રગટે છે. જેમ ભવ્યતા દર્શાવવા ગગનભેદી ઘુમ્મટ કરવો પડે, કે સ્તંભોની અનંત હારમાલા બનાવવી પડે તેમ કેટલાક વિષય માટે આવું વાક્ય જરુરનું છે; એટલુંજ નહીં પણ જેટલી બાહોશી તાજમહેલનો ઘુમ્મટ કે પારથેનનની સ્તંભપરંપરા કરવામાં વાપરવી પડે, તેટલીજ બાહોશી આવી શાબ્દિક રચના ઉભી કરવામાં વાપરવી પડે છે. આવું વાક્ય પણ એક કલાત્મક કૃતિ છે. એની પણ સમગ્ર અસર છે. એ પણ જાણે જીવંત વ્યક્તિ હોય એમ નીરાળું અને સચેતન છે. અને એવા વાક્યોની પરંપરાથી સમુદ્રના મહાતરંગોના પછાડાની માફક, ગર્જનાના ઘોર અને વિસ્તૃત નાદની માફક અદ્‌ભુત અસર થાય છે.

સમાસવાળા વાક્યો રચવાની પદ્ધતિ પણ પ્રૌઢ વાક્ય રચવાની ઇચ્છાથીજ પડી લાગે છે. પણ આખા હીંદના જીવનના દરેક ક્ષેત્રમાં જેમ જડ પ્રણાલિકા ઘર ઘાલી બેઠી છે તેમ વાક્ય રચનામાં પણ બેઠી છે. અને પરિણામે સચોટ અને સજીવ એવા પ્રૌઢ વાક્યને બદલે ક્રિયાપદથી બાંધેલાં શબ્દ ચિન્હોના ઝુમખાનું નામ જ પ્રૌઢ વાક્ય એમ મનાયું. અર્વાચીન બંગાળી સાહિત્યમાં પણ સમાસનો ઉપયોગ છુટે હાથે થાય છે. અને ઘણી વખત તેમાં સંસ્કૃત સાહિત્યનું મધુરું પદલાલિત્ય જણાય છે છતાં તેની કૃત્રિમતા સાલ્યા વગર રહેતી નથી. જ્યાં આ પદ્ધતિનો દુરુપયોગ નથી થતો ત્યાં પણ એક જાતની યાંત્રિક નિયમિતતા નજરે ચઢે છે.

હવે પ્રૌઢ વાક્યના પિતા લેખાતા એવા સીસેરોના ભાષણોમાંથી એક દૃષ્ટાંત લઈએ:

નગર વૃદ્ધો! હું એવો અધ્યક્ષ (કોન્સલ) છું કે જેને માટે તો ન્યાયના કેન્દ્રસ્થાન સમું ફોરમ; અધિકારની મહત્તાથી પુનિત એવું રણક્ષેત્ર; બધાં રાષ્ટ્રને આશ્રય દેનાર શ્રેષ્ઠ ન્યાયમંદિરની સામેનું સભાગૃહ; સર્વનું સંરક્ષણ કરતી એવી શહેરની દીવાલો; આશાએશ માટે નિર્માએલી પથારી; અરે, આ ગૌરવભર્યું સ્થાન, આ અધિકારનું આસન પણ-દગલબાજીથી અને મૃત્યુના ભયથી વિમુક્ત નથી. મેં ઘણું મનમાં રાખ્યું છે; ઘણું સહ્યું છે; ઘણું નમતું આપ્યું છે; અને જ્યારે તમે ભયગ્રસ્ત હતા ત્યારે ઘણું સમાર્યું છે. હવે જો અમર દેવતાઓ મારા અધિકાર પર પ્રસન્ન થઇ, મુરબ્બીઓ! તમને અને રોમના શહેરીઓને ભયંકર ખુનરેજીમાંથી,-તમારી સ્ત્રીઓ, તમારાં છોકરાંઓ, અને પવિત્ર દેવ-સેવિકાઓને[1] અમર્યાદિત જુલમમાંથી,-આપણાં મંદિર અને વેદીઓને અને આપણાં સુંદર દેશને ત્રાસદાયક જ્વાલામાંથી-અને આખા ઇટાલીને વિગ્રહ અને વિનાશમાંથી બચાવવાનું પુણ્ય કામ મને કરવા દે તો પછી ભલે વિધિનું શાસન જે હોય તેનો ભોગ હું થાઉં; કારણ કે જો પબ્લીઅસ લેંટ્યુલસ, જોષીઓના વચનથી ઘેલો થઈ રાજ્યના વિનાશરૂપ પોતાને માને અને જો મારા અધિકાર વડે વિધિ રાજ્યનું સંરક્ષણ કરે તો તેમાં હું કેમ આનંદ ન લઉં?[2]

અંગ્રેજી ઘણા સાહિત્યકોને પ્રૌઢ વાક્યોનો ઘણો શોખ હોય છે અને વિષયની પરવા કર્યા વિના તેઓ મોટાં લાંબા વાક્યોનોજ ઉપયોગ કરે છે. મેકોલે જેવા સાહિત્યકો પ્રૌઢ વાક્યના બખ્તર વિના કથન કરી શકતાજ નથી, અને પરિણામે તેમની કૃતિઓની શિષ્ટતા ઘટે છે. અંગ્રેજીમાં આ પદ્ધતિ ઘણી વિકસી છે, અને લોકપ્રિય નીવડી છે. પણ લેટીનમાં જે વાક્યરચનાની અપૂર્વતા છે જે શબ્દ સંગીત છે તેનું દર્શન તો માત્ર ડી ક્વીન્સીમાંજ થાય છે.

આ ગ્રીષ્મઋતુની પુણ્યરાત્રિની ગાઢ શાંતિ અને શમશમાકારમાંથી,-આ ચંદ્રિકા તથા ઉષા અને સ્વપ્ન સૃષ્ટિની મધુર તેજોમયતાના હૃદયદ્રાવક-

---

૧ સાધ્વીઓ. Vestal virgins.

૨ Cicero: Fourth Oration against Catiline.

સંમિશ્રણમાંથી,–આ પ્રિય વચન ઉચ્ચારતા, હળવેહળવે બોલતાં, ગણગણ કરતા પ્રશ્નની સુકુમારતામાંથી,–ઓચીંતો, જાણે ઉપવનો અને ક્ષેત્રોમાંથી,–જાણે પ્રેરણા સમયેજ ઉઘડતા ખંડમાંથી–જાણે પગ આગળ ફાટી રહેલી પૃથ્વીના વિકસતા મુખમાંથી–ભૂતદલનો પતિ યમરાજ, પોતાની ભયંકરતાના પ્રતાપથી સર્જી અને પોતાને મુખે સિંહગર્જના કરતો, પાણીના ધોધની પેઠેમ, પછાડો મારી, એના પર તુટી પડયો.[1]

ગુજરાતીમાં આ વાકયરચના ખીલવનાર મણિભાઇ દ્વિવેદી હતા; અને એમનાં પ્રૌઢ વાકયોમાં ઘણી વખત એકતાનતા કે સજીવતા જેવી જોઇએ તેવી જણાતી નથી છતાં પ્રભાવમાં, શક્તિમાં અને સમૃદ્ધિમાં તેની જોડી ગુજરાતી સાહિત્યમાં જડવી મુશ્કેલ છે.

દલપતશાહીના વિસ્તારમાંથી કશી ભવ્યતા કે સસારતાનો જન્મ થયો નથી. ગુજરાત વર્નાકયુલર સોસાયટી સંશયાત્મક ઉપયોગિતાવાળાં ભાષાંતરો અને નિર્જીવ અનુકરણો કરવામાંજ પોતાનાં સમૃદ્ધિ અને સાધનોને અત્યાર સુધી ગુમાવતી રહી છે. કેળવણીખાતાની પવિત્ર ઠરાવેલી સીમાની અંદર એક પણ અપૂર્વ લેખ નીવડયો નથી. ગુજરાતી સાહિત્યે આ પચાસ વર્ષમા જે કૈં વૃદ્ધિ કરી છે, જે કોઇ નવું સાહિત્ય અને કાવ્યબળ ઉપજાવ્યું છે તે "સોસાયટી" અને "શાલા"ના આશ્રય વિનાનાં સ્થાનોમાં રખડી રઝળી, ભીખ માગીને ઉપજાવેલું છે.

અને સરસ્વતીચંદ્રના સ્વતંત્ર સામ્રાજ્યમાં નીતિ અનીતિના પ્રશ્નો વચમાં લાવી, આ સાહિત્યભાવનાને છેક દલપતશાહીના અતિ પ્રાકૃત ધોરણ ઉપરજ લાવી મુકવી, તેજ છેવટનું અને ઉત્તમોત્તમ સ્વરૂપ છે એમ કહેવું, અને તે કથનનેજ છેક સરકાર સુધી સર્વમાન્ય ઠરાવવાનો યત્ન કરવો; એ સમગ્ર ગુર્જરભૂમિની સાહિત્ય સમૃદ્ધિને અપમાન આપવાનો, મારી નાખવાનો અને ભ્રષ્ટ કરવાનોજ પ્રકાર છે એમ અમોને ભાસે છે. જગત્ જે નાનામોટા પ્રકારોથી ખરી વાતને ખોટી ઠરાવી શકે છે, ખોટીને ખરી ઠરાવી શકે છે, તેવા ધોરણથી કાવ્ય અને સાહિત્યના વિષયનો આ બે વ્યક્તિ વચ્ચે ન્યાય થયો તેથી જે દીલગીરી થાય તે કરતાં પણ એવા ન્યાયથી ગુર્જર સાહિત્યને જે અપાર હાની થઇ છે તે માટે અનેક ઘણી દીલગીરી થાય છે.[2]

---

1 De Quincey: Vision of Sudden Death.

2 મણિભાઈ દ્વિવેદી: સુદર્શનગદ્યાવલિ.

આવાં વાક્યોમાં સુગ્રથિતતા ઓછી છે, અને વૈવિધ્ય પણ ઓછું છે. પણ ગુજરાતી ગદ્યના ઉછરતા જીવનમાં એમનું સ્થાન ઘણું મોટું છે. કોઇક વખત નરસિંહરાવ પણ આવાં વાક્યોનો યોગ્ય ઉપયોગ કરતા જણાય છે; જો કે પાછળથી અણજાણતાં, સીસેરોના સિદ્ધાંત પ્રમાણે એમણે વાક્યોના ટુકડા કરી સચોટતા સાધવાનો સરલ માર્ગ લીધો છે. નરસિંહરાવનાં આવાં વાક્યોમાં પ્રભાવ કરતાં ગૌરવ, શક્તિ કરતાં શાંતિ વધારે દેખાય છે. એકજ નમુનો લઇએ.

આનું ગૂઢ હાર્દ સમજવું જરા ગહન છે. પરંતુ વાંચનાર જો આટલું ધ્યાનમાં લેશે કે ઉપર બતાવેલા આદર્શાનુસાર ઉંચો અશારીર પ્રેમ પ્રથમ ચણાયો, તો પછી શારીર મલીન પ્રેગભાવનો છાંટો લાગ્યા વિનાનો આ એક સરલ, સ્વાભાવિક, નિર્દોષ, શારીરાભાસી પરંતુ વાસ્તવિક રીતે જોતાં આધ્યાત્મિક પ્રેમને મૂર્તરૂપમાં પ્રદર્શન કરવાનાં સાધનભૂત એવો એક ચુમ્બનોપચાર તે સર્વથા અમલીન હતો. આ ખુલાસો છેક નિરાધાર નથી. ગ્રંથકારે એક નાના સરખા વિશેષણમાં સર્વ બચાવ સમાવી રાખ્યો છે. "અવિચલિત ભાવથી" કોઇપણ મલીન ભાવનો વિકાર થયા વિનાજ, એમ કહ્યું છે. અને ખરે, આ દિવ્ય કન્યા આ અવિચલિત ભાવે કરેલાં ચુંબનો વડે જાણે પોતાના પ્રેમપાત્ર આત્મામાં મૃતશરીર તજી ઈશ્વર સમીપ હાજર થયેલા આત્મામાં-પોતાનો દિવ્ય અંશ સીંચવાનો જાદુ કરવાની ઈચ્છા રાખી ના હોય એમ ભાવયુક્ત વાચકની કલ્પના કલ્પે છે.[૧]

પ્રૌઢ વાક્યની રચના પાછળ લેખકની મનોવૃત્તિની પ્રૌઢતા રહી છે. મહાન્ પ્રસંગ હોય, મોટી અભિલાષા દર્શાવવી હોય, કે ભાવ અથવા વિચારનો સર્વગ્રાહી પ્રતાપ દર્શાવવો હોય ત્યાં આ રચના સહેલી થઇ પડે છે. પણ આવી પ્રૌઢ મનોવૃત્તિ સ્વાતંત્ર્ય અને ભવ્યતા અનુભવી શકે એવા મગજનેજ સુલભ જણાય છે. એ મનોવૃત્તિ વિના શુષ્ક અભ્યાસથી સરસ પ્રૌઢ વાક્ય કે પ્રૌઢ શૈલી સંભવતી નથી.

---

૧ નરસિંહરાવઃ મનોમુકુર. સંન્યાસી.

# શૈલી અને પદલાલિત્ય

( ૧ )

વ્યક્ત કરવું એ મનુષ્યનો મૌલિક સ્વભાવ છે; અને ભાષા-દ્વારા કાંઇ પણ વ્યક્ત કરવું એ કથન—આ આગળ જોયું. દરેક માણસ જે બધું વ્યક્ત કરે તે બધામાં સમગ્ર વિશિષ્ટતા હોય છે; અને વ્યક્ત કરવાનાં બધાં સાધનોમાં કથન સબલ હોવાથી એ વિશિષ્ટતા જેવી તેના કથનમાં બહાર પડે છે તેવી બીજા કશામાં પડતી નથી. આથી દરેક માણસના કથનમાં કાંઇ તો વિશિષ્ટતા હોયજ. આ તેના કથનનું વ્યક્તિત્વ.

( ૨ )

જ્યારે આપણે કૈં પણ કરવા માગીએ છીએ ત્યારે આપણા વ્યક્તિત્વનાં બલથીજ તે અસર કરીએ છીએ. અને જેમ પ્રૌઢ વ્યક્તિત્વવાળો માણસ વધારે અસર કરે છે, તેમ પ્રૌઢ વ્યક્તિત્વવાળું કથન પણ વધારે અસર કરે છે. તેથીજ સાહિત્યપદ પામવા માટે કથન સચોટ—અસરકારક—એટલે વધારે વ્યક્તિત્વવાળું જોઇએ. જેમ વ્યક્તિત્વ વિનાનાં માણસનું જીવનમાં સ્થાન નથી તેમ વ્યક્તિત્વ વિનાના કથનનું સાહિત્યમાં સ્થાન નથી.

દરેક સાહિત્યકના કથનમાંથી તરી આવતું વ્યક્તિત્વ તે તેની વિશિષ્ટતા. એકજ વ્યક્તિત્વથી નીગળતાં કથનોની લઢણ તે કથનકારની શૈલી.

સામાન્ય માણસો તો જેમ આવે તેમ શબ્દો વાપરે છે. પણ સાહિત્યક તેનો ઉપયોગ કરે છે: પોતાના વ્યક્તિત્વના બળથી તેને કેળવે છે, મરડે છે, નવે અવતારે આણે છે. તે ભાષાને એવી ગોઠવે છે અને તેને એવા રંગો, એવી વિશિષ્ટતા અર્પે છે કે તે તેની જ્વલંત માનવતાનું માત્ર પ્રતિબિંબ થઈ રહે છે. કથનકારની માનવતા કે વ્યક્તિત્વનું મૂર્તસ્વરૂપ બનેલું કથન તે તેની શૈલી.

ખરી શૈલી તો થોડાકજ કેળવી શકે છે. શબ્દોમાં પોતાની માનવતા પુરેપુરી રીતે પ્રતિબિંબિત કરવા કથનકારનું પોતાનું વ્યક્તિત્વ પ્રતાપી જોઇએ. પ્રતાપી ભાવના જે સેવી શકે, મહાન ભાવો અનુભવી શકે, પ્રબલ ઇચ્છાશક્તિ દાખવી શકે કે તીવ્ર બુદ્ધિનો ઉપયોગ કરી શકે એવા થોડાકજ આવું વ્યક્તિત્વ દર્શાવે છે. આથીજ ભાવનાભક્ત, પ્રણયી, વીર કે તત્વવેત્તા સાહિત્યક થઈ શકે છે.

ખરી શૈલી કેળવનારને દરેક શબ્દના રંગને રાગની પારખ જોઇએ. એક વસ્તુના સચોટ કથન માટે ભાષામાં એકજ શબ્દ સુયોગ્ય હોય છે, અને તેજ શબ્દ તેને જડે છે—બીજાની જરુર પડતી નથી. તેના શબ્દો બદલી શકાતા નથી. એક શબ્દ બદલાતાં આખા કથનની ખરી અસર ચાલી જાય છે. તેનો તરજુમો કરતાં અસર ઓછી થાય છે.

તેજ પ્રમાણે તેના શબ્દની રચના અને કથનના પ્રવાહની પણ તેવીજ ખુબી હોય છે. તેની રચના કે પ્રવાહ બદલતાં કથન તેનું તે રહેતું નથી ને સારુંએ થતું નથી. ઘણાએ શબ્દબાણો શોધે છે ને વીણે છે; ઘણાએ શરસંધાનના જુદા જુદા પ્રયાસો કરે છે; પણ શિષ્ટ સાહિત્યકને એકજ શર હોય છે. તે તેને સાધે છે ને મત્સ્યવેધ કરે છે. અને ત્યારેજ તે શૈલીનો વિધાયક બને છે.

જેટલી મનુષ્યસ્વભાવમાં વિવિધતા છે તેટલી શૈલીમાં છે. અને તેથીજ વિધવિધ શૈલીના જુદા જુદા પ્રશંસા ને અનુકરણ

કરનારા મળી આવે છે. ડેમોસ્થનીસનો પ્રભાવ; પ્લેટોની કાવ્યમય સ્પષ્ટતા; ગીતાકારની હૃદયવેધી સરલતા; કાલીદાસનાં સુરેખ છટા ને માધુર્ય; શંકરનું તટસ્થ સમત્વ; મીલ્ટનની ભવ્યતા; શેલીની કલ્પનાવિહારી ભાવમયતા; હ્યુગોનો સમૃદ્ધ ને સ્વચ્છંદી, ભાવનાશીલ કલ્પનાવિહાર; ફ્રાંસની ગંભીર છટાભરી કટાક્ષમયતા—આવા બધાની માનવતાએ ઘડેલી વિશિષ્ટ શૈલીઓ મનુષ્યોનાં જુદાં જુદાં સ્વરુપ પોષે છે, કેળવે છે, હૃદયના દરેક તારને છેડે છે, અને માનવને તેનું અનુકરણ કરવા પ્રેરે છે.

શિષ્ટ શૈલિના વિધાયકો કથનને પોતાના વ્યકિતત્વનું અંગ બનાવી મુકે છે. આજ શિષ્ટ શૈલીનું લક્ષણ છે. વ્યકિતત્વ અને કથનનાં સ્વરુપ વચ્ચે ભિન્નતા કે વિરોધ જણાય એ તો શૈલી શિષ્ટ કહેવાય નહીં.

( ૩ )

આ ભિન્નતાનાં અનેક કારણો છે. આજે પુસ્તકો લાખોબંધી નીકળ્યાં જાય છે અને કેળવાયલા માણસ વાંચનના ભારથી કચરાઈ રહે છે. વળી કેળવણીની પદ્ધતિ ને પ્રણાલિકાનો જુલમ કથનમાં પણ સ્વાતંત્ર્ય સહી શકતો નથી. અને પરિણામે કથનમાંથી બને તેટલું વ્યક્તિત્વ નીકળી જાય છે. પત્રકારો ને ધારાશાસ્ત્રીઓ જેવા જે પૈસાને ખાતર સાહિત્ય સેવે છે, તેમની શૈલી ઘણે ભાગે લોખંડના બીબાંમાંથી નીકળી હોય તેવી, એકજ પ્રકારની ને વ્યક્તિત્વ-હીણી થઇ જાય છે. સાહિત્યકોને પણ પ્રચલિત શૈલિનાં લક્ષણો સ્વીકાર્યા વિના ચાલતું નથી; અને જો વ્યક્તિત્વ પ્રૌઢ ન હોય તો એ લક્ષણો તેની વિશિષ્ટતાનો નાશ કરે છે.

પણ ઘણી વખત ' ન્યારો પંથ ' શોધતા સાહિત્યકો જાણી જોઈ કથનમાં નવીનતા ને અપરિચિતતા આણે છે. આવા પ્રકારના સ્વચ્છંદથી સ્વીકારાયલી શૈલી સચોટ થઇ શકતી નથી.

ક્યાં તો વ્યક્તિત્વ મહામહેનતે કથનના સ્વરૂપને બગાડે છે કે ક્યાં તો કથનનું સ્વરૂપ વ્યક્તિત્વને દબાવી નાંખે છે. અને નવા લેખકો ઘણી વખત આ બે મુશ્કેલીઓ વચ્ચે કચરાઈ જતા દેખાય છે. ગુજરાતી જેવી ધીમે ધીમે સમૃદ્ધિવાન થતી ભાષામાં પહેલો પ્રકાર જડે છે; સંસ્કૃત જેવી કસાએલી ભાષામાં ઘણી વખત બીજો પ્રકાર દેખાય છે. નાનાલાલનાં કાવ્યોમાં ઘણી વખત વ્યક્તિત્વનું બળ દર્શાવવાની ઇચ્છા કથનના સ્વરુપને ચુંથી નાંખે છે. દંડીની કૃતિમાં હંમેશા સ્વરુપથી વ્યક્તિત્વનો લોપ થઇ જાય છે.

સચોટ અસર કરે એવી શૈલીમાં આ ભિન્નતા કે વિરોધ હોવો જોઇએ નહીં. કથનકારનાં વ્યક્તિત્વનાં અંગભૂત બનેલો શબ્દપ્રવાહ જ સચોટતા સાધી શકે છે.

(૪)

જે શૈલી માત્ર સચોટતા સાધે તે શિષ્ટ ગણાય નહી; એનાથી સરસતા પણ સધાવી જોઇએ. અસર કરે તે શૈલી; જે અસર કરે ને સરસતાની પ્રતિતિ કરાવે તે શિષ્ટ શૈલી. સમભાવ પ્રગટાવી શકે એવી શૈલી, જો વક્તવ્યમાં શબ્દદ્વારા અપૂર્વતાના અંશો આણી શકે તો તે શિષ્ટ કહી શકાય.

શબ્દદ્વારા અપૂર્વતામા અંશ આણવા માટે સાહિત્યના પ્રારંભથી પ્રયત્નો ચાલ્યા આવ્યા છે. એક જણ નજીવી વાત કરે. તેને બીજો અસરકારક બનાવે ને ત્રીજો સરસ સ્વરૂપ આપે. જીવનમાં ઘણાએ એવા મળે છે કે જેના પ્રતાપનો આધાર માત્ર સામાન્ય વસ્તુને સરસ રીતે કહેવા પરજ રહ્યો હોય છે. ઘણા શિષ્ટ સાહિત્યકોએ માત્ર પુરોગામી સાહિત્યને નવી શૈલીમાં સજીવન કરવામાંજ પોતાની શક્તિની સફલતા માની છે.

કઈ શૈલીથી અપૂર્વતાના અંશો કથનમાં ઉમેરાય એ પ્રશ્નનું નિરાકરણ થઇ શકે એવું નથી. શિષ્ટ સાહિત્યમાંથી વીણેલા શબ્દો

કે વાક્યોને ગુંથવાથી શૈલિ શિષ્ટ થતી નથી; અને ઘણી વખત કોઇક સાહિત્યક અપરિચિત કે કઢંગા દેખાતા શબ્દોની મદદથી સરસતા ઉપજાવી શકે છે.

સરસ લેખાતા શબ્દોની માત્ર ગુંથણીને શૈલી કહી શકાય નહી. સરસતા સુંદર કે સુઘડ શબ્દોમાંથી નીતરતી નથી, પણ તેવા શબ્દોની ગુંથણીમાં આત્મા આવે ત્યાર પછીજ સરસતાના અંશો તેમાં દેખાય છે. વળી શિષ્ટ સાહિત્યમાં જે શબ્દો વપરાય છે તેમાં કાંઇ સ્વયંભૂ સરસતા હોતી નથી. તેમાંએ બીજા શબ્દોનું સાનિધ્ય, લેખકનું વ્યક્તિત્વ, અને રસની ઝમાવટથી સરસતા આવે છે. તેને એ સજીવ ને સમગ્ર કૃતિમાંથી કાપી લઇ, બીજે ચોંટાડવાથી મૂલ કૃતિની સરસતા આવતી નથી. છતાં આ પ્રયોગ દરેક યુગમાં ને દરેક દેશમાં સાહિત્યકો કર્યાજ જાય છે.

આ પ્રકારના પ્રયત્નો ગુજરાતી લેખકોમાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે. અને શબ્દોની સમૃદ્ધિ એટલી ગણીગાંઠી હોય છે કે વારંવાર સરસ લેખાતો શબ્દ વાપરી અપૂર્વતાના અંશો આણવાના હાસ્યજનક પ્રયત્ન થાય છે. 'રસ' ને 'બ્રહ્મ' જેવા અપૂર્વતાની ઝાંખી કરાવનાર શબ્દોના ઉપયોગથી ગુજરાતી કવિતાસાહિત્યમાં એ મોહિની જતી રહી છે વધી નથી—એ આનું એક દૃષ્ટાંત છે.

( ૫ )

શબ્દો વડે સરસતા ઉપજાવવાની એક બીજી ત્યાજ્ય રીત તે પદલાલિત્યની એકમાર્ગી ઉપાસના છે. પદલાલિત્યથીજ સરસતા આવે છે એ માન્યતા સામાન્ય લેખકોને પ્રિય હોય છે—કારણ કે એ સરસતા સુલભ હોય છે. અને શિષ્ટ સાહિત્યથી અપરિચિત સામાન્યો એનેજ સરસતા માને છે કારણ કે એમની સંકુચિત રસિકતા

તેજ પ્રકારની સરસતા સમજી શકે છે, અથવા તેમાંથી કાંઇક આનંદ લઇ શકે છે.

જાનવર જેમ ઘંટના મધુર રવથી આલ્હાદ પામે છે તેમ અરસિક જન માત્ર કર્ણપ્રિય ઉચ્ચારણની ઝમકનેજ માધુર્ય, સરસતા લેખે છે. અને આવા અરસિકોને રીઝવવા તત્પર થયેલા કથનકારો યમક વગેરે કૃત્રિમ પ્રયોગોથી આરંભી આખરે અર્થથી અસંબદ્ધ એવા સબ્દસંગીતમાંજ શિષ્ટતા જોઇ રહે છે. અને રસિક વિવેચકોને અભાવે, શબ્દજાલના કેટલાક જાદુગરો શિષ્ટ સાહિત્યકોની પંક્તિમાં થોડા વખતને માટે સ્થાન પામે છે. પ્રેમાનંદ જેવા કવિને પણ આવા પ્રયોગો આદરવા પડયા એ તેના કાળમાં પ્રચલતી શિષ્ટતાના અધમ આદર્શોનું દૃષ્ટાંત પુરું પાડે છે. તેની પ્રખ્યાત પંક્તિઓ આ પ્રકારના આદર્શનો નમુનો આપે છે.

"નૃપ ભિમકતનયા, રૂપ બનીયા, રસીલી રંગ પૂરણા;
નરઅંગના, દેવાંગનાં, માનની—મદચૂરણા.
દુ:ખમોચની, મૃગલોચની, છે લલિત લક્ષણવંતી, એ.
નિંજમન ઉવાસી, વિણાવાસી, અલકલટ વિલસંતી એ.

* * *

મુખ સુધાસિંધુ, અધરબિંદુ, ભૃકુટી, ભ્રમર એ ગુંજ છે,
એ નેત્ર નિમળ દિસે છે કમળ, ફૂલ ફૂલ્યાં કુંજ છે. [1]

માણભટની માણના રણકારા સાથે ગવાતી આ પંક્તિઓ સામાન્ય શ્રોતાઓને વશ કરતી હશે ખરી; પણ કૃત્રિમ ગોઠવણ, યમક ને તાલનાં તોફાનમાં તણાયા વિના વ્યાકરણ ને ભાષા, સ્વાભાવિકતા, સજીવતા, અને સંવાદિતાનાં ધોરણો વધારે જળવાયાં હોત તો ભીમકતનયાની સરસતાનો વધારે ખ્યાલ આવત.

હીંદમાં આ પ્રકારની 'સરસતા' ઘણી સેવાઇ છે; ને તેની કીંમત પણ ઘણી અંકાઇ છે. 'दंडिनः पद लालित्यम्।' એ આદર્શ

૧. નળાખ્યાન.

સાહિત્યકોને સર્વમાન્ય થઈ પડયો લાગે છે. અને તે એકલા પદ્યમાં નહીં પણ ગદ્યમાં સુદ્ધાં. કોઈ એમાંથી બચ્યું હોય એમ લાગતું નથી, અને એને પ્રતાપે જગન્નાથ જેવા શિષ્ટ કવિની કીર્તિ મેળવવાને, આપણા સાહિત્યને દુર્ભાગ્યે, ભાગ્યશાલી થયા છે. અને આજે પણ કેટલેક અંશે નાનાલાલ અને ખોટાદકરની કૃતિઓમાં આ આદર્શ દેખાયા વિના રહેતો નથી.

આ આદર્શના પંથે કોઈ સાહિત્યકે પોતાની રસવૃત્તિ વિશુદ્ધને સતેજ રાખી નથી; અને ઉંચા પ્રકારની સરસતા સાધી નથી. એકજ કવિ મારી જાણમાં છે કે જેણે આજ પંથે સરસતા સાધી છે. આખી દુનીયાના સાહિત્યમાં પદલાલિત્યને અણુકલ્પેલી સંપૂર્ણતા આપી તેને શિષ્ટ સાહિત્યમાં સ્થાન અપાવનાર જયદેવ કવિ આ દેશના આભૂષણરુપ છે. એકજ દૃષ્ટાંત એની શક્તિનો ખ્યાલ આપશે.

ललितलवंगलतापरिशीलनकोमलमलयसमीरे
मधुकरनिकरकरम्बितकोकिलकूजितकुञ्जकुटीरे ।
विहरति हरिरिह सरस वसन्ते नृत्यति
युवती जने न समं सखि विरहिजनस्य दुरन्ते ॥ ध्रुवम् ॥ २ ॥
उन्मदमदनमनोरथपथिकवधूजनजनितविलापे ।
अलिकुलसंकुलकुसुमसमूहनिराकुलबकुलकलापे ॥ विह० ॥ ३ ॥
मृगमदसौरभरभसवशंवदनवदलमालतमाले ।
युवजनहृदयविदारणमनसिजनखरुचिकिंशुकजाले ॥ विह० ॥ ४ ॥

ગીતગોવિંદની સરસતા એના વસ્તુમાથી ઝરે છે. પ્રેમથી વિકસેલી હૃદયની ઉર્મિઓ, સંવનન, વસંત, સૌંદર્યપ્રફુલ્લ પ્રકૃત્તિ–આ બધી સરસતા ઉપજાવનાર સામગ્રી ભેગી મળી છે. કવિની રસિક કલ્પનાએ રાધાકૃષ્ણની પ્રેમકથાનું માનવ હૃદયમાં સ્થાન પારખ્યું હતું. વિષય અને સામગ્રી સરસતા ઉપજાવવા માટે આવાં સયોગો છતાં

એ કૃતિમાં મેઘદૂત કે એપીપસાઇકીડીયનની સરસતા નથી. એ કાવ્યોના જેટલું ગીતગોવિંદ રસિકને મુગ્ધ કરી શકતું નથી, ને રસવૃત્તિને ઉત્તેજતું નથી. શા માટે ?

દરેક શબ્દની ચમક ધ્યાન ખેંચે છે. દરેક પંક્તિમાં જણાતા શબ્દચાતુર્ય ને નાદમાધુર્ય રસિકતાની સૂક્ષ્મ શક્તિઓને મુંઝવી નાંખે છે. કર્ણને પ્રિય થઇ પડે એવી આ મોહજાલમાં કલ્પના સપડાઇ જાય છે ને ગુંચવાએલી રસવૃત્તિ ભાવનાત્મક અપૂર્વતાથી ઉદ્‌ભવતા આનંદની આશા છોડી દઇ, શબ્દ માધુર્યની સ્થૂલ મોજમાંજ પડયા રહેવાનું પસંદ કરે છે.

આ માધુર્યની સરિતા કલ્લોલતી ચાલી જાય છે; અને પાસે વસ્તુની રસસરિતા—ખરા આનંદની વિધાત્રી થઇ શકતે તે—સુંદર પણ લગભગ અદષ્ટ વહી જાય છે. તેનો રવ નાદમાધુર્યના ઘોંઘાટમાં સંભળાતો નથી—સંભળાય છે તો રસવૃત્તિ જગવતો નથી. આ કૃતિ શબ્દ ને નાદમાધુર્યની વિજયકથા છે—ભાવનાત્મક અપૂર્વતાની જનની નથી. પદલાલિત્યને સરસતાનું સ્થાન આપવા જતાં જયદેવે કાલીદાસને શૈલીનું સ્થાન ખોયું છે એમ લાગ્યા વગર રહેતું નથી.

શિષ્ટ શૈલી હોય ત્યાં કૈંક પદલાલિત્ય જડે એ વાત ખરી; પણ પદલાલિત્ય તેજ શૈલીની શિષ્ટતા એ સિદ્ધાંત ખોટો છે. અને એનો સ્વીકાર સાહિત્યના આદર્શોને અધમ કરે છે.

(૬)

વ્યક્તિત્વવાળા કથનની લઢણ તે શૈલી; જે શૈલીથી ભાવનાત્મક અપૂર્વતાના સંસ્કાર પડે તે શિષ્ટ શૈલી.

આ જાતની શિષ્ટ શૈલીનો અપૂર્વ વિધાયક કાલિદાસ છે. પદલાલિત્યની પ્રણાલિકાને તેણે એવી અદષ્ટ કરી દીધી છે કે યોગ્ય સંવાદી ને સુમધુર ભાષા અર્થનું અંગ બની રહે છે; અને શબ્દમાધુર્ય વિષયસમૃદ્ધિ સાથે એકાકાર બની અવિયોજ્ય સંવાદમાં સરસતા પ્રકટાવે છે.

શૈલીની શિષ્ટતા નક્કી કરવાનાં ધોરણો આ પ્રમાણે નીકળે :

૧ ભાષા કથનકારના વ્યક્તિત્વના અંગરૂપ હોવી જોઇએ.

૨ પદલાલિત્ય એવું ન જોઇએ કે જે અર્થપરથી ધ્યાન ખેંચી લે.

૩ પદલાલિત્યનો પ્રવાહ વિષયના પ્રવાહથી નીરાળો ન પડવો જોઇએ.

આ ઉપરથી શિષ્ટ શૈલીની મર્યાદા બાંધી શકાય. શૈલી, એક રીતે કથનકારના વ્યક્તિત્વનું અંગ જોઇએ; અને બીજી રીતે કથનના વિષયનું અંગ બની રહેવી જોઈએ.

જ્યારે કથનનો વિષય હોય તે અને તેને માટે વપરાએલા શબ્દો વચ્ચે એકતા થાય; જ્યારે શબ્દ ને અર્થનો જાદુ કદી જુદો થઈ શકે નહીં; જ્યારે નાદ અર્થ સાથે, અને અર્થ નાદ સાથે સંવાદ સાધે; જ્યારે શબ્દ કે અર્થ બેમાંથી એક પણ બદલાતાં આખા કથનની અસર ને સરસતા જતાં રહે ત્યારેજ શબ્દ અને અર્થને એક બીજાનાં અંગ કહી શકાય. શબ્દ ને અર્થના કીમીયાની આ એક ખરી કસોટી છે.

# ભક્તિ અને સાહિત્ય

## ( ૧ )

સામાન્ય રીતે 'ધર્મ' શબ્દ એવા વિશાળ અર્થમાં વપરાય છે કે તેમાં ઉપાસના, ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્ય—બધાનો સમાવેશ થઇ જાય છે. અને છતાં એ બધાં તદ્દન નીરનીરાળી વૃત્તિઓથી પ્રગટે છે.

ભક્તિની વ્યાખ્યા નારદ ભક્તિસૂત્રમાં આ પ્રમાણે આપે છેઃ 'તેથી હવે ભક્તિમાર્ગનું વિવેચન કરીશું. એને (ઇશ્વરને) વીશે પરમ પ્રેમ રાખવો એતુંજ નામ ભક્તિ. તે ભક્તિ અમૃત જેવી છે.' (૧)

શાંડિલ્ય તેની આ પ્રમાણે વ્યાખ્યા આપે છેઃ 'ઇશ્વર ઉપર અનુરક્તિ રાખવી એજ પરા (ઉચ્ચમાં ઉચ્ચ) ભક્તિ છે.' (૨) આ સૂત્ર પર ટીકાકાર સ્વપ્નેશ્વર કહે છેઃ 'આ સૂત્રમાં 'સા' 'પરા' એ શબ્દો ભક્તિનો પ્રકાર દર્શાવે છે. સૂત્રના બાકીના ભાગમાં તેની વ્યાખ્યા આપવામાં આવી છે. 'પરા' શબ્દ તેને ગૌણી—ઉતરતા પ્રકારની—ભક્તિથી જુદી પાડવા માટે વાપર્યો છે. 'ઇશ્વર ઉપર' એ શબ્દોથી મુખ્ય લક્ષ્યનો નિર્દેશ થાય છે. આમ સામાન્ય અભિપ્રાય છે. 'આરાધ્ય'ને વીશે રાગ—પ્રીતિ—

---

(૧) अथातो भक्तिं व्याख्यास्यामः ॥१॥ सा त्वस्मिन् परमप्रेमरूपा ॥२॥ अमृतस्वरूपा च ॥३॥

(૨) सा परानुरक्तिरीश्वरे ॥२॥ આ સૂત્ર પર ટીકાકાર સ્વપ્નેશ્વર કહે છેઃ—

(૩) अत्र सा परेति लक्ष्यनिर्देशः । शेष लक्षणम् । परेति गौणीं व्यावर्त्तयति । ईश्वर इति प्रकृताभिप्रायम् ॥ आराध्यविषयकरागत्वमेव सा । इह तु परमेश्वर-विषयकान्तःकरणवृत्तिविशेष एव भक्तिस्तद्वैशेष्यं च लौकिकानुरागादौ सुग्रहम् । यथोक्तं परभक्तिमता प्रल्हादेन । (विष्णुपु० । अंशे १। अ० २०। श्लो० १७). ।

या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्मापसर्पतु ॥

દર્શાવવો, એનુંજ નામ ભક્તિ. પણ આ સ્થળે તો પરમેશ્વરને વીશે અંતઃકરણની કોઇ ખાસ વૃત્તિ દર્શાવવા માટે 'ભક્તિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની વિશિષ્ટતા સંસારી ચીજોને વીશે જે પ્રીતિ રાખવામાં આવે છે, તેની સાથે સરખાવવાથી બરાબર સમજી શકાશે. પ્રલ્હાદ કે જેનામાં વિષ્ણુ ભગવાનને વીશે પરમ ભક્તિ પ્રગટેલી હતી, તે આ પ્રમાણે જણાવે છેઃ "સામાન્ય લોકોમાં જેમ સંસારી વિષયોને વીશે દૃઢ અનુરાગ હોય છે તેમ તારું નિરંતર સ્મરણ કરતા એવા મારા હૃદયમાં પ્રગટેલી પ્રીતિનો કદિ પણ લય થાઓ નહીં."'

ઉપાસના કરવાની વૃત્તિ કે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાનું અને ભક્તિનું હૃદયમાં ઘણીવાર મિશ્રણ થઇ જાય છે. પણ જો ધ્યાનથી પૃથક્કરણ કરવામાં આવે તો એ બે અને ભક્તિમાં ઘણો ફેર છે. નારદ ભક્તિસૂત્રમાં કહે છેઃ

'ભક્તિ, કર્મ, જ્ઞાન અને યોગ કરતાં પણ અધિકતર-ઉચ્ચ છે. જુદા જુદા વિચારકોના અભિપ્રાયો પ્રમાણે ભક્તિના ભિન્ન ભિન્ન પ્રકાર હવે જણાવીશું. પૂજા વગેરે બાહ્ય ક્રિયાઓ કરવા વીશે અનુરાગ એજ ભક્તિ એમ પરાશરના શિષ્ય જણાવે છે. તેની (ઇશ્વરની) મહત્તાનાં ગુણગાન કરવાં એજ ભક્તિનું લક્ષણ છે એમ ગર્ગ ઋષિ જણાવે છે. ઈશ્વરને વીશે ધ્યાનમગ્ન રહેવાથી આત્મા જે આનંદ અનુભવે છે તેમાં ખલેલ ન પડે એવી રીતે તેની પૂજા, ગુણગાન વગેરે કરવાં એનું નામ ભક્તિ, એમ શાંડિલ્ય કહે છે. પણ નારદ કહે છે કે, સર્વ પ્રકારની ક્રિયાઓ તેનેજ ચરણે અર્પણ કરવી, અને તેનું વિસ્મરણ થવાથી પરમ વ્યાકુલતા અનુભવવી-એજ ભક્તિનું લક્ષણ છે.' (૧)

---

(૧) सा तु कर्म्मज्ञानयोगेभ्योऽप्यधिकतरा ॥२५॥ तल्लक्षणानि वाच्यन्ते नानामतभेदात् ॥१५॥ पूजादिष्वनुराग इति पाराशर्यः ॥१६॥ कथादिष्विति गर्गः ॥१७॥ आत्मरत्यविरोधेनेति शाण्डिल्यः ॥१८॥ नारदस्तु तदर्पिताखिलाचारता तद्विस्मरणे परमव्याकुलतेति ॥१९॥

આ પૃથ્વી ને વ્યોમનું અન્તરિક્ષ,
ને, સૌ દિશા, આપથી એક વ્યાપ્યાં;
નિહાળી આ અદ્‌ભુત ઉગ્ર રૂપ
દુઃખી ત્રણે લોક જ છે, મહાત્મન્ !

નભઃસ્પર્શી, દીપ્ત, અનેકવર્ણી,
ખુલ્લાંમુખી, દીપ્ત વિશાલનેત્રી,
દેખી એવા દુઃખી છે અન્તરાત્મા;
ન ધૈર્ય, કે શાન્તિ મળે ન વિષ્ણુ !

જેવાં નદીનાં બહુ નીરવહેણ,
વેગથી સિન્ધુની ભણી વહે છેઃ
જ્વલંત મુખો તમ માંહિ તેમ
આ વીર પેસે નરલોક કેરા. (૧)

---

(૧) द्यावापृथिव्योरिदमन्तरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाद्भुतं रूपमिदं तवोग्रं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ २० ॥

नभःस्पृशं दीप्तमनेकवर्णं
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा
धृतिं न विन्दामि शमं च विष्णो ॥ २४ ॥

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवन्ति ।
तथा तवामी नरलोकवीरा
विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ २८ ॥

ભાખો, તમે કોણ છો ઉગ્ર રૂપ ?
પ્રસન્ન હો, દેવવર ! પ્રણામું:
તમ આદ્યને ઓળખવાજ ઇચ્છું,
હું તો પિછાનું ન તમ પ્રવૃત્તિ. (૧)

ગીતામાં દર્શાવેલા આ ભાવો અને નારદ ને શાંડિલ્યે વર્ણવેલી ભક્તિ વચ્ચે જે નિરાળાપણું દેખાય છે તે જ ભક્તિ અને ઉપાસનાની વૃત્તિઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવો છે. અર્જુન ગભરાયો છે, એનામાં માન પ્રગટયું છે, એ અલ્પતા અનુભવે છે; પણ અનુરાગ બતાવવાની એની મગદુર નથી. એનામાં પૂજ્યભાવ છે, અનુરાગ નથી.

તેજ પ્રમાણે તત્ત્વજ્ઞાન મેળવવાની જિજ્ઞાસા પણ ભક્તિથી નિરાળી છે. મનુષ્યનું એક પ્રબળ લક્ષણ જિજ્ઞાસા છે. આ જિજ્ઞાસાથી પ્રેરાઈ, તે ન જડે તેને શોધે છે; ન સમજાય તેને તપાસે છે. વણસંતોષાયેલી જિજ્ઞાસા સૂક્ષ્મ શક્તિઓ પ્રગટાવે છે; અને એ અંતિમ તત્ત્વોનું દર્શન એક પ્રકારનો પરમ આનંદ પ્રગટાવે છે. આ દર્શનની શોધ તે જ્ઞાનમાર્ગ.

ઇશ્વરનું સ્વરુપ પારખી તેમાં તન્મય થવાની તીવ્ર મનોદશાને ગીતા ભક્તિ કહે છે. પણ તે ભક્તિ ભાગવત, નારદ કે શાંડિલ્યની ભક્તિ નથી. એમાં અનુરાગ ને પ્રેમના લક્ષણ કરતાં જ્ઞાન અને ઇશ્વરપ્રણિધાનના અંશો વધારે છે. નવમા અધ્યાયમાં કહ્યું છેઃ—

---

(૧) आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ३१ ॥
કવિ નાનાલાલનું ભાષાંતર

હું જ છું સર્વ યજ્ઞોનો ભોક્તા, ને પ્રભુએ વળી:
ના મને ઓળખે તેઓ તત્ત્વથી, તેથી તે પડે.

સારાં નઠારાં ફલ આપનારાં
સૌ કર્મબન્ધોથી છુટીશ એમ તું:
સંન્યાસયોગે સ્થિર આત્મવાળો
પામીશ છુટી મુજને તું પાંડવ!

સમ છું સર્વ ભૂતોમાં, ન મારે દ્વેષી કે પ્રિય:
તે હુંમાં, હુંય તેનામાં, જે મને ભક્તિથી ભજે.

થા ભક્ત મારો, મન ધાર હું વીશે,
મને યજીને મુજનેજ વંદ તું;
એવી રીતે અર્જુન! જોડી આત્મને
મનેજ પામીશ તું હુંપરાયણ. (૧)

તેજ પ્રમાણે વૈરાગ્યથી ભક્તિ નીરાળી છે. પાતંજલ યોગસૂત્રમાં વૈરાગ્યની વ્યાખ્યા આપી છે: જોયેલા કે સાંભળેલા વિષયો માટેની તૃષ્ણાને વશ કરવી એજ વૈરાગ્ય છે.(૨)

---

(१) अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥ २४ ॥

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥ २९ ॥

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ३४ ॥

(२) दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ।

શુદ્ધ ભક્તિમાં ઇશ્વરનાં દર્શન અને મીલનની તૃષ્ણા જીવલેણ બને છે અને અનુરાગ એનું મૂલ છે. ઉપાસના, જિજ્ઞાસા કે વૈરાગ્યથી એ પ્રકારની ભક્તિ પ્રગટતી નથી. વૈદિક મંત્રદ્રષ્ટામાં ઉપાસનાની વૃતિ હતી. વેદાંતીમાં જીજ્ઞાસા હોય છે. ત્યાગીમાં વૈરાગ્ય હોય છે. ત્રણેમાંથી એકની વૃત્તિને ભક્તિ ન કહી શકાય.

( ૨ )

ભક્તની કથાથી કોણ અજાણ્યું છે? તે ભગવાનને પુજે છે. તેને મળવા, તેમાં મળી જવા મથે છે. તેના આશ્રય માટેજ તલસે છે. તેના ગુણગાનમાંજ તલ્લીન રહેવામાં પરમાનંદની પ્રાપ્તિ અનુભવે છે. તેના મિલનમાંથી ઝરતા ઉલ્લાસ માટે પ્રાણ આપે છે. તે નમ્ર થાય છે. પોતાના ભગવાનને સ્મરીને, તે ઘેલો બને છે તેનું નામ ક્વીને. એ સ્મરણ ને સ્તવનથી પર એવા સુખની એને પરવા નથી. ભગવાનની કૃપા વિના જીવન તેને ખારૂં લાગે છે. તે જેવો પ્રેમ તેના ભગવાનને અર્પે છે, તેવોજ પ્રેમ અધિકારથી માગે છે. તે રીસાવા ને માનવા, ટાણાં મારવા ને લાડ કરવા તૈયાર બને છે. વ્રજ તેને વહાલું છે, તેને વૈકુંઠ જવું નથી. આવા હૃદયની મહા પ્રતાપી ને એક પુરી વૃત્તિ તે ભક્તિ.

આ ભક્તિનું વર્ણન ભક્તહૃદયના વેદસમા ભાગવતમાં કરવામાં આવ્યું છે. 'હે ભગવાન! ફરી પણ તમારા ચરણના એક દાસનો દાસ થાઉં, મારૂં મન તમારા, પ્રાણજીવનના ગુણોનું સ્મરણ કરે, વાણી તમારા સદ્દગુણોનું કીર્તન કરે, અને કાયા તમારી સેવા કરે આટલું હું માંગી લઉં છું.

'હે સંપૂર્ણ સૌભાગ્યનાં ભંડાર! તમારો વિયોગ કરાવનારા સ્વર્ગને, બ્રહ્માના સ્થાનને, ચક્રવર્તીપણાને, પાતાળના અધિપતિપણાને, યોગથી મળનારી અણિમાદિક સિદ્ધિઓને અથવા તો મોક્ષને પણ હું ઈચ્છતો નથી.

'જેઓને પાંખો આવી ન હોય એવાં પક્ષીઓનાં બચ્ચાંઓ જેમ માને જોવાને ટમટમી રહે છે, ભુખથી પીડાતાં વાછરડાંઓ જેમ દુધની વાટ જોઇને બેસી રહે છે, તથા કામથી ખિન્ન થયેલી સ્ત્રી જેમ પરદેશમાં ગયેલા પોતાના પ્રાણપતિને જોવાની ઇચ્છા કરે છે, તેમજ હે કમલનયન! મારું મન તમારાં દર્શન કરવા માટે આતુર રહે છે.' (૧)

પ્રલ્હાદ પણ કહે છે: 'વિષ્ણુનું શ્રવણ, કીર્તન સ્મરણ, ચરણ-સેવન, પૂજન નમસ્કાર, દાસત્વ, મિત્રત્વ તથા શરીરને અર્પણ કરવું;— આ રીતે નવ પ્રકારની ભક્તિ પુરુષ કરે અને તે ઇશ્વરને અર્પણ કરે, તેજ ઉત્તમ છે એમ હું માનું છું. (૨)

ભક્તિનું વર્ણન ભગવાનના મુખમાં મુક્યું છે. 'યોગથી, સાંખ્યથી, દાનથી, વ્રતથી, તપથી, યજ્ઞથી, વ્યાખ્યાનથી, સ્વાધ્યાયથી તથા સંન્યાસ લેવાથી પણ, મનુષ્ય પ્રયત્ન કરતાં છતાં,

---

(૧) अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक्कर्म करोतु कायः ॥
न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसिद्धीरपुनर्भवं वा समञ्जस त्वा विरहय्य काङ्क्षे ॥
आजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सराः क्षुधार्ताः ।
प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम् ॥
ભાગવત સ્કંધ ૬, અ૦ ૧૧, ૨૪-૨૫-૨૬.

(૨) श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥
—ભાગવત સ્કંધ ૭, અ૦ ૫, ૨૩-૨૪.

મને પ્રાપ્ત થતો નથી. મને ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો, તથા બીજા મૂઢ બુદ્ધિવાળા જીવો એ એક ભક્તિ વડે પરિશ્રમ વગર મને પ્રાપ્ત થયેલા છે.

'જે વખતે અક્રૂર મને બળદેવ સાથે મથુરા તેડી જવા લાગ્યા, તે વખતે જેઓનું ચિત્ત દૃઢ ભાવથી મારે વીશે આસક્ત હતું એવી ગોપીઓ વિરહને લીધે અત્યંત માનસિક દુઃખનો અનુભવ કરવા લાગી અને મારા વિના કોઈ પણ વસ્તુ તેઓએ સુખકારી દીઠી નહીં.

'હે ઉદ્ધવ! વૃન્દાવનમાં ફરતો અત્યંત પ્રિય એવો જે હું, તેની સાથે રહેવાથી ગોપીઓ, જે રાત્રિઓ અડધી ક્ષણની પેઠે ગાળી કાઢતી હતી, તે રાત્રિઓ મારો વિયોગ થવાથી ગોપીઓને એક કલ્પ જેવડી થઇ પડી હતી.

'સમાધિમાં બેઠેલા યોગીઓને જેમ પોતાનાં નામ તથા રૂપ જાણવામાં આવતાં નથી, તેમજ ગોપીઓ પણ મારે વીશે આસક્ત બુદ્ધિવાળી થઇને પતિપુત્રાદિકનું, પોતાના દેહનું, આ લોકનું તથા પરલોકનું, ભાન ભુલી ગઇ હતી, અને સમુદ્રમાં જેમ નદીઓ મળી જાય છે, તેમજ મારા સ્વરુપમાં લીન થઇ ગઇ હતી.(૧)

---

(૧) केवलेन हि भावेन गोप्यो गावो नगा मृगाः ॥
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥ ८ ॥
यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ॥
व्याख्यास्वाध्यायसंन्यासः प्राप्नुयाद्यत्नवानपि ॥ ९ ॥
रामेण सार्धं मथुरां प्रणीते श्वाफल्किना मय्यनुरक्तचित्ताः ॥
विगाढभावेन न मे वियोगतीव्राधयोऽन्यं ददृशुः सुखाय ॥१०॥
तास्ताः क्षपाः प्रेष्ठतमेन नीता मयैव वृन्दावनगोचरेण ॥
क्षणार्धवत्ताः पुनरङ्ग तासां हीना मया कल्पसमा बभूवु. ॥११॥
ता नाविदन्मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ॥
यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरुपे ॥ १२ ॥

'આ પ્રમાણે મારા ઉપર પ્રીતિ રાખનારી સેંકડો અને હજારો અબળાઓ મારા સ્વરુપથી અજાણી હતી અને મને જારરૂપે જાણતી હતી, તો પણ તેઓ સત્સંગથી મને પરબ્રહ્મને પામી ગઇ હતી.

'માટે હે ઉદ્ધવ! તમે શ્રુતિ, સ્મૃતિ, વિધિ, નિષેધ, પ્રવૃત્તિવાળું કર્મ, સાંભળવા યોગ્ય તથા સાંભળેલું, એ સર્વનો ત્યાગ કરીને હું કે જે સર્વ પ્રાણીઓમાં એક આત્મારુપ છું તેને, આખું વિશ્વ પરમાત્મારુપ છે, આવા ભાવથી શરણે આવો, અને મને પ્રાપ્ત થઇને સંસારના સર્વ ભયમાંથી છુટા થાઓ.'(૧)

આ ઉદ્દગારો જોતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે ખરી ભક્તિ અને માનવ પ્રેમમાં ઘણું સામ્ય છે. અને તેનું કારણ એટલું જ છે કે બંને એકજ વૃત્તિનાં બે, પ્રસંગવશાત જુદાં દેખાતાં, સ્વરુપ છે. પ્રણયી પણ પ્રણયી માટે તલસે છે; તેના આશ્રય માટે ઝંખે છે; તેના ગુણગાનમાં આનંદ અનુભવે છે; તેને મળવા પ્રાણ અર્પે છે. ભક્તિ અને પ્રેમમાં મૌલિક તત્ત્વો એકજ પ્રકારનાં દેખાય છે. તેજ તલસાટ, તેજ સનાતન ઐક્યની અપેક્ષા, જીવનના રહસ્યોમાં લય પામવાની તેજ ઉત્કંઠા, અનંત સંયોગમાં એક થઇ રહેવાની તેજ સંયમવીહોણી ઘેલછા, કાલ્પનિક વિલાસમાં મગ્ન બની વિહ્વળ થવાની તેજ તત્પરતા–આ બધાનો અનુભવ કરતાં એકજ પ્રકારનો આનંદ.

---

(૧) मत्कामा रमणं जारमस्वरूपविदोऽबलाः ।।
ब्रह्म मां परमं प्रापुः संगाच्छतसहस्रशः ।। १२ ।।
तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रति चोदनाम् ।।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ।। १४ ।।
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।।
याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयः ।। १५ ।।

ભાગવત સ્કંધ, ૧૧, અ૦ ૧૨.

ભક્તિનાં લક્ષણો વર્ણવતાં શાંડિલ્ય કહે છેઃ 'દ્વેષ, અને જેને 'રસ' કહે છે, તે બંને પ્રકારના ભાવથી મુક્ત એવો જે રાગ, તેજ ભક્તિનું લક્ષણ છે.'(૧) રાગની વ્યાખ્યા આપતાં ટીકાકાર આ પ્રમાણે કહે છેઃ 'વળી આ સૂત્રમાં 'અને' શબ્દના ઉપયોગથી આપણે સમજી શકીએ છીએ કે ભક્તિ એ પણ એક પ્રકારનો પ્રેમજ છે. કારણ કે રોમાંચ અનુભવવો વગેરે સંસારી પ્રેમનાં જે જે લક્ષણો હોય છે તે ભક્તિમાં પણ દેખાય છે. વળી શાકુંતલમાં નીચેના સુપ્રસિદ્ધ વાકયમાં, જેમાં રાજા કહે છે કે તેના (શકુંતલાના) ગાલ ઉપર દેખાતા રોમાંચથી તેનો મારા પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટ જણાઈ આવે છે-તેમાં પણ આજ લક્ષણ વર્ણવેલું છે. પણ જો ભક્તિને કોઇ નિરાળા ગુણ રુપેજ ગણવામાં આવે તો તેનાં કોઇ ખાસ લક્ષણો હોવાં જોઇએ એવું બિનજરુરી અનુમાન કરવું પડે.'(૨)

'ભક્તિની પરિશુદ્ધિ, સામાન્ય લોકના પ્રેમનાં જે લક્ષણો હોય હોય છે તેની માફક બાહ્ય ચિન્હોથીજ જાણી શકાય છે.'(૩) એ સૂત્ર ઉપર પોતાની ટીકામાં સ્વપ્નેશ્વર ભક્તિનાં લક્ષણો આ પ્રમાણે સમજાવે છેઃ "હું જાણું છું,' 'હું ઇચ્છું છું'ની માફક 'હું ભજું છું,' 'હું આરાધું છું' એ શબ્દોથી ઇશ્વર પ્રત્યેની ભક્તિ પ્રત્યક્ષ સમજાય છે; પણ તેની દૃઢ સંસ્કારરુપી પરિશુદ્ધિ પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિની માફક સ્પષ્ટ દેખાઇ આવતી નથી.

(૧) द्वेषप्रतिपक्षभावाद्रसशब्दाच्च रागः ॥ ६ ॥

(२) "चकरात् पुलकादिरागालिङ्गेनापि रागत्वम् । प्रसिद्धं हि पुकलाञ्चितेन कथयति मय्यनुरागं कपोलेनेत्यादौ । भक्तेर्गुणान्तरत्वे तु पृथग्लिङ्गताकल्पने गौरवात् ।

(३) तत्परिशुद्धिश्च गम्या लोकवल्लिङ्गेभ्यः ॥ ४२ ॥

તેથી તેને તો બાહ્ય ચિહ્નોવડેજ ઓળખવી પડે છે જેવી રીતે સામાન્ય મનુષ્યોનો શ્રમ તેમના શબ્દો, અશ્રુ, હર્ષથી ઉદ્દ્ભવતા રોમાંચ વગેરેથી જાણી શકાય છે, તેમ ઈશ્વર પ્રત્યેની ભક્તિનું પણ આવાં બાહ્ય લક્ષણોથીજ અનુમાન કરવું પડે છે.'(૧)

ચૈતન્ય આ બે પ્રકારના પ્રણયમાં ફેર જોતા નથી. તેના મત પ્રમાણે ભક્તિના પાંચ રસ અને દરેક રસ પ્રમાણે તેની પાંચ ભૂમિકા છેઃ (૧) શાંત (૨) દાસ્ય (૩) સખ્ય (૪) વાત્સલ્ય (૫) માધુર્ય. છે. આ માધુર્ય પુરુષનો સ્ત્રી પ્રત્યે જે પ્રેમ હોય તેવું સ્વરુપ છે; દાસ્ય, સખ્ય ને વાત્સલ્ય એ બધા રસો એનાં ગૌણ અંગ બને છે.(૨)

✓ [શુદ્ધભક્તિ અને પ્રણયમાં રહેલા માધુર્યનું મૂલ શોધવું કઠણ નથી. મનુષ્યમાત્રમાં વિજાતિ તરફ આકર્ષાવાની પ્રબલ વૃત્તિ છે. તે જીવનને અકારું કરે છે, ઉલ્લાસમય કરે છે; પરમાનંદની પ્રાપ્તિ કરવા પ્રેરે છે. છંછેડાવાથી લંકા જેવાં રાજ્યો ઉથલાવે છે. જાનવરમાં રહેલી પાશવવૃત્તિ માનવમાં ભાવ, ભાવના, ને વિચારના પાના ચઢવાથી તેજસ્વી, વિવિધરંગ, રસને પ્રેમરુપ બને છે. આ વૃત્તિ પ્રજોત્પત્તિનું, લગનનું, કુટુંબનું, સમાજનું અને ઉંચા પ્રકારના સાહિત્યનું બિજ છે. તેમજ કેટલાક પ્રસંગોને લીધે જુદું થયેલું

(૧) यद्यपि जानामीच्छामीत्यादिवदहं भज अनुरज्ये इत्येवमादिना प्रत्यक्षगम्यैव भक्तिस्तथापि तस्या दृढतरसंस्कारवैशिष्टयलक्षणा परिशुद्धिर्न प्रत्यक्षतो निर्णेतुं शक्यते ज्ञानप्रामाण्यवत् । तस्मात् तन्निर्णयो लोकवज्जा-तालिङ्गभ्य एव । यथा लोकऽनुरागतारम्यं तत्कथादावश्रुपुलकादिविकारैरनु-मीयते तद्वदिति ॥

(૨) Sen: Caitanya and his age.

એ વૃત્તિનું સ્વરુપ દુનિયાભરમાં ભક્તિનું, ભક્તિસંપ્રદાયોનું, અને ઉંચા પ્રકારના સાહિત્યનું પણ બિજ બને છે.

(ખરા ભક્ત પ્રણયીજ છે. કવિ મીરાંના ભક્તહૃદયની વૃત્તિનું મેં આ પ્રમાણે વર્ણન કર્યું હતું.(૧) 'મનુષ્યના બધા ભાવમાં પ્રેમ એજ સૌથી જબરી જ્યોત જગવે છે. સ્વસ્થતા અનુભવતા કવિઓની –કારણકે કવિઓમાં પણ સ્વસ્થ અને અસ્વસ્થ કવિઓ હોય છે– વ્યવહારબુદ્ધિ એવી હોય છે કે ચિરસ્થાયી કલ્પનાવિલાસ તે અનુભવતા નથી; અને તેમની કવિતાનું મુળ કોઈ સ્ત્રી હોય છે અને તેનું સ્વરૂપ સ્નેહશાળીની પ્રોત્સાહક સંગતિમાં મળેલા અનુભવનું ચિત્ર હોય છે.

'પણ કેટલાક તો એવા કવિઓ નજરે ચઢે છે કે જેમની સૂક્ષ્મતમ કલ્પનાશકિત કોઇ આછા આભાસથી, કોઈ દીઠ-અદીઠ મુખથી, કોઇ કલ્પિત મૂર્તિમાત્રથી પ્રજ્વલિત થાય છે. તેના મગજમાં કોઈક વખત એવી સ્પષ્ટ અને જીવંત મૂર્તિ ઉભી થાય છે કે તે સજીવ અને દેહધારી વ્યક્તિ બની રહે છે. આ કવિઓ આવી મૂર્તિ જોડે બોલે છે, પરસ્પર ભાવસંબંધ બાંધે છે અને તેની આસપાસ હર્ષ અને શોકથી પૂર્ણ એવો સંસાર ઉભો કરે છે.

'સાચા કવિહૃદયનો વિકાસ એકજ ઊર્મિથી કેળવાય છે. ભક્ત કવિમાં સામાન્ય કવિની માફક માત્ર કલ્પનાનું પ્રાબલ્ય હોતું નથી. એ કલ્પનાવિલાસમાં જીવી શકે છે. એ ભગવાનમાં લીન બની રહે છે. સઘળા સંસારને તે વીસરી જાય છે. તેની કલ્પનાએ રચેલી સૃષ્ટિમાં તે નિરંતર વીહરે છે ને જીવે છે. જીવવું શું છે તે તે જાણતો નથી; તે સ્વપ્નાં અનુભવે છે પણ સ્વપ્નામાંથી જાગવાનું વીસરી ગયાં હોય છે.')

---

૧ મારો ગદ્યસંગ્રહ 'કેટલાક લેખો' પૃષ્ઠ ૫

( ૩ )

ભક્તિ ને પ્રેમ આ પ્રમાણે એકજ છે. અને જેમ ક્ષણિક શારીરિક મજાહ મેળવવાની વૃત્તિને નિર્મળ ભાવના ને શુદ્ધ ભાવોથી સીંચી સીંચી માણસ પ્રેમની પવિત્ર ને અપ્રતિમ ભાવના સરજાવે છે તેજ પ્રમાણે એ વૃત્તિ ધર્મવૃત્તિ કે જ્ઞાનવૃત્તિથી વિશુદ્ધ થતાં 'अव्यभिचारिणीं भक्ति'નું સ્વરૂપ પકડે છે. આ વૃત્તિનો વિકાસ કેમ થાય છે તે જોવાનાં સાધનો બધા દેશના ઇતિહાસો પુરા પાડે છે. અને ભક્તિ, વિશુદ્ધ દશા પામતાં પહેલાં, જેને આજે ક્ષુદ્ર કે તિરસ્કરણીય ગણીએ એવાં સ્વરુપ, પ્રાપ્ત કરતી દેખાય છે. માનવજાતિની જંગલી અવસ્થામાં ભક્તિ સંપ્રદાયનું પહેલું સ્વરુપ લિંગપૂજા ( Phallism ) છે. જ્યારથી ધર્મવૃત્તિ પ્રગટી ત્યારથી આખી માનવજાતિ આકાશ સૂર્ય અને અગ્નિને પૂજ્યભાવથી જોતી આવી છે. અને તેજ પ્રમાણે જીવનરહસ્યના મૂલ 'અને ન સમજાય એવાં પ્રબલ ઉત્કંઠા ને આનંદના સાધનરુપ ઉત્પાદક અવયવોને તેવાજ પૂજ્યભાવથી તે જોતી દેખાય છે.

વૈદિક આર્યો અપવાદરુપ લાગે છે. એક ઋષિ આ પ્રકારની પૂજા સેવનારને દૂર રાખવા કહે છે: 'હે સર્વશ્રેષ્ઠ દેવાધિદેવ ઇન્દ્ર ! કોઇ દુષ્ટાત્માઓ કે રાક્ષસોની યુક્તિ પ્રયુક્તિઓથી અમે પ્રેરાયા નથી; અમારા પરમ પ્રભુ ! દુશ્મનોના દળનો પરાજય કરો. શિશ્નરૂપી જેના દેવ છે એવા વિષયાસક્ત લોકોને પવિત્ર પૂજનવિધિની નજીક આવવા ન દો.'(૧)

આ પ્રકારના લોકો કૈ થોડા નહોતા, પણ સો દરવાજાના ગઢના માલીકો હતા. 'તે વિજયને માર્ગે યુદ્ધ પ્રતિ પ્રયાણ કરે છે; સ્વર્ગના તેજની

(૧) न यातव इंद्र जूजुवुर्नो न वंदना शविष्ठ वेद्याभिः ।
स शर्धदर्यो विषुणस्य जंतोर्मा शिश्नदेवा अपि गुर्ऋतं नः ॥
—ઋગ્વેદ, મં. ૭, સૂ. ૨૧ (૫)

સિદ્ધિ માટે સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક તેણે મહેનત કરી; યુક્તિથી નિર્વિઘ્ને તેણે સો દરવાજાના ગઢની દોલત કબજે કરી અને શિશ્ન રૂપી દેવને પુજનારા રાક્ષસોનો નાશ કર્યો.'(૧)

શિવભક્તિ આર્યોએ અનાર્યો પાસેથી લીધી. તે ભક્તિનું મૂલ પણ લિંગપૂજા છે. મહાભારતના સૌપ્તિક પર્વમાં શૈવમતની ઉત્પત્તિ આ પ્રમાણે કહી છેઃ 'પ્રાણીઓની વૃત્તિ થઇ; લોકના ગુરુ બ્રહ્મા પણ પ્રસન્ન થયા; એટલામાં જ્યેષ્ઠ રુદ્ર પાણીમાંથી બહાર નીકળ્યા. તેણે જોયું તો અનેક જાતની પ્રજાને દીઠી અને તે પોતાના તેજથી વધી પડી હતી. ભગવાન રુદ્ર તે પ્રજાને જોઇને કોપાયમાન થઇ ગયા અને તેમણે પોતાના લિંગને કાપી પૃથ્વી પર નાંખ્યું. તે લિંગ ભૂમિ પર પડતાં વેંતજ સ્થિર થઇ ગયું.' (૨)

મીસરમાં વૃષભ એપીસ અને સૂર્યદેવ ઓસીરીસની પૂજા સાથે આજ પ્રકારની ભક્તિ જોડાયલી હતી. ફીનીશીઅન, બાબીલોનીઅન અને યાહુદી લોકોમાં આ પૂજા દાખલ થઈ હતી. રોમમાં એનો પ્રચાર એટલો વધ્યો હતો કે તે અટકાવવા કાયદા કરવા પડયા.(૩)

ભક્તિ સંપ્રદાયનું આ પ્રથમ સ્વરુપ. એમાં પણ ધર્મવૃત્તિની

(૧) स वाजं यातापदुष्पदा यन्त्स्वर्षाता परिषदत्सनिष्यन् ।
अनर्वा यच्छतदुरस्य वेदोघ्नञ्छिश्नदेवाँ अभिवर्पसाभूत् ॥
ઋગ્વેદ, મં. ૧૦, સૂ. ૯૯ (૩)

(૨) भूतग्रामे विवृद्धे तु सृष्टे देवासुरे तदा ।
उदतिष्ठज्जलाज्ज्येष्ठः प्रजाश्चेमा ददर्श सः ॥
वहुरूपाः प्रजाः सृष्टा विवृद्धाश्च स्वतेजसा ।
चुक्रोध वलवद्दृष्ट्वा लिङ्गं स्वं चाप्यविध्यत ॥
तत्प्रविद्धं तथा भूमौ तथैव प्रत्यतिष्ठत ।
—અધ્યાય ૧૭, ૨૦-૨૧-૨૨

૩ C. Howardg. Sexworship :

અસર ખરી. અને ભક્તિના વિશુદ્ધ સ્વરૂપમાં દેખાતી તલસાટ વધારવાની પ્રબળ ઇચ્છા પણ એમાં ખરી. ઉપાસનાની ભાવનાએ એમાં રહેલા સ્થૂલ આનંદને દૈવી સ્વરુપ આપવા માંડ્યું.

( ૪ )

ભક્તિસંપ્રદાયનું બીજું સ્વરૂપ ધાર્મિક વિલાસમહોત્સવો છે. ક્ષણિક સુખ કે આનંદથી માણસને તૃપ્તિ થતી નથી. તેને આનંદમય તલસાટ લંબાવવાની સદા ઇચ્છા થાય છે. એક થઇ રહેવાની, સંયમવિહોણી ઘેલછાને તીવ્રમાં તીવ્ર સ્વરૂપે અનુભવવાની એને ઇચ્છા થાય છે. અને આ તલસાટ ને ઇચ્છા જેટલાં લોકોના સમૂહમાં કેળવી શકાય છે તેટલાં એકલાં રહી કેળવાતા નથી. અને પરિણામે માનવજાતિ દેશેદેશમાં વિલાસના મહોત્સવો રચે છે.

આ ઉત્સવોમાં સ્ત્રી અને પુરુષ સ્વછંદે વિહરે છે. તેમનો અંતિમ હેતુ વાસના સંતોષવાનો હોય છે પણ પ્રબળ હેતુ પુરોગામી તલસાટ અને આનંદને ઘણા જ તીવ્રરૂપે અનુભવવાનો હોય છે. સંગીત, કીર્તન, ધૂપ, સુગંધ, અને પુષ્પ જેવી સામગ્રીઓથી તે હેતુ પુરો પાડવામાં આવે છે; ઘણી વખત નીશો પણ જરૂરી થઇ પડે છે. અને સંયમવિહોણી ઘેલછાને ઉત્તેજી, સ્વચ્છંદી વિલાસ અવધિની ટોચે પહોંચે છે.

સમૂહમાં ઘણાં સ્ત્રીપુરુષો હોવાથી આ ઘેલછા લાંબો વખત ટકી શકે છે. અને તેથી તે વખતે સ્ત્રીપુરુષોમાં દૈવી અંશ ઉતરે છે એવી માન્યતા પ્રગટે છે. આ માન્યતા એટલી સબળ હોય છે, કે પશુવૃત્તિથી પ્રેરાયલા સ્વછંદને આ સંપ્રદાયના ભક્તો ઉત્તમમાં ઉત્તમ ઇશ્વરપ્રણિધાન માને છે. આ પ્રકારના મહોત્સવનું આકર્ષણ આખી માનવજાતિને દુર્જેય થઇ પડયું છે.

હીંદુ મંદિરમાં રહેલી મુરલીઓ, ગ્રીક વીનસના મંદિરની પવિત્ર 'હીરોડ્યૂલસ' ને ફીનીશીઅનોની 'કાડે' બાલાઓથી માંડીને

આજના બોર્નીઓના જંગલીઓની ' બેલીઅન ' સુધી દરેક જાતિની પૂજારિણીઓ સ્વછંદી પશુવૃત્તિ સંતોષવામાંજ ભક્તહૃદયની ઉર્મિઓ કેળવતી જણાય છે. મીસરમાં ' ઇસીસ 'નો મહોત્સવ; યાહુદીઓનો ' બાલપેઓર 'નો મહોત્સવ; વામમાર્ગ, શક્તિસંપ્રદાય ને કાંચળીયાના મહોત્સવો; વૈષ્ણવ સંપ્રદાયના આજ લગભગ અદૃષ્ટ થવા આવેલા મહોત્સવો: આવા મહોત્સવો રચી, દરેક દેશના ધાર્મિકગણાતા સંપ્રદાયોએ સ્થૂલ આનંદની અવધિમાં ધાર્મિક અંશને ભેળવી, ભક્તિ સંપ્રદાયનાં બીજ વાવ્યાં છે.

આવા મહોત્સવોમાં ભાગલેનારની કલ્પનાશક્તિ ઉત્તેજાય એ સ્વાભાવિક છે. એમાં ધર્મવૃત્તિ રહેલી હોવાથી ક્ષુદ્રતાનું ભાન ન રહે એ પણ સ્વાભાવિક. અને પવિત્ર મનાતા આવા મહોત્સવો લોકોના જીવનમાં મોટું સ્થાન પામે એ પણ સ્વાભાવિક. વિલાસમહોત્સવોમાં તૃપ્તિ નજરથી દૂર રાખવામાં આવે છે; ઇશ્વર-પ્રણિધાન સરલ થઇ પડે છે, કલ્પનાને ઘણો ઝોક મળે છે, અને વાસના સંતોષવાનો હેતુ ગૌણ બની જાય છે. ભક્તિ ધીમે ધીમે આમ વિશુદ્ધ થતી જાય છે.

( ૫ )

ભક્તિસંપ્રદાયનું ત્રીજું સ્વરુપ ભજનમંડલો. વિલાસના મહોત્સવોનું શરમ, શુદ્ધિ અને ભાવનાએ પરિવર્તન કર્યું. નરનારીઓએ કપડાં પહેરવા માંડયાં, અને શરમ પ્રગટતાં સ્વચ્છંદની સીમા રચાઇ. વિલાસના મહોત્સવોમાંથી નિરંકુશ પશુવૃત્તિ અદૃષ્ટ થઇ ગઇ. શારીરિક સ્વચ્છતા, જ્ઞાન ને ધર્મવૃત્તિથી માનસિક વિશુદ્ધિ પ્રગટી. અને ગાન, કીર્તન, નૃત્ય અને સુગંધ વગેરે માદક વસ્તુઓ જે વિલાસના મહોત્સવોમાં તલસાટ વધારવાનાં ઉપયોગમાં લેવાતી તે ઇષ્ટદેવની આરાધના માટે જરૂરની છે એમ મનાવા લાગી.

સ્ત્રીપુરુષોના સંમેલનથી જે પ્રકારનો વિલાસ પ્રગટતો તેને વિશુદ્ધ કરી, ભજનમંડળીમાં ભેગાં મળી, સાથે પ્રેમકથ

ભક્તોએ તલસાટ અને કલ્પનાવિલાસી ઘેલછા પેદા કરવાના પ્રયોગો કરવા લાગ્યા. એલ્યુસીનીઅન વિલાસમહોત્સવ, રાસલીલા, અને મીરાંબાઇની ભજન મંડળી એ માત્ર એકજ વિકાસનાં જુદાં જુદાં પગથીઆં છે. આ વિકાસને સરલ કરવામાં મોટામાં મોટું સાધન તો મનુષ્ય જાતની વધતી જતી ભાવનાશીલતા છે.

વિલાસના મહોત્સવોને અંગે જે મસ્તી, તલસાટ અને ઉલ્લાસમય ઝંખનાના લહાવા મળતા તે ઉપાસકની બુદ્ધિ અને વૃત્તિને સામાન્ય વાસનામાંથી બચાવી, ક્ષણભર ભાવનાત્મક પરમ આનંદનો સ્વાદ ચખાડતા. જેમ પશુવૃત્તિ સંતોષવા કરતાં સ્નેહ કેળવવો વધારે આકર્ષક નીવડે છે તેમ, પશુવૃત્તિ સંતોષ્યા કરતાં આ લહાવા લેવામાં-આ મસ્તી, તલસાટ. ને ઝંખના અનુભવવામાંજ, ખરો આનંદ મનાવા લાગ્યો.

માનવ વ્યવહારમાં ભાવના પ્રગટે છે કે વ્યવહાર શુદ્ધ થાય છે. શુદ્ધિ આવતાં મનુજો દૈવત્વ પામે છે. આ દૈવત્વ પામતાં વ્યવહારમાંથી ક્ષુદ્રતા અદૃષ્ટ થાય છે.

ભક્તિની ભાવના પ્રગટતાં પૂર્વનાં સ્વરુપો ક્ષુદ્ર લાગ્યાં. ઉપાસકો સ્વચ્છંદ છોડી ભક્ત થયા; ને ભક્તો, ક્ષણિક આનંદ વીસરી, લાંબો વખત પહોંચે એવો-અને તો અનંત-આનંદ શોધવા લાગ્યા. આ અક્ષય્ય આનંદની શોધ કરતાં ટુંકજીવી મનુષ્યને અનંત અને સર્વશક્તિમાન વ્યક્તિની મોહીની લાગવા માંડી.

આ સ્થિતિમાંથી સાકાર ઇશ્વરની પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે છે. એ ભક્તિ ને પોષતા રંગ ભક્ત સાકાર ઇશ્વરમાં પુરે છે. એકજ દાખલો લઇએ. નિરાકાર નારાયણ સાકાર વાસુદેવ થયા-પણ ભક્તોની વૃત્તિ સંતોષાઇ નહીં; વાસુદેવ દ્વારકાધિશ થયા તોપણ ન સંતોષાઈ; ગોપીજનવલ્લભ થયા તોપણ અસંતોષ રહ્યો; રાધાકૃષ્ણ થયે પણ ઉણપ રહી; બાલગોપાલ થઇ ગોપીઓ જોડે રાસ ખેલવા લાગ્યા; ત્યારે ભક્તિમય થયેલી આકર્ષણવૃત્તિ નિરંકુશ આનંદ પામી, તૃપ્ત થઈ.

આ ત્રીજા સ્વરુપને આજની નજરે ભક્તિસંપ્રદાય કહી શકાય.

( ૬ )

ચોથા સ્વરુપમાં ભક્તો આખરે વ્યક્તિગત ભક્તિ સ્વીકારે છે. ભજન મંડળીમાં મસ્ત રહેતો ભજનિક જ્યારે ભાવનાપંથે વધારે ને વધારે જાય ત્યારે તે શુદ્ધ ભક્ત થઈ રહે છે.

✓આવા ભક્તને સંપ્રદાય સમાગમ પુરતો જ ખપ લાગે છે, અને બીજાઓની સોબતથી પ્રેરણા ભાગ્યેજ મળે છે. તેની મસ્તી સમુદાયમાં પ્રકટતા ઉત્સાહથી પેદા થતી નથી પણ વ્યક્તિગત ભાવનાનું અવલંબન કરે છે. તેના તલસાટને વધારવા તેના ભગવાનનું સ્મરણ પુરતું હોય છે. તેના અંતરમાં વહી રહેલા પ્રણયમદિરાથી તે ચકચુર બને છે.

આવા ભક્તના હૃદયમાં પ્રગટતું કથન તેજ ભક્તિનું શિષ્ટમાં શિષ્ટ સાહિત્ય. આ ચોથી ભૂમિકાએ પહોંચેલા ભક્તની વિશિષ્ટતા છુપી રહેતી નથી. તેનું અંતર અદેખું હોય છે. તે સમુદાયમાં તેના ભગવાનને ભજી શકતો નથી. એને તો તે પોતાની મીલકત બનાવે છે.

આ અંગત સંબંધ બાંધવા તે ભગવાનને પિતા, માતા, કે પતિ ગણી ભજે છે. ઘણું ખરું તેને પિતા કે માતા બનાવી કોઈ ભાંડુની રસાકસી વેઠવા કરતાં તેને પતિ બનાવી મુકે છે. 'માધુર્ય' રસજ તેને પ્રિય હોય છે. અને પરિણામે જે આકર્ષણ ભક્તિનું બીજ છે તે, સ્થૂલ ભાવો વિસરી, ભાવનાનો સૂક્ષ્મ સ્વાંગ ધરી, પોતાનું પોતાપણું કાયમ રાખી રહે છે.

શુદ્ધ ભક્ત એટલે ખરો પ્રણયી–પોતાના ભગવાનનો. ભક્તકવિ એટલે કાલ્પનિક પ્રણયી પાછળ ઘેલો બનેલો, તેના ગુણગાનમાંજ મસ્ત રહેતો કથનકાર. જેમ વિજાતિ તરફ આકર્ષાવાની વૃત્તિ પહેલા ત્રણ સ્વરુપમાંથી ચોથું સ્વરૂપ પ્રાપ્ત કરે છે તેમ તે વૃત્તિ જ્યારે મનુષ્ય

પ્રણયી તરફ વળે છે ત્યારે ક્ષુદ્ર વાસનાતૃપ્તિ, વિલાસ ભાવપ્રધાન પ્રેમનાં સ્વરુપો લઈ આખરે તાદાત્મ્ય સેવતા શુદ્ધ પ્રેમમાં વિકસે છે ભક્તિનું ચોથું સ્વરુપ અનુભવી રહેલા શુદ્ધ ભક્ત અને તાદાત્મ્ય સેવતા શુદ્ધ પ્રેમી વચ્ચે ઝાઝો ફેર રહેતો નથી. બંગાલી કવિ ચંડીદાસ રામી ધોબણ સાથે તાદાત્મ્ય સાધતાં તેની પિતા, માતા, દેવી ને ગાયત્રી રુપે ભક્તિ કરે છે. તેનાં પદો તલસાટમાં, ઘેલછામાં, તાદાત્મ્યમાં, ભાવની સૂક્ષ્મતામાં કે પૂજ્યભાવની નિર્મલતામાં શુદ્ધ ભકિતનાં કાવ્યોથી ઉતરતાં નથી.

(૭)

ભકતહૃદયો દરેક દેશમાં ને કાલમાં જડે છે. પણ કોઈક વાર એક દેશમાં ભકિત ઠેર ઠેર ફુટી નીકળે છે ને આખી પ્રજા એક સમગ્ર ઇચ્છાથી ભકિત સેવતી હોય એવો દેખાવ થાય છે. આનું કારણ પરિસ્થિતિની વિશિષ્ટતા જણાય છે. તે પરિસ્થિતિનું નિરીક્ષણ કરતાં લાગે છે કે જ્યારે જીવનમાં ઉલ્લાસને પુરેપુરું સ્થાન ન મળે; જ્યારે ત્યાગની ભાવના શારીરિક વિલાસને ડામી દે; જ્યારે જ્ઞાનવૃત્તિનું પ્રાબલ્ય ક્ષણભંગુર જીવનની વાસનાનો સંતોષ શરમભર્યો છે એવી માન્યતા પ્રગટાવે; કે જ્યારે નિર્બળ શરીર, કે પ્રણયીના અભાવથી સ્વાભાવિક વૃત્તિને ઝોક ન મળે ત્યારે તે વૃત્તિ ભકિતનું સ્વરુપ લે છે. અને તે માનવ સંબંધને તિરસ્કારી કલ્પનાએ કે ધર્મે પ્રતાપી માનેલી કોઈ વ્યકિત તરફ વળે છે.

સમાજ ને નીતિની નિશ્ચલ પ્રણાલિકામાં સંકળાઈ રહેલી હીંદી માનવતાએ મધ્યકાલમાં વિજાતિ તરફ આકર્ષાવાની વૃત્તિને ભકિતનું સ્વરુપ આપ્યું. ભકિતસંપ્રદાયો પ્રબલ કરવામાં આવી પરિસ્થિતિ ઘણે અંશે જવાબદાર હતી, અને તેમાં પ્રણયી હૃદય પુરાયું ત્યારે તેનું ગાન અલૌકિક ભકિતસાહિત્ય બન્યું. જે વૃત્તિ જીવનમાં ન સંતોષાઈ તે ધુધવતી કવિતારુપે બહાર પડી.

ત્યાગની ભાવનાથી કર્મેન્દ્રિયોનો સંયમ કરતાં, આ વૃત્તિ મન ને કલ્પનામાં વાસ કરે છે ને ભક્તિભાવ પ્રગટાવે છે. એલેકઝાંડ્રીયાના અસલી ખ્રીસ્તીઓમાં ભક્તિભાવ ખીલ્યો તેનું કારણ તેમનો ત્યાગ હતો. ઓગસ્ટીન જેવો તપસ્વી ભક્ત પણ કહે છે: "નવપરિણીત વરની માફક ખ્રીસ્ત શય્યાખંડ છોડે છે. વરની ધુનથી તે સંસાર પર પલાણે છે."

તેજ પ્રમાણે મધ્યકાલીન ખ્રીસ્તી સાધ્વીઓ પણ ભક્તિઘેલી થતી. નૈષ્ઠિક બ્રહ્મચર્યને વરેલી સાધ્વીઓ પોતાને ખ્રીસ્તની વધૂઓ માનતી, અને તીવ્ર વિરાગી છતાં તેમની મનોવૃત્તિ કેવા પ્રકારની ભક્તિથી રંગાઈ રહેતી તેનું દૃષ્ટાંત આપવા એક લોકપ્રિય ભક્તિપદ બસ થશે. "હું વારી જાઉં જીસસ પર, એના પ્રભાવે પર, એની સુમધુર મોહિની પર. જ્યારે એની કૃપા મને નગ્ન કરી મુકે છે ત્યારે હું તેના પર વારી જાઉં છું. 'બહેન, લાડકવાઈ, ને સુંદરી' કહીને મને એ સંબોધે છે ત્યારે હું વારી જાઉં છું. એનાં પગલાં પર હું વારી જાઉં છું–ને વારી જાઉં છું એના વિલાસી લટક પર. એનું મુખ પ્રેમભર્યાં ચુંબનથી મારા મુખને સ્પર્શે છે ત્યારે હું વારી જાઉં છું."...આ પ્રમાણે પરાકાષ્ઠા પર કલ્પના પહોંચે છે.

અને તેજ પ્રમાણે ત્યાગ જેનો મુખ્ય સિદ્ધાંત છે એવા જૈન સંપ્રદાયમાં ત્યાગે કચરેલા હૃદયનો પ્રણયરસ ભક્તિરુપે બહાર પડતો જોઈએ છીએ. મહામુનિ આનંદઘનજી તથા ચિદાનંદજીનાં પદો આનું દૃષ્ટાંત પુરું પાડે છે:—

પીયા બીન સુધબુધ ખુંદી હો
વિરહ ભુયંગ નિસ સમે
મેરી સેજડી ખુંદી હો

નિશદીન જોઉં તારી વાટડી
ઘરે આવો રે ઢોલા.

× × ×

પિયા જાગે તું સોયે, પિયા ચતુર હમ નિપટ અગ્યાની

× × ×

મીઠડો લાગે કંતડો ને ખાટો લાગે લોક
કંતવિહુણી ગોઠડી તે રણ માંહે પોક.

× × ×

તેરી હુ, તેરી હું એતી કહુંરી
ઇન બાતમેં દગો તું જાને
તો કરવત કાશી જાય ગહુંરી. ૧

... ... ...

મેરે તો તું રાજી ચહીયે
ઔર કે બોલ મેં લાખ સહુંરી
આનંદઘન પિયા વેગ મીલો પ્યારે
નહીં તો ગંગ તરંગ વહુંરી. ૩

× × ×

કંચન વરણો નાહ રે મન કોય મીલાવો
અંજન રેખન આંખ ન ભાવે, મંજન શિર પડો દાહ રે. ૧
કોન સેને જાને પર મનકી વેદન વિરહ અથાહ
થરથર ધ્રુજે દેહડી મારી, જીમ વાનર ભરમાહ રે. ૨
દેહ ન ગેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દુહા ગાહા
આનંદઘન વાલો બાંહડી ઝાલે, નિશદીન ધરું ઉમાહારે.[1]

યશોવિજયજી પણ એજ ભાવ દર્શાવે છેઃ—

પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ[2]

---

૧ આનંદઘનજી ને ચિદાનંદજીનાં બહોંતેરીઓનાં પદોનો સંગ્રહ.
૨ ચૈત્યવંદન ચોવીશી.

તેજ પ્રમાણે "જન્મ મૃત્યુનું બીજ સ્ત્રી છે, તે સારુ સ્ત્રીની વાત કરવી નહીં" આ સિદ્ધાંત પ્રવર્તાવનારા સહજાનંદ સ્વામીના શિષ્યો ચુસ્ત સંયમી છતાં શૃંગારનાં પદોમાં જે અપ્રતિમ વિલાસ ને રસિકતાથી ભરપુર ભક્તિ લાવ્યા છે તે આજ નિયમનાં દૃષ્ટાંત પુરાં પાડે છે. બ્રહ્માનંદ સ્વામીનો સ્ત્રીદ્વેષ અનુતી છેઃ—

"વિષકી ભોમી, બીજ વિષ, વિષવેલી વિસ્તાર,
વિષ ડાલી વિષ પત્ર ફુલ, નખશીખ વિષ તન નાર."

અને આ વિષથી પરાંગમુખ સ્વામી ભક્ત બનીને ગાય છેઃ-

"રંગભીનો હો કાન,. વાલમની કરીએ જો વાતડી;
કાનજી તારે કારણે, મેં તો સેજ બીછાઈ સાર;
જીવન હસી જોઉં છું, હું તો વાટડી વારંવાર."

× × ×

પ્રાણજીવન પધરાવીયા, મંદિરમાં આંઇ
પોઢયા સારુ પ્રેમશું, સુખસેજ બીછાઈ.
પગ ચાંપું હું પ્રેમથી, થયા શામ સુખાળા,
શિખ દીધી સર્વ સાથને, પોઢયા કુંજ વિલાસ;
બ્રહ્માનંદ હજુર હરિનો, એકાંતિક દાસ.

પણ આ પદો કરતાં ત્યાગ અને ભક્તિનો ખરો સંબંધ ભગવાનચૈતન્યનું જીવન પુરૂં પાડે છે. દુનીઆમાં પ્રણયીઓ થયા છે, ભક્તો થયા છે, ઉર્વશીઘેલા પુરુરવો થયા છે. એ બધામાં પણ અસાધ્ય પ્રણયી જોડે કલ્પનામાં વિહાર કરતા આ શુષ્ક તપસ્વી ભક્ત ચૈતન્ય અદ્વિતીય છે.

જ્ઞાનમાં ગોથાં ખાતા જ્ઞાનીઓ માનવપ્રેમ ક્ષુદ્ર ગણે છે. તેમને મન બધો વ્યવહાર અસાર થઈ જાય છે. તેમની તીવ્ર બુદ્ધિ કશા સંસારી રસમાં રાચતી નથી, અને છતાં તિરસ્કારેલી આકર્ષણ વૃત્તિ કોઈ રુપે તેમને સ્વીકારવી પડે છે.

નિશદીન જોઉં તારી વાટડી
ઘરે આવો રે ઢોલા.

× × ×

પિયા જાગે તું સોયે, પિયા ચતુર હમ નિપટ અગ્યાની

× × ×

મીઠડો લાગે કંતડો ને ખાટો લાગે લોક
કંતવિહુણી ગોઠડી તે રણ માંહે પોક.

× × ×

તેરી હું, તેરી હું એતી કહુંરી
ઇન બાતમેં દગો તું જાને
તો કરવત કાશી જાય ગહુંરી. ૧

... ... ...

મેરે તો તું રાજી ચહીયે
ઔર કે બોલ મેં લાખ સહુંરી
આનંદઘન પિયા વેગ મીલો પ્યારે
નહીં તો ગંગ તરંગ વહુંરી. ૩

× × ×

કંચન વરણો નાહ રે મન કોય મીલાવો
અંજન રેખન આંખ ન ભાવે, મંજન શિર પરો દાહ રે. ૧
કૌન સેને જાને પર મનકી વેદન વિરહ અથાહ
થરથર ધ્રુજે દેહડી મારી, જીમ વાનર ભરમાંહ રે. ૨
દેહ ન ગેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દુહા ગાહા
આનંદઘન વાલો બાંહડી ઝાલે, નિશદીન ધરું ઉમાહારે.[1]

યશોવિજયજી પણ એજ ભાવ દર્શાવે છેઃ—

પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ[2]

૧ આનંદઘનજી ને ચિદાનંદજીનાં બહોંતેરીઓનાં પદોનો સંગ્રહ.
૨ ચૈત્યવંદન ચોવીશી.

તેજ પ્રમાણે "જન્મ મૃત્યુનું બીજ સ્ત્રી છે, તે સારુ સ્ત્રીની વાત કરવી નહીં" આ સિદ્ધાંત પ્રવર્તાવનારા સહજાનંદ સ્વામીના શિષ્યો ચુસ્ત સંયમી છતાં શૃંગારનાં પદોમાં જે અપ્રતિમ વિલાસ ને રસિકતાથી ભરપુર ભક્તિ લાવ્યા છે તે આજ નિયમનાં દૃષ્ટાંત પુરાં પાડે છે. બ્રહ્માનંદ સ્વામીનો સ્ત્રીદ્વેષ ઝનુની છેઃ—

"વિષકી ભોમી, બીજ વિષ, વિષવેલી વિસ્તાર,
વિષ ડાલી વિષ પત્ર ફુલ, નખશીખ વિષ તન નાર."

અને આ વિષથી પરાંગમુખ સ્વામી ભક્ત બનીને ગાય છેઃ—

"રંગભીનો હો કાન,. વાલમની કરીએ જો વાતડી;
કાનજી તારે કારણે, મેં તો સેજ બીછાઈ સાર;
જીવન ઉભી જોઉં છું, હું તો વાટડી વારંવાર."

× × ×

પ્રાણજીવન પધરાવીયા, મંદિરમાં માંઇ
પોઢયા સારુ પ્રેમશું, સુખસેજ બીછાઈ.
પગ ચાંપું હું પ્રેમથી, થયા શામ સુખાળા,
શિખ દીધી સર્વ સાથને, પોઢયા કુંજ વિલાસ;
બ્રહ્માનંદ હજુર હરિનો, એકાંતિક દાસ.

પણ આ પદો કરતાં ત્યાગ અને ભક્તિનો ખરો સંબંધ ભગવાન-ચૈતન્યનું જીવન પુરું પાડે છે. દુનીઆમાં પ્રણયીઓ થયા છે, ભક્તો થયા છે, ઉર્વશીઘેલા પુરુરવો થયા છે. એ બધામાં પણ અસાધ્ય પ્રણયી જોડે કલ્પનામાં વિહાર કરતા આ શુષ્ક તપસ્વી ભક્ત ચૈતન્ય અદ્વિતીય છે.

જ્ઞાનમાં ગોથાં ખાતા જ્ઞાનીઓ માનવપ્રેમ ક્ષુદ્ર ગણે છે. તેમને મન બધો વ્યવહાર અસાર થઈ જાય છે. તેમની તીવ્ર બુદ્ધિ કશા સંસારી રસમાં રાચતી નથી, અંતે છતાં તિરસ્કારેલી આકર્ષણ વૃત્તિ કોઈ રુપે તેમને સ્વીકારવી પડે છે.

(૮)

તેમજ શારીરિક અશક્તિએ કેટલાં હૃદયો ભક્તિના કાલ્પનિક આનંદો તરફ વાળ્યાં છે. કેટલાંય અંતરમાં પ્રિયતમા ગુજરવાથી કે તે ન મળવાથી ઉદ્ભવતો તલસાટ ભક્તિભાવમાં પરિણમ્યો છે. બીએટ્રીસના વિયોગથી, ને શોભનાની અપ્રાપ્યતાથી ડાંટે ને કલાપીની ઉર્મિઓએ કાવ્યોનું સ્વરૂપ લીધું. તેવીજ રીતે મીરાં જેવા ભક્ત-હૃદયની ઉર્મિઓનું પૃથ્થક્કરણ કરતાં એમ સ્પષ્ટ લાગે છે કે પ્રણયના પુરમાં તણાવાને ઘેલા બનેલા એના હૃદયને, વૈધવ્ય ને શુષ્કતાના વાતા-વરણમાં, કાલ્પનિક વિલાસોમાં મગ્ન રહેવા કાવ્યો રચવાની સ્વાભાવિક પ્રેરણા થઈ હશે.

નિરાશાથી પ્રણય આ પ્રકારનું પુનર્જીવન પામે છે તેનું ઉત્તમ દૃષ્ટાંત જર્મન ભક્તકવિ હાર્ડનબર્ગ (નોવેલીસ) છે. " ગંભીર, ધાર્મિક, ચિંતનશીલ આત્મા, કઠોર દુઃખે વિશુદ્ધ બની, માનસિક પીડાના મંદિરથી પરિચિત તે આપણી સમક્ષ ઉભો રહે છે–ભાવનાશાલીઓમાં પણ સર્વોત્તમ ભાવનાશીલ તરીકે."[૩]

નોવેલીસ વિદ્વાન હતો, તત્ત્વજ્ઞાન ને ગણિતનો અભ્યાસી હતો, અને ઇ. સ. ૧૭૯૪માં બાવીશ વર્ષની ઉમરે, લશ્કરી જીવનનો અત્યંત શોખ હોવાથી, તે માટે જરુરનો અભ્યાસ કરવા એ લાગ્યો. તેણે એક તેર વર્ષની બાલિકા જોઇ–સુંદર, સુરેખ, દૈવી મૃદુતા ને ભવ્યતાથી અદ્ભુત. નોવેલીસ તેને જોઈ પ્રેમઘેલો બન્યો ને તેને પરણવા તેનાં માબાપની સંમતિ મેળવી. નોવેલીસના આનંદની સીમા રહી નહીં.

૧૭૯૭માં સોફી મરી ગઈ. નોવેલીસનો પ્રણયપ્રવાહ અદૃશ્ય થયો–માત્ર આંસુનાં અવશેષ મુકી તેની પ્રિયતમા ગઈ ને તે ખ્રીસ્ત બની. તેનો પ્રણય ગયો ને તે ભક્ત બન્યો.

---

૩ કાર્લાઇલ.

'એક વખત' તે કહે છેઃ 'વેદનામાં પીગળી ગયેલી આશા તદ્દન નષ્ટ થઈ હતી ત્યારે હું આંસુ સારતો હતો. અને જે તાપે તપેલા ઢગથી મારા જીવનનું ખોળીયું ઢંકાતું ત્યાં ઉભો હતો. એકલો, કોઈ કદી હતો નહીં તેવો, અનિર્વાચ્ય, વ્યથાનો ભોગ બનેલો, અશક્ત, દુઃખના એક માત્ર વિચારથી નિર્ભર, આશ્રય શોધતો, હું આગળ કે પાછળ ન જઈ શકતો. પણ અકથ્ય તલસાટથી ક્ષણિક ને હોલવાયલા જીવનને હું વળગી રહ્યો હતો. એટલામાં ભુરા, ઘેરા ક્ષિતિજમાંથી, મારા પૂર્વાશ્રમના સદ્‌ભાગ્યના શિખર પરથી, સંધ્યાનો શિતળ સમિર વાયો, અને એકદમ જન્મનું બંધન ને જીવનની બેડી તુટી ગયાં.

'પૃથ્વીની ભભક ગઈ ને સાથે મારું આક્રંદ પણ ગયું; મારી નિઃસીમ ગ્લાનિ અગમ નવસૃષ્ટિમાં શમી ગઈ. રાત્રિની પ્રેરણાસમી, સ્વર્ગમાં જ સુલભ એવી નિદ્રા મને આવી.પડદો ધીમેથી ઉઘડયો, અને નવે અવતારે આવેલો મારો પાશવિહોણો આત્મા વિરહી રહ્યો. કબર ઘન સમાન, ધુળના ગોટારુપ થઈ ગઈ. અને તે ઘનમાંથી મારી પ્રિયાની દૈવી બનેલી મુખરેખાઓ મેં જોઈ, તેની આંખમાં નિરવધી કાલ હતો. મેં તેનો હાથ ઝાલ્યો, અને મારાં આંસુનાં ચમકતાં ઝરણાં વહેવા લાગ્યાં. યુગો–ગર્જતા ઘનસમુચ્ચયોની માફક–દૂર ગયાં. તેના ખભા પર પડી આ નવજીવનથી પ્રગટેલા આનંદનાં આંસુ મેં ઢાળ્યાં.

'આ મારું પહેલું ને એકજ સ્વપ્નું, અને ત્યારથી જ મારા સ્વર્ગમાં, ને તેમાં તપતી સૂર્યસમી મારી પ્રિયતમામાં શાશ્વત ને નિશ્ચલ શ્રદ્ધા પ્રગટી.'

આ પ્રમાણે પ્રગટેલી શ્રદ્ધાના બળથી તે ખ્રીસ્તનો ભક્ત થયો. એની શુદ્ધ ભક્તિ હીંદી મહાન્ ભક્તકવિઓ જેવી તોફાની કે વિલાસી નથી. પણ આપણે ત્યાંનો કયો ભકતકવિ નોવેલીસના તલસાટ, નિર્મલ રસિકતા કે સૂક્ષ્મ ભાવમયતાને સ્પર્શી શકે એમ છે?

( ૯ )

જેના હૃદયમાં નિર્મલ પ્રેમરસ વહે છે, જે સંબંધમાં માધુર્ય વસે છે તેને જ શુદ્ધ ભકિત કહી શકાય. આ પ્રેમલક્ષણા ભક્તિ. તે જ ખરા ભક્તોને માન્ય છે, અને તેનું સાહિત્ય સ્થૂલમાં સ્થૂલ વિલાસથી માંડી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રેમની વેદના ને તલસાટની ભાવના શબ્દોમાં મૂર્તિમાન કરે છે. ચૈતન્ય, નરસિંહ, મીરાં ને નોવેલીસનાં પદો આ વર્ગમાં આવે છે.

છતાં શુદ્ધ ભકિતના સાહિત્ય સાથે બીજા બે પ્રકારનાં સાહિત્ય પણ ભકિતના સાહિત્યમાં ગણાય છે. ઘણી વખત પ્રણયી પોતાના અંતરની ઉર્મિઓ પ્રિયતમાને અર્પણ કરવા માંગે છે. પણ સમાજના દોરથી કે પ્રણાલિકાના ડરથી અપરોક્ષ રીતે તે કરી શકતો નથી ત્યારે આત્મલક્ષ્મી રસિકતા વ્યકત કરવા, ધર્મે પૂજ્ય માનેલા કોઈ રસનિધિને ઉદ્દેશીને–માત્ર આકારમાં જ પરલક્ષી એવી–પોતાની કૃતિઓને રચે છે. આ સાહિત્ય શુદ્ધ ભકિતનું નથી, માત્ર પ્રણયનું છે. એમાં પ્રેમ કાલ્પનિક ભગવાનનો નથી, પણ માનવ 'ભગવાન'નો છે. 'પદ્માવતીચરણચારણચક્રવર્તી' જયદેવ કવિનું ગીતગોવિંદ આ સાહિત્યનું દૃષ્ટાંત છે. શુદ્ધ ભકિતમાં અને આ ભકિતના આવિર્ભાવમાં થોડો ભેદ હોય છે અને તેથી આ માનવ પ્રેમનું સાહિત્ય શુદ્ધ ભકિતના સાહિત્ય જેવું જ અને ઘણી વખત એથી સરસ નીવડે છે.

જે દેશમાં એક વખત ભકતકવિઓ થયા હોય ત્યાં એક પ્રકારનું સાહિત્ય ભકિતસાહિત્યમાં ખપે છે. તેને શુદ્ધ ભકિતનું સાહિત્ય ન કહેવાય. અને છતાં ભકિતસાહિત્ય શીવાય તે બીજું હોતું નથી. તે કલાકારનું ભકિતસાહિત્ય. આ ભકિતસાહિત્ય સરજનારના હૃદયમાં અંગત પ્રણયનો સંચાર હોતો નથી. તેને કાલ્પનિક ભગવાન માટે તલસાટ કે ઘેલછા હોતી નથી. તેને તો માત્ર કલાપૂર્ણ સાહિત્ય પ્રગટાવવું હોય છે. અને ભકતકવિઓએ સરજાવેલા, શુદ્ધ ભકિતસાહિત્યનાં

ધોરણ સરસ લાગવાથી માત્ર એક આદર્શ તરીકે તેનો તે સ્વીકાર કરે છે. એ સાહિત્ય પાછળ જ્વાળામુખી નથી, પણ એમાં સીનેમાના પટ પર દેખાતું જ્વાળામુખીનું કલાપૂર્ણ ચિત્ર છે. આવું ઘણું સાહિત્ય શિષ્ટ બને છે. સ્વામીનારાયણ પંથના ઘણા કવિઓનું ભકિતસાહિત્ય કલાકારનું છે.

'ભકિત' શબ્દ, શુદ્ધ ભક્તિના વિશિષ્ટ અર્થ શીવાય ઘણી વૃત્તિઓને લાગુ પાડવામાં આવે છે તે તો આગળ જોયું. અને તેથી ખરું જોતાં જેને ભક્તિસાહિત્ય ન કહેવું જોઈએ એવું ઘણું સાહિત્ય ભકિતસાહિત્યને નામે પ્રચલિત થયેલું છે. આવી મિશ્ર ભક્તિના કેટલાક પ્રકારો તો જાણીતા છે.

પૂજ્યભાવથી ઉદ્‌ભવેલી ઉપાસના વૃત્તિને ગીતાના શબ્દમાં ભક્તિ કહેવાય પણ વિશિષ્ટ અર્થમાં નહીં. પહેલા પ્રકરણમાં આપેલા અર્જુનના સ્તવનમાં માત્ર ઈશ્વરનો મહીમા જોવા ને તેને રીઝાવવાના ભાવો છે. ઋગ્વેદના પુરુષ સૂક્તમાં વિરાટ સ્વરુપ, યજુર્વેદના શતરુદ્રીય અધ્યાયમાં રુદ્ર, શ્વેતાશ્વતર ઉપનિષદમાં શિવ, ચંડીપાઠમાં શક્તિ, પુરાણની બધી સ્તુતિઓમાં ઈષ્ટ દેવતાઓ, બ્રહ્મવૈવર્ત પુરાણના પ્રવૃત્તિ ખંડમાં રાધા, ભાલણ ને પ્રેમાનંદની કૃતિઓમાં રામ કે કૃષ્ણ, પ્રાર્થના સમાજનાં સ્તવનોમાં ઈશ્વરઃ આ બધા દેવો તરફ જે ભાવ દર્શાવાયો છે તે સામાન્ય રીતે ભક્તિ જ કહેવાય છે. આ ભાવનો હેતુ ઉપાસના કહી શકાય. અને એમાં રહેલી વૃત્તિને ભક્તિ કહીએ તો તેને ઉપાસનાભક્તિ કહેવી પડે. એમાં ભગવાન ને ભક્ત વચ્ચેનું અંતર મોટું છે, અને સંબંધ શુદ્ધ ભક્તિના જેવો ગાઢ નથી. આ ભાવથી પ્રગટેલું સાહિત્ય ઉપાસનાભક્તિનું કહી શકાય.

પણ શ્રીમદ્ ભાગવતને આમાંથી કયા વર્ગમાં મૂકવું? એના કર્તાના ભક્તહૃદયની કથા કોઈ જાણતું નથી. અને છતાં દશમસ્કંધના કેટલાક ભાગમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્તહૃદયનો તલસાટ નજરે ચઢે

છે. ભાગવતનો કર્તા શું કોઈ અજાણ્યો, સંયમશીલ ચૈતન્ય હતો ? કે કોઈ આત્મલક્ષી પંડિતે પોતાના જીવનમાંથી નીતરતી રસિકતા વડે પૌરાણિક હાડપિંજરને સજીવન કરવા એ કૃતિ સરજી ? કે કોઈ અપૂર્વ કલાકારે, ભક્તિમાર્ગની આછી રેખાઓને અમર સાહિત્યમાં મૂર્તિમાન કરવાને એ અદ્‌ભુત ગ્રંથ લખ્યો ? આ કોયડાઓ કોણ ઉકેલે ?

એની કલામાં ભક્તશિરોમણિનાં કે પ્રણયીનાં આત્મલક્ષી ઘેલછા, તોફાન કે સ્વછંદના આછા, ઘેરા ડાઘ નથી. ભક્ત કે પ્રણયી કદી ન થઈ શકે એવી રીતે તે કૃતિના ચિત્રપટ પરથી વિલુપ્ત બની જાય છે. પૌરાણિક સાહિત્યનો આદર્શ તે કદી ત્યાગતો નથી. ને કોઈક વાર ત્યાગે છે તો ન સમજાય એવી રીતે. ઉપાસનાના સાહિત્યની પ્રણાલિકાને તે માન આપે છે. અને છતાં ભક્ત કે પ્રણયી હૃદયની ઉર્મિ–અપૂર્વ સ્વરુપે–એની કૃતિમાં નથી એમ કોણ કહી શકે ?

કોઈ અદ્‌ભુત, આત્મવિસર્જનમાં જ આનંદ માનતો પૌરાણિક ભક્ત, પ્રણયી અને કલાકારની દૃષ્ટિ તેમજ શક્તિનો અજબ સમન્વય સાધતો કવિ–હોમર, કાલિદાસ, ડાંટે, શેક્સપીઅરની હારનો કોઈ કલાનિધિ–માત્ર કલાની જ પ્રચંડ સર્જકતાથી ભક્તિ પ્રણય અને ઉપાસનાની સૃષ્ટિઓ સરજતો એમાં દેખાય છે ? ભાગવતમાં રહેલી સરસતાને હીંદમાં કોઈ સ્પર્શ્યું હોય તો કાલિદાસ, તેનાથી વધારે અપૂર્વ સરસતા સરજાવી હોય એવો કોઈ જડતો નથી.

જ્ઞાનીઓ પણ જ્ઞાન પ્રાપ્ત કરવા જતાં હૃદયના ભાવો રોકી શકતા નથી અને ક્યાં તો સુફીવાદીની માફક જીવ ને શિવની એકતા પ્રણયભાવથી દર્શાવે છે અથવા આપણા કવિઓની માફક જ્ઞાનપદ ગાતાં ગાતાં ભક્તિની લહેર અનુભવી લે છે. અખા જેવા કોઈક જ જ્ઞાની જ્ઞાનને જ ભક્તિ માની લઈ પોતાને ભકત કહાવે છે. એનું સાહિત્ય જ્ઞાનભક્તિનું કહેવાય.

તેજ પ્રમાણે વૈરાગ્યભક્તિથી સંસારનાં રોદડાં રડતાં ઘણા કવિઓ 'સંસારી રસ' તરફના તિરસ્કારને ભક્તિના 'અસંસારી રસ' સાથે ભેળવે છે. ધીરો ને ભોજો તેમની કૃતિઓમાં આ મિશ્ર ભક્તિનાં દૃષ્ટાંત આપે છે. નામદેવ, તુકારામ ને એકનાથ જેવા દખ્ખણના ભક્તોમાં વૈરાગ્યનો ભાવ પ્રધાન છે. નામદેવ કહે છે :

'અવઘે જન્મ વાયાં ગેલે વિષયા સંગે;'
'અવઘા વેળ કરી સંસારાચા ધંદા.'

તુકારામ કહે છે કે :

'આમ્હી તરી આસ ઝાલોં ટાકુની ઉદાસ.

એકનાથ કહે છે કે :

'દેહ જાઇલ તરી જાવો રાહીલ તરી રાહો,
દોરાચ્યિા સર્પા જિણે મરણે ના વાવો.'

જ્ઞાનભક્તિ ને વૈરાગ્યભક્તિના સાહિત્યમાં ઉપદેશનું સાહિત્ય ઘણું આવે છે. આ શિક્ષાપત્રી સાહિત્યને શુદ્ધ સાહિત્ય કહેવું કે કેમ એ એક સવાલ છે. શિષ્ટ કહેવું કે કેમ એ એથી અઘરો સવાલ છે. તે ભક્તિસાહિત્ય તો કહેવાય નહીં એ સ્પષ્ટ છે.

આ ઉપરથી ભક્તિસાહિત્યના નીચે પ્રમાણે વિભાગ થઈ શકે:—

(क) ભક્તિસાહિત્ય–

૧ શુદ્ધ ભક્તિનું સાહિત્ય.

૨ માનવપ્રેમનું ભક્તિસાહિત્ય.

૩ કલાકારનું ભક્તિસાહિત્ય.

(ख) મિશ્ર ભક્તિસાહિત્ય–

૧ ઉપાસનાનું સાહિત્ય.

૨ જ્ઞાનનું સાહિત્ય. } ઉપદેશનું સાહિત્ય.
૩ વૈરાગ્યનું સાહિત્ય. }

ભક્તિની દૃષ્ટિએ, શુદ્ધ ભક્તિનું સાહિત્ય જ શ્રેષ્ઠ. માનવપ્રેમનું ભક્તિસાહિત્ય પ્રણયસાહિત્યનો ભાગ છે અને છતાં ભક્તિસાહિત્યમાં ઊંચું સ્થાન ભોગવે છે અને શિષ્ટસાહિત્ય બને છે. કલાકારનું ભક્તિ-સાહિત્ય એ ભક્તિની દૃષ્ટિએ અધમ છતાં, સાહિત્યની દૃષ્ટિએ ઘણીવાર સર્વોત્તમ બને છે. મિશ્ર ભક્તિનું સાહિત્ય ભક્તિની દૃષ્ટિએ ઊંચા પ્રકારનું ગણાય નહીં. શિષ્ટતાની દૃષ્ટિએ જોતાં ઉપાસના ને વૈરાગ્ય સાહિત્ય ઘણા ઊંચા પ્રકારનું થઈ શકે છે. જ્ઞાનનું સાહિત્ય ભાગ્યેજ શિષ્ટતા પ્રાપ્ત કરે છે.

# હીંદમાં શુદ્ધ ભક્તિનો ઉદય

## ( ૧ )

વેદકાળમાં અનાર્યોમાં લિંગપૂજા હતી[૧] પણ આર્યોના અંતરમાં ઉપાસના કરવાની વૃત્તિ પ્રબળ હતી. સમકાલીન લોકોના પ્રમાણમાં એમના મગજમાં અજ્ઞાન કે વહેમનો ઝાઝો વાસ નહોતો. તેમનામાં ભાવનાનું પ્રાબલ્ય હતું. તેમની બુદ્ધિ ઉંચે ઉંચે ઉડી, ગગનભેદી, દેવો જોડે સખ્ય સાધવા પ્રયત્ન કરતી. સ્ત્રી તરફ તેમની માગણી આ હતી: 'વીર સંતાનોને જન્મ આપતી, દેવો તરફ પ્રીતિ ધારતી તું આપણું કલ્યાણ કરનારી થા'[૨].

તેમના હૃદયમાંથી નીકળતો પ્રણયભાવ તેમની સમોવડી અર્ધાંગનાઓ તરફ વળતો. બીજી તરફ વળવાને સુખી ને સમૃદ્ધ આર્યાવર્તમાં કારણ નહોતું. [૩]'એકબીજાને ચાહતાં, સદા એક બીજાના સહવાસથી

---

૧ મોહેન્જોદારોની ખંડીએરોની શોધ પરથી માલુમ પડે છે કે શિવ ને શક્તિની પૂજા વૈદિક આર્યોના સમય પહેલાંથી હીંદમાં પ્રચલિત હતી.

૨ वीरसूर्देवकामा स्योना शंनो भव ।

—ઋગ્વેદ, ૧૦. ૮૫. ૪૪.

૩ समयाव संकल्पावहै सं प्रियो रोचिष्णू सुमनस्यमानो ।
इयमूर्जमभि सं वसानौ संनौ मनांसि संव्रता समुचित्तल्याकरम् ॥

—તૈત્તિરીય એકાગ્નિકાંડ, ૧–૩

આનંદમગ્ન રહેતાં, એકબીજા પ્રત્યે સદ્ભાવ દર્શાવતાં અને એકબીજાના સુખમાં ભાગ લેતાં—એવાં આપણે આપણી આકાંક્ષાઓ, આપણી પ્રતિજ્ઞાઓ અને આપણા વિચારોનો સમન્વય કરીએ.'

સ્ત્રીઓ માટે થતી વૃત્તિથી તે શરમાતા નહોતા. તેને સંતાડવાનો આડંબર કરવા જેવા તે અપ્રામાણિક નહોતા. તેને કચરી તેના પર મુક્તિનો પાયો ચણવાની રોગિષ્ટ કલ્પના તે સેવતા નહીં. અને તેને ધર્મનું સ્વરુપ આપી, ઉપાસના જોડે ભેળવી દેવાની નિર્બળતા બતાવતા નહીં. સ્ત્રીઓ તરફ તેમનામાં સબળ માનવો ને સુલભ ભાવો હતા. અને તેને સ્વીકારવાની દેવો જેવી પ્રામાણિકતા હતીઃ 'આવ હવે સંતાનપ્રાપ્તિને અર્થે આપણે સંયોગ સાધિયે, જેથી આપણને પુત્રનો જન્મ થાય.'[1]

એમનામાં દેવો તરફ સખ્ય હતું, પૂજ્યભાવ હતો. ઉપાસના તેમને આકર્ષતી, પ્રાર્થના તેમને પ્રિય હતી. દેવોને માટે 'માતા', 'પિતા', 'પુત્ર' અને 'સખા' એ એમનાં પ્રિય સંબોધનો હતાં. એકજ વખત કવિની વિજાતિ તરફની વૃત્તિ દેવ તરફ વળે છે. 'હે બળવાન! (પ્રભુ) પોતાને ચાહનારા પતિનો તેને ચાહતી પત્ની જેવી રીતે સ્પર્શ કરે તેવી રીતે મારી વૃત્તિઓ તને સ્પર્શે છે.'[2]

આર્યો જેમ અનાર્યોના સંસર્ગમાં આવતા ગયા તેમ શિવ અને શક્તિ—જે અનાર્ય દેવો હતા—તેને પોતાનાં કર્યાં. આ નવા સ્વીકારેલા દેવદેવી તરફ પણ તેમનામાં ભક્તિભાવ કરતાં પૂજ્યભાવ વધારે દેખાય છે. અને જે સંપ્રદાયો લિંગપૂજા પર અવલંબન કરતા હતા તેને તેમણે એ પૂજ્યભાવથી વિશુદ્ધ કર્યા.

---

૧ तावेहि संभवाव सह रेतो दधावहै पुंसे पुत्राय वेत्तवै ॥
—જૈમિની ગૃહસૂત્ર. ૨૧, ૮.

૨ पतिं न पत्नीरुशती रुशन्तं स्पृशन्ति त्वा शवसावन् मनीषा ।
ઋ. મં. ૧. સૂ. ૫. (૧૧).

વૈદિક રુદ્રની ભાવનાનું આરોપણ શિવના પર તેમણે કર્યું. અને ભક્તિથી નહીં, પણ ઉપાસનાથી તેમણે શિવને રીઝવવા માંડયા : ‘ હે રૂદ્ર, અમે હવિ સાથે તારી હંમેશાં પ્રાર્થના કરીએ છીએ. પણ તું બાપને, માને, અમારાં મોટેરાંને તથા અમારાં બાળકોને ક્રોધયુક્ત થઈને મારીશ નહીં. હે રૂદ્ર, અમારાં નાનાં બાળક ઉપર, અમારાં આયુષ્ય ઉપર, અમારી ગાયો ઉપર, અમારાં ઘરો ઉપર અને અમારા અશ્વો ઉપર ગુસ્સે થઇશ મા. અમારા વીરોને હે રૂદ્ર, ગુસ્સે થઇને હણીશ મા. ’[1]

તેજ પ્રમાણે યજુર્વેદમાં પણ ઉપાસક પ્રાર્થે છે : ‘હે ગિરીશ ! જે બાણ તારા હાથમાં છોડવા માટે તેં રાખ્યું છે, તે બાણને શિવ–કલ્યાણરૂપ કરી દે, અને પુરુષ જગતની હિંસા કરીશ નહીં.’[2]

શ્વેતાશ્વર ઉપનિષદમાં પણ રુદ્ર તરફ પૂજ્યભાવજ છે: ‘વિશ્વના અધિપતિ તથા મહર્ષિ એવા રુદ્ર, જેમણે દેવોની ઉત્પત્તિ કરી છે તથા તેઓને પ્રભાવ આપ્યો છે તથા જેમણે પ્રથમ હિરણ્યગર્ભને ઉત્પન્ન કર્યા છે, તે દેવ અમોને શુભ બુદ્ધિ આપો.’[3]

---

१ मा नो महांतमुत मा नो अर्भकं मा न उक्षतमुत मा न उक्षितं ।
मा नो वधीः पितरं मोत मातरं मा नः प्रियास्तन्वो रुद्र रीरिषः ।।
मा नस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः ।
वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मंतः सदमित्वा हवामहे ।।
—ઋગ્વેદ, મં. ૧, સૂ. ૧૧૪ (૭–૮)

२ यामिषुङ्गिरिशन्त हस्ते बिभर्ष्यस्तवे ।
शिवां गिरित्र तां कुरु मा हिंसीः पुरुषं जगत् ।।
યજુર્વેદ, ૧૬–૩

३ यो देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः ।
हिरण्यगर्भं जनयामास पूर्वं स नो बुद्धया शुभया संयुनक्तु ।।
— શ્વેતાશ્વર ઉપનિષદ્, અ. ૩ (૪).

આ ઉપરથી એમ માનવાને કારણ નથી મળતું કે અજ્ઞાન અને અનાર્ય જાતિમાં લિંગપૂજા અને વિલાસમહોત્સવો નહોતા. આ જમાના સુધી જે દેશના ધર્મસંપ્રદાયોમાં કોઈક ઠેકાણે અનીતિ અને પશુવૃત્તિ, લિંગપૂજા અને વિલાસમહોત્સવો દેખા દે છે ત્યાં ત્રણ હજાર વર્ષ પૂર્વેના અંધકારમય જમાનામાં એના પુરોગામી પંથોએ મજબુત જડ ઘાલી હશે એ તો ચોક્કસ લાગે છે. એ સમયના ભક્તિસંપ્રદાયોનું સાહિત્ય મળી આવતું નથી.

(૨)

દાશરાજ્ઞથી જનમેજય પરીક્ષિતના રાજ્યકાલ સુધીના સમયમાં શૈવ અને શક્તિ સંપ્રદાયો આર્યોએ વિશુદ્ધ કરી સ્વીકાર્યા લાગે છે. આર્યોમાં લિંગપૂજાનાં તો સ્મરણો રહ્યાં દેખાય છે. વૈદિક રુદ્ર અને અનાર્ય ભૂતનાથ બંનેના મિશ્રણથી થયેલા શંકર 'ઈશાન' શુદ્ધ ઉપાસનાના પાત્ર બને છે. [1]

આ સમયનું સંસ્કારી જીવન પ્રફુલ્લ હતું. વીરતા ને તોફાનથી ભરેલું હતું. વિલાસ કે ઉલ્લાસને માટે તેમાં સંપૂર્ણ અવકાશ દેખાય છે. સમાજ કે ધર્મનો દોર તેમાં ઝાઝો નથી. જ્ઞાન કે વૈરાગ્યનું વાદળ વધુપડતું છવાયું નથી. નિર્માલ્યતા દેખાતી નથી. વૈદિક આર્યોમાં ઉપાસના કરવાની વૃત્તિ હતી તે આ કાલમાં પણ આર્યોમાં સતેજ રહેલી દેખાય છે. દેવને ઉપાસના અને સ્ત્રીને પ્રણય—એ તેમની વૃત્તિ હતી.

શિવની આખી કલ્પના ભયંકર છે. પિતા કે વિનાશક તરીકે તે પુજાતા હતા એટલે તેની શુદ્ધ ભક્તિ શક્ય નહોતી. તેની ઉપાસનાના, તેને રીઝવવાના, તેનો મહીમા ગાવાના, તેની મહેરબાની મેળવવાના ભાવોજ હૃદયમાં રખાય એમ હતું. શિવ અને શક્તિના..

૧ જુઓ મહાભારતઃ સૌપ્તિક પર્વ.

પ્રાબલ્યથી સદાય ડરમાં રહેતા ઉપાસકો રુદ્રી અને ચંડીપાઠનાં ધાકપ્રેર્યાં સ્તવનોથીજ તેમના ઇષ્ટ દેવતા સાથે સંબંધ બાંધતા.

આ સમયથી હીંદમાં શિવની પૂજા, શિવભાગવત સંપ્રદાય તરીકે ઘણો પ્રચાર પામી હતી અને આખા આર્યાવર્તમાં સામાન્ય-જનોને ઘણીજ આકર્ષક નીવડી હતી. પણ એનું ત્રિશૂળ ને એનું વ્યાઘ્રચર્મ તેને સદાય દુર્ધર્ષતા અર્પતાં અને ભક્તિભાવની છુટ તેની સાથે લેવાતી નહીં. આ સંપ્રદાય આખા હીંદુસ્થાનમાં વધારેમાં વધારે લોકપ્રિય હતો, અને એણે બધા મતો પર જબરી અસર કરી છે.

પાશુપત મત તો ભારતકાલ જેટલો જુનો છે.[1] આર્યોએ શંકરમાં રુદ્રની ભાવનાનું આરોપણ કર્યું પણ અનાર્યોનો આ સંપ્રદાય અસંસ્કારી વર્ગોમાં તો ક્ષુદ્ર સ્વરુપેજ રહ્યો હોય એમ લાગે છે. 'પશુપતિ,' 'વિશ્વનાથ,' 'અઘોર,' 'વિરુપાક્ષ,' 'કપાલમાલી,' અને એની સ્ત્રી 'ઉમા,' 'ગૌરી,' 'કાલી,' 'ચંડી,' 'ભૈરવી,' 'રક્તદંતી': આ સંપ્રદાયનાં દેવદેવીનાં સ્વરુપનાં ખ્યાલ આપી તેમની ઉપાસનાની વિશિષ્ટતા બતાવે છે. અજ્ઞાન અને જેને આ કાલમાં ભાગ્યેજ અનાર્ય કહેવાય તેવા—અસંસ્કારી—વર્ગમાં લિંગપૂજા ને વિલાસમહોત્સવો પુર જોશમાં ચાલતાં હશે.

(૩)

જનમેજયથી માંડીને તે બૌદ્ધકાલ શરુ થયો, ત્યાં સુધી શિવ ને શક્તિને માનનારાઓના સામાન્ય રીતે બે વિભાગ પડ્યા. સંસ્કારી જનો શિવ ને શક્તિની ક્યાં તો ઉપાસના કરતા કે ક્યાં તો તે ઉપાસનામાં તત્વજ્ઞાનના સિદ્ધાંતોનું આરોપણ કરતા. અને અસંસ્કારી જનો તે ઉપાસનાની ભયંકર ક્રિયામાં, લિંગપૂજા ને વિલાસમહોત્સવોમાં, મોક્ષ શોધ્યા કરતા.

---

૧ મહાભારતઃ શાંતિપર્વ, અ. ૩૪૯. શ્લોક ૬૪, ૬૬.

આ ભેદ અત્યાર સુધી ચાલ્યો આવ્યો છે. ઉચ્ચમાં ઉચ્ચ સંસ્કારવાળા બ્રાહ્મણો વેદાંતના અભ્યાસ ને યમનિયમાદિના આચરણ સાથે શિવની ઉપાસના કરતા આવ્યા છે. આ ઉપાસનાથી કેટલાક સાહિત્યકો ઉપાસનાનું મિશ્ર ભક્તિસાહિત્ય લખવા પ્રેરાયા છે. લિંગપૂજા ને વિલાસમહોત્સવોની શોભા વગરનો આ શૈવ મત ઉદાર ને પ્રોત્સાહક સંપ્રદાય બની રહ્યો છે. અને જે પૂજ્યભાવ ઇંદ્રિ તરફ વૈદિક આર્યોનાં અંતરમાં હતો તેવા નિર્મલ પૂજ્યભાવથી હીંદના સંસ્કારી સમૂહો ઉગ્ર પણ પ્રેમાળ, ભયંકર છતાં ભોળા કૈલાસવાસી–શિવ–ની ઉપાસના કરે છે. આગળ કહ્યું તેમ શંકર જોડે સખ્ય કે વાત્સલ્ય સાધવું અશક્ય છે, તો માધુર્ય બને જ કેમ? એટલે શુદ્ધ ભક્તિ આ સંપ્રદાયમાં ઉદ્‌ભવી જ નથી.

શાક્ત મત શૈવ જેટલો પણ વિશુદ્ધ થયો નહીં. અને અસંસ્કારી, અભણ, વહેમી કે ક્રૂર લોકસમૂહો, શૈવ ને શાક્ત સંપ્રદાયમાં પુરુષમેધ, ચરકપૂજા, વામમાર્ગ, તાંત્રિક સંપ્રદાય, કાંચળીયા પંથ વગેરેની ક્રિયાઓનો આજ સુધી સમાવેશ કરતા આવ્યા છે. આ બધા પંથોમાં માત્ર ભક્તિસંપ્રદાયનું પહેલું ને બીજું સ્વરુપ–લિંગપૂજા ને વિલાસમહોત્સવો–ક્ષુદ્ર સ્વરુપે નજરે ચઢે છે.

" શિવમાર્ગીઓ, શાક્તો, અને પ્રજન શક્તિના ઉપાસકોએ આ અનાર્ય પંથોમાં રહસ્યસૂચક મૂર્તિઓ દાખલ કરી તેને આધ્યાત્મિક સ્વરૂપ આપ્યું છે. ઉતરતી પંક્તિના શિવમાર્ગીઓના માંસાહાર અને રક્તપૂજાના રીતરીવાજો આર્ય કરતાં અનાર્ય રીતિઓને વધારે અનુસરે છે.

" દક્ષિણમાં માર્ગી ભક્તો રક્તનું બલિદાન કરે છે, તે સિવાય બીજી રીતે આર્યોની જ ક્રિયાઓ આચરે છે. તેમનાં તંત્રો અથવા ધર્મપુસ્તકોમાં મોટે ભાગે શિવ પાર્વતીના સંવાદોજ છે. તેમાં ભગવાન શિવ પાર્વતીને પ્રાર્થના અને ધર્મક્રિયાનાં યોગ્ય સ્વરૂપો સમજાવે છે.

"પણ વામાચારીઓની પૂજામાં મંત્રજાપ, વિષયાસક્તિ, અત્યાહાર, મદ્યપાન, અને રક્તની પંચવિધ ક્રિયાઓ દાખલ થયેલી છે. ઉચ્ચ વર્ણના હીંદુઓમાં નિષિદ્ધ મદ્યમાંસનો આ વામીઓમાં છુટથી ઉપયોગ થાય છે, અને તેથી તેમની આ ગુપ્ત ને વિકૃત પૂજનવિધિની ઉત્પત્તિ અનાર્યોમાંથીજ થયેલી છે એમ માની શકાય. અને અનેક પતિ કરવાના અને કન્યાહરણ કરીને લગ્ન કરવાના અનાર્ય રીવાજોના અવશેષરૂપ અનેક સ્ત્રીઓનો સહવાસ રાખવાની પદ્ધતિથી પણ આજ હકીકત પુરવાર થાય છે. શૈવ સંપ્રદાયના કાંચળીયાપંથીઓ તો અનેક સ્ત્રીઓનો સહવાસ કેળવવાનું ફરજીઆત કરાવે છે, એટલું જ નહીં પણ વ્યક્તિગત પસંદગી થતી અટકવાને પગલાં લે છે અને આમ કેવળ દૈવને આધીનજ આ વસ્તુ રાખે છે. તેમના ગુપ્ત વિલાસોને પણ ધાર્મિક સ્વરૂપ આપવામાં આવે છે, અને જે એમાં પોતાની વિષયલાલસા સંતાપવાના ઉદ્દેશથીજ ભાગ લે છે તેને દેવી અચૂક શિક્ષા કરશે એમ તેઓ માને છે."[૧]

આ સંપ્રદાયોએ ભક્તિસાહિત્ય પ્રગટાવ્યું હોય તો પ્રગટ રહ્યું નથી એજ ભાવિ જનતાનું સદ્ભાગ્ય લેખાય.

આ પ્રમાણે અનાર્યના દેવ શિવનો પ્રભાવ અનાદિકાલથી ભારતના લોકો પર ચાલ્યો આવ્યો છે. આર્યોએ તેમને રુદ્રસ્વરૂપે સ્વીકાર્યા; ભારતકાળમાં આર્યોના દેવોનું સ્થાન ધીમે ધીમે તેમણે લીધું. મહાભારતમાં પરશુરામથી અશ્વત્થામા સુધી દરેક વીરના અધિષ્ઠાતા તેજ બન્યા. બુદ્ધની મોહિનીને વશ થયેલા હીંદીઓ પણ તેને ભુલી શક્યા નહીં. મહાયાન બૌદ્ધમત્ત ધીમે ધીમે તેનું સામ્રાજ્ય સ્વીકારતો ગયો. વિષ્ણુની વધતી જતી ઉપાસનાથી પણ તેનું આકર્ષણ ઘટ્યું નહીં. ગોપીવલ્લભની ભક્તિથી પણ તેનું સ્થાન ડગ્યું નહીં. વેદાંતે તેનું પરમપદ સ્વીકાર્યું. અને હીંદી સંસ્કારના સંરક્ષક ને પ્રસારક એવા

૧ Imperial Gazetteer Vol. VI, p. 214.

બ્રાહ્મણોએ તેને પૂજ્યભાવનો અર્ઘ્ય આપવાનું યુગો થયાં કાયમ રાખ્યું છે. વેદાંતીથી દુષ્ટ અઘોરી સુધીના બધા શિવપૂજક હીંદુઓમાં આ પૂજ્યભાવે એકતાનતા આણી, અને એ બધા સંપ્રદાયો એકજ ધર્મનાં નાનાં મોટાં પગથીયાં છે એવું રૂપ બન્યું.

અને તેજ પ્રમાણે માતૃમૂલ સંસ્કૃતિ સેવતા અનાર્યોની શક્તિપૂજા શૈવમતની સહચારી બની, ઠેકઠેકાણે લોકોના ભય અને ઉપાસનાની પાત્ર બની છે.

આ બંને મત શુદ્ધ ભક્તિને પ્રેરી શક્યાં નથી એટલે તેના વિકાસનો ઇતિહાસ ભક્તિસાહિત્યને ઘણો ઉપયોગી નથી.

( ૩ )

હીંદમાં ભક્તિના વિકાસનો અભ્યાસ કરવા માટે અનાર્યોના ઉગ્ર દેવ શિવની કારકીર્દી કરતાં આર્યોના સૌમ્ય દેવ વિષ્ણુની કારકીર્દી વધારે ઉપયોગી છે.

ઋગ્વેદમાં વિષ્ણુ નાના દેવોમાંના એક છે. મહાન ઇંદ્રના સહચારી 'ગિરિષ્ઠ' છે–પર્વત પર રહે છે. 'એવયાવન'–ઝપાટાબંધ જનાર છે. 'ઉરુગાય' છે–વિશાળતામાં જાય છે. 'ત્રિવિક્રમ' છે–ત્રણ પગલં માંડે છે અને ત્રીજે ડગલે 'પક્ષીઓ જ્યાં ન ઉડે' ત્યાં પહોંચે છે અને ઉંચામાં ઉંચું સ્થાન–વિષ્ણુપદ–એ સાચવે છે. ઇંદ્રની જોડે રહી આપણે માટે સૃષ્ટિઓ સરજી રહે છે, ને તે સૂર્ય, ઉષા ને અગ્નિ પેદા કરે છે.[૧]

ખરા દેવાધિદેવ–જેનાં ઘણાં લક્ષણો વિષ્ણુને પાછળથી આપવામાં આવ્યાં છે તે–તો વરુણ. સૂર્ય તેની આંખ છે; વ્યોમમાં તેનો વાસ છે. તે विश्वस्य भुवनस्य राजा છે. તે દેવ અસુર ને મર્ત્યોનો રાજા

૧ ઋગ્વેદ, ૬. ૧. ૧૫૪ ને ૧૫૫; ૬. ૬૯; ૭. ૯૯.

છે.[1] ત્રણ સ્વર્ગ ને ત્રણ પૃથ્વી તેનામાં રહેલી છે.[2] તેનાં વ્રત નિશ્ચલ છે. તે સર્વજ્ઞ છે.[3] તે સર્વશક્તિમાન છે. પાપીઓને તે પાશથી બાંધે છે ને માફ કરે છે. આ પ્રમાણે વરુણ લગભગ ઈશ્વરને સિંહાસને બીરાજે છે.

નારાયણ ઋષિના રચેલા સુવિખ્યાત પુરુષસૂક્તમાં 'સહસ્રશીર્ષ' 'સહસ્રાક્ષ' પુરુષની-વિરાટ સ્વરુપની-કલ્પના છે.[4] સવિતા ને પ્રજાપતિ બધી વસ્તુનો સ્રષ્ટા છે.[5]

પણ બ્રાહ્મણો રચાયાં તે સમયમાં બધા વૈદિક દેવોમાં વિષ્ણુએ વરુણ, સવિતા ને પ્રજાપતિનો પ્રભાવ પામી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વિષ્ણુ-યજ્ઞપુરુષ-યજ્ઞનું રહસ્ય સમજી દેવોમાં શ્રેષ્ઠપદ પામ્યા.[6] ઐતરીય બ્રાહ્મણમાં લખ્યું છે: અગ્નિ બધામાં કનિષ્ઠ ને વિષ્ણુ શ્રેષ્ઠ દેવ છે, એ બંને વચ્ચે બધા દેવો આવે છે.[7]

આ વિષ્ણુ બધા દેવોમાં શ્રેષ્ઠ બન્યા એટલે જુદા જુદા દેવો પર આરોપાએલાં લક્ષણો ધીમે ધીમે એકાગ્ર થયાં. વિષ્ણુનું માથું કાપ્યું ને તે સૂર્ય થઈ ગયું. સૂર્યે ચક્રનું સ્વરુપ લીધું. ઋગ્વેદમાં સૂર્યને પ્રિય એવું પંખી તે ગરુડ-'ગરુત્મત' ને 'સુપર્ણ'. સૂર્યે કૌસ્તુભ મણિનો ખ્યાલ પેદા કર્યો.[8]

---

૧ ઋ. ૫. ૮૫. ૩; ૨. ૨૭. ૧૦.

૨ ઋ. ૭. ૮૭. ૫.

૩ ઋ. ૧. ૨૪. ૨૫.

૪ ઋ. ૧૦. ૯૦.

૫ ઋ. ૪. ૫૩.

૬ શ. બ્રા. ૧૪.૧. ૧.

૭ अग्निर्वै देवानामवमो विष्णुः परमस्तदन्तरेण सर्वा अन्या देवताः।

૮ Macdonnells: Vedic Mythology p. 39.

ઋગ્વેદ પ્રમાણે ત્રણ ડગલે વિષ્ણુએ ઈંદ્રની જોડે રહી આપણા જીવન માટે સૃષ્ટિ વિસ્તારી.[1] એ ત્રણ ડગલે શતપથમાં, વિષ્ણુ વામન બની ઈંદ્રને માટે અસુરો પાસેથી સૃષ્ટિ છીનવી લે છે.[2] પુરાણમાં જ્યારે વિષ્ણુ ઈશ્વર થયા ત્યારે તેનો વામન અવતાર થયો.

ઋગ્વેદમાં ઈંદ્રથી પ્રોત્સાહન પામેલા વિષ્ણુ વરાહ–'એમુશ'–વૃત્રની ભેંસો લઈ જાય છે. ઈંદ્ર એ વરાહને મારે છે. તૈત્તિરીય સંહિતામાં ઈંદ્ર વરાહ–અસુરને મારે છે ને વિષ્ણુ તેનું માથું દેવોના યજ્ઞને માટે લઈ જાય છે. શતપથમાં, એ એમુશ પાણીમાંથી પૃથ્વીને ઉપર લઈ આવે છે. તૈત્તિરીય બ્રાહ્મણ આ વરાહને પ્રજાપતિ લેખે છે. પુરાણમાં આ વરાહ વિષ્ણુનો અવતાર બને છે.

આજ પ્રમાણે શતપથમાં જે મત્સ્ય મનુને પ્રલયમાંથી બચાવે છે તે મહાભારતમાં પ્રજાપતિ બને છે. શતપથમાં પ્રજાપતિ કૂર્મ બની પ્રજા પેદા કરે છે.

આ પ્રમાણે જુદી જુદી કલ્પનાઓ વિષ્ણુમાં કેંદ્ર થવા લાગી.

( ૪ )

જનમેજય પછીના સમયમાં વિષ્ણુ, નારાયણ, વાસુદેવ અને કૃષ્ણ એ બધી વ્યક્તિઓ વીશે માન્યતાના પ્રવાહો જુદા વહેતા હોય એમ લાગે છે. તે સમયમાં વિષ્ણુ નારાયણને એક પરમેશ્વર રુપે કેટલાક પુજવા લાગ્યા. પ્રજાપતિ દેવાધિદેવ વિષ્ણુ તે નારાયણ છે એમ તૈત્તિરીય આરણ્યક કહે છે. આ વિષ્ણુ નારાયણ 'ગરુત્મક'–ગરુડવાળા છે ને 'કેશવ' નામથી પણ ઓળખાય છે.[3]

નારાયણ નામના ઋષિને મહાભારત અનેક ઠેકાણે પૂજ્ય લેખે છે. અને શ્વેતદ્વીપમાં રહેતા પરમ પુરુષ તેને આ નારાયણની આદ્ય-

---

૧ ઋ. ૬. ૬૯.

૨ શ. બ્રા. ૧. ૨. ૫.

૩ બૌદ્ધાયન ધર્મસૂત્ર. ૨. ૫.

મૂર્તિ અને વિષ્ણુનો અવતાર માને છે. પઞ્ચરાત્રનો સંપ્રદાય આ નારાયણ ઋષિની ઉપાસના કરે છે.[૧]

મૂલ ભારતમાં શ્રીકૃષ્ણ પ્રતાપી નર હતા પણ દેવ નહોતા. વસુદેવના પુત્ર કૃષ્ણે વાસુદેવ બીરુદ ધારણ કર્યું. અને પોતાના પ્રતાપથી તે બીરુદને પૂજ્ય બનાવ્યું, અને બીજા કોઈને તે નામ ધારણ કરવાની જોરજુલમથી મનાઇ કરી. આ કૃષ્ણ વાસુદેવને રાજસૂય યજ્ઞ વખતે પુરુષોત્તમ તરીકે અર્ધ્ય અપાયો.

ભારતકાળ પછીના સમયમાં આ પ્રવાહો મળી ગયા. શ્રી કૃષ્ણ નારાયણ થયા. નારાયણ વાસુદેવ તેજ કૃષ્ણ વાસુદેવ; નારાયણ તેજ કૃષ્ણ; વિષ્ણુ તેજ કૃષ્ણ; કૃષ્ણ તેજ વિષ્ણુના અંશ ને અવતારઃ—આમ ઝપાટાબંધ ઉત્ક્રાંતિ પામેલી માન્યતા લોકપ્રિય થઈ.

ગોચારક વૃષ્ણી અથવા સાત્વત જાતિ હતી તે યમુનાના તટ પર રહેતી અને તેમાં ભાગવત સંપ્રદાય પ્રચલિત હતો. આ જાતિમાં મથુરામાં કૃષ્ણ વાસુદેવ થયા તે લગભગ ઇ. સ. પૂર્વે ચોથી પાંચમી સદીથી ઇષ્ટદેવ મનાયા અને વૈદિક વિષ્ણુનાં લક્ષણો આકર્ષવા લાગ્યા. વિષ્ણુને ઋગ્વેદ 'ગોપા'[૨] કહે છે. તેને ત્યાં ભૂરિશૃંગ ગાયો છે.[૩] એ યુવક છે.[૪] તે શંબરને મારનાર છે.[૫] દામોદર ને ગોવિંદ છે.[૬] આ કાળમાં વિષ્ણુની આવી અનેક વિશિષ્ટતા કૃષ્ણની દંતકથામાં વણાવા લાગી. વૃષ્ણીઓએ તેને ગોપાલ તરીકે પૂજવા માંડયા હોય તેમાં શી નવાઈ?

---

૧ મહાભારત ! નારાયણીય પર્વ.

૨ ઋ. ૧. ૨૨. ૧૮.

૩ ઋ. ૧. ૧૫૪. ૬.

૪ ઋ. ૧. ૧૫૫. ૬.

૫ ઋ. ૭. ૯૯. ૫.

૬ બૌદ્ધાયન ધર્મસૂત્ર, ૨. ૪. ૨૪.

વૈદિક વિષ્ણુમાંથી યાદવ કૃષ્ણ પ્રગટ્યા. બધા દેવોનું આધિપત્ય વિષ્ણુએ લીધું હતું તે કૃષ્ણને મળ્યું. વિષ્ણુનાં જુદાં જુદાં સ્વરુપો હતાં તે કૃષ્ણના પૂર્વ અવતાર થયા. વાસુદેવપૂજાએ ધર્મમાં અગત્યનું સ્થાન લેવા માંડ્યું.[૧]

પાણિનીના સમયમાં (ઇ. સ. પૂર્વે ૬૦૦ થી ૪૦૦) વાસુદેવની પૂજાનો સંપ્રદાય પ્રચલિત હતો. તે 'વાસુદેવક'–વાસુદેવના ભક્તનો ઉલ્લેખ કરે છે. બૌદ્ધ ને જૈન સાહિત્યમાં ( ઇ. સ. પૂર્વે ૪૦૦ થી ૨૦૦) પણ તેનો ઉલ્લેખ જડે છે. ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં ગ્રીક રાજાનો એલચી હેલીઓડોર, જે ભાગવત ધર્મ પાળતો હતો તેને, વાસુદેવની પૂજા કરવા એક ગરુડધ્વજ ચઢાવતો જોઇએ છીએ. ઇ. સ. પૂર્વે બીજા સૈકા પહેલાં 'દેવ દેવ વાસુદેવ'નો ભાગવત સંપ્રદાય ચારે તરફ પ્રસર્યો હોય એમ લાગે છે. ગીતાના કર્તાએ ( ઇ. સ. પૂર્વે ૩૦૦થી ઇ. સ. ૧૦૦ ) એના મુખમાં ઉપદેશ મુકી એને પુરેપુરું દેવત્વ અર્પ્યું. ભાષ્યકાર પતંજલિએ વાસુદેવને–ભાગવતને 'કેશવ' કહ્યા.

શાંતિપર્વ જયારે લખાયું ત્યારે દેવકીસુત કૃષ્ણ તેજ વિષ્ણુ, અને તેનીજ ઉપાસના તે ભાગવત, સાત્ત્વત, એકાંતિક, ને પાંચ્ચરાત્ર સંપ્રદાયનું મૂળ એમ નક્કી થઇ ગયું. શ્રીકૃષ્ણ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ એ ચારે મળી થયેલા વ્યૂહની પૂજા પણ એ સંપ્રદાયોએ સ્વીકારી. વિષ્ણુ અવતાર પૂજ્ય ને ઉપાસના યોગ્યજ હતો પણ તેના પર હજુ માનવનાં સામાન્ય લક્ષણો આરોપવામાં આવ્યાં નહોતાં.

ઇસ્વી સનની શરુઆતમાં ભાગવત સંપ્રદાય મહારાષ્ટ્ર સુધી પ્રસર્યો અને કૃષ્ણ અને સંકર્ષણ વિષ્ણુના મુખ્ય અવતાર તરીકે

---

૧ જુઓ Rai Chaudhari: Early History of the Vaisnava Sect.

પુજાવા લાગ્યા હતા.[1] ઉત્તર હીંદમાં કુશાન રાજાઓ (ઇ. સ. ૪૫ –૨૨૫) નું શિવ ને બુદ્ધ તરફ વલણ હોવાથી ત્યાં ભાગવતધર્મને સ્થાન મળ્યું દેખાતું નથી.

( ૫ )

તારીખ ૨૬ મી ફેબ્રુઆરી ઇ. સ. ૩૨૦ ને દિવસે મહાભાગવત ચંદ્રગુપ્ત પાટલીપુત્રના મહારાજાધિરાજ થયા ને ગુપ્ત સામ્રાજ્યનો સુવર્ણમય યુગ શરુ થયો. હીંદુઓની કીર્તિનો પ્રતાપ સોળે કળાએ તપવા લાગ્યો. સંસ્કૃત સાહિત્ય સહસ્રદલકમલની માફક ખીલ્યું. ભાગવતધર્મ રાજધર્મ થયો. વિષ્ણુની ઉપાસનાનો મધ્યાન્હ થયો, અને આર્યોના વિષ્ણુએ નારાયણ વાસુદેવનું સ્વરુપ લીધું હતું. તે 'ગરુડકેતુ,' 'મુરારિ,' 'ચતુર્ભુજ,' 'ચક્રગદાધર,' 'નારાયણ,' 'ગોવિંદ,' 'ચક્રભૃત્,' રુપે આખા હીંદમાં ઉપાસ્ય દેવ બની રહ્યા, અને તેની સ્ત્રી લક્ષ્મી ઉપાસ્ય દેવી બની તેની સાથે બીરાજી. વામન, નરસિંહ, વરાહ, નરનારાયણ, અનંત નારાયણ, બલરામ ને કૃષ્ણ અને ઘણે ભાગે લક્ષ્મીનારાયણનાં મંદિરો આખા દેશમાં બંધાવા માંડ્યાં.

વાસુદેવને લક્ષ્મી સહિત ભજવામાં તેના જોડીયાઓ સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ વીસરાઈ ગયા. કૃષ્ણ વિષ્ણુના આઠમા અવતાર તરીકે પૂજાતાં એક ઈશ્વરના દસ અવતારોની માન્યતા લોકપ્રિય થઈ. સાહિત્યકારોએ શ્રીકૃષ્ણની કીર્તિ અમર કરી. તેને દૈવી સ્થાન આપવા મહાભારતમાં ફેરફારો થયા. હરિવંશ, વાયુ, વિષ્ણુ, મત્સ્ય ને બ્રહ્માંડ પુરાણ રચાયાં. શ્રીકૃષ્ણની ઉપાસનામાંજ સાહિત્યે સાર્થકતા માની.[2]

આ સમયમાં ભાગવતધર્મ ઘણે ભાગે ઉપાસનામય હતો. એમાં શુદ્ધ ભક્તિનો અંશ ઝાઝો નહોતો. લક્ષ્મી જોડે રહી વિહાર કરનાર ચક્રધારી વિષ્ણુમાં મોહકતા તો હતી. અને હરિવંશ ને વિષ્ણુ-

૧ નાનાઘાટનો શિલાલેખ; Vol. X. Epp. Ind. app. 121.
૨ Vincent Smith: Early History of India.

પુરાણે તેના જીવનમાં રંગ પુર્યા. એના તરફ પૂજ્યભાવ હતો, પ્રણય નહોતો. એનામાં પ્રણય મેળવવાની યોગ્યતા તો હતી જ; પરિણામે ભાગવતધર્મ કરતાં ભગવાન પોતે લોકોની કલ્પનામાં રમી રહ્યા.

છઠ્ઠા સૈકામાં ગુપ્તોની સત્તા ગઈ અને ઇ. સ. ૬૦૬ માં શ્રીહર્ષે સામ્રાજ્ય સ્થાપ્યું. શ્રીહર્ષ શિવ ને બુદ્ધ બેને પુજતા.

વાસુદેવ સંપ્રદાયની મુખ્ય હકીકત શાંતિપર્વ, ભગવદ્‌ગીતા, સાત્વત અને અહિર્બુધ્ન્ય આદિ પાઞ્ચરાત્ર સંપ્રદાયની સંહિતાઓમાં મળે છે. શંકરાચાર્યે એ સંપ્રદાયની વિધિનું બ્રહ્મસૂત્રપર લખેલી ટીકામાં આ પ્રમાણે વર્ણન આપ્યું છેઃ “ચતુર્વ્યૂહાત્મક ભગવાન વાસુદેવરૂપ પરબ્રહ્મની પૂજાનો વિધિ પાંચ પ્રકારનો છે. અભિગમન (દેવ મંદિરે મન, વચન, કર્મ દેવમાંજ રાખીને જવું), ઉપાદાન (પુજાની સામગ્રી એકઠી કરવી), ઇજ્યા, સ્વાધ્યાય (મંત્રનો જપ) અને યોગ. આ રીતે પાંચે પ્રકારથી ૧૦૦ વર્ષ સુધી ભગવાનને ભજવાથી ભક્ત સર્વ પાપોથી છુટીને ભગવાનને પ્રાપ્ત થાય છે.”

આ પાંઞ્ચરાત્ર વૈષ્ણવ સંપ્રદાયનું મૂલ છે. મૂર્તિપૂજા, ઊર્ધ્વપુંડ્ર (ટીલું) અને પ્રપત્તિનો સિદ્ધાંત અસલ આ સંપ્રદાયનાં લક્ષણ હતાં. અને દ્રવિડના અલવારો અને યમુનાચાર્ય અને રામાનુજે એનેજ આધારે વૈષ્ણવ મતને ઘડ્યો. પ્રપત્તિથી આત્મા પરમાત્મા જોડે ઐક્ય સાધી શકે છે અને તે સાંખ્ય અને યોગના જેવીજ પ્રબળ સાધના છે, આ વિચારોમાંજ શુદ્ધ ભક્તિનું બીજ છે.

( ૬ )

ઇ. સ. ૬૪૮ માં શ્રીહર્ષ ગુજરી ગયા, ને હીંદુ સામ્રાજ્ય રચવાનો મહા પ્રયોગ નિષ્ફલ ગયો. આર્યાવર્તને એકતારે બાંધતું બળ અદ્દષ્ટ થયું. નાનાં નાનાં રાજ્યો પેદા થયાં, એક બીજાનો ધ્વંસ સાધવા લાગ્યાં. અને ઝીણી ઝીણી ઇર્ષ્યાઓ સંતોષવામાં બધાં શક્તિ

ને સમૃદ્ધિનો વિનાશ કરવા બેઠાં. 'આ લાંબા સમયનો ઇતિહાસ, સમગ્ર દૃષ્ટિએ જોતાં, રાજ્યતંત્ર ને સાહિત્ય, ધર્મ ને મંદિરના સ્થાપત્ય સિવાયની કલાની અધમતા ને અધઃપતનની શોકજનક કથા છે.[૧]

આ દશામાં સ્વાધીનતા સાચવવી અશક્ય હતી. ઇ. સ. ૭૧૨ માં આરબોએ સીંધ લીધું. ૯૮૬–૮૭ માં સબક્તગીન ગીઝનીએ હીંદ પર પહેલો હુમલો કર્યો. ઉદ્ધારના પ્રયત્નો થયા પણ નકામા ગયા.

ઇ. સ. ૭૮૮ માં શંકરાચાર્ય જન્મ્યા ને ઇ. સ. ૮૨૦માં[૨] તેણે સંન્યસ્ત લીધું. રાષ્ટ્રીય ધર્મ પ્રવર્તાવી ધાર્મિક ઐક્ય કરવાનો તેણે અખતરો કર્યો અને હીંદુ સંપ્રદાયોને વિશુદ્ધ કરી તેને વેદાંતનો કલશ ચઢાવ્યો. જીવન બધું માયા છે એ માન્યતા વિદ્વાનોમાં પ્રસરી, અને દુઃખદ સંસાર સુધારવા કરતાં તેને વિસરવાના પ્રયાસો આરંભાયા.

આ સમયમાં બુદ્ધનો પવિત્ર સંપ્રદાય અધમમાં અધમ દશાએ પહોંચ્યો હતો. ઘણે ભાગે તેણે તાંત્રિક સ્વરુપ પકડ્યું હતું. તેણે ન્યાતો તોડી નાંખી હતી; લગ્નની પવિત્રતા કૈં રાખી નહોતી; નીતિની કૈં પરવા કરી નહોતી. વિહારોમાં ભિક્ષુઓ ને સાધ્વીઓ સ્વછંદ વિહાર કરતાં હતાં અને બૌદ્ધ પંડિતો વામાચાર્ય થયા હતા.[૩]

ઇ. સ. ૯૦૦ને આશરે મેધાતિથિએ મનુસ્મૃતિ પર ટીકા લખી. આ ઉપરાંત નાની સ્મૃતિઓ પણ લખાવા માંડી. આ બળ આખરે વિજ્ઞાનેશ્વરે (આશરે ઇ. સ. ૧૦૭૬ થી ૧૧૨૭) મીતાક્ષર લખી સશક્ત કર્યું. સંયુક્ત કુટુંબ ને સંકુચિત લગ્નવ્યવહારને નિશ્ચિત સ્વરુપ આપી સામાજિક બંધનોને સુદૃઢ કરવાનો તેણે પ્રયત્ન કર્યો.

શંકરે એક રાષ્ટ્રધર્મ પ્રવર્તાવ્યો અને વિજ્ઞાનેશ્વરે એક રાષ્ટ્ર-

૧. Vincent Smith: Early History of India.

૨. Macdonell: Sanskrit Literature.

૩. Seon: History of Bengali Language & Literature; ch. 1, 2.

જીવન યોજ્યું. બંનેએ હીંદમાં સાંસ્કારિક વ્યવસ્થા પ્રસારી. શંકરના પ્રયત્નથી પ્રવૃત્તિ તરફ અણગમો પ્રગટયો. સ્મૃતિકારના પ્રયત્નથી આચાર નિશ્ચલ થવા લાગ્યો.

ગુપ્ત કાલમાં સંસ્કૃત સાહિત્યને જે પ્રોત્સાહન મળ્યું હતું તે જતું રહ્યું. સાહિત્યમાં પંડિતાઇનું સામ્રાજ્ય થયું. પંડિતોએ તેને પ્રણાલિકાબદ્ધ કર્યું. હરિષેણ, દંડી, સુબંધુ ને બાણે જડ ગદ્ય પેદા કર્યું ( ઈ. સ. ૬૫૧ ). ભટ્ટીકાવ્ય, કિરાતાર્જુનીય ( ઇ. સ. ૬૩૪ ), ગુજરાતી માઘનું 'શિશુપાલવધ' ( ૯ મી સદી ), કૃત્રિમતાની અવધિ કરતું 'રાઘવ પાંડવીય' ( ઇ. સ. ૮૦૦ ) વધતી જતી જડતાની ને પંડિતાઈના આડંબરની સાક્ષી પુરે છે.

( ૭ )

રાજકીય અંધાધુંધી અને માનસિક નિર્બલતા; સામાજિક અરાજકતા અને સમાજમાં વ્યવસ્થા આણવાની ભગીરથ મહેનત; ધાર્મિક એકતા પાછળ મથામણ અને જીવનમાંથી અદૃષ્ટ થતી વીરતા ને ઉત્સાહ; વધી પડેલી જ્ઞાનલિપ્સા ને જીવનસંગ્રામ તરફ ઉદાસીનતા; આડંબરી પંડિતાઈની જડ પ્રણાલિકા અને સાહિત્યની અવદશાઃ આવાં આવાં અનેક લક્ષણોથી દયાજનક બનેલી દશામાં આર્યાવર્તના સંસ્કારી આત્માએ દુર્ભાગ્ય ભુલવા, શુષ્કતામાંથી પણ સુમધુર, દૈવી ઉર્મિગીતનો મોહક ધ્વનિ કાઢયો, સર્વાંગ સુંદર એવી એક કલ્પનામૂર્તિ સરજી અને એક રસઝરણું ઝરવા દીધું. એ ધ્વાન તે શ્રીમદ્‌ભાગવત–એ મૂર્તિ તે રાધિકાજી–એ રસપ્રવાહ તે શુદ્ધ ભક્તિ.

મથુરા પ્રદેશના ગોચારકો, વાસુદેવપૂજા કરતાં, ગોપાલ કૃષ્ણની દંતકથાઓ સંઘરવાનું ને સમારવાનું કામ તો પહેલેથી કરતા હતા અને તેને પરિણામે ગામડીઆઓનાં ગીતો ને રાસોમાં કૃષ્ણની લીલા પ્રિય થઈ પડી હતી. મહાભાગવત ગુપ્તોએ શ્રીકૃષ્ણને દેવાધિદેવ બનાવી સાર્વભૌમ મહત્તા આપી હતી. મહાભારતના સુધારા વધારાએ તેમજ હરિવંશ

ને વિષ્ણુપુરાણે સર્વે દિશામાં પ્રેરણા પ્રસારતા પુરાણીઓ અને સાહિત્યવિલાસી શિષ્ટ વર્ગમાં એને અનુપમ સ્થાન આપ્યું હતું. આમ ગ્રામ્ય હૃદયનો ભાવ ને કલામુગ્ધ અંતરની રસિકતા બંનેનું કેંદ્ર તેની જીવનકથા બની અને સ્થલે સ્થલે કૃષ્ણલીલાના અમૃતની લાણ થવા માંડી હતી.

આઠથી દસમા સૈકા સુધીમાં ભાગવત સંપ્રદાય અસ્ત થતો હતો છતાં કાશી, મિથિલા, મથુરામાં વસતા સંસ્કૃત ને પ્રાકૃત સાહિત્યકોએ શ્રીકૃષ્ણ વાસુદેવને સાહિત્યમાં રસનિધિનું સ્થાન આપવા માંડયું. એનો દૈવી પ્રભાવ વિસારી એનું રસિક જીવન તેમણે નવે રંગે મઢવા માંડયું અને શિષ્ટ સાહિત્ય અને લોકકથાના એને નાયક બનાવ્યા.

રસસાહિત્ય માત્ર નાયકથી કે પરિણિતા નાયિકાથી સમૃદ્ધ ન થાય–તેને રસઘેલી પ્રિયતમા જોઈએ. આ કારણથી આ કલાકારોએ લક્ષ્મીને વીસારે મુકી રાધા સરજાવી. પભોસાની ગુફામાં એક શિલ્પી-ના ચિત્ર નીચે આઠમા શતકનો લેખ છે: "શ્રી કૃષ્ણ અને દુધવાળી ગોપીઓની મૂર્તિઓ બનાવનાર."[૧] આઠમી સદીનાં શપ્તશતી ને ગૌડ-વહો કાવ્યમાં અને નવમી સદીમાં રચાયેલા ધ્વન્યાલોકમાં રાધાકૃષ્ણ-ના પ્રેમનું વર્ણન છે, અને ઇ. સ. ૯૮૦ ના અમોઘવર્ષ દેવના શાસનપત્રમાં રાધા પહેલી વાર દેખાય છે. એટલે બે ત્રણ સૈકા પહેલાં તે સર્જાઈ હોય તો નવાઈ નહીં.

પ્રજાએ રાધાકૃષ્ણની કાલ્પનિક જોડીને, સુકા રણમાં, લીલી વેલ હોય એમ, આવકાર આપ્યો. પંડિતોની સર્જકતા-માં ચેતન આવ્યું. પ્રાકૃત કવિઓમાં રસ પ્રગટયો. સામાન્ય સ્ત્રી પુરૂષો આ પ્રણયકથા સાંભળી ઉલ્લાસ અનુભવવા લાગ્યાં. કાલ્પનિક

૧. Epi. Ind. Vol. II p. 482.

વિગતોથી સમૃદ્ધ બનેલા એક પુરુષ અને તેની કાલ્પનિક પ્રિયતમા બંનેએ આખા ભરતખંડની પ્રજાના હૃદય પર, રસિકતા પર, ને જીવન પર સ્વામીત્વ મેળવ્યું.

( ૮ )

આ સમયમાં એક નનામો મહાકવિ થયો. તેણે કૃષ્ણલીલાનાં ગાનો સાંભળ્યાં. હરિવંશ ને વિષ્ણુપુરાણની પ્રેરણા લીધી, અને લોકહૃદયોર્મિના સત્વ સરખું એક કાવ્ય રચ્યું. તેની શિષ્ટતાએ લોકપ્રિય વસ્તુને અપૂર્વતા અર્પી. જે પરિપાક હતો તે નવિન સૃષ્ટિનું મૂલ બન્યું. પ્રયાણનો અંત નવપ્રયાણનું સીમાચિન્હ થઈ રહ્યું. આમ ભાગવત પ્રગટયું.

એ દસમા શતકમાં રચાયું એમ કેટલાક માને છે;[1] પણ એથી પણ સો બસેં વર્ષે જુનું હોય એમ લાગે છે. ત્યારે ભાગવતમાં રાધા કેમ નથી? ભાગવતના કર્તાએ શિષ્ટતા સાચવવા જુનાં પુરાણોમાં ન જણાતી રાધાને વિસારી દીધી કે શું?

ધાર્મિક દૃષ્ટિએ એ એક સીમાચિન્હ છે. એમાં ચાર બલ કેંદ્રસ્થ થયાં છેઃ શુદ્ધભક્તિ, ઉપાસનાવૃત્તિ, પૌરાણિકબળ અને કલા. ભક્તિ સિવાયના ત્રણ બળોનું વિગતવાર વિવેચન આ લેખમાં અસ્થાને છે છતાં તેનું ટુંકું દર્શન જરૂરનું છે.

ઉપાસના વૃત્તિઓ ને શુદ્ધ કરી મનુષ્યમાત્રને આત્મનિરીક્ષણ ને ભાવનામયતાનાં મૂલ સમા પૂજ્યભાવથી પ્રેરે છે. શુદ્ધ ભક્તિએ ઉપાસનાના ક્ષેત્ર પર આક્રમણ કરવા માંડયું છતાં પણ તે પદભ્રષ્ટ થઈ નહીં. અને કેટલાક સંસ્કારી ને ઘણા અસંસ્કારી હૃદયો શુદ્ધ ભકિતનેજ ધર્મ માનવા લાગ્યા ત્યારે પણ ઘણા સંસ્કારીઓ એ વૃત્તિને પોષી રહ્યા. દરેક પ્રકારના ધાર્મિક સાહિત્યમાં,

1 C. V. Vaidya: Date of Bhagvat Purana 1. 1. 1925 J. B. B. R. A. S. (N. S.) 144.

ઉપનિષદોમાં ને ગીતામાં, મહાભારતમાં ને રામાયણમાં, હરિવંશમાં ને વિષ્ણુપુરાણમાં આ વૃત્તિ પ્રબળ હતી. અને આજ વૃત્તિથી સંપ્રદાયો અધમતા પ્રાપ્ત કરતા અટક્યા હતા. ભાગવતે આ ઉપાસનાવૃત્તિને ભક્તિનો ટેકો આપી તે હતી તેનાથી પણ મજબુત બનાવી. પરિણામે જ્યાં જ્યાં ભાગવતનો મહીમા પ્રસર્યો ત્યાં ત્યાં પૂજ્યભાવ પણ વધ્યો અને જેણે એનો ભક્તિનો મંત્ર ન ગ્રહ્યો તેણે એના ઉપાસનાનો સંદેશ ઝીલ્યો.

" બ્રાહ્મણે પ્રગટાવેલું ત્રીજું બલ પૌરાણિક કથાઓ છે. થોડેક અંશે ઐતિહાસિક, થોડેક અંશે ભાવનાત્મક, ઘણે અંશે રસિક એવા આ પાંચમા વેદના સાહિત્યે ઇતિહાસ, જીવન, ધર્મ ને સંસ્કાર ચારેને સજીવ રાખ્યાં, એટલુંજ નહીં પણ સંસ્કાર ને પરાજય બંનેને વીસરવાનું મુખ્ય સાધન પુરું પાડયું. આ સાહિત્યની મદદથી ઐતિહાસિક સાતત્ય પણ સચવાયું. ગમે તેવો પરદેશી રાજા સૂર્ય કે ચંદ્રવંશમાં સ્થાન પામ્યો. ગમે તેવા બ્રાહ્મણને પ્રાચીન ઋષિનું ગોત્ર પ્રાપ્ત થયું, અને ગમે તેવા વિપ્લવો થયા છતાં સમાજ ને સંસ્કૃતિ બંનેની એકતાનતા સચવાઈ. આ સાહિત્યે રચેલી પારદર્શકતાથી વેદકાલનું ને ભારતકાલનું જ અંગ ચાલુ જીવન હોય એવો ભાસ પેદા થયો."[1] ભાગવતે આ બલ મૂર્તિમાન કર્યું. પુરાણ એટલે ભાગવત એમ મનાયું. પ્રાકૃતની કીંમત થવા માંડી ત્યારે, ભાગવતની પ્રેરણાથી પ્રાકૃતમાં પુરાણો રચવામાં સાહિત્યકારો ગુંથાયા.

ચોથું બળ, શાશ્વત ને સર્વગ્રાહી તે સરસતાને મૂર્તિમાન કરનારી કલાનું, દુનીઆમાં મોટામાં મોટું, ઉન્નતિને સાધનારું બળ. આ બળ હંમેશાં ભાવનાત્મક અપૂર્વતા સરજાવવા મથે છે. ભાસ ને કાલિદાસ પછી અદૃષ્ટ થયેલી આ અપૂર્વતાને શબ્દોમાં ફરીથી સજીવન કરનાર ભાગવત. સાહિત્યની દૃષ્ટિએ એ શિષ્ટતાનું

૧ મુનશી: 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર'

સત્ત્વ છે. ઋગ્વેદ, શાંકુતલ ને મેઘદૂત સાથે દુનીઆના સાહિત્યમાં અગ્રગણ્ય સ્થાને છે. કલ્પનાના વૈભવમાં, વિલાસની સમૃદ્ધિમાં, ઉર્મિઓના વિશુદ્ધ પ્રાબલ્યમાં, ભાવનાની સૂક્ષ્મતામાં, સ્વરુપ અને શૈલીની અપૂર્વતામાં તેના કેટલાક વિભાગો મેઘદૂત ને એપીપ્સાઇકીડાયોન સાથે પ્રણયના સરસમાં સરસ કથનમાં લેખાય એવા છે. એનાથી શ્રીકૃષ્ણ વીર ને મુત્સદ્દી મટી રસનિધિ બાલગોપાલ, ગોપીજનવલ્લભ બની હીંદના ગુંગળાતા હૃદય પર અમી વર્ષાવી રહ્યા. એનો લેખક અપૂર્વ કલાકાર છે; એનો પ્રભાવ સચોટ છે, જે ઇચ્છે તે નાચ નચવી શકે એમ છે. ગોપીગીતથી આપણને ગોપી બનવાની પણ પ્રબળ ઇચ્છા પ્રેરે છે. માત્ર લેખક પોતે ગોપી બનતો નથી.

પુરાણસાહિત્યની પ્રણાલિકાને ઘણી વાર દૂર રાખી, ભાગવત-કથાનાં માનવ તત્ત્વોને સમૃદ્ધ કરે છે, મહેકાવે છે. પંડિતોના શુષ્ક ને કૃત્રિમ જમાનામાં રચાયા છતાં એ અંતરના ઉંડાણમાં પડઘા પાડે છે. બધાં પુરાણોમાં દેખાય છે તેમ એમાં શ્રી કૃષ્ણની ઉપાસના કરવાની વૃત્તિ દેખાય છે, અને છતાં એમાં વિષ્ણુ તરફ બીજા પુરાણ-માં દેખાય છે તેવી માત્ર ઉપાસકની દષ્ટિ નથી. કૃષ્ણ દેવ નથી પણ દેવોના પણ એક દેવ છે. છતાંએ દૂર રહેતા દેવ નથી પણ લાડકડા કહાન ને છોગાળા ગોપાલ છે. એ વિષ્ણુપુરાણના ઉપાસ્ય વિષ્ણુ, ભાગવતમાં કૃષ્ણ થઈ બહાર પડતાં, ગીતગોવિંદના મોહક રાધાવર બને છે.

ભાગવત ભક્તિનું મૂલ છે એ માન્યતા ભ્રમભરેલી છે. સાધારણ રીતે શિષ્ટ સાહિત્યની અમરકૃતિ પ્રચલિત ભાવોની નિર્માત્રી કરતાં પરિપાકરૂપ હોય છે. ભાગવતે એજ નિયમને આધીન થઈ પ્રચલિત ઉર્મિઓને અપૂર્વ કલાથી ઓપતું સ્વરૂપ આપી કૃષ્ણ-ભક્તિને શિષ્ટ બનાવી.

ભક્તિ, ઉપાસના, ઐતિહાસિક સાતત્ય ને સરસતા આ ચારે બળને આમ મૂર્તિમાન કરતું અદ્‌ભુત ભાગવત નવી સૃષ્ટિનો વેદ બને એમાં નવાઈ જેવું નથી.

(૯)

ઇ. સ. ૧૦૦૦ માં મથુરામાં પણ વાસુદેવપૂજા લોકપ્રિય હતી તેના પુરાવા તેનાં મંદિરોની સમૃદ્ધિથી મળે છે. મહમદ ગીઝનીના 'તારીખી જામીના' નામે જીવનચરિત્રમાં આ પ્રમાણે લખ્યું છે: "મથુરાના જેવા મહેલો અને મંદિરો બાંધવાની કોઈ બાદશાહ કદિ પણ કલ્પના કરે તો તેને હજારો સોનાના દ્રામનો ખર્ચ કરવો પડે. અને ૨૦૦ વરસ સુધી લાગલાગટ કામ કરવા છતાં પણ દુનીઆના સર્વોત્તમ શિલ્પીઓ અને કલાકારો આવું શહેર બાંધી શકે કે કેમ તે શંકાસ્પદ છે." ઇ. સ. ૧૦૧૮ માં આ બધી સમૃદ્ધિને મહમદે લુંટી, તેનાં અવશેષની રાખ કરી મુકી.

પણ દ્રવિડ દેશમાં શુદ્ધ ભક્તિનો પ્રારંભ થયો એમ માનવાને કારણ મળે છે. ત્યાં લિંગપૂજા હતી અને અનાર્ય સંપ્રદાયના વિલાસમહોત્સવો પણ થતા. પાંચ્ચરાત્ર સંપ્રદાય ત્યાં પ્રબલ હતો અને આર્યોની ઉપાસના તેને શુદ્ધ કરી રહી હતી. ઇ. સ. ના પહેલા સૈકા પહેલાં ત્યાં સંસ્કૃત સાહિત્ય અને ભાગવત ધર્મ પ્રસર્યા હતાં. ઇસુના સન પછી બસેં ચારસેં વર્ષ વિષ્ણુને સંકર્ષણનાં અનેક મંદિરો બંધાયાં ને તેની ઉપાસના અનેક ધર્મગુરુઓએ ત્યાં કરી.[૧] પછી દ્રવિડમાં બાર આલવાર–ભક્તો–થયા; અને તેમણે નારાયણની શુદ્ધ ભક્તિને પ્રબંધોમાં સ્થાન આપવા માંડયું. આ પ્રબંધો વૈષ્ણવ વેદ કહેવાય છે;[૨] એમાંના પાંચમા

૧. Kanaksabhi: The Tamils Eighteen Hundred years ago.

૨. सहस्रशाखोपनिषत्समागमम् द्राविडवेदसागरम्

—નાથમુનિ.

સતગોપનાં કાવ્યો ઘણાંજ વિખ્યાત છે. સાતમા આલવાર કુલશેખર રામભક્ત હતા. નવમા સ્ત્રીઆલવાર આંદાલ દ્રાવિડના મીરાંબાઈ ગણાય.[૧] છેલ્લા આલવાર તિરુમંગાઇ આશરે આઠમી સદીની અંતમાં થયાં,[૨] આ ઉપરથી શુદ્ધ ભક્તિનો ઉદ્‌ભવ દ્રવિડ દેશમાં લગભગ પાંચમા શતકમાં થયેલો માની શકાય.

આલવારો પછી દ્રવિડમાં આચાર્યો થયા. આલવરોની માફક તેઓ માત્ર શુદ્ધ ભક્તિથી વાસુદેવની પૂજા કરતા નહીં પણ તેની સાથે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો ઉપજાવવાનો પ્રયત્ન કરતા. નવમી સદીમાં નાથમુનિ આચાર્યે ન્યાયતત્ત્વ લખી વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કર્યું. એના પૌત્ર મહાન આચાર્ય યમુનાચાર્ય જે શ્રીરંગમાં આચાર્ય-સ્થાને હતા તે વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાંતોના આદ્ય પ્રવર્તક થયા. ઇ. સ. ૧૦૪૦ માં યમુનાચાર્ય ગુજરી ગયા ને પોતાની પૌત્રીના પુત્ર રામાનુજને પોતાની ગાદી પર બેસાડવાની આજ્ઞા કરી ગયા.

પ્રપત્તિનો સિદ્ધાંત—ઇશ્વરને આધીનજ રહેવું તે—જે વૈષ્ણવસંપ્રદાય-નો પાયો છે તે પણ આ આચાર્યે પહેલ વહેલો સ્પષ્ટ રીતે સ્વીકાર્યો. તત્ત્વજ્ઞાને પ્રપત્તિના સિદ્ધાંતદ્વારા શુદ્ધભક્તિને આદર આપ્યો

આચાર્ય રામાનુજે (ઇ. સ. ૧૦૨૭ થી ૧૧૩૭) પ્રપિતામહ યમુનાચાર્યના વિશિષ્ટાદ્વૈતને આલવારોની ભક્તિ સાથે ભેળવી. છતાં વિવેક, વિમોહ, અભ્યાસક્રિયા, દયા, અહિંસા, દાન અને અનવસાદને એ ભક્તિયોગનાં અંગ ગણ્યાં છે. એમની ભક્તિ શુદ્ધ સ્વરુપ સ્વીકારતાં અચકાય છે. એ વિષ્ણુને નારાયણરુપે ભજ્યા છે.

૧. Rai Chandhari: Early History of the Vaishnava Seot. p. 110.

૨. Elements of Hindu Iconography vol. 1 Pt. I. P. 57 Aiyangar : Ancient India p. 402.

ઈ. સ. ૧૧૫૦ ની આસપાસ તૈલંગણના નિંબાર્કે વૈષ્ણવ સંપ્રદાયનો દ્વૈતાદ્વૈતમત પ્રસાર્યો. એનું વલણ જ્ઞાનમાર્ગ તરફ વધારે છે છતાં રામાનુજ કરતાં નિંબાર્કની ભક્તિ વધારે શુદ્ધ કહી શકાય. રામાનુજની ભક્તિ ધ્યાનરુપ છે, નિંબાર્કની ભક્તિ કૈંક અંશે પ્રેમલક્ષણા છે. રામાનુજ શ્રી, ભૂ, ને લીલા સહિત નારાયણને ભજવાનું કહે છે; નિંબાર્ક રાધા સહિત કૃષ્ણને ભજવાનું કહે છે. " આ પરમદેવ કૃષ્ણના ડાબા અંગમાં આનંદથી વિરાજતી દેવી વૃષભાનુજા રાધાનું અમે સ્મરણ કરીએ છીએ. એ કૃષ્ણ જેવીજ સૌંદર્યવાળી, હજારો સખીઓથી વીંટાએલી અને સર્વ ઇષ્ટ કામનાઓને આપનારી છે. " ભગવાન તરફ દૈન્ય રાખવાથીજ ભક્તિ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાંતને મહત્ત્વ આપી ભક્તિ સંપ્રદાયના એક આદ્ય સ્થાપકનું સ્થાન નિંબાર્ક ભોગવે છે.

( ૧૦ )

આજ સમયમાં કર્ણાટકમાં મધ્વાચાર્ય થયા. એમના જન્મકાલ વિષે, ઇ. સ. ૧૧૦૩, ઇ. સ. ૧૧૧૮, ઇ. સ. ૧૧૯૯ અને ઇ. સ. ૧૨૩૮, એમ ચાર જુદા જુદા મતો છે.

મધ્વનું સ્થાન ભક્તિના ઇતિહાસમાં ઘણું મોટું છે. એ કર્ણાટકમાં કનારા જીલ્લામાં, ઉડીપી શહેરની બાજુમાં પજકક્ષેત્ર ગામમાં મધ્યગેહ નામના તુલુ બ્રાહ્મણને ત્યાં જન્મ્યા હતા. ઘણી નાની ઉમરે સંન્યસ્ત લઈ, તે અચ્યુત પ્રેક્ષ નામના વિદ્વાન, અદ્વૈત મતના આચાર્યના શિષ્ય થયા. તે સમયે શાંકરમતનું પ્રાબલ્ય હતું. મધ્વને એ મત ન રૂચ્યો. અજ્ઞાન અને દુઃખી મનુષ્યનો આત્મા સર્વવ્યાપી પરમાત્મા કેમ હોઈ શકે ? પછી તેમણે અદ્વૈતવાદીઓ જોડે વાદવિવાદ કર્યા; ગીતા આદિ અનેક પુસ્તકો ઉપર ટીકા લખી; આખા હિંદુસ્તાનમાં બે વાર શિષ્યો સાથે દિગ્વિજય કરી, પોતાનો મત પ્રસાર્યો; અને પોતાના અનુયાયીઓને વિશિષ્ટતા આપવા તેમને રૂદ્રાક્ષને બદલે તુળશીની માળા પહેરાવી.

મધ્વના સિદ્ધાંતો ઉપર ચૈતન્ય આદિના ભક્તિસંપ્રદાયો રચાયા છે; અને શાંકરમતનું ખંડન ઘણે ભાગે મધ્વ અને તેના અનુયાયીઓએ કર્યું છે. મધ્વના સિદ્ધાંતો નિચેના શ્લોકમાં ટુંકામાં આપવામાં આવ્યા છે.

'શ્રીમાન મધ્વના મત પ્રમાણે હરિ બધાથી શ્રેષ્ઠ છે. જગત સત્ય છે, અને આત્મા પરમાત્માનો ભેદ પણ સત્ય છે. જીવોનો આધાર હરિ પર છે, અને જીવોમાં ઉંચા ને નીચા જીવો હોય છે. મુક્તિ એટલે અંતરસુખનો અનુભવ; નિર્મળ ભક્તિ તે તેનું સાધન; પ્રત્યક્ષાદિ ત્રણ પ્રમાણ અને હરિ માત્ર વેદોથીજ ઓળખાય છે. આ નવ રત્નો પર માધ્વમતનો આધાર છે.'[1]

વિષ્ણુ એકજ દેવાધિદેવ છે. બીજા બધા દેવોનાં નામ માત્ર તેનોજ કોઈ એક ગુણ દર્શાવે છે. હરિવંશમાં આપેલો આ શ્લોક સત્ય છે:—

वेदे रामायणे चैव पुराणे भारते तथा ।
आदावन्त्ये च मध्ये च विष्णुस्सर्वत्र गीयते ॥

મધ્વના મત પ્રમાણે કેટલાક આત્માઓ વૈકુંઠમાં જાય છે અને હંમેશાં રહે છે અને કેટલાક નિત્ય સંસારી જીવ તો સદાને માટે નર્કમાંજ રહે છે. આ માન્યતામાં મધ્વની વિશિષ્ટતા છે.

નિર્મળ ભક્તિ એજ મુક્તિનું સાધન એ મધ્વનો સિદ્ધાંત છે પણ એ ભક્તિ શુદ્ધ અથવા પ્રેમલક્ષણા નહીં, પણ ઉપાસનાત્મક. મહાભારતતાત્પર્યનિર્ણયમાં ભક્તિની વ્યાખ્યા મધ્વે આ પ્રમાણે આપી છે:

---

૧ श्रीमन्मध्वमते हरिः परतरः सत्यं जगत्तत्वतो
भेदो जीवगणा हरेरनुचरा नीचोच्च भावं गताः ।
मुक्तिर्नैज सुखानुभूतिरमला भक्तिश्च तत्साधनं
ह्यक्षादित्रितयं प्रमाणमखिलाम्नायैकवेद्यो हरिः ॥

ઈશ્વરના મહાત્મ્યનાં જ્ઞાનવાળો સુદૃઢ અને બધાથી અધિક સ્નેહ તેનુંજ નામ ભક્તિ. આવી ભક્તિથીજ મુક્તિ મળે.[1] એમના શિષ્ય જયતીર્થે ન્યાયસુધામાં આ પ્રમાણે વ્યાખ્યા આપે છેઃ પરમેશ્વરની ભક્તિ એટલે નિરંતર પ્રેમપ્રવાહ; જે એના અપ્રતમ, અનંત, અનવધ્ય કલ્યાણકારી ગુણોથી ભરપુર હોય તે; જે પોતાનો, પોતાનાંનો અને પોતાની બધી વસ્તુઓના પ્રેમથી અનેક ગણો વધારે હોય તે; અને જે હજારો અંતરાયોથી પણ રોકાય નહીં એવો હોય તે.[2]

આ વ્યાખ્યા ઉપરથી આ ભક્તિનું લક્ષણ સ્પષ્ટ થાય છે. ઈશ્વરના મહાત્મ્યનું જ્ઞાન એ આ પ્રકારની ભક્તિનું મુખ્ય અંગ છે. એમાં માધુર્યને માટે સ્થાન નથી. દ્વાદશ સ્તોત્રમાં મધ્વે ભક્તને પોતાનું કર્તવ્ય શિખવ્યું છે : તારૂં નિયત કર્મ કર અને હંમેશાં વિનમ્ર બુદ્ધિથી હરિનાપાદ સેવી માટે તે ભોગવ.[3] આ દીનતા અને આ મહાતમ્યજ્ઞાન સ્પષ્ટ રીતે ઉપાસનાભક્તિનાં અંગો છે.

( ૧૧ )

તેરમા સૈકા પહેલાં મહારાષ્ટ્રમાં જે ભાગવત સંપ્રદાય પ્રસરેલો હતો તેમાં જ્ઞાન અને ત્યાગનું પ્રાબલ્ય હતું. એ સંપ્રદાય કૃષ્ણ, પાંડુરંગ અને રૂકૃમિણીને ઈષ્ટદેવ યુગલ તરિકે સ્વીકારે છે.

---

૧ माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढस्सर्वतोऽधिकः
स्नेहो भक्तिरिति प्रोक्तः तथा मुक्तिर्न चान्यथा ।

२ परमेश्वर भक्तिर्नाम निरवधिकानन्तानवद्य कल्याणगुणत्वज्ञान पूर्वकः स्वात्मात्मीय समस्तवस्तुभ्योऽनेकगुणाधिकोऽतरायसहस्रेणाप्यप्रतिबद्धो निरंतर प्रेमप्रवाहः ।

३ कुरु भुंक्ष्व च कर्म निजं नियतं हरिपाद विनम्रधिया सततं ।

મહારાષ્ટ્રના સંતોમાં જ્ઞાનેશ્વર શ્રેષ્ઠ ગણાય છે. જ્ઞાનેશ્વર નાથ-સંપ્રદાયના અથવા વારકરી સંપ્રદાયના ગુરુ હતા. એમનો જન્મ ઇ. સ. ૧૨૭૫ માં અને મૃત્યુ ઇ. સ. ૧૨૯૬ માં ૨૧ વર્ષની વયે. એ પંથના ઇષ્ટ દેવ તે પંઢરપુરના વીઠોબા. જ્ઞાનદેવના મોટા ભાઈ નિવૃત્તિ-નાથ, નાના ભાઈ સોપાન અને બહેન મુકતાબાઈ બધાં આ સંતોમાં શ્રેષ્ઠ ગણાય છે. જ્ઞાનેશ્વરે કરેલી ભગવત્‌ગીતાની ટીકા મરાઠી ધર્મસાહિત્યનું મૂલ ગણાય છે. એણે અદ્વૈત સિદ્ધાંત ઉપર અમૃતા-નુભવ નામનો ગ્રંથ લખ્યો છે. એમની વિદ્વત્તા અને પ્રતાપ કાશી સુધી પહોંચ્યાં લાગે છે. એમણે પ્રસારેલી ભક્તિમાં જ્ઞાન અને વૈરાગ્ય પ્રધાન છે. ભક્તિયોગનાં એ લક્ષણ છે.

નામદેવ ઇ. સ. ૧૨૭૦ માં જનમ્યા અને ઇ. સ. ૧૩૫૦ માં ગુજરી ગયા. એ જ્ઞાનેશ્વરના મિત્ર હતા અને તેની સાથે ઉત્તર હિંદુસ્તાનની મુસાફરી કરી આવ્યા હતા. એની ભક્તિમાં પણ જ્ઞાન અને વૈરાગ્યના અંશો ઘણે ભાગે છે.

## (૧૨)

મહાયાન બૌદ્ધમતના પંડિતોને જેમ શૂન્યવાદ પ્રિય હતો તેમ વિલાસ પણ પ્રિય હતો. તેમના છત્ર નીચે અનેક પ્રકારના વિલાસમહોત્સવો થતા અને બિભત્સ છતાં પ્રેરણામય સાહિત્ય પ્રગટતું. આ સાહિત્યમાં કલા હતી ને ઉર્મિ હતી. ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં રચાયેલા કથાવાથુ નામના પુસ્તક પરથી લાગે છે કે આંધ્ર, વેતાલ્યક અને પાઠકોમાં પ્રચલતા બૌદ્ધમતમાં 'એકહ્રિહપ્પય'—સંયુકત સંકલ્પ—નો પ્રચાર હતો. તે સિદ્ધાંત પ્રમાણે સ્વાભાવિક આકર્ષણથી ખેંચાયલું છતાં અપરિણિત સ્ત્રીપુરુષનું યુગલ ભાવિ જન્મોમાં સંયોગ પામવાની ઇચ્છાથી સંયુકત ભક્તિ

આદરી શકતું. આ પરિણામે કેટલાક અધમ પુરુષો, અર્હતનું રુપ લઈ, ક્ષુદ્ર વાસના સંતોષતા.

પછી શૂન્યવાદ વધ્યો. આત્મા ને પરમાત્માની માન્યતા વિનાના મહાયાન બૌદ્ધમતે શૂન્યવાદ કેળવ્યો, અને 'જે નહીં પિંડે તે નહીં બ્રહ્માંડે' એવો મત સ્વીકારાયો. બૌદ્ધ મઠોની ભિક્ષુણીઓએ વૈરાગ્યના વાઘા નીચે ક્ષુદ્રતાની પરાકાષ્ટા કેળવી. આ મઠોમાં ભિક્ષુ અને ભિક્ષુણીઓએ સહજીયા પંથ શરુ કર્યો. આ પંથ ઘોરમાં ઘોર વાસનાતૃપ્તિની ક્ષુદ્રતામાં પરિણામ પામતો. વિદ્યોન્માદતરંગિણીનો કર્તા બૌદ્ધમતના ગુરુના મુખમાં જે સિદ્ધાંતો મુકે છે તે નીતિના બધા નિયમોને કચરી નાખે છે, અને નાસ્તિકતાનું ખરાબમાં ખરાબ સ્વરુપ બતાવે છે. એમાં શ્રદ્ધા રાખનારા આત્મામાં માનતા નહીં,લગ્નગ્રંથીની પવિત્રતામાં માનતા નહીં, અને ક્ષણિક વિલાસથી પર એવું કૈં પણ માનતા નહીં.[1]

જ્યાં જ્યાં મહાયાન બૌદ્ધમત હતો ત્યાં સહજીયા પંથ પ્રસર્યો. આ પંથના પૂર્વેથી બે સિદ્ધાંત ચાલ્યા આવે છે: (૧) પરકીયા રસ અને (૨) ગુરુને સર્વસ્વ સમર્પણ. પરકીયા રસ બૌદ્ધ ભિક્ષુને કેળવ્યા વિના છુટકો નહોતો અને તેથી એ રસ કેળવ્યેજ મોક્ષ મળે છે એ પરમ પ્રિય સિદ્ધાંત થઈ પડયો. આ રસનું બીજું અડધીયું સમર્પણ. ગુરુને બધું સમર્પણ કરવાની શ્રદ્ધા પ્રસરે નહીં ત્યાં સુધી ગુરુ એ રસનો લાભ લઈ શકે નહીં. સહજીયા પંથમાં દાખલ થતાં શિષ્યા દીક્ષા લેતી, શરીર ગુરુને અર્પણ કરતી અને ગુરુને ઇચ્છા થાય ત્યારે અર્પણ કરેલું શરીર તેની સેવામાં હાજર રાખતી.

આમાં ઈશ્વરી અંશ છે એવો સહજીયામાં ખોટો ડોળ નહોતો. પુરુષ અને સ્ત્રી તે જ દેવદેવી હતાં અને તેમનો પ્રણય તે જ નિર્વાણનું દ્વાર હતું. આ પંથીઓમાં ધાર્મિક વિલાસમહોત્સવો રચાતા

૧. Sen: Caitanya and His Age 335.

અને આ 'નેડાનેડી'[1] ઓને તેમાં નિર્વાણ દેખાતો. આ તોફાનોમાં જામેલો રસ કૃષ્ણલીલાનાં બિભત્સ કીર્તનોમાં વ્યકત થતો. કૃષ્ણગોપીના રાસની ઉપમા મળતી.

આઠમી સદી જેમ ગુજરાતનાં લોકગીતોમાં કૃષ્ણના શૃંગારને અગ્રસ્થાન મળ્યું હતું તેમ વ્રજ, મિથિલા ને બંગાલના લોકસાહિત્યમાં મળતું મદનનું સ્થાન મદનમોહને લીધું હતું, અને મદનોત્સવને બદલે ડોલોત્સવો થયા. મિથિલા ને બંગાલમાં આ વાતાવરણ હોવાથી માનવપ્રેમ અને કલાકારની ભકિત પહેલેથીજ ચાલી આવી.

દશમી સદીમાં થઈ ગએલા બૌદ્ધ કાણુભટ્ટ સહજીયા પંથના એક મહાન આચાર્ય હતા. એમનાં પદોમાં જેટલો પ્રણય છે તેટલી વિષયલાલસા છે, જેટલો બિભત્સરસ છે તેટલોજ તેમાં સૂક્ષ્મ તલસાટ છે.

કેવા પ્રકારના સંબંધથી મોક્ષ મળે તે માટે ગુપ્તસાધનતંત્રનાં સૂત્રો કહે છે : 'નટી, કપાલિકી, વેશ્યા, રજકી (ધોબણ), હજામની કન્યા, બ્રાહ્મણી, શૂદ્રકન્યા, ગોવાળની કન્યા, તથા માલાકાર જાતની કન્યા—આ નવ પ્રકારની કન્યાઓને તાંત્રિક ક્રિયાઓ કરવાનાં યોગ્ય સાધન માનવાં. આમાંની જે ઘણી હુંશીઆર હોય તેમને સર્વથી શ્રેષ્ઠ ગણવી. જે કન્યાઓ રુપ અને યૌવનસંપન્ન હોય, શીલ અને સૌભાગ્યવાળી હોય તેમનું ધ્યાનપૂર્વક પૂજન કરવું. કારણ તેનાથી માણસ મોક્ષ પ્રાપ્ત કરે છે.'[2]

અગીઆરમા શતકના અંતમાં સેનવંશના રાજાઓએ બંગાલમાં સત્તા બેસાડી. આ રાજાઓ દખ્ખણના હતા, અને વાસુદેવપૂજા અને કૃષ્ણની ઉપાસના ત્યાંથી લઈ આવ્યા એમ કેટલાક વિદ્વાનો માને છે.

---

૧. નેડા એટલે બોડકા માથાવાળા ભિક્ષુ માટે તિરસ્કારનો શબ્દ. નેડાનેડી સહજીયા પંથની એક શાખા છે.

૨. Sen: History of Bengali Language and Literature.

ઇ. સ. ૧૧૯૩ માં કુતુબુદ્દીને બીહાર લીધા પછી નડીઆ લુટયું ને એકેએક બૌદ્ધ સાધુનો વિનાશ કર્યો. આ વિનાશ એવો સર્વવ્યાપી હતો કે નડીઆ જેવા વિદ્યાના ધામમાં પુસ્તકો સમજાવનાર કોઈ રહ્યું નહોતું. આમ બૌદ્ધધર્મ પડયો તે ફરી સજીવન થયો નહીં.[1]

બૌદ્ધ મત પડતાં સહજીયા પંથે પોતાના વિલાસમહોત્સવો વૈષ્ણવ સંપ્રદાયના છત્ર નીચે ચાલુ રાખ્યા.

( ૧૩ )

બંગાળમાં વામાચારી બૌદ્ધોએ પ્રવર્તાવેલા સિદ્ધાંતો બુદ્ધધર્મની અસર જતાં પણ ગયા નહીં. જુના સિદ્ધાંતો વૈષ્ણવોના સહજીયા પંથના સામાન્ય લોકોમાં પ્રચલિત થયા. અને એના મહાન પ્રવર્તક ચંડીદાસે કાણુ ભટ્ટના ભાવોનો પોતાનાં પ્રેમગીતોમાં પ્રતિધ્વનિ પાડયો, અને બૌદ્ધોએ આપ્યું હતું તેનાથી તેને વધારે આધ્યાત્મિક સ્વરુપ આપ્યું.

ક્ષુદ્રતાને ભાવનાથી વિશુદ્ધ કરી પ્રણયની પરમ ભાવનાનું અપૂર્વ સ્વરુપ આપનાર નડીઆના વિદ્વાન બ્રાહ્મણ અને સહજીઆ પંથના અનુયાયી કવિ ચંડીદાસ ચૌદમા સૈકામાં થયા. ઘણા આદર્શ પ્રણયીઓ થયા છે. ઘણાએ આદર્શ પ્રણય સાહિત્યમાં અમર કર્યો છે. પણ વિલાસની પ્રચંડ મસ્તીમાં, સમર્પણની સંપૂર્ણતામાં, ભાવવૈવિધ્યની સમૃદ્ધિમાં કે તલસાટભર્યા વિશુદ્ધ પ્રણયની ભાવનાની પરમ સિદ્ધિમાં ભાગ્યેજ કોઈ પ્રણયી એમની જોડે બેસી શકે એમ છે.

ચંડીદાસ પ્રણયી હતા; ક્ષુદ્રવાસનાના ભુખ્યા નહીં પણ દૈવી તલસાટની પૂર્ણ ઘેલછાના લોભી. નરસિંહ મહેતાએ ભક્તિને માનવપ્રેમ જેવી માની. ચંડીદાસે માનવપ્રેમને ભકિતનું સ્વરુપ આપ્યું. તેમણે પ્રણયને આધ્યાત્મિક બનાવ્યો. સહજીયા પંથની ક્ષુદ્ર વાસનાતૃપ્તિ

૧. Vincent Smith: Early History of India.

તિરસ્કારી તેમણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવનામય પ્રણયની પયગંબરી જીવનમાં ને સાહિત્યમાં મૂર્ત કરી. એની ધોબણ પ્રિયતમાને માત્ર પ્રણયથી નહીં પણ અપૂર્વ ઉપાસનાથી તે પૂજવા લાગ્યા. પ્રણયની તીવ્રતાએ તેને ભક્ત બનાવ્યો.

'હે રજકિની (ધોબણ) રામી ! મેં તારા ચરણનું શરણ લીધું છે, કારણ તેથી મને શાંતિ થાય છે. હે રજકિની, તારું કિશોરી સ્વરુપ, જેને દેખીને કામવાસના પ્રગટતી નથી, તેનું પૂજન કરું છું. તને જ્યારે દેખતો નથી ત્યારે મનને ઉચ્ચાટ થાય છે અને તને જોતાં વાર હૃદયને શાંત થાય છે. હે રજકિની, તું મારી રમણી છે. તુંજ માતા પિતા છે. ત્રિસંધ્યા અને ભજન હું તારાંજ કરું છું. તુંજ વેદમાતા ગાયત્રી છે. તુંજ સરસ્વતી, તુંજ પાર્વતી અને ગળાનો હાર છે. મારું સ્વર્ગ અને મર્ત્ય, પાતાલ અને પર્વત અને મારા નયનના તારા પણ તુંજ છે. તારા વિના બધે અંધારું લાગે છે. તને જોઉં છું ત્યારે જ આંખો ઠરે છે. તારું ચંદ્રવદન હું જે દહાડે દેખતો નથી, ત્યારે હું મરેલા જેવો થઈ રહું છું. હું એક પલવાર પણ તારૂં રૂપ અને માધુર્ય વિસરી શકતો નથી. હું તારી પ્રીતિનું પાત્ર કેવી રીતે થઇ શકું ? તુંજ મારા મંત્ર, તંત્ર અને ઉપાસના છે. હે રજકિની, તારા કિશોરી સ્વરૂપની હું પ્રશંસા કરૂં છું. તેમાં સ્થૂલ વાસના લેશમાત્ર પણ નથી. ચંડીદાસ કહે છે કે રજકિનીનો પ્રેમ એ તો નિકષિત હેમ જેવો છે.'[1]

અને પ્રણયથીજ મોક્ષ મળે છે એમ ખુલ્લી રીતે તેણે ગાયું:

'નાયિકાના પ્રેમથી મોક્ષ કેમ પ્રાપ્ત થાય છે તે સાંભળો–તમારા દેહને શુષ્ક કાષ્ઠના જેવો બનાવી દો કે જેથી તેને કોઇપણ પ્રકારના આકર્ષણોની અસરમ ન થાય. જેણે શુદ્ધ પ્રેમ જાણ્યો છે તેજ વિશ્વ-

૧. શુન રજકિની રામિ, ઓ દુટિ બરન. શીતલ બલિયા,
શરણ લઈ લામ આમિ ।
રજકિની રુપ, કિશોરી સ્વરુપ, કામ ગન્ધ નહિ તાય ।
ના દેખિલે મન, કરે ઉચ્ચાટન દેખિલે પરાણ જુડાય ।

વ્યાપી અને અદૃષ્ટ એવા પરમાત્માને પામી શકે છે.'[૧]

ચંડીદાસે આ ભક્તિ માટે લોકોનો તિરસ્કાર ને બહિષ્કાર વેઠયો. આખરે ગૌડના સુલતાને તેમને હાથીની પીઠે બાંધી, ફટકા મારી મારી નંખાવ્યા. આમ દુનીઆને અપૂર્વ પ્રણયભાવનાની સિદ્ધિનું દર્શન કરાવનાર મહાત્માએ પોતાની ભાવના ખાતર પ્રાણ છોડયા. ચંડીદાસનું સ્થાન ભક્તિના ઇતિહાસમાં એક સીમાચિહ્ન છે. દશમા શતકમાં સહજીયા કાણ્હભટે માનવોના વિલાસી પ્રેમને મોક્ષ માન્યો. આ પ્રેમ પંદરમા શતકમાં માધવેંદ્રની શુદ્ધ ભક્તિમાં પરિણમ્યો. આ ઉત્ક્રાંતિની સાંકળનો વચલો અંકોડો તે ચંડીદાસ. એણે મનુષ્યના પ્રેમને દૈવી ભક્તિરુપે ગણ્યો ને ગાયો.

ચંડીદાસે રાધાકૃષ્ણનો પ્રેમ 'પૂર્વરાગ,' 'દૌત્ય,' 'અભિસાર,' 'સંભોગમીલન,' 'ભાવસંમેલન' વગેરે અનેક દૃષ્ટિથી ગાયો છે.

---

તુમિ રજકિની આમાર રમણી, તુમિ હઓ માતૃ પિતૃ ।
ત્રિસન્ધ્યા યાજન, તોમાર ભજન, તુમિ બેદમાતા ગાયત્રી ॥
તુમિ બાગ્વાદિની, હરેર રમણી, તુમિ સે ગલાર હારા ।
તુમિ સ્વર્ગ મર્ત્ય,પાતાલ,પર્બ્બત, તુમિ સે નયાનેર તારા ॥
તોમાં બિને મોર સકલઇ આંધાર, દેખિલે જુડાય આંખિ ।
યે દિન ના દેખિ ઓ ચાંદવદન મરમે મરિયા થાકિ ॥
ઓ રુપ માધુરિ પાશરિતે નારિ, કિ દિયે કરિબ બશ ।
તુમિ સે મન્ત્ર, તુમિ સે તન્ત્ર, તુમિ ઉપાસના બસ ।
રજકિની રુપ, કિશોરી સ્વરુપ કામ ગન્ધ નહિ તાય ।
રજકિની પ્રેમ, નિકષિત હેમ બડુ ચન્ડીદાસે ગાય ॥

[૧] નાયિકા સાધન, શુનહ લક્ષણ, યેરૂપે કીરતે હય ।
શુષ્ક કાષ્ટેર સમ, આપનાર દેહ કરિતે હય ॥
બ્રહ્માન્ડ વ્યાપિયા, આછયે યે જન કેહ ના દેખયે તારે ।
પ્રેમેર પીરતિ, યે જન જાનયે, સેઇ સેપાઇતે પારે ॥

'હે પ્રિયે, તું મારો પ્રાણ છે. મારાં દેહ અને મન, મારા કુલની પ્રતિષ્ઠા, મારી જાત, મારું માન, મારું સર્વસ્વ તારી સેવામાં મેં અર્પણ કર્યું છે. હે કૃષ્ણ! યોગીઓ જેની આરાધના કરે છે એવો તું તો અખિલ વિશ્વનો નાથ છે. હું તો એક અતિ દીન ગોવાલણ છું, અને તારું ભજન પૂજન કેમ કરવું તે જાણતી નથી. તેમ છતાંએ મારાં તન અને મન તારા પ્રેમને ખાતર તને અર્પણ કર્યાં છે. તુંજ મારી ગતિ છે, તુંજ મારો પતિ છે. મને બીજા કશાની હવે ઇચ્છા નથી. મારા આ પ્રેમને માટે લોકો મારી નિંદા કરે છે, પણ મને તેનું દુઃખ નથી. તારે ખાતર નિંદા મને ગળાના હાર જેવી લાગે છે. હું પવિત્ર (સતિ) છું કે અપવિત્ર (અસતિ) તેની તને એકલાને જ ખબર છે. મારે માટે સારું શું ને ખોટું શું તે પણ હું જાણતી નથી. ચંડીદાસ 'કહે છે કે પાપ અને પુણ્ય મને તો સરખાં જ છે, હું તેમને ઓળખતો નથી. માત્ર તારા ચરણનેજ હું તો પીછાનું છું.[1]

આ સમયમાં આ પ્રદેશમાં 'કૃષ્ણ ધમાલી'નાં બિભત્સ પદો ઘણાંજ લોકપ્રિય હતાં. કૃષ્ણલીલા ને રામચરિતનાં નાટકો ગામડે ગામડે થતાં અને એ લીલાનું છોકરાંઓ ઘેરઘેર અનુકરણ કરતા.

---

૧ વધૂ તુમિ સે આમાદ પ્રાન
દેહ મન આદિ, તોંહારે સંપે છિ, કુલ શીલ જાતિમાન ।
અખિલેર નાથ, તુમિ હે કલિયા, યોગીર આરાધ્ય ધન ।
ગોપ ગૌયાલિની, હામ અતિ દીના, ના જાનિ ભજન પૂજન ।
પીરતિ સાગરે, ઢાલિ તનુ મન, દિયાછિ તોમાર પાય ।
તુમિ મોર ગતિ, તુમિ મોર પતિ, મન નાહિ આન ભાય ।
કલંકી બલિયા, ડાકે સબ લોકે, તાહાતે નાહિક દુઃખ ।
તોમાર લાગિયા, કલંકેર હાર, ગલાય પરિતે સુખ ।
સતી વા અસતી તોમાતે બિદિત, ભાલ મન્દ નહિ જાનિ ।
કહે ચન્ડીદાસ, પાપ પુણ્ય મમ, તોમાર ચરણ ખાનિ ।

આવા કવિઓએ પ્રણય ને કલાકારનું સાહિત્ય સરજાવ્યું. એ સર્જન પાછળ પ્રચલિત વિલાસમહોત્સવો વિશુદ્ધ કરવાનો ને સહજીયા પંથના સિદ્ધાંતોને ભક્તિની ભૂમિકા પર લઈ જવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો. આવાં કાવ્યોથી વિલાસી ઘેલછા ક્ષુદ્રતા ત્યાગવા મથી રહી હતી. ભક્તિ ધીમે ધીમે વિલાસમહોત્સવોનું સ્વરુપ છોડી ભજન મંડળીનું–રાસલીલાનું સ્વરુપ લેતી હતી. પરકીયારસ માધુર્યમાં પલટાતો હતો.

( ૧૪ )

મિથિલામાં ઉમાપતિધરે પણ રાધાકૃષ્ણનાં પદો ગાયાં. એમાં કલાકારનીજ ભક્તિના અંશ છે. એનું એક પદ તે સમયના બંગાલ ભક્તિ સાહિત્યનું દૃષ્ટાંત આપવા પુરતું છેઃ

'હે માનિનિ! મારો દોષ પણ હોય, તોપણ શાંત થા. કૃપા કર, રોષ મા કર, સમાધાન કર. હે વિધિમુખિ! (તારા) કટાક્ષબાણથી (મને) વીંધી નાખ. હે ધનિ! ગિરિવર સાથે સ્પર્ધા કરે એવાં (તારાં) માંસલ પિનપયોધર છે. હાથરુપી ફાંસામાં મને બાંધી રાખ. એ સ્પર્શથી શું પરિણામ આવે એજ ભય છે. (હે પ્રિયા!) તારા અલંકૃત ચરણકમલ (નું સેવાસુખ) મને આપ. બાહોશ ઉમાપતિ (કવિ) નિશ્ચયપૂર્વક ભણે છે કે આ બધું જગમાતાનો ઉપાસક હિંદુપતિ (મારો રાજા) જાણે છે.'[1]

---

[1] "માનિનિ માનહુ જૌં મોર દોસે ।
શાંતિ કરિઅ, વરૂ ન કરિઅ રોષે ॥
ભૌંઈ કમાન, વિલોકન બાને ।
વેધહુ વિધૂમૂખિ કય સમાધાને ॥
પીનપયોધર ગિરિવર સાધી ।
વાહૂ ફાંસ, ધનિ! ધરૂ મોહિ બાંધી ॥
કી પરિનતિ ભય પરસ નિ હોહી ।
ભૂખન ચરન્ન કરલ દેહ મોહી ॥

'હે પ્રિયે, તું મારો પ્રાણ છે. મારાં દેહ અને મન, મારા કુલની પ્રતિષ્ઠા, મારી જાત, મારું માન, મારું સર્વસ્વ તારી સેવામાં મેં અર્પણ કર્યું છે. હે કૃષ્ણ! યોગીઓ જેની આરાધના કરે છે એવો તું તો અખિલ વિશ્વનો નાથ છે. હું તો એક અતિ દીન ગોવાલણ છું, અને તારું ભજન પૂજન કેમ કરવું તે જાણતી નથી. તેમ છતાંએ મારાં તન અને મન તારા પ્રેમને ખાતર તને અર્પણ કર્યાં છે. તુંજ મારી ગતિ છે, તુંજ મારો પતિ છે. મને બીજા કશાની હવે ઇચ્છા નથી. મારા આ પ્રેમને માટે લોકો મારી નિંદા કરે છે, પણ મને તેનું દુઃખ નથી. તારે ખાતર નિંદા મને ગળાના હાર જેવી લાગે છે. હું પવિત્ર (સતિ) છું કે અપવિત્ર (અસતિ) તેની તને એકલાને જ ખબર છે. મારે માટે સારું શું ને ખોટું શું તે પણ હું જાણતી નથી. ચંડીદાસ 'કહે છે કે પાપ અને પુણ્ય મને તો સરખાં જ છે, હું તેમને ઓળખતો નથી. માત્ર તારા ચરણનેજ હું તો પીછાનું છું.[1]

આ સમયમાં આ પ્રદેશમાં 'કૃષ્ણ ધમાલી' નાં બિભત્સ પદો ઘણાંજ લોકપ્રિય હતાં. કૃષ્ણલીલા ને રામચરિતનાં નાટકો ગામડે ગામડે થતાં અને એ લીલાનું છોકરાંઓ ઘેરઘેર અનુકરણ કરતા.

---

૧ વધૂ તુમિ સે આમાદ પ્રાન
દેહ મન આદિ, તોંહારે સંપે છિ, કુલ શીલ જાતિમાન ।
અખિલેર નાથ, તુમિ હે કલિયા, યોગીર આરાધ્ય ધન ।
ગોપ ગોયાલિની, હામ અતિ દીના, ના જાનિ ભજન પૂજન ।
પીરતિ સાગરે, ઢાલિ તનુ મન, દિયાછિ તોમાર પાય ।
તુમિ મોર ગતિ, તુમિ મોર પતિ, મન નાહિ આન ભાય ।
કલંકી બલિયા, ડાકે સબ લોકે, તાહાતે નાહિક દુઃખ ।
તોમાર લાગિયા, કલંકેર હાર, ગલાય પરિતે સુખ ।
સતી વા અસતી તોમાતે બિદિત, ભાલ મન્દ નહિ જાનિ ।
કહે ચન્ડીદાસ, પાપ પુણ્ય મમ, તોમાર ચરણ ખાનિ ।

આવા કવિઓએ પ્રણય ને કલાકારનું સાહિત્ય સરજાવ્યું. એ સર્જન પાછળ પ્રચલિત વિલાસમહોત્સવો વિશુદ્ધ કરવાનો ને સહજીયા પંથના સિદ્ધાંતોને ભક્તિની ભૂમિકા પર લઈ જવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો. આવાં કાવ્યોથી વિલાસી ઘેલછા ક્ષુદ્રતા ત્યાગવા મથી રહી હતી. ભક્તિ ધીમે ધીમે વિલાસમહોત્સવોનું સ્વરુપ છોડી ભજન મંડળીનું–રાસલીલાનું સ્વરુપ લેતી હતી. પરકીયારસ માધુર્યમાં પલટાતો હતો.

( ૧૪ )

મિથિલામાં ઉમાપતિધરે પણ રાધાકૃષ્ણનાં પદો ગાયાં. એમાં કલાકારનીજ ભક્તિના અંશ છે. એનું એક પદ તે સમયના બંગાલ ભકિત સાહિત્યનું દૃષ્ટાંત આપવા પુરતું છેઃ

'હે માનિનિ ! મારો દોષ પણ હોય, તોપણ શાંત થા. કૃપા કર, રોષ મા કર, સમાધાન કર. હે વિધિમુખિ ! (તારા) કટાક્ષબાણથી (મને) વીંધી નાખ. હે ધનિ ! ગિરિવર સાથે સ્પર્ધા કરે એવાં (તારાં) માંસલ પિનપયોધર છે. હાથરુપી ફાંસામાં મને બાંધી રાખ. એ સ્પર્શથી શું પરિણામ આવે એજ ભય છે. ( હે પ્રિયા ! ) તારા અલંકૃત ચરણકમલ (નું સેવાસુખ) મને આપ. બાહોશ ઉમાપતિ (કવિ) નિશ્ચયપૂર્વક ભણે છે કે આ બધું જગમાતાનો ઉપાસક હિંદુપતિ (મારો રાજા) જાણે છે.'[1]

---

૧ "માનિનિ માનહ જૌં મોર દોસે ।
શાંતિ કરિઅ, વરૂ ન કરિઅ રોષે ॥
ભૌંહ કમાન, વિલોકન બાને ।
વેધહ વિધૂમૂખિ કય સમાધાને ॥
પીનપયોધર ગિરિવર સાધી ।
વાહૂ ફાંસ, ધનિ ! ધરૂ મોહિ બાંધી ॥
કી પરિનતિ ભય પરસ નિ હોહી ।
ભૂખન ચરન્ન કરલ દેહ મોહી ॥

'હે પ્રિયે, તું મારો પ્રાણ છે. મારાં દેહ અને મન, મારા કુલની પ્રતિષ્ઠા, મારી જાત, મારું માન, મારું સર્વસ્વ તારી સેવામાં મેં અર્પણ કર્યું છે. હે કૃષ્ણ! યોગીઓ જેની આરાધના કરે છે એવો તું તો અખિલ વિશ્વનો નાથ છે. હું તો એક અતિ દીન ગોવાલણ છું, અને તારું ભજન પૂજન કેમ કરવું તે જાણતી નથી. તેમ છતાંએ મારાં તન અને મન તારા પ્રેમને ખાતર તને અર્પણ કર્યાં છે. તુંજ મારી ગતિ છે, તુંજ મારો પતિ છે. મને બીજા કશાની હવે ઇચ્છા નથી. મારા આ પ્રેમને માટે લોકો મારી નિંદા કરે છે, પણ મને તેનું દુઃખ નથી. તારે ખાતર નિંદા મને ગળાના હાર જેવી લાગે છે. હું પવિત્ર (સતિ) છું કે અપવિત્ર (અસતિ) તેની તને એકલાને જ ખબર છે. મારે માટે સારું શું ને ખોટું શું તે પણ હું જાણતી નથી. ચંડીદાસ 'કહે છે કે પાપ અને પુણ્ય મને તો સરખાં જ છે, હું તેમને ઓળખતો નથી. માત્ર તારા ચરણનેજ હું તો પીછાનું છું.[1]

આ સમયમાં આ પ્રદેશમાં 'કૃષ્ણ ધમાલી' નાં બિભત્સ પદો ઘણાંજ લોકપ્રિય હતાં. કૃષ્ણલીલા ને રામચરિતનાં નાટકો ગામડે ગામડે થતાં અને એ લીલાનું છોકરાંઓ ઘેરઘેર અનુકરણ કરતા.

---

૧ વધૂ તુમિ સે આમાદ પ્રાન
દેહ મન આદિ, તોંહારે સંપે છિ, કુલ શીલ જાતિમાન ।
અખિલેર નાથ, તુમિ હે કલિયા, યોગીર આરાધ્ય ધન ।
ગોપ ગોયાલિની, હામ અતિ દીના, ના જાનિ ભજન પૂજન ।
પીરતિ સાગરે, ઢાલિ તનુ મન, દિયાછિ તોમાર પાય ।
તુમિ મોર ગતિ, તુમિ મોર પતિ, મન નાહિ આન ભાય ।
કલંકી બલિયા, ડાકે સબ લોકે, તાહાતે નાહિક દુઃખ ।
તોમાર લાગિયા, કલંકેર હાર, ગલાય પરિતે સુખ ।
સતી વા અસતી તોમાતે બિદિત, ભાલ મન્દ નહિ જાનિ ।
કહે ચન્ડીદાસ, પાપ પુણ્ય મમ, તોમાર ચરણ ખાનિ ।

સંકોચપ્રિય સમાજસિદ્ધાંતો, તેમજ બ્રાહ્મણ ને જૈનના ત્યાગ એ બધાંની સામે એ બળવો હતો. જે ભક્ત હોય તેને દૈન્યથી, પ્રપત્તિથી, આત્મસમર્પણથી, માધુર્ય ને પ્રેમથી મુક્તિ મળે; જ્ઞાન વિના ઇશ્વર સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થાય. ગોપીભાવે ભગવાન મેળવવા હોય તેને શુષ્ક વૈરાગ્ય નકામો થઈ પડે.

એમાં સંસ્કૃત પંડિતના ઇજારા સામે પણ બળવો હતો. ગુણ-ગાન કરવાં તો માતૃભાષામાં શા માટે નહીં? જે ભક્ત હોય તેને જાત, યોનિ ને સંસ્કારની પરવા રહે નહીં, કારણ કે ભક્તાધીન ભગવાન ભક્તોમાં કૃત્રિમ ભેદ ગણતા નથી.

એમાં શુદ્ધિ રહેલી હતી. તાંત્રિકોના વિલાસમહોત્સવોની ક્ષુદ્રતા એનાથી અદૃષ્ટ થતી ને શુદ્ધભાવથી કરેલાં કીર્તનો અંતરમાં તલસાટ ને કલ્પનાવિલાસ પ્રસારતાં. શૈવ ને શાક્ત મતની ઘોર ક્રિયાઓ કરતાં એમાં નિર્દોષ આનંદ સહેલાઇથી મળતો. ધાર્મિક આડંબર ને સાંપ્રદાયિક ઢોંગ દૈન્ય ને પ્રેમના પ્રવાહમાં હતાં ન હતાં થઈ જતાં. એનાથી દરેકને આધ્યાત્મિક અનુભવ અને વ્યક્તિગત આધ્યાત્મિક પ્રાબલ્ય—જે ધર્મનો આત્મા છે તે—સુલભ થઈ પડયાં.

એમાં માનવતાનો વિકાસ રહ્યો હતો. વિલાસમહોત્સવોમાંથી ભજન મંડલીઓ થાય એ પ્રગતિ. અનેક દેવોમાંથી એક દેવની પૂજા સર્વમાન્ય થાય એ પણ પ્રગતિ. જુદા જુદા વિભાગોમાં વહેંચાઈ ગએલા સમાજની એકતાનતા સચવાય એવું બળ પ્રગટે એ પણ પ્રગતિ.

એમાં બધાને જોઈતો નીશો પણ રહ્યો હતો. કૌટુંબિક જીવન નિઃસત્વ થયું હતું. પ્રણયની ભાવના હતી નહીં. સ્ત્રીઓ પુરૂષના હૃદયમાંથી સ્થાનભ્રષ્ટ થઈ હતી. પરદેશીઓ દેશને કચરી રહ્યા હતા ને રાજકીય મહત્વાકાંક્ષા નષ્ટ થઈ હતી. ધર્મ ને સંસ્કાર સાચવવા ન્યાતો જડ થતી હતી. આ બધી અધમતામાં ભક્તિના નીશાએ આનંદ ને આત્મસિદ્ધિ મેળવવાં સહેલાં કરી દીધાં.

બંગાલમાં ઉમાપતિના સાહિત્ય આદર્શોથી કૃષ્ણકીર્તનો લખાયાં લાગે છે. બારમા સૈકામાં થએલા જયદેવ કવિનું સુવિખ્યાત 'ગીતગોવિંદ' એ સમયની બંગાલની ભક્તિનું લાક્ષણિક સાહિત્ય છે. કલાસેવી કવિહૃદયોને ' ગીતગોવિંદે ' ભક્તિ તરફ–કલાને ખાતર–આકર્ષ્યાં.

ભાગવતનો પૌરાણિક આદર્શનો પ્રવાહ પણ વધ્યો લાગે છે. બ્રહ્મવૈવર્ત ને પદ્મપરાણમાં ભાગવતની ઉપાસનાભક્તિ તેમજ શુદ્ધ ભક્તિને વધારે વિકસાવવાના પ્રયત્નો દેખાય છે. તેમાં રાધા અને કૃષ્ણ બંને અગત્યનું સ્થાન પામે છે. બારમા કે તેરમા સૈકામાં બોપદેવે 'હરિલીલામૃત' લખીને આ રસસાહિત્યમાં મોટો ઉમેરો કર્યો. શુદ્ધ ભક્તિના વિકાસમાં આ પૌરાણિક સાહિત્યે ઘણી મદદ કરી. ભાગવતની શિષ્ટતા જેને અગ્રાહ્ય પડતી તેની કલ્પનાને આ બધી રસિક કૃતિઓ ઉત્તેજી રહી.

( ૧૫ )

આ પ્રમાણે આ દેશમાં એક સરખો ભક્તિ ઉત્સાહ પ્રસરી રહ્યો. કવિઓને એ બાને રસભર્યું સાહિત્ય પ્રગટાવવાને નવું ક્ષેત્ર મળ્યું. પુરાણિકોને જુની વાતોમાં નવું આકર્ષણ આણી રસ પેદા કરવાની તક મળી. તત્ત્વજ્ઞાનીઓને પ્રપત્તિ જેવા નવા સિદ્ધાંતે નવું જ્ઞાન મળ્યું. સંતોને હૃદયના ભાવોની લ્હાણ કરવાનો નવો પ્રસંગ પ્રાપ્ત થયો. સામાન્ય જનોને ગીત, રાસ ને કીર્તનમાં અવનવા રંગ પુરાયાથી ઉલ્લાસ પ્રાપ્ત થયો.

આ ઉત્સાહ સર્વવ્યાપી કેમ થયો ? કારણ કે, એમાં નવસૃષ્ટિનાં ચેતન ને આશા હતાં. એમાં સ્વાતંત્ર્ય રહેલું હતું.

મીમાંસકોનાં કર્મકાંડ, શાંકરમતનો શુષ્ક જ્ઞાનવાદ, સ્મૃતિકારોના

---

સૂમતી ઉમાપતિ ભણ પરમાને ।
જગમાતા હિન્દૂપતિ જાને ॥ ”

૧ Sen: Vaishnav Literature of Mediaeval Bengal.

સંકોચપ્રિય સમાજસિદ્ધાંતો, તેમજ બ્રાહ્મણ ને જૈનના ત્યાગ એ બધાંની સામે એ બળવો હતો. જે ભક્ત હોય તેને દૈન્યથી, પ્રપત્તિથી, આત્મસમર્પણથી, માધુર્ય ને પ્રેમથી મુક્તિ મળે; જ્ઞાન વિના ઈશ્વર સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થાય. ગોપીભાવે ભગવાન મેળવવા હોય તેને શુષ્ક વૈરાગ્ય નકામો થઈ પડે.

એમાં સંસ્કૃત પંડિતના ઈજારા સામે પણ બળવો હતો. ગુણ-ગાન કરવાં તો માતૃભાષામાં શા માટે નહીં ? જે ભક્ત હોય તેને જાત, યોનિ ને સંસ્કારની પરવા રહે નહીં, કારણ કે ભક્તાધીન ભગવાન ભક્તોમાં કૃત્રિમ ભેદ ગણતા નથી.

એમાં શુદ્ધિ રહેલી હતી. તાંત્રિકોના વિલાસમહોત્સવોની ક્ષુદ્રતા એનાથી અદૃષ્ટ થતી ને શુદ્ધભાવથી કરેલાં કીર્તનો અંતરમાં તલસાટ ને કલ્પનાવિલાસ પ્રસારતાં. શૈવ ને શાક્ત મતની ઘોર ક્રિયાઓ કરતાં એમાં નિર્દોષ આનંદ સહેલાઈથી મળતો. ધાર્મિક આડંબર ને સાંપ્રદાયિક ઢોંગ દૈન્ય ને પ્રેમના પ્રવાહમાં હતાં ન હતાં થઈ જતાં. એનાથી દરેકને આધ્યાત્મિક અનુભવ અને વ્યક્તિગત આધ્યાત્મિક પ્રાબલ્ય—જે ધર્મનો આત્મા છે તે—સુલભ થઈ પડયાં.

એમાં માનવતાનો વિકાસ રહ્યો હતો. વિલાસમહોત્સવોમાંથી ભજન મંડલીઓ થાય એ પ્રગતિ. અનેક દેવોમાંથી એક દેવની પૂજા સર્વમાન્ય થાય એ પણ પ્રગતિ. જુદા જુદા વિભાગોમાં વહેંચાઈ ગએલા સમાજની એકતાનતા સચવાય એવું બળ પ્રગટે એ પણ પ્રગતિ.

એમાં બધાને જોઈતો નીશો પણ રહ્યો હતો. કૌટુંબિક જીવન નિઃસત્વ થયું હતું. પ્રણયની ભાવના હતી નહીં. સ્ત્રીઓ પુરૂષના હૃદયમાંથી સ્થાનભ્રષ્ટ થઈ હતી. પરદેશીઓ દેશને કચરી રહ્યા હતા ને રાજકીય મહત્વાકાંક્ષા નષ્ટ થઈ હતી. ધર્મ ને સંસ્કાર સાચવવા ન્યાતો જડ થતી હતી. આ બધી અધમતામાં ભક્તિના નીશાએ આનંદ ને આત્મસિદ્ધિ મેળવવાં સહેલાં કરી દીધાં.

અને એનાથી પ્રાંતિક ભાષા ને સાહિત્યનો ઉદ્ધાર થયો. મુસલમાની રાજ્યે સંસ્કૃતને રાજભાષાને સિંહાસનેથી પદભ્રષ્ટ કરી હતી. ભક્તિને લીધે દરેકને મોક્ષ સરલ થઈ પડયો હતો. બ્રાહ્મણદ્વારાજ મુક્તિ મળે એ ખ્યાલ અદૃષ્ટ થયો અને સંસ્કૃત ભાષા ને સાહિત્યનો ઇજારો જતો રહ્યો. જે સ્વભાષા પહેલાં તુચ્છ ગણાતી તેમાંજ શુદ્ધ ભક્તિનું કથન સરસમાં સરસ થયું અને આ ભક્તિ માટે શિષ્ટ સાહિત્યનાં બાર જેવાં ખોલ્યાં કે પુરાણીઓ ને પંડિતોએ સ્વભાષામાં શિષ્ટતા સરજાવવા માંડી. દરેક પ્રાંતની ભાષા વિકસી. દરેક પ્રાંતનું સાહિત્ય સમૃદ્ધ થયું. દરેક પ્રાંતના સંસ્કારો, સંસ્કૃતે રચેલી સાહિત્ય અને સંસ્કારની એકતા વીસારી, વિશિષ્ટ સ્વરુપ લેતા ગયા. ચંડીદાસ ને વિદ્યાપતિએ બંગાળમાં, નરસિંહ ને ભાલણે ગુજરાતમાં, નામદેવ ને તુકારામે મહારાષ્ટ્રમાં, કબીર, સુરદાસ ને તુલસીદાસે ઉત્તર હીંદુસ્થાનમાં નવા સાહિત્યનો યુગ શરુ કર્યો. અને આ દરેક પ્રદેશની સંસ્કૃતિ નવે રુપે ઘડાવા લાગી.

# ભક્તિનો મધ્યાહ્ન અને ગુજરાતી સાહિત્ય

## ( ઇ. સ. ૧૩૦૦–૧૬૦૦ )

## ( ૧ )

## ગુજરાતમાં વિષ્ણુભક્તિ

હીંદમાં શુદ્ધ ભક્તિનો મધ્યાહ્ન થયો તે પહેલાં ગુજરાતમાં ભાગવત ધર્મનો સંચાર ઘણા લાંબા કાળથી થયો હતો. શ્રીકૃષ્ણ ને યાદવો ગુજરાતમાં આવ્યા પણ સાત્ત્વત સંપ્રદાય મુકી ગયા નહીં. પણ ઇસુના સનના પાંચમા સૈકાથી વાસુદેવપૂજાનાં ચિહ્નો અહીંઆં જણાય છે. ગુજરાતમાં ચક્રપાલિતે ગીરનારપર ઇ. સ. ૪૫૬ માં ચક્રધર કૃષ્ણનું પહેલું મંદિર બંધાવ્યાનું જણાય છે. અને ઇ. સ. ૫૨૬ માં વલ્લભીપુરમાં રાજા ધ્રુવસેન પરમ ભાગવતનું બિરુદ ધારણ કરે છે. પછી નવમા શતકમાં માઘકવિ શ્રીમાળમાં 'શિશુપાલવધ' લખે છે. તેમાં તે કહે છે :

'શ્રીના પતિ જગતના આધારસ્તંભ અને જગતનું શાસન કરવાને માટે વસુદેવના ભાગ્યશાળી ઘરમાં રહેતા એવા હરિએ હિરણ્યગર્ભના પુત્ર નારદમુનિને આકાશમાંથી ઉતરતા જોયા.'[1]

---

૧ श्रियः पतिः श्रीमति शासितुं जगज्जगन्निवासो वसुदेवसद्मनि ।
वसन्ददर्शावतरन्तमम्बराद्धिरण्यगर्भाङ्गभुवं मुनिं हरिः

—સર્ગ ૧, શ્લો. ૧

દશમા શતકથી પાટણના રાજ્યની સીમામાં અનેક મંદિરો વિષ્ણુ, ચતુર્ભુજ ને લક્ષ્મીનારાયણને અર્પણ કરેલાં મળે છે. ઈ. સ. ૧૦૭૪ નો ધમડાછાનો લેખ ॐ नमो भगवते वासुदेवायथी ભગવાન ક્રોડાકૃતિ વરાહની સ્તુતિ આરંભે છે. હેમચંદ્રાચાર્ય (ઇ. સ. ૧૦૮૮ થી ૧૧૭૨), દ્વાશ્રયમાં, પાટણમાં વિષ્ણુનું મંદિર છે એ હકીકત જણાવે છે. પોતાના "काव्यानुशासन" નામના ગ્રંથમાં તે નીચેના બે શ્લોકો ટાંકે છે:

'બા, કૃષ્ણ રમવા ગયો હતો ત્યાં એણે હમણાંજ ફાવે તેટલી માટી ખાધી.' 'કૃષ્ણ! ખરી વાત કે?' બળદેવે કહ્યું, 'બા એ ખોટું કહે છે—જો મારૂં મોં.' 'ઉઘાડ, જોઇએ' એમ કહેતાંવેંત બાળકે મોં ઉઘાડયું. અને એ મોંમાં સમસ્ત જગત જોઇ જેની મા વિસ્મય પામી—એ કૃષ્ણ તમારૂં રક્ષણ કરો.'[1]

'કનકકલશ જેવા સ્વચ્છ રાધાના સ્તનમંડલમાં નવ-જલધર જેવી શ્યામ કાન્તિનું પ્રતિબિંબ પડયું અને પીળું લુગડું સમજી કૃષ્ણ વારંવાર ખસેડવા જાય છે. એ જોઈ રાધા હસી, અને કૃષ્ણ પણ એ વિસ્મયકારક ભૂલ માટે શરમાયા અને હસ્યા—એ કૃષ્ણનો જય હો'![2]

---

૧ कृष्णेनाम्ब गतेन रन्तुमधुना मृद्भक्षिता स्वेच्छया
सत्यं कृष्ण? क एवमाह? मुसली मिथ्याम्ब पश्याननम् ।
व्यादेहीति विकाशिते शिशुमुखे माता समग्रं जगद्
दृष्ट्वा यस्य जगाम विस्मयपदं पायात् स वः केशवः ॥

× × ×

૨ कनककलशस्वच्छे राधापयोधरमण्डले
नवजलधरश्यामामात्मद्युतिं प्रतिबिम्बिताम् ।
असितसिचयप्रान्तभ्रान्त्या मुहुर्मुहुरुत्क्षिप-
ञ्जयति जनितव्रीडाहासः प्रियाहसितो हरिः ॥

'કીર્તિકૌમુદી'ના કર્તા સોમેશ્વર (આશરે ઇ. સ. ૧૨૩૦) એ હકીકતને પુષ્ટિ આપે છે. 'નેમિભગવાનના ભક્તિવાળા આ વસ્તુપાલે શંકર અને કેશવનું પૂજન ન કર્યું એમ ન સમજવું. જૈન છતાં વેદધર્મીઓના હાથમાં પણ એ દાનનું પાણી આપે છે.'[1]

વળી 'सुरथोत्सव' નામના એના કાવ્યમાં નીચે પ્રમાણેના પણ બે શ્લોક છે:

'જેમાં દ્રોણ (દ્રોણાચલ પર્વત, દ્રોણાચાર્ય) હેરાન કરવામાં આવેલ છે; જેમાં સિંધુરાજ (દરીઓ, સિંધ દેશનો રાજા) ખસેડી નાખવામાં આવેલો છે; જેમાં પવનકુમાર (હનુમાન, ભીમ) વિરાજે છે; જેમાં રામ (દાશરથી રામ, બલરામ) નું વૃત્ત છે, તથા જેમાં હરિવંશ (વાનરોનો વંશ, ભારતને અંતે 'હરિવંશ' નામનો ભાગ) છે—એવું જે ભારત જેવું રામાયણ તેને હું નમસ્કાર કરૂં છું.'[2]

'એ કૃષ્ણ તમારૂં રક્ષણ કરો—ગોવર્ધન પર્વત ઉપાડવાથી થાકેલાં જેનાં અંગ ચાંપવાને બ્હાને, કામથી પીડાએલી ગોપીઓએ મોટેરાંની સમક્ષ પણ નિઃશંક રીતે, આલિંગનનું સુખ મેળવ્યું—એ કૃષ્ણ તમારૂં રક્ષણ કરો અને રાધા પણ રતિકલહમાં તમારી મનકામના પુરી કરો.'[3]

---

१ नानर्च भक्तिमान्नेमौ नैमौ शङ्करकेशवौ ।
जैनोऽपि यः सवेदानां दानाम्मः कुरुते करे ॥

२ उपद्रुतद्रोणमपास्तसिन्धुराजं विराजत्पवनात्मजेन ।
सरामवृत्तं हरिवंशहारि रामायणं भारतवन्नतोऽस्मि ॥

× × ×

३ "स पातु गोवर्धनभारखिन्न यदङ्गसंवाहनकैतवेन ।
गोप्यो गुरूणां पुरतोऽप्यशङ्कमवापुराश्लेषसुखं स्मरार्ताः ॥
राधाऽस्तु सिद्धयै रतिविग्रहे या........"

'ચતુર્વિંશતિપ્રબંધ'ના કર્તા કવિ રાજશેખર કહે છે કે રાજા વીરધવલે (ઇ. સ. ૧૨૩૩–૧૨૩૮) વીરનારાયણનું મંદિર બંધાવ્યું હતું. ઇ. સ. ૧૪૧૩ માં નૃસિંહારણ્ય મુનિએ 'વિષ્ણુભક્તિ ચંદ્રોદય' નામનો એક વૈષ્ણવ ગ્રંથ રચ્યો. ઇ. સ. ૧૪૧૭ માં કોતરેલો ગિરનારના રેવતી કુંડ પરનો એક લેખ નવનીતચોર દામોદરની સ્તુતિથી આરંભાયો છે. ઇ. સ. ૧૪૯૯ માં વાઘેલા મોકલસિંહે ભાગવતોના સમૂહની રક્ષા કરી. ઇ. સ. ૧૫૧૧ માં વડોદરામાં ગોવિંદભક્ત રાજા રાજ્ય કરતો ને જુનાગઢમાં રણછોડજીનું મંદિર હતું.

એ ઉપરાંત ગુજરાતના વિદ્વાન બ્રાહ્મણોને ભાગવત, ગીતગોવિંદ ને હરિલીલામૃતની મોહિની લાગી હતી; અને તે દ્વારા સામાન્યોને પ્રિય એવાં ભજનો પર શિષ્ટતાનો ઓપ પણ ચઢયો હતો. આ પ્રમાણે ભાગવત સંપ્રદાય ગુજરાતમાં પ્રસર્યો લાગે છે. પણ એમાં શુદ્ધભક્તિનો સ્પર્શ નથી.

બાર, તેર ને ચૌદમા સૈકામાં રજપુતાના ને ગુજરાતની ભાષામાં ઝાઝો ફેર નહોતો; અને મથુરાં ને વૃંદાવનની કીર્તિનાં પદો એ ભાષામાં થતાં જ હશે એમ સ્પષ્ટ લાગે છે. એટલુંજ નહીં પણ દ્વારકાં શ્રીકૃષ્ણનું ધામ હોઈ, કૃષ્ણકીર્તનનો પ્રવાહ ગુજરાતમાં વહ્યો આવતો હોવો જ જોઈએ. "ગૌડ મંડલમાં કવિ જયદેવે (ઇ. સ. ૧૧૬૦) ગીતગોવિંદથી રાધાકૃષ્ણની પ્રીતિ ગાઈ તે પહેલાં ગુર્જર ભૂમિમાં એ રસરાજના અધિષ્ઠાતાની અને એ રસેશ્વરીની પ્રેમગાથા અપભ્રંશ કવિઓ ગાઈ રહ્યા હતા તેનું પણ સંગૃહિત વચનોથી ભાન થાય છે."[1] પણ આ પ્રકારના સાહિત્યમાં શુદ્ધ ભક્તિના અંશો કરતાં પ્રેમ ને કલાના અંશો વધારે હતા.

(૨)

## લોકસાહિત્યમાં રાધાકૃષ્ણ

આ યુગમાં ગુજરાતે કલાકારનું ભક્તિસાહિત્ય પણ ઘણું,

૧ રા. કેશવલાલ ધ્રુવ: બીજી સાહિત્ય પરિષદને પ્રમુખસ્થાનેથી.

સર્જાવ્યું લાગે છે. હજુ તેના નમુના ઝાઝા મળી આવતા નથી; પણ જે મળે છે તેનાથી ભક્તિસાહિત્યના એ પ્રકારનો ખ્યાલ આવે છે. આ પ્રકારમાં શૃંગારરસ અને અલંકાર બંનેનો, બહોળે હાથે ઉપયોગ કરવામાં આવતો હતો.

આ પ્રકારના સાહિત્યનો પ્રવાહ હેમાચાર્યના પહેલાંથી ચાલ્યો આવે છે. સિદ્ધહેમના ૮ મા અધ્યાયમાં પ્રાકૃત કાવ્યોમાંથી જે ઉતારા આપ્યા છે તે દૃષ્ટાંતરૂપ થઈ પડશે.

હરિ નચ્ચાવિઉ પંગણઇ વમ્હઈ પાડિઉ લોઉ ।
એમ્વહિં રાહ-પઓહરહં જં ભાવઈ તં હોઉ ॥[૧]

× × × ×

એક્કમેક્કઉં જઇવિ જોએદ હરિ સુઠુ સવ્વાયરેણ ।
તો વિ દ્રેહિ જહિં કહિંવિ રાહી । કો સક્કઈ
સંવરેવિ દઢ-નયણ નેહિં પલુટ્ટા ॥[૨]

સંવત ૧૫૦૦ ની આસપાસમાં મદન બ્રાહ્મણનું રચેલું 'મયણ-છંદ' નામનું ૩૪ ટુંકનું કાવ્ય આ પ્રકારના સાહિત્યનો નમુનો પુરો પાડે છે. તેમાં કૃત્રિમતાની ઝાંખી થાય છે છતાં તે વખતના પ્રચલિત આદર્શોમાં અલંકારની સમૃદ્ધિ અને હરિલીલાનો રસ એ બે વચ્ચે કેવી એકતાનતા હતી તે દર્શાવે છે.

---

૧ હરિને આંગણામાં નચાવ્યા, અને લોકો બધા વિસ્મય પામ્યા. હવે રાધાના પયોધરને જે થવાનું હોય તે થાઓ.

—સિદ્ધહેમ, અધ્યાય ૮, ૪૨૦-૪.

૨ જો કે હરિ પોતે વિશ્વવ્યાપી નજરે દરેક વસ્તુ ઉપર ધ્યાન રાખે છે, છતાં તેજ આંખ તો જ્યાં રાધા હોય તેના ઉપરજ ઠરે છે. (પોતાની પ્રિયતમા ઉપર) સ્નેહભરી દૃષ્ટિ ફેંકતાં તેનાં દઢ નયનોની આડે કોણ આવી શકે એમ છે?

—સિદ્ધહેમ, અ. ૮, ૪૨૨-૬.

આશરે ૧૪૯૫ માં પાટણ પાસે ધાનેજા ગામ આગળ 'નતર્ષિ' (?) નામના કવિએ રચેલું ફાગુ કાવ્ય આ જાતના સાહિત્યનું દૃષ્ટાંત આપે છે. એમાં 'ગીતગોવિંદ' ની છાયા સ્પષ્ટ દેખાય છેઃ—

દંત ખંડિ કરવતુ, અપર નેઉર હુતાશન.
મોતી ખાર સમુદ્ર, ઘસી પરિમલન ઉશાસન.
કંચૂ ખંડ વિખંડિ, લેઇ વલિ સોવિન વન્નઉ,
કજ્જલ અગનિ પ્રજ્જલિઉ, તુહ મઇ નયણે દિન્નઉ.
એહ કલસ કુંભ ઘણ કુટ્ટીઉ, ચક્ર પયરિંભમાવીઉં;
એતલા તપ્પ જુ નહુ તપિઉ, તુમુઝ પાસિ ન આવીઉ.[૧] (૨)

× × × ×

બાલી બાલિ નિઠર વયણ, રવણિ રાવણશિર ખંડણ;
ગજ્જગતિ ગરૂડા ગમિ, કાંતિ કંસાસુર વિહંડણ;
બાલી બલિ છેતરણ, દૈવી દૈતાંહ નિકંદન;
મધુરિ વાંણિ મહિમાંણિ, સુહવિ અસુરાં સંતાપણ.
કમલાયણિ કમલવાસ હરિ, સુઝ મનિ ભામિની ભયહરણ;
માનિનિ મયણ ઈમ ઉચ્ચરઈ, હરિ લંકી હિવ હરિશરણિ. (૩૪)

ફાગુ.

આવિય માસ વસંતક, સંત કરઈ ઉત્સાહ;
મલયાનિલ મહિ વાયઉ, આયઉ કામ ગિદાહ. (૧૭)[૨]

---

૧ હાથીદાંતે કરવત વેઠયું, નેપુરે હુતાશન સહ્યો, મોતીએ સમુદ્રનો ખાર વેઠયો, પરિમલે ઘસારો વેઠયો, કંચુકીએ કટકા થવાનું સહ્યું, સોનાએ અગ્નિ સહ્યો, અને કાજળ આગમાં બળીને દેહધારી થયું ત્યારે મેં તેને નયણે આંજ્યું. કળશે કુચની ઉપમા લીધી તે પહેલાં ઘણ વડે કુટાયો અને પછી ચાક ઉપર ચઢીને ભમ્યો ત્યારે તે એ ઉપમા પામ્યો. આવાં તપ જે નથી તપ્યો તે મારી પાસે આવ્યો નથી.

૨ સંતોને ઉત્સાહક એવો વસંત ઋતુનો માસ આવ્યો. મલયનાવાયુ વાવા લાગ્યા અને કામદેવની ગદાઓ આવવા લાગી.

રાસક.

વણવરિ આવિય પ્રભુ વીનવિઉ, નવિ દસઇ દિસારી રે;
માધ માધવ ભેટણ આવઈ, આવિત દેવ મુરારિ રે (૨૮)[૧]

વાત સુણી પ્રભુ મણિ અતિ હરખિય, નિરખિય ગૃહપરિવાર રે;
નિજ પરિવારિઈ જાદવ પહુત, વહુ તુ વનહ મઝારિ રે. (૨૯)[૨]

પણ ભરિ નમતી તરૂણી કરૂણી, વરૂણી ચરણ સંચારિ રે;
ચાલઈ ચમકત ઝમકત નેઉર, કેઉર કટક વિશાલ રે. (૩૦)[૩]

વેણિય વયણિ મિષંતરિ, ભિંતરિ રહિઉ સિરિ નાગ;
અધર રંગ પરવાલિય, આલિય નાવઈ ભાગ. (૩૩)[૪]

આંદોલા.

નાચઇં ગોપિય વૃંદ, વાઈ મધુર મૃદંગ;
મોડઈ અંગ સુરંગ, સારંગધર વાઈત મહૂચરિ એ,
કુલ વણ મહૂચર એ. (૪૧)[૫]

---

૧ વનદેવે આવીને પ્રભુને વિનતી કરી કે દસે દિશાઓ નવું રૂપ પામી છે. કામદેવ માધવને ભેટવા આવે છે, માટે મુરારિદેવ પધારો. (૨૮)

૨ વાત સાંભળીને પ્રભુ અતિશય હર્ષિત થયા ને પોતાના ગૃહપરિવાર તરફ જોયું. પોતાના પરિવારને સાથે લઇને પ્રભુ વનમાં પહોંચ્યા. (૨૯)

૩ સ્તનભારથી નમતી અને મદોન્મત્ત હાથણીઓની પેઠે ચાલતી તરુણીઓનાં નેપુર ઝમકાર કરવા લાગ્યાં, અને વિશાળ કેયૂરકટક ચમકવા લાગ્યા. ( ૩૦ )

૪ ગુંથેલો ચોટલો તે જાણે વેણીને મિષે અંદર નાગ રહ્યો હોય એવો દેખાવા લાગ્યો. પરવાળાંનો રંગ તે હોઠના રંગની સરખામણીમાં હારી ગયો. ( ૩૩ )

૫ જાદવકુલ વનના મધુકર સારંગધરે મોરલી વગાડવા માંડી એટલે ગોપીઓ ટોળે મળીને નૃત્ય કરવા લાગી. મૃદંગ વગાડવા માંડયું. સુંદર અંગ મરડ ને નૃત્યના અભિનય કરવા લાગી. ( ૪૧ )

ગાઈં અભિનવ ફાગ, સા ચવઈં શ્રીરાગ;
નવગતિ મૂંકઈં પાગ.....સારંગ૦ (૪૩)[1]

કર લિઈં પંકજ નાલ,સિરિ વરિ ફેરઈંબાલ;
છંદિહિં વાજઈં તાલ.....સારંગ૦ (૪૪)[2]

તારા માહિ જિમ ચંદ,ગોપિય માંહિ મુકુંદ;
પણમઈં સુરનર ઇંદ.....સારંગ૦ (૪૮)[3]

ફાગુ.

ગોપિય ગોપતિ ક્રીડત, હીંડત વનહ મઝારિ;
મારૂત પ્રેરિત વન ભર, વન ભર નમઈં મુરારિ. (૫૭)[4]

આજ ધાટીનું 'વસંત વિલાસ' કાવ્ય પણ માનવશૃંગાર ને કલાકારની શૃંગારભકિત વચ્ચે કેટલો થોડો અંતર છે તેનું ભાન કરાવે છે. આ સાહિત્ય પર 'ગીતગોવિંદે' જબરી અસર કરી દેખાય છે. અને આશરે સં. ૧૬૦૦ માં 'ગીતગોવિંદ'નો પહેલો તરજુમો થયેલો પણ નજરે પડે છે. આ તરજુમા ઉપરથી એટલું સ્પષ્ટ લાગે છે કે રાધા-કૃષ્ણની રસિક લીલાએ ગુજરાતના સાહિત્યમાં કલામયતા પ્રસારવી ચાલુ રાખી હતી. આ તરજુમામાંથી એક ઉતારો આપવા જેવો છે:—

---

૧ શ્રીરાગનો આલાપ કરીને નવનવા ફાગ ગાવા માંડયા. નવનવા છંદે તાલ આપીને પગ મુકતી ગોપીઓ નાચે છે ને સારંગધર મોરલી વગાડે છે. (૪૩)

૨ ગોપીઓ હાથમાં કમળનાળ લઇને માથા ઉપર ફેરવે છે. છંદે છંદે તાલ દે છે. સારંગધર વેણુ વગાડે છે ને ગોપીઓ નાચે છે. (૪૪)

૩ તારાઓમાં જેમ ચંદ્રમા શોભે તેમ ગોપીઓમાં મુકુંદ શોભે છે. સુર, નર અને ઈંદ્ર જેમને પ્રણામ કરે છે એવા સારંગધર મોરલી વગાડે છે ને ગોપીઓ નાચે છે. (૪૮)

૪ ગોપતિ—મુકુંદ અને ગોપીઓ ક્રીડા કરતાં વનમાં ફરે છે. આખું વન પવનથી પ્રેરાઈને મુરારિને નમે છે. (૫૭)

"રાધા માધવ નંદની એહવી આજ્ઞાથી ચાલ્યાં। એહવી કેહવી। રાધા તૂં શ્રી કૃષ્ણુનિં ધિરિ તેડી જા। આકાશ મેઘવ્યાપ્ત થયો છિ। વનભૂમિ તમાલ દ્રુમ એ શ્યામ છિ। રાત્રિનો સમય છિ। અર્તિં આયે શ્રી કૃષ્ણુ તે બીહીકણુ છિ ॥ ૧ ॥

"શ્રી જયદેવ યે કવિ તે પ્રબંધ કરિ છિ। કેહવો છિ તે જયદેવ। વાગ્દેવતા યે સરસ્વતી। તેહનૂં યે ચરિત્ર તેણિ કરીનિં ચિત્રિત છિ। ચિત્ર રુપીઉં ગૃહ યેહનૂં વલી કેહવો છિ તે જયદેવ। પદ્માવતી યે લક્ષ્મી તેં હતી યે ચરણસેવા। તેણિ કરીનિં ચક્રવર્તી છિ। વલી કેહવું છિ તે પ્રબંધ વાસુદેવ યે શ્રી કૃષ્ણ તેહની યે વિલાસકથા તેણિ સંયુક્ત છિ. ॥ ૨ ॥"

(૩)

## ગુજરાતમાં પૌરાણિક બળ અને ઉપાસના

શુદ્ધ ભક્તિના પ્રચારથી પ્રાકૃત સાહિત્યની કીંમત વધી; અને ઉપાસક, પુરાણી ને કલાકાર બ્રાહ્મણ જેમ સંસ્કૃતદ્વારા આર્ય સંસ્કારો વિસ્તારતો તેમ પ્રાકૃત ભાષાદ્વારા કરવા લાગ્યો.

ભાગવતે જેમ પ્રણયીઓમાં ભક્તિરસ પ્રગટાવ્યો, તેમ સાહિત્યકોમાં કલાનો નવો આદર્શ પેદા કર્યો, અને પુરાણીઓની કથાઓમાં ઉપાસનામિશ્ર ભક્તિનું નવું તત્ત્વ આણ્યું. જે માત્ર કથા હતી તે હરિકથા થઇ. જે હરિકથા હતી તે મોક્ષનું સાધન થયું. અને આ રીતે આર્યાવર્તના બ્રાહ્મણો જેમ પહેલાં સંસ્કૃત પુરાણો મારફતે આર્યોની સંસ્કૃતિની એકતા અને સાહિત્યની સમૃદ્ધિ સાચવી રહ્યા હતા તેમ હવે પ્રાકૃત ભાષાદ્વારા આ પૌરાણિક બળથી હીંદુ સમાજ ને સંસ્કૃતિને સુગ્રથિત બનાવી રહ્યા, અને તેને કલાની મદદથી સતેજ કરવા મથી રહ્યા.

ભાગવતની અસર ગુજરાતમાં આ સમયમાં ઉપઃકાલના

સજીવ કરતા આહ્લાદ જેવી દેખાય છે. એમાં ભાગવતમાં કેંદ્રસ્થ થએલાં ચારે બળ પ્રાકૃતમાં નવાં સ્વરુપ લેતાં જોઈએ છીએ. શુદ્ધ ભક્તિનું ને કલાનું સાહિત્ય તે નરસિંહનું; ઉપાસના, પૌરાણિક સાતત્ય ને કલાનું સાહિત્ય તે ભાલણનું.

ભાલણમાં નરસિંહના કાવ્યની છાયા કેટલાક વિદ્વાન જુએ છે.[1] પણ નરસિંહ પાસે એને પ્રેરણા નથી મળી દેખાતી, અને છતાં એનું અનુકરણ કેટલીક જગ્યાએ દેખાય છે. બંનેએ પ્રાકૃત ગીતોના ભંડારમાંથી સામાન્ય લાગતી છાયાઓ લીધી હોય એમ લાગે છે. જો ભાલણે નરસિંહ પાસેથી પ્રેરણા લીધી હોય એમ માનીએ તો પણ પોતાની કૃતિઓને કલાકાર, ઉપાસક ને પુરાણીના આદર્શો અને વ્યક્તિત્વની એણે એવી છાપ આપી છે, અને એ છાપથી પાછલું સાહિત્ય એવું ઘડાયું છે કે આ યુગના અધિષ્ઠાતા થવાનો અધિકાર એનોજ લાગે છે.

ગુજરાતમાં ભાલણે નવા સાહિત્યનો યુગ શરુ કર્યો. તેણે મિશ્રભક્તિનું સાહિત્ય ઉભું કર્યું; અને એ સાહિત્યને પ્રેરતા નવા આદર્શો પ્રચલિત કર્યા. જે પૌરાણિક બળનો આગળ ઉલ્લેખ કર્યો છે, તેની એ મૂર્તિ હતો. એટલે એનું ખરું સ્થાન ગુજરાતી પૌરાણિક સાહિત્યના આદ્યસ્રષ્ટાનું છે. પુરાણોની મદદથી પ્રાકૃત સાહિત્ય સર્જાવવા તે જે પ્રયત્ન કરી રહ્યો તેને પરિણામે ગુજરાતી સાહિત્યને નવી સમૃદ્ધિ મળી.

"કથા જે ભાગવતે બોલી, હરિ વંશે વિસ્તાર;
અન્ય પુરાણ તણું સર્વ આણી એકે ઠાર."[2]

× ×

"અનેક કવિએ વર્ણવ્યું નાટક કરી પ્રબંધ;
કહે ભાલણ ભાષાએ શું રે પદનો કરીને બંધ."[3]

× ×

૧ રા. રામલાલ મોદી: ભાલણ. ૨ દશમસ્કંધ, પૃષ્ઠ ૨૪૮. ૩ રામવિવાહ.

"નૈષધ ચમ્પૂ મહાભારતમાં કવિ કીર્તિ અતિ લીધી;
કાલાને પ્રીછવવા ભાલણે ભાષાએ તે કીધી."[1]

ભાલણ ઉપાસક હતો, પણ એની ઉપાસના પ્રેરણા વિનાની હતી. તેમાં ઋગ્વેદની ઉપાસનાની નવપ્રેરણા નહોતી; ગીતાની ઉપાસનાની ભવ્યતા નહોતી; શૈવમતની ઉપાસનામાં રહેલો ધાક નહોતો. પુરાણોએ તેને મહિમાગાનનું સ્વરૂપ આપ્યું હતું; અને પ્રણાલિકાએ એ સ્વરૂપને એક ઘાટીનું કર્યું હતું. એમાં માત્ર સુવિખ્યાત લક્ષણો કે પરાક્રમોની ટીપજ મુખ્ય ભાગે છે; ને અંગત પ્રેરણા કે ભવ્યતાના દર્શન કે પૂજ્યભાવની ઉર્મિઓ નથી:

"આઈ વિશ્વેશ્વરી તું જગની ધાત્રી, કરાં સૃષ્ટિસંહાર રે;
નિદ્રા વિષ્ણુની તુને સ્તવું છું, જેનું અનુપ તેજ અપાર,
આઈ સાર કરી લીજે.

× × ×

તું સ્વાહા સ્વધા ને વષટ્કાર, તું સ્વર અક્ષર પ્રમાણ રે;
તું સુધા ને નિત્યત્રિધા, સ્વરાત્મિકા કહીએ વાણ."

તેના પર રામાનંદની કંઇ અસર છે એમ કેટલાક માને છે, પણ આ માન્યતા વાસ્તવિક લાગતી નથી. એની ઉપાસનાવૃત્તિ પુરાણના બધા ઈષ્ટદેવ કરતાં શ્રી રામ તરફ વધારે જાય છે એટલુંજ. એના સમયમાં રામાનંદી પંથ ગુજરાતમાં પ્રસર્યો હતો, અને તેની અસરથી એણે શુદ્ધચરિત રામને ઈષ્ટદેવ સ્વીકાર્યા હોય એમ બને. પણ એની ઉપાસના પર રામાનંદી ઉપાસનાનો સ્પષ્ટ રંગ નથી. તે પૌરાણિક છે—સાંપ્રદાયિક નથી.

'ભાલણ પ્રભુ રઘુનાથ' તે કહે છે તેમજ ગાય છે ખરા; પણ વળી કહે છે:—

'પ્રેમ ધરીને સાંભળે અને જે કોઈ ગાય,
કિહિ ભાલણ તેહને કૃપા કરે કૈલાસ રાય.

× × ×

૧ નળાખ્યાન.

'શંકર શોભ્યા પાખે ક્યાંહાંથી, શું કરશે સર્વે લોક;
જ્યાહારે સુખની વેલા આવે ત્યાહારે પામે એક.[1]

તેમજ શક્તિ વીશે તે કહે છે:—

'ગુણ ગાવા ઇછું ભગવતીના... ... ... ... ... ...
તેહનો મહીમાં શું કહું, સુકમતિ મન માંહિં ભમિ;
કાલો ઘેલો બાલક બોલ, તે વચન માતાને ગમિ.[2]

કલાકારના ભક્તિ સાહિત્યના સ્વતંત્ર વ્યક્તિત્વનો નાશ કરી તેને પૌરાણિક સાહિત્યમાં મેળવી દેનાર પણ એજ છે. જે કલાનાં તત્ત્વો પ્રાકૃત કાવ્યો, ફાગુ ને વસંત વિલાસમાં જોઈએ છીએ, તે એના પછી પુરાણની કથામાંજ જડે છે. તેમજ જે તત્ત્વો પ્રેમાનંદ, બ્રહ્માનંદ ને દયારામે પોતાનાં કર્યાં તે બધાં એની કૃતિઓમાં પહેલાં જડે છે—લગભગ સંપૂર્ણ દશામાં. અને એણે રચેલાં ધોરણોજ મધ્યકાલમાં સર્વમાન્ય થઈ રહ્યાં હતાં.

ભાગવતની અપૂર્વ કલાનું આછું, અધુરું દર્શન ગુજરાતને કરાવનાર પણ ભાલણ છે:—

હરિ વિના આતુર–ચંદ્ર ચકોર, જેમ ચકવીને હરનીશ ભોર;
તેમ મુને વહાલા નંદકિશોર, હરિ વિણ હું મૂઇરે.

કલાની દૃષ્ટિએ નરસિંહની રાસલીલા સાથે ભાલણની રાસલીલા સરખાવવા જેવી છે. એના વિલાસમાં નરસિંહ મહેતાનો ઉભરાતો, વિલાસઘેલો તલસાટ નથી પણ વિલાસપ્રિય સાહિત્યની રસિકતા છે. એનામાં, નરસિંહના જેવો શબ્દપ્રભાવ નથી, તેમજ સ્પષ્ટ કલ્પના દૃષ્ટિ નથી, પણ કલાકારનો સુંદર પ્રયત્ન છે અને ભાષાની હૃદયંગમ સરળતા છે. નરસિંહનું અદ્‌ભુત કવિત્વ નથી, પણ રસિક કથનકારની કલા છે. નરસિંહનો વિલાસ નથી; પણ સૌંદર્યપૂજકની રસ-

---

૧ મૃગીઆખ્યાન.
૨ સપ્તશતી.

વૃત્તિ માત્ર એકલી રાધાકૃષ્ણમાંજ રમી નથી રહેતી પણ નળદમયંતી ને કાદંબરીમાં પણ રાચે છે. આ કાવ્યો ભક્તિની મર્યાદાની બહાર હોઈ આ લેખમાં તેમને છેડવાની જરૂર નથી; પણ એ બંને કૃતિઓ એટલું બતાવે છે કે ભાલણની સર્જકશક્તિ માત્ર શુદ્ધ ભક્તિની માફક પોતાના પ્રણયની આસપાસ વીંટાતી નથી, પણ જે જે વિષય સ્પર્શે છે તેને સજીવન કરવા મથે છે.

તેમજ કલાકારના આદર્શોમાં માનવપ્રેમનો પ્રતિધ્વનિ કરાવનાર જે ભક્તિસાહિત્ય ગુજરાતમાં પ્રગટ્યું, અને જેણે દયારામનાં કાવ્યોમાં સરસમાં સરસ સ્વરૂપ પ્રાપ્ત કર્યું તેને પણ શરુ કરનાર તે ભાલણ જ.

" મારા સમ જો માધવ જોજો, મુજને હાથ અડાડો રે;
જેવા છો તેવા ઓળખ્યા, ફોકટ ભીમે પાડો રે;
વહાલા વેગળા રહો, આળ ન કીજે આજ વહાલા" વગેરે.[૧]

× ×

જશોદાના જીવન ઘેર આવો, જે માગો તે આપું,
ઈચ્છા જે જે હોએ વહાલા ! તમને તે તે થાપું;
પ્રીતતણું પાણીએ મીઠું; સ્નેહ વિના શું દૂધ ?
નયણાં માંહે નેમ જાણીએ, વચન કહું છું શુદ્ધ.
રાત દિવસ હું ટળવળું, પણ સ્વપ્ન માંહે નવ દેખુંજી;
એક જીહ્વાએ શું કહું તે દુઃખતણું તાં લેખું ?
આંગણડે ઉભી રહું, જાણું આણી વાટે આવેજી;
નયન કટાક્ષે નીહાળતાં, તપતો તાપ સતાવેજી. "[૨]

એના " વિપ્રલંભ શૃંગારનાં આવાં ઘણાં પદો છે; સંભોગનાં તો તેથીએ ધટ્ટ રસથી ભરેલાં છે. ભાલણની દાણલીલા, માનલીલા ને ભ્રમરગીત પ્રેમાનંદ કરતાં તો સારાં છે જ, પણ નરસિંહ ને દયારામથીએ ઉતરે તેવાં નથી. "[૩]

---

૧ કૃષ્ણલીલા, દશમસ્કંધ.

૨ દશમસ્કંધ.

૩ રા. રામલાલ મોદીઃ ભાલણ.

એની કલા માત્ર શૃંગાર કે પ્રણયરસ ગાવામાં સમાપ્ત થતી નથી. વાત્સલ્યરસ ઉતારવાની એની કલાને, ગુજરાતી ભાષામાં, કોઈ ઝાંખી કરી શક્યું નથી.

પ્રભુ પાડે તાળી ને વળી તોતડું બોલે;
નાનું નાનું નૃત્ય સાંભળી શંકર ડોલે.[૨]

× × × ×

પ્રીતે પાડે કૌશલ્યા સોર, રઘુ મારો ક્યાંય રમે;
મ્હારા કોમળ બાળકિશોર, રઘુબા ક્યાંય રમે.

અને બાલક કૃષ્ણ વર્ણવવાની મોહક કલા એના દશમસ્કંધમાં મળે છેઃ—

કહાન કહાન કરતી હીંડું રે, ઘેર ઘેર હીંડું જોતી રે;
કહાં ગયો મારો નાનડીયો રે, જેને નાકે નિર્મળ મોતી રે.

× × ×

આંખ આંજતી ને તીલક કરતી, વહાલો જાતો નાશી રે,
એ સુખ તો તમો નથી દેખવું, જો કરવત મૂકો કાશી રે.

અને વ્રજ છોડતા કૃષ્ણ માટે માતપિતાનું સંબોધન આખી ભાષામાં એક અપૂર્વ કૃતિ છેઃ—

માતપિતા ક્યમ ટળે, જેથી ઉપન્યું અંગ ?
ફાટે પણ ફીટે નહીં, ચોલ તણો જ્યમ રંગ.
હું ઘર જાઇશ એકલો, મરશે તારી માય;
હુંએ પણ જીવું નહીં, તું વિણ ઘડીએ ન જાય.
જો દયા મન આવે નહી, તો મારો હાથે શ્યામ !
કંસ જેણી પેર મારીઓ, તેમ વ્રજનો ફેડો ઠામ.

× × ×

૨ રામચરિત્રઃ કાવ્યદોહન, ૬૪૫.

મીઠડા માવજી રે, મારે મંદિર આવો;
પ્રેમે પીરસું પરમાનન્દ, કુર ને દૂધ શીરાવો.

... ... ... ... ...

ધવરાવીને હૈડે ચાંપતી, તેમ દેવકી નહીં ચાપે રે;

રોમાંચિત મારી દેહડી થાતી, તેમ તેની નહીં કાંપે રે.

માતા નહીં થાવું તમારી, ધાવ કહીને જાણો રે;
મેં બાંધ્યો જે માખણ માટે, તેણે રોષ ભરાણો રે.

કાલિંદી માંહે તમ ઉપર, જે હું નવ ઝંપાવી રે;
જાણું તે વાત સંભારી, રીસ મન માંહે આવી રે.

તેં દીધો તેમ કો દે નહિ, પ્રીત કરીને છેહ રે;
ભાલણ પ્રભુ રઘુનાથ, સંભારો એક ઘડીનો નેહ રે.

આમ કલાકાર ઉપાસક ને પુરાણિકનું સાહિત્ય સર્જાવતો ભાલણ મહાભારત, રામાયણ, ભાગવત, શિવ ને માર્કંડેય પુરાણમાંથી અનેક રસિક વિભાગોને ને કાદંબરીને ગુજરાતીમાં રચી પ્રતાપી સાહિત્યનો પાયો નાંખે છે.

ભાલણ પછી એનો પુત્ર વિષ્ણુદાસ સં. ૧૫૭૫ માં ઉત્તરકાંડ લખે છે. સં. ૧૫૨૬ માં કર્મણમંત્રી નામનો વાણીઓ સીતાહરણ રચે છે. સં. ૧૫૨૯ માં વાલ્મિક કાયસ્થ કેશવ હદેરામ ભાગવતનો દશમસ્કંધ રચે છે. સં. ૧૫૪૦ માં પ્રભાસ પાટણમાં ઔદિચ્ય બ્રાહ્મણ ભીમ હરિલીલાષોડશકલા; ઉદ્ધવગીતા, દાણલીલા વગેરે રચે છે. એ પોતાની પ્રેરણા પુરાણમાંથી અને બોપદેવના હરિલીલામૃત-માંથી બારોબાર લે છે. બોપદેવના હરિલીલામૃતની અસર ભાલણ પર છે તેમ ભીમ પર છે. ભીમ કહે છેઃ—

'પંડિત બોપદેવ દ્વિજ એક, કીધો હરિલીલા વિવેક.
તેને આધારે કહીએ કથા, સરોવર મજલો કુવો યથા.'[1]

[1] કા. દો. ભાગ ૪, પૃ. ૪૭.

સં. ૧૫૪૮ માં જંબુસરમાં ગૌડ બ્રાહ્મણ જનાર્દન ઓખાહરણ રચે છે, અને સં. ૧૫૫૯ માં ગણદેવીનો અનાવિલ બ્રાહ્મણ કીકો વસી બાલચરિત્ર લખે છે. સં. ૧૫૬૨ માં અડાલજાનો મોઢ શ્રીધર રાવણમંદોદરી સંવાદ, સપ્તશતી છંદ અને કવિત ભાગવત લખે છે. ૧૫૭૪ માં ઉના ગામનો માંડણ દસ હજાર ટુંકનું રામાયણ અને હનુમન્તાખ્યાન લખે છે. આમ આ યુગમાં પૌરાણિક પ્રોત્સાહન ચારે તરફ નવા પ્રયત્નો કરવાની આકાંક્ષા પ્રસારી રહ્યું હતું.

(૪)

## રામાનંદી ઉપાસનાપ્રધાન ભક્તિ

જ્યારે ગુજરાતમાં ભાલણ ઉપાસનામિશ્રિત ભક્તિને સાહિત્યમાં મૂર્તિમાન કરતા હતા ત્યારે ગુજરાતની બહાર ભક્તિનો પ્રબલ તરંગ દશે દિશામાં પ્રસરતો હતો ને નવા સંપ્રદાય ને નવું સાહિત્ય સર્જાવતો હતો. અને એ બધાની અસર ગુજરાતમાં ધીમે ધીમે થતી હતી.

પંદરમા સૈકામાં ગુજરાતમાં રામાનુજ સંપ્રદાય પ્રસર્યો લાગે છે અને વીરમગામથી સુરત સુધી એની અસર આજે દેખાય છે. આજે ગુજરાતમાં ઠેકઠેકાણે રામાનુજ દેખાય છે; અને કાઠીઆવાડમાં ખીજડા મંદિર નામે પ્રચલતો સંપ્રદાય આનો એક ફાંટો છે એમ માનવાને કારણ મળે છે. નિમ્બાર્ક, મધ્વ કે વારકરીઓની અસર ગુજરાતમાં કાંઈ દેખાતી નથી.

૧૩૦૦ થી ૧૪૦૦ ના અરસામાં રામાનંદ થઈ ગયા. તે કાન્યકુબ્જના હતા, અને કાશીમાં રહી ભણ્યા. અજબ રીતે મથુરાની આસપાસના પ્રદેશમાં આ સમયના એક પુરા ભક્તે રામપૂજાને વિશિષ્ટ સ્થાન આપ્યું.

શ્રી રામચંદ્રજીએ મહામહેનતે વિષ્ણુના અવતારોમાં અગ્રસ્થાન મેળવ્યું લાગે છે. રામાયણમાં પૌરાણિક અંશ નથી. એમાં સમકાલીન

બીનાઓની છાંટ નથી. એનાં ઇતિહાસ ને ભૂગોળ પુરાણોની દૃષ્ટિએ ભૂલભરેલાં ને કૃત્રિમ છે. એ કોઈ પુરાણિકની નહીં પણ કવિનીજ કૃતિ છે. ઇ. સ. ચોથા સૈકાની પૂર્વે રામ વિષ્ણુના અવતાર મનાતા હોય એમ લાગતું નથી. મહાભારતમાં ત્રીજી વખતની યાદીમાં તે આવે છે. ભાસ તેને માત્ર રાજપુરુષ માને છે. કાલિદાસ રઘુવંશમાં તેનો દૈવી અંશ માત્ર પરોક્ષ રીતેજ જણાવે છે: 'દશરથના પુત્રરૂપે જન્મેલો હું, મારા તીક્ષ્ણ તીરવડે તેનાં માથાંરૂપી કમળોને રણભૂમિમાં બલિદાન આપવા લાયક બનાવીશ.'[૧] પણ ભાગવત સંપ્રદાયના વ્યૂહમાં તેનું સ્થાન નથી.

રા. દુર્ગાશંકર શાસ્ત્રી રામપૂજાના ઉદ્‌ભવ માટે લખે છે:[૨] "વાલ્મીકિએ એક ગુણશીલવાન મહાત્મા વીર પુરુષ તરીકે રામનાં ચરિતને બહુ આકર્ષક રીતે ચીતર્યું છે. વાસુદેવના પૂર્વાવતારોની કલ્પના રૂઢ થતાં, પુરાણોએ, એ સુંદર ચિત્રમાં અવતારની ભાવના ઉમેરી લીધી. એ રીતે ચોથા-પાંચમા શતકમાં રામ અવતાર મનાવા લાગ્યા. આ પછી અમુક કાળે રામપૂજા ચાલી હોય એ સંભવિત છે; પણ રામપૂજા ક્યારે શરુ થઈ એ ચોક્કસ કહેવાતું નથી. ઇ. સ. નવમા-દશમા શતક સુધીના જુના લેખોમાં કોઈ સ્થળે રામમંદિર કે રામધ્વજનો ઉલ્લેખ દેખાતો નથી. તેમ રામની કોઈ ૮મા શતકથી પ્રાચીનતર મૂર્તિ મળી નથી. મધ્વ અથવા આનંદતીર્થ બદરિકાશ્રમમાંથી રામની મૂર્તિ લઈ આવ્યાની, અને ઇ. સ. ૧૨૬૪ આસપાસમાં તેણેજ રામ અને સીતાની મૂળ મૂર્તિઓ જગન્નાથપુરી-

૧ सोऽहं दाशरथिर्भूत्वा रणभूमेर्बलिक्षमम् ।
करिष्यामि शरैस्तीक्ष्णैस्तच्छिरः कमलोच्चयम् ॥

—રઘુવંશ, સર્ગ ૧૦-૪૪.

૨ જુઓ : વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૮૮.

માંથી લઈ આવવા નરહરિતીર્થને મોકલ્યાની વાત પ્રસિદ્ધ છે. ચૈત્ર મહીનાની રામ નવમીને દિવસે કરવાના વ્રતના નિયમો ૧૩ મા શતકના હેમાદ્રિના વ્રતખંડમાં છે. હેમાદ્રિ તથા વૃદ્ધહારીત અમુક અમુક વખતે બીજા અવતારોની પૂજા સાથે રામપૂજા કરવાનો વિધિ બતાવે છે. આ સર્વ ઉપરથી એમ લાગે છે કે ૧૧ મા શતકની આસપાસમાં રામપૂજાનો સંપ્રદાય ચાલ્યો હશે. ”

અધ્યાત્મ રામાયણે દ્રવિડના આચાર્યોની કૃતિઓની માફક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું રામની ઉપાસના પર આરોપણ કરવા માંડ્યું. પણ તે પ્રયોગ ઘણો સફળ થયો લાગતો નથી. રામનાં શુદ્ધ ચારિત્ર્યથી સરળ ને સીધી નીતિનાં પ્રમાણિક હૃદયો મુગ્ધ થયાં અને ઉપદેશકોને તે દેવ તરીકે વધારે પ્રિય થઈ પડ્યા.

રામાનુજ સંપ્રદાયના રામાનંદે રામચંદ્રની ઉપાસના શરુ કરી અને ભક્તિ અને ઉપાસનાને વૈરાગ્ય સાથે ભેળવી તત્ત્વજ્ઞાનને સ્થાનભ્રષ્ટ કર્યું. ભક્તિથી પ્રેરાએલું જીવન નવા સંપ્રદાયની વાટ જોતું હતું તેની બાંહ્ય તેમણે ગ્રહી. તે દેશદેશ ફર્યા. ઉપાસનાથી શુદ્ધ એવી દૃષ્ટિએ સમાજ અને ધર્મની પ્રચલિત પ્રણાલિકાનાં રહસ્ય પારખ્યાં. અને તે સામાજિક સમાનતા ને ધાર્મિક સ્વાતંત્ર્યના પયગંબર બન્યા. પર્યટણ પછી પાછા ફરતાં તેમના વિચારો તેમના ગુરુબંધુઓને ભયંકર લાગ્યા એટલે તેમણે પ્રણાલિકાવાદીઓનું બ્રહ્માસ્ત્ર વાપર્યું અને તેમને પંથમાંથી કાઢી મુકયા. શુદ્ધિ ને સ્વાતંત્ર્યના પયગંબર રામાનુજ પંથ ત્યાગી ઉત્તરમાં આવ્યા, અને આવતી વખતે ગુરુની આશિષ તે સાથે લાવ્યા. પંથના ગુરુ, ઉદારચરિત રાઘવાનંદ સ્વતંત્ર સિદ્ધાંતવાળા શિષ્યની મહત્તાની કદર કરી શકયા.

તે કાશી આવ્યા, અને સમાનતા, સ્વાતંત્ર્ય ને શુદ્ધિથી પરિવર્તન પામેલા રામાનુજ પંથનો પ્રચાર કર્યો. તેણે ન્યાત ને મૂર્તિપૂજા સામે બળવો કર્યો. જ્ઞાન છોડી તેણે સત્સંગને પ્રાધાન્ય આપ્યું.

ઉપાસના એ નિર્મલતા ને ભાવનાની જનેતા છે. રામનંદે ભાગવતની શુદ્ધ ભક્તિ ત્યાગી પ્રાચીન આર્યોની શુદ્ધ ઉપાસના સેવવાનો પ્રયત્ન કર્યો; અને લોકગીત અને સંપ્રદાય બંનેને પ્રિય એવા શૃંગારી, વિલાસી કૃષ્ણને છોડી ભાવનાશીલ રામચંદ્ર પર પોતાનો મદાર બાંધ્યો. ભાગવત ભક્તિએ પ્રગટાવેલા પ્રચંડ તરવરાટમાંથી પોતે પ્રગટ્યા છતાં એણે તેજ ભક્તિને ઉપાસનાનું માત્ર એક અંગ બનાવવાનો મોટો પ્રયત્ન કર્યો. વણકર કબીર, ચમાર રૈદાસ, હજામ સેન ને ખાટકી સબ્ના એની પ્રેરણાથી મહાત્મા થયા.

રામાનંદનું એક પદ નાનકના આદિ ગ્રંથસાહેબમાં મળે છે:—

કત જાઇયૈ રે ઘર લાગો રંગુ, મેરા ચિતુ ન ચલૈ મન ભયો પંગુ,
એક દિવસ મન ભઈ ઉમંગ. ઘસિ ચંદન ચોવા બહુ સુગંધ.
પૂજન ચાલી બ્રહ્મ ઠાઈ, સો બ્રહ્મ બતાયો ગુરુ મનહી માહિં,
જહં જાઈયે વહં જલ પષાન. તૂ પૂરિ રહ્યો હૈ સબ માહિં.
વેદ પુરાણ સબ દેખે જોઇ, ઉહાં તૌ જાઇયૈ જોઈહાં ન હોઈ.
સતગુરુ મૈં બલિહારી તોર, જિન સકલ બિકલ ભ્રમ કાટે માર.
રામાનંદ સ્વામી રમત બ્રહ્મ, ગુરુકા શબદ કાટૈ કોટિ કરમ.”

આ પ્રતાપી, બળવાખોર સુધારકનું હીંદી ઇતિહાસમાં અદ્ભુત સ્થાન છે. શુદ્ધિ ને સચોટતામાં અપૂર્વ એવા આ મહાત્માએ બધાં પ્રચલિત બળને પડકાર કર્યો. પણ તીક્ષ્ણ બુદ્ધિના જ્ઞાનીને જ્ઞાન વગર ચાલે નહીં. સંસ્કારરક્ષક બ્રાહ્મણને પ્રણાલિકા વગર ચાલે નહીં. પુરાણીને અવતાર વગર ચાલે નહીં. પંડિતને સંસ્કૃત વગર ચાલે નહીં. અને થોડાકજ અનુયાયીમાં પૂજાતો એવો આ ઉદ્ધારક હીંદને સાંપ્રદાયિક ને પૌરાણિક ગુલામગીરીમાંથી ન છોડવી શક્યો. હીંદમાં એક લ્યુથર આવ્યો—પણ જર્જરિત હીંદે તેને પાછો ઠેલ્યો.

૧ Lala Sitaram: Selections from Hindi Literature, Vol. IV.

રામાનંદની અસર આખા હીંદમાં થઈ છે. રૈદાસ, કબીર, નરહરિદાસ એમના શિષ્ય હતા. નાનકને એમની અને રૈદાસને કબીરની પ્રેરણા મળી, અને તુલસીદાસજી પણ એમની અને નરહરિદાસની પ્રેરણા પામ્યા.

એમણે પ્રસારેલી રામભક્તિ પંદરમા ને સોળમા સૈકામાં ગુજરાતમાં ઘણે ઠેકાણે પ્રસરી હતી એ સ્પષ્ટ લાગે છે. 'રઘુનાથ' એ સંબોધન ઘણું પ્રિય થઈ પડ્યું હતું. અને ભાલણ જેવા રામભક્ત હતા તે આગળ જણાવ્યું છે. સંવત ૧૫૮૭માં તળાજાના વૈષ્ણવ મીઠાએ લખેલા 'વૈષ્ણવનાં લક્ષણો' પણ આ વાતને પુષ્ટિ આપે છે:—

" સાંભલિ સાંમી શ્રી રઘુનાથ કરુંઅ વીનતી જોડી હાથ,
કહઇ વિષ્ણવ નઈ આપ છંદિઈ રમઇં, કહુ ગમને તે કિમ ગમઈ?
મનિ મઇલું માયા મુખિ ધરઈ, વીસાસી પર નઈ છેતરઈ,
સંધ્યા દ્રોહ ઊપરી જે ભરઇ, કહુ રામને તે કિમ ગમઈ!
વિષ્ણુ કથા ગુણ ગાઇ ગીત, ઉબરિ હીયડું વડલઈ ચીતિ;
નારી પીયારી સરિસુ રમઈ, કહુ રામને તે કિમ ગમઈ!"[1]

રામાનંદના મુખ્ય શિષ્યમાં કબીર સાહેબ (ઇ. સ. ૧૩૯૮ થી ૧૫૧૮) હતા. વિધવા બ્રાહ્મણીના પેટમાં પાકેલા, રામાનંદની આશિષે અવતરેલા અને મુસલમાનને ઘેર ઉછરેલા એવા આ વણકરે, ઉપાસના, ઉપદેશ, વૈરાગ્ય ને ઉચ્ચાભિલાષી શુદ્ધિની ભાવનાઓ વડે નવું ચેતન પ્રગટાવ્યું. પ્રભુને તે શુદ્ધ ને સાત્ત્વિક ઉપાસનાપૂર્ણ પ્રેમથી ભજે છે. એ માધુર્ય વિનાના દૈન્યથીજ એ તલસાટ અનુભવે છે. એમને

---

૧ વૈષ્ણવ તરીકે પોતાને ઓળખાવે છતાં સ્વચ્છંદે વર્તે; કહો રામને એ કેમ ગમે? ઉપરથી સ્નેહ બતાવે ને મનમાં કાતી રાખે, વિશ્વાસ આપીને સામાને છેતરે એ રામને કેમ ગમે? વિષ્ણુની કથાનાં ગીત ગાય છતાં હૈયું ઉમરડે ને ચિત વડલે; પરસ્ત્રી સાથે રમે એ રામને કેમ ગમે?

સત્સંગ જોઈએ છે; નિર્મલતા પ્રિય છે; રામનું નામસ્મરણ શ્વાસ ને પ્રાણ છે. એ અવતારોમાં માનતા નથી, મૂર્તિપૂજાને તિરસ્કારે છે, ને આત્મશુદ્ધિ પર જ વિશ્વાસ રાખે છેઃ

મન મથુરા દિલ દ્વારિકા, કાયા કાસી જાન
દસ દ્વારેકા દહેરા, તામેં જોતિ પિછાન,

× × ×

તિરથવ્રત વિષ બેલરી, સબ જગ રાખા છાય
કબીર મૂલ નિકંદીયા, કૌન હલાહલ ખાય.

બ્રાહ્મણો તરફ તેમનો તિરસ્કાર બેહદ હતોઃ

બાંમ્હન ગદહા જગતકા, તીરથ લાદા જાય
જજમાન કહે મૈં પુજકીયા, વહ મહેનતકા ખાય.

ધર્મ, પ્રણાલિકા, અનીતિ, લોભ ને મોહની સામે તેમણે પોકાર ઉઠાવ્યો; અને સાથે સંસ્કૃતની સત્તાની સામે પણ બળવો ઉઠાવ્યોઃ

" સંસ્કૃતહિં પંડિત કહૈ, બહુત કરૈ અભિમાન,
ભાષા જાતિ તરક કરૈ, તે નર મૂષ અજાન.
સંસ્કિરત સંસાર મેં, પંડિત કરૈ બખાન,
ભાષા ભક્તિ દૃઢાવહી, ન્યારા પદ નિરબાન.
સંસકિરત હૈ કૂપ જલ, ભાષા બહતા નીર,
ભાષા સતગુરૂ સહિત હૈ, સતમત ગહિર ગંભીર."[1]

કબીરના શિષ્યોએ તેમનો પંથ ગરીબ લોકોમાં પ્રસાર્યો. ગુજરાતમાં પણ સત્તરમા સૈકામાં તે દાખલ થયો લાગે છે અને માંડણ ને અખામાં આ સંપ્રદાયનો ધ્વનિ દેખાય છે. વચ્છરાજ કવિ કબીરપંથી હતો એમ ગણાય છે.

દયાભીના હૃદયથી દાદુ દયાળ નામે સુવિખ્યાત થનાર ગુજરાતી કબીરપંથી અમદાવાદમાં જન્મ્યા હતા. એમના પિતા નાગર હતા કે

૧ સંક્ષિપ્ત સૂરસાગર. ૨૦.

મોચી હતા એમ બે કહેતી છે. કબીરના પુત્ર કમાલ કે કબીર પંથના ચોથા ગુરુ બુદ્ધે તેમને દીક્ષા દીધી એમ કહેવાય છે. તેમણે અઢાર વર્ષે અમદાવાદ છોડયું ને દેશેદેશ ફરવા માંડયું અને આખરે અજમેર પાસે નરાંણા ગામમાં પોતાની ગાદી સ્થાપી. સં. ૧૬૦૪ માં તે ગુજરી ગયા. એમણે કબીરપંથી માન્યતામાં તત્ત્વજ્ઞાનના ઘણાં અંશો ઉમેર્યાં. 'નિરાકાર નિર્મલં તસ્ય દાદુ બન્દનમ્' એ એમનું પ્રિય મંગલાચરણ છે. એમના રામ વિષ્ણુ નહોતા, પણ પરમાત્મા હતાઃ

> દાદૂ રામ અગાધ હૈ, બે હદ લખ્યા ન જાઈ;
> આદિ અંત નહીં જાણીયે, નાંવ નિરંતર ગાઈ.

એમની ભક્તિ શુદ્ધ નથી, અને એમાં રામાનંદી ભક્તોનો પ્રણયવિહોણો અને ઉપાસનાપ્રધાન તલસાટ છે. એમની કૃતિઓમાં કબીર ને મીરાંનાં બંનેનાં કેટલાંક પદોને મળતી છાયા દેખાય છે.

બિનતી.

> ગોબિન્દ કે ચરણોં હી લ્યો લાઉં,
> જૈસે ચાત્રિગ બન મેં બોલે પીવ પીવ કરિ ધ્યાઉં
> સુરિજન મેરી સુ બીનતી મ બલિ તેરે જાંઉં,
> બિપતિ હમારી તોહિં સુનાઉં દે દરસન ક્યુંહી પાઉં.
> જાત દૂષ સુષ ઉપજત તિનકોં તુમં સરનાગતિ આઉં.
> દાદૂ કૌં દયા કરિ દીજૈ નાંઉ તુમ્હારો ગાંઉં.

આ પંથમાં બાળમુકુંદની ભક્તિ કરવામાં આવે છે. ગુજરાતમાં આ પંથ સારી રીતે પ્રસર્યો લાગે છે. બ્રાહ્મણ, વાણીયા, પાટીદાર તેમજ કાછીઆ ને હજામ એવા ભિન્ન સંસ્કારી ઘણા વર્ગોમાં દાદુ-પંથીઓ મળી આવે છે. પણ ગુજરાતી શિષ્ટ સાહિત્ય પર એ પંથની કૈં અસર થઈ નથી.

ઈ. સ. ૧૭૪૨ માં જોધપુરના રામદાસે રામસ્નેહી પંથ ચલાવ્યો, અને તેનો પણ ગુજરાતમાં થોડો ઘણો પ્રચાર થયો હતો. ત્યાર પછી

આણંદ પાસે સારસાના તલખદા કોલીએ કુબેરપંથ ચલાવ્યો. આ પંથ રામાનંદી પંથનો એક ફાંટો છે. અઢારમા સૈકામાં જંબુસરમાં નીયાલ દાજીએ હંસ કબીરનો પંથ ચલાવ્યો. આ પંથો અસંસ્કારી વર્ગને પ્રિય થયા હતા. ખરું જોતાં તેમણે ઉપદેશનુંજ સાહિત્ય પ્રગટાવ્યું છે. આ બધા પંથો વલ્લભસંપ્રદાય ને પુરાણીઓના લોકપ્રિય સાહિત્ય વચ્ચે સુકાઈ ગયા; માત્ર એમનું જલ સમાજનાં નીચેનાં પડોમાં ઉતર્યું તે ધીમે ધીમે વહ્યા કર્યું.

રામાનંદના પટ્ટશિષ્યોમાં ચમાર રૈદાસ ગણાય છે. એમની અસર પંથો અને સાહિત્ય પર કબીર જેટલી થઈ નથી, તોપણ ઘણી છે. ગુરુ નાનક પર જેટલી અસર કબીરની થઈ તેટલીજ રૈદાસની થઈ. ચિતોડની એક ઝાલી રાણી એની શિષ્ય હતી એમ ભક્તમાલ નોંધે છે. અને મીરાંબાઈને પણ એનીજ પ્રેરણા મળી હતી એમ મીરાંબાઈનાં એક પદ ઉપરથી લાગે છે. રામાનંદે પ્રચલિત કરેલી ભક્તિનાં તત્ત્વો કાઢી નાંખ્યાં હતાં અને ઉપાસના ને દૈન્યના સૂક્ષ્મ ભાવો રાખવાનો મોટો પ્રયત્ન કર્યો હતો. એનું દૃષ્ટાંત રૈદાસની ભક્તિની વ્યાખ્યા આપે છેઃ—

અસી ભગતિ ન હોઈ રે ભાઈ ।
રામનામ બિન જો કુછ કરિયે.
સો સબ ભરમ કહાઈ ॥
ભગતિ ન રસ દાન, ભગતિ ન કથૈ જ્ઞાન,
ભગતિ ન બન મેં ગુફા ખુદાઇ ।
ભગતિ ન ઐસી હાંસી, ભગતિ ન આસીપાસી,
ભગતિ ન યહ સબ કુલકાન ગંવાઈ ॥
ભગતિ ન ઈન્દ્રી બાંધા ભગતિ ન જોગ સાધા,
ભગતિ ન અહાર ઘટાઇ યે સબ કરમ કહાઈ ।
ભગતિ ન ઈન્દ્રી સાધે ભગતિ ન બૈરાગ બાંધે,
ભગતિ ન યે સબ બેદ બડાઇ ॥

ભગતિ ન મૂડ મૂડાયે ભગતિ ન માલા દિખાયે,
ભગતિ ન ચરન ધુવાંયે સબ જન કહાઇ ।
ભગતિ ન તૌલૌં જાના આપકો આપ બખાના,
જોઈ જોઇ કરે સો સો કરમ બડ઼ાઇ ॥

આપો ગયો તબ ભગતિ પાઈ ઐસી ભગતિ પાઇ,
રામ મિલ્યો આપોગુન ખોયો રિધિ સિધિ સબૈ ગંવાઈ
કર રૈદાસ છૂટી આસ સબ તબ હરિ તાહિકે પાસ
આસા થિર ભઇ તબ સબહી વિધિ પાઇ ॥ [1]

ગુરુ નાનક પર (૧૪૬૯ થી ૧૫૪૫) પણ રામાનંદ, કબીર ને રૈદાસની અસર છે; અને ખરું જોતાં રામાનંદે પ્રગટાવેલી જ્યોતની આંચથી શીખ ધર્મ પ્રગટ્યો એમ કહી શકાય. એમના ઉપદેશમાં તેજ ઉપાસનાવૃત્તિ, તેજ દૈન્ય, તેજ સ્વાતંત્ર્ય ને તેજ સમાનતા. રામાનંદનું એક પદ ગ્રંથસાહેબમાં એમણે સાચવ્યું; અને કબીરનાં અને રૈદાસનાં અનેક પદો પણ તેમાં એમણે સંગ્રહ્યાં છે. એમનાં કાવ્યોપર પણ કબીરની છાયા સ્પષ્ટ દેખાય છે. એકજ નમુનો લઈએઃ–

"રોસ ન કીજૈ અમૃત પીજૈ રહન નહીં સંસારે,
રાજે રાય રંક નહિં રહના આયે જાયે જુગ ચારે;
રહન કહન તે રહે ન કોઇ કિસુ પૈ કરહુ બિનંતી,
એક શબદ રામનામ નિરોધર ગુર દેવૈ પતિ મની." [1]

આમ ઉત્તર હીંદુસ્થાનમાં રામાનંદી ઉપાસનાની અસર ઘણી પ્રબળ થઈ અને ઘણા કાળ સુધી ચાલી; પણ રામાનંદના અનુયાયીઓમાં જો કોઈએ ખરો પ્રતાપ પાડ્યો હોય તો તે રામાનંદના શિષ્ય નરહરિદાસના શિષ્ય તુલસીદાસે. (ઇ. સ. ૧૫૩૨ થી ૧૬૨૩) તુલસીદાસજી કાન્યકુબ્જના બ્રાહ્મણ હતા. તેમણે તીર્થાટન કરી જ્ઞાન ને

---

1 Lala Sitaram : Selections from Hindi Literature. Vol. IV.

અનુભવ મેળવ્યો હતો; અને બિલ્વમંગળ ને સુરદાસની માફક નગુરી સ્ત્રીના ઉપાલંભથી ભક્ત થયા હતા. સ્ત્રીએ કહ્યું:

" અસ્થિ ચર્મમય દેહ યહ તાસોં જૈસી પ્રીતિ,
તૈસી જો શ્રી રામ મહં હોત ન તૌ ભવભીતિ. "

અને એમણે બીજે દિવસે કાશી જઈ નરહરિદાસ પાસેથી દીક્ષા લીધી. એમણે રામાનંદ ને કબીરની ઉપાસનાભક્તિ સ્વીકારી, એટલુંજ નહીં પણ એ એની ઉપાસનામાં જે તલસાટ નહોતો તે આણી તેને શુદ્ધ ભક્તિ જેવી મોહક બનાવી.

સરયૂના તટ પર વર્ષો સુધી રામસીતાનાં સ્મરણો સજીવન કરતા તુલસીદાસજી ફરે છે. એકવ્રત દાશરથી ને શિયળમૂર્તિ સીતા એમની કલ્પના ઉત્તેજે છે, એમનો પૂજ્યભાવ આકર્ષે છે. શિશુ રામથી ચક્રવર્તી અયોધ્યાપતિ સુધીનાં શ્રીરામનાં બધાં સ્વરૂપો પર તે મોહી રહ્યો છે, પણ તે 'શુદ્ધ ભક્તિ'થી નહીં–એટલે ગોપીભાવે નહીં; પણ શુદ્ધ ઉપાસનાથી ઓતપ્રોત થએલી ભક્તિથી–એટલે હૃદય ચીરી રામ જોવા ઇચ્છનાર દાસાનુદાસ હનુમાનભાવે. એમની ભક્તિ પ્રણય વિનાની છતાં પ્રણયથી પણ સૂક્ષ્મ ને ભાવભરી બને છે. એમની નિર્મળતા તેમજ એમનો સંયમ ઉપાસનામાં જે ગૌરવ ને માર્દવ સર્જાવે છે તે શુદ્ધ ભક્તિને કદિ સુલભ થતાંજ નથી. તેમનું સ્તવન એમની ઉપાસનાનો ખ્યાલ આપે છેઃ—

અવતાર નર સંસાર ભાર વિભંજિ દારુન દુઃખ દહે.
જય પ્રનતપાલ દયાલ પ્રભુ સંયુક્તશક્તિ નમામહે.

× × ×

જેહિ નાથ કરિ કરુના વિલોકે ત્રિવિધ દુઃખ તે નિર્વહે,
ભવખેદછેદનદચ્છ હમ કહુઁ રચ્છ રામ નમામહે.
જે ગ્યાનમાનવિમત્ત તવ ભવહરિત ભગતિ ન આદરી,
તે પાઇ સુર દૂલંભ પદાદપિ પરત હમ દેખત હરી.

× × ×

જે ચરન શિવઅજપૂજ્યરજ સુભ પરસિ મુનિપત્ની તરી,
નખનિર્ગતા મુનિબન્દિતા લોક વનિ સુરસરી.
ધ્વજ કુલિસ અંકુસ કંજજુત બન ફિરત કંટક કિ ન લહે,
પદકંજદ્વંદ્વ મુકુંદ રામ રમેસ નિત્ય ભજામહે.

× × ×

જે બ્રહ્મ અજ અદ્વૈત મનુભવગમ્ય મન પર ધ્યાવહીં,
તે કહહુ જાનહુ નાથ હમ તવ સગુનજસ નિત ગાવહીં.
કરુનાયતન પ્રભુ સદગુનાકર દેહુ યહ વર માંગહીં.
મનવચન કર્મ વિકાર તજિ તવ ચરન હમ અનુરાગહીં.

એમની ઉપાસનામાં અસલી ભાગવત સંપ્રદાયનું માત્ર મહિમાગાન નથી; ભાગવતની ભક્તિનાં માત્ર લાડકોડ નથી. એમનામાં દૈન્ય છે પણ ગ રવવાળું, લાડ છે પણ પૂજ્યભાવભર્યો, મોહ છે પણ 'માધુર્ય' ને 'સખીભાવ' વિનાનો. ગીતાની ભવ્ય ઉપાસના પછી હીંદમાં એવી અદ્ભુત અને વિશુદ્ધ ઉપાસના પ્રગટી હોય તો સુંદર, સુમધુર, ને ભાવભરી ઉપાસના તુલસીદાસજીની. એમના પ્રેમની વ્યાખ્યા આ પ્રમાણે છે:—

" તુલસીકે મત ચાતકહિ કેવલ પ્રેમપિયાસ,
પિયત સ્વાંતિજલ જાનજગ યાચક બારહ માસ.
રટત રટત રસના લગી તૃષા સુખી ગઇ અંગ.
તુલસી ચાતક પ્રેમકો નિત નૂતન રુચિ રંગ. "

પણ તલસીદાસજી આ કીમીયો અદ્ભુત કલાની મદદથી કરે છે. એમનું 'રામચરિત માનસ' રામાયણનો અનુવાદ નથી; સ્વતંત્ર કૃતિ છે, સદેહે નીરખેલા ભગવાનનું સર્વાંગસરસ ઉપાસનાસ્તોત્ર છે. એમની સરસ કલાથી રામાયણની કથામાં રસ ઝરે છે, એમની મનોહર શૈલીથી વૈવિધ્ય ને અપૂર્વતા આવે છે. એમનાં પાત્રો સુરેખ ને સુંદર છે; એમના ભાવો વિશુદ્ધ ને ઉચ્ચાભિલાષી છે. જીવનભરના અંધકાર-

માં મીલ્ટન 'પેરેડાઇઝ લોસ્ટ' લખે છે; દ્વેષે દાઝેલા જીવનના એકાંતમાં ડાંટે 'ડીવાઇન કોમેડી' લખે છે. એ એની માફક, પણ એમનાથી અનેરી શાંતિ ને કલામયતાથી, સરયૂના સૌમ્ય તટના રસિક એકાંતમાં તુલસીદાસજી 'રામચરિત માનસ' લખે છે–ને સમગ્ર જીવનની રસિકતા, સરસતા એક કૃતિમાં પ્રગટાવે છે.

આવી અપ્રતિમ કલાથી તેમણે રામાનંદનો સ્વાતંત્ર્ય ને શુદ્ધિનો મંત્ર પ્રવર્તાવ્યો. "તે રામાનંદના અનુયાયી હતા, પણ તેમના સિદ્ધાંતો લાક્ષણિક રીતે તેમણે વિકસાવ્યા. એમના આકર્ષણનું મૂળ આ છેઃ બીજા સુધારકો મોટા સિદ્ધાંતો શીખવી ગયા; પણ એમણે સિદ્ધાંતો શીખવ્યા, એટલુંજ નહીં પણ જેને માટે તેમણે એ દર્શાવ્યા તેની પાસે તેને સ્વીકારાવ્યા. પયગંબરની કીંમત તેના વિજયથી થાય છે, અને નવ કરોડ માણસો પોતાના નૈતિક ને ધાર્મિક આચારો એમની કૃતિ પર રચે છે એમ કહેવામાં કાંઈ ખોટું નથી. અસરની વ્યાપકતાનું ધોરણ લઈએ તો એશીઆના ત્રણ કે ચાર મહાન સાહિત્યકોમાં એમનું સ્થાન છે."[1]

આમ નવસૃષ્ટિનો સાક્ષાત્કાર કરતા અમર સાહિત્ય સરજાવનાર તરીકે, હીંદમાં ગીતા ને ભાગવતના કર્તા જોડે તુલસીદાસજી બેસે છે. સાહિત્યકાર પયગંબર બને છે; અને ભકિતએ સરજાવેલા નવજગત પરનું સમ્રાટ્પદ ચૈતન્ય જોડે વહેંચી લે છે.

તુલસીદાસજીએ ઉપાસનામાં તલસાટ આણ્યો. સાહિત્યમાં કલા આણી ખરી; પણ નાનકપંથના અપવાદ સીવાય, રામાનંદી પ્રવાહની જાજ્વલ્યમાન વિનાશકતાની ધાર ખાંડી કરી. એમને લીધે ન્યાત, મૂર્તિપૂજા, બ્રાહ્મણ, ને પ્રણાલિકા સામેનો રામાનંદી દ્વેષ સૌમ્ય સહનશીલતામાં વિરમી ગયો; શુદ્ધિ માટેની ઝનુન ભાવોની સૂક્ષ્મતામાં

૧. Lala Sitaram: Selections from Hindi Literature, Vol. III.

જે ચરન શિવઅજપૂજ્યરજ સુભ પરસિ મુનિપત્ની તરી,
નખનિર્ગતા મુનિબન્દિતા લોક વનિ સુરસરી.
ધ્વજ કુલિસ અંકુસ કંજજુત બન ફિરત કંટક કિ ન લહે,
પદકંજદ્વંદ્વ મુકુંદ રામ રમેસ નિત્ય ભજામહે.

× × ×

જે બ્રહ્મ અજ અદ્વૈત મનુભવગમ્ય મન પર ધ્યાવહીં,
તે કહહુ જાનહુ નાથ હમ તવ સગુનજસ નિત ગાવહીં.
કરુનાયતન પ્રભુ સદગુનાકર દેહુ યહ વર માંગહીં.
મનવચન કર્મ વિકાર તજિ તવ ચરન હમ અનુરાગહીં.

એમની ઉપાસનામાં અસલી ભાગવત સંપ્રદાયનું માત્ર મહિમાગાન નથી; ભાગવતની ભક્તિનાં માત્ર લાડકોડ નથી. એમનામાં દૈન્ય છે પણ ગ રવવાળું, લાડ છે પણ પૂજ્યભાવભર્યો, મોહ છે પણ 'માધુર્ય' ને 'સખીભાવ' વિનાનો. ગીતાની ભવ્ય ઉપાસના પછી હીંદમાં એવી અદ્દ્ભુત અને વિશુદ્ધ ઉપાસના પ્રગટી હોય તો સુંદર, સુમધુર, ને ભાવભરી ઉપાસના તુલસીદાસજીની. એમના પ્રેમની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ—

" તુલસીકે મત ચાતકહિ કેવલ પ્રેમપિયાશ,
પિયત સ્વાંતિજલ જાનજગ યાચક બારહ માસ.
રટત રટત રસના લગી તૃષા સુખી ગઇ અંગ.
તુલસી ચાતક પ્રેમકો નિત નૂતન રુચિ રંગ. "

પણ તલસીદાસજી આ કીમીયો અદ્દ્ભુત કલાની મદદથી કરે છે. એમનું 'રામચરિત માનસ' રામાયણનો અનુવાદ નથી; સ્વતંત્ર કૃતિ છે, સદેહે નીરૂખેલા ભગવાનનું સર્વાંગસરસ ઉપાસનાસ્તોત્ર છે. એમની સરસ કલાથી રામાયણની કથામાં રસ ઝરે છે, એમની મનોહર શૈલીથી વૈવિધ્ય ને અપૂર્વતા આવે છે. એમનાં પાત્રો સુરેખ ને સુંદર છે; એમના ભાવો વિશુદ્ધ ને ઉચ્ચાભિલાષી છે. જીવનભરના અંધકાર-

માં મીલ્ટન 'પેરેડાઈઝ લોસ્ટ' લખે છે; દ્વેષે દાઝેલા જીવનના એકાંતમાં ડાંટે 'ડીવાઇન કોમેડી' લખે છે. એ બેની માફક, પણ એમનાથી અનેરી શાંતિ ને કલામયતાથી, સરયૂના સૌમ્ય તટના રસિક એકાંતમાં તુલસીદાસજી 'રામચરિત માનસ' લખે છે—ને સમગ્ર જીવનની રસિકતા, સરસતા એક કૃતિમાં પ્રગટાવે છે.

આવી અપ્રતિમ કલાથી તેમણે રામાનંદનો સ્વાતંત્ર્ય ને શુદ્ધિનો મંત્ર પ્રવર્તાવ્યો. "તે રામાનંદના અનુયાયી હતા, પણ તેમના સિદ્ધાંતો લાક્ષણિક રીતે તેમણે વિકસાવ્યા. એમના આકર્ષણનું મૂળ આ છેઃ બીજા સુધારકો મોટા સિદ્ધાંતો શીખવી ગયા; પણ એમણે સિદ્ધાંતો શીખવ્યા, એટલુંજ નહીં પણ જેને માટે તેમણે એ દર્શાવ્યા તેની પાસે તેને સ્વીકારાવ્યા. પયગંબરની કીંમત તેના વિજયથી થાય છે, અને નવ કરોડ માણસો પોતાના નૈતિક ને ધાર્મિક આચારો એમની કૃતિ પર રચે છે એમ કહેવામાં કાંઈ ખોટું નથી. અસરની વ્યાપકતાનું ધોરણ લઈએ તો એશીઆના ત્રણ કે ચાર મહાન સાહિત્યકોમાં એમનું સ્થાન છે."[1]

આમ નવસૃષ્ટિનો સાક્ષાત્કાર કરતા અમર સાહિત્ય સરજાવનાર તરીકે, હીંદમાં ગીતા ને ભાગવતના કર્તા જોડે તુલસીદાસજી બેસે છે. સાહિત્યકાર પયગંબર બને છે; અને ભકિતએ સરજાવેલા નવજગત પરનું સમ્રાટ્પદ ચૈતન્ય જોડે વહેંચી લે છે.

તુલસીદાસજીએ ઉપાસનામાં તલસાટ આણ્યો. સાહિત્યમાં કલા આણી ખરી; પણ નાનકપંથના અપવાદ સીવાય, રામાનંદી પ્રવાહની જાજ્વલ્યમાન વિનાશકતાની ધાર ખાંડી કરી. એમને લીધે ન્યાત, મૂર્તિપૂજા, બ્રાહ્મણ, ને પ્રણાલિકા સામેનો રામાનંદી દ્વેષ સૌમ્ય સહનશીલતામાં વિરમી ગયો; શુદ્ધિ માટેની ઝનુન ભાવોની સૂક્ષ્મતામાં

1. Lala Sitaram: Selections from Hindi Literature, Vol. III.

ને નિર્મલ રામભરોસામાં સમાપ્ત થઈ ગઈ. જો કે રામાનંદી પ્રવાહનું કાવ્યશકિતથી અંજાએલા ભકતો, હીંદને દુર્ભાગ્યે, તેમના પ્રયત્નમાં જોર રહ્યું હતું તે શુદ્ધ ભકિતના પ્રસરતા દિગ્વિજયે ભાંગી નાંખ્યું.

( ૫ )

## શુદ્ધ ભક્તિનો મધ્યાહ્ન

### ચૈતન્ય

( ઇ. સ. ૧૪૦૦ થી ૧૫૦૦ )

આ સમયમાં ધર્મ ને વિદ્વત્તાનાં કેંદ્રો વચ્ચે વિચાર ને ઉર્મિઓની આપલે અર્વાચીન જમાનામાં કલ્પવી મુશ્કેલ પડે એવી ઝડપથી થતી. ઉત્તરમાં કાશી; બંગાલમાં નડીયા–નવદ્વીપ; વિજયનગરના હીંદુ મહારાજાઓના છત્ર નીચે શ્રીરંગ–આવાં મુખ્ય મુખ્ય સ્થળે દરેક મતના આચાર્યો હતા અને ત્યાં વિદ્યાની વૃદ્ધિ અને સંપ્રદાયોની કસોટી ચાલ્યાં જ કરતી. રાજ્યસત્તા પારકી હતી છતાં બ્રાહ્મણોએ સંસ્કારનાં આ પાટનગર બનાવ્યાં હતાં. આ સમયે ચોથું અને ઘણું જ લોકપ્રિય કેંદ્ર વૃંદાવન હતું.

આ પાટનગરોમાં રામાનંદી પંથની અસર જુજ હતી; ત્યાં શંકરનો મત, અને ભાગવતની ભક્તિના પંથો સર્વોપરિતા મેળવવા મથ્યા કરતા. શ્રીરંગથી મધ્વ ને રામાનુજની અસર વૃંદાવન ને કાશીમાં આવતી ને ત્યાંથી બંગાલમાં જતી; બંગાલી પ્રણયઘેલી ને વિલાસી રાધાકૃષ્ણની ભકિતની અસર વૃંદાવનમાં આવતી; અને ત્યાંથી આખા હીંદમાં પ્રસરતી. 'ગીતગોવિંદ' આશરે ૧૨ મી સદીમાં થયું, છતાં તેની છાપ એક સદીમાં આખા દેશમાં પડી તેનું કારણ આ કેંદ્રો વચ્ચેનો નિકટ સંબંધ અને સંસ્કારવિનિમય હતો.



શ્રી ચૈતન્ય

આ સમયમાં ભક્તિનું કેંદ્ર વૃંદાવન થયું; શુદ્ધ ભક્તિનાં બળો ચારે તરફ ઉછળતાં હતાં તેમને મધ્યબિંદુ જોઈતું હતું તે વૃંદાવને પુરું પાડયું. શ્રી કૃષ્ણની પ્રાચીન જન્મભૂમિ–વ્રજ મંડલ–નવી કલ્પનાએ ઘડેલાં સંસ્મરણોથી સમૃદ્ધ બની, અને સ્વર્ગથી પણ સુંદર ને મોક્ષથી પણ મોહક મનાવા લાગી. ત્યાં સત્સંગ મળતો, જ્ઞાનીઓ જ્ઞાનની લાણ કરતા, આચાર્યો વચ્ચે રસાકસી થતી, કીર્તનોમાં રસ જામતો, કીર્તિ મળતી, રાધાકૃષ્ણનાં સ્મરણચિહ્નથી પ્રણયઘેલછા પ્રાપ્ત કરવી સહેલી થઈ પડતી. વૃંદાવન ભક્તિમય હીંદનું હૃદય હતું; ભક્તિનો પ્રવાહ ત્યાં જતો, ને વિશુદ્ધ ને વીર્યવાન થઈ પાછો હીંદની રગેરગમાં જોસભેર પ્રસરતો.

ઇસુના ચૌદમા સૈકાના અંતમાં ને પંદરમા સૈકાના પ્રારંભમાં માધવેંદ્રપુરિ થયા. તે બંગાલી હતા અને તેમનું હૃદય ઉમાપતિ, જયદેવ ને ચંડીદાસનાં કીર્તનોથી તરબોળ હતું. મધ્વના સિદ્ધાંતથી તેમનું હૃદય ઉપાસના, જ્ઞાન અને ભાવના સમજી શકતું. તેમના પ્રાંતની રાસલીલામાં પરિવર્તન પામેલા વિલાસમહોત્સવોથી તે પરિચિત હતા. તે વખતે પ્રચલિત ભજનિકની ભક્તિ તેમને રુચી નહીં; અને તે શુદ્ધ ભક્તિ અનુભવતાં પરમ ભક્ત થયા.

એ કૃષ્ણના પ્રણયી હતા. અને યમુનાતીરે વૃંદાવનોની કુંજોમાં તેની વાટ જોતા, તેનાં પગલાં સાંભળતા ને તેનાં સ્મરણો જગવતા ભક્તિના નીશામાં બેભાન તે ફર્યાં કરતા. શ્યામ ઘન જોતાં તેમને ઘનશ્યામ દેખાતા ને તે તીવ્ર પ્રણયઘેલછા અનુભવતા. તેમને માનની પરવા નહોતી. તેમને પૈસા કે પ્રતિષ્ઠાની પરવા નહોતી. તેમને ઘરબાર કે ભુખતરસની પરવા નહોતી.

ભુખ્યા, તરસ્યાં, વિરહઘેલા માધવેંદ્રપુરી એક સાંજે વૃંદાવનમાં બેઠા હતા ને તેમને શ્રીકૃષ્ણ ગોપાળે દર્શન દીધાં. “માધવ! તું જ

મારો ભક્ત છે. મને અન્નકુટગિરિ નીચે દાટયો છે. તારે માટે મેં વાટ જોઈ છે. મને કાઢ." માધવેંદ્રપુરિએ ગોપાલને ગિરિ નીચેથી કાઢયા, અને તે મૂર્તિનું મંદિર કર્યું. એ મંદિર બંગાલી વૈષ્ણવોનું ધામ થઈ પડયું.[1]

માધવેંદ્ર ઠેકઠેકાણે પર્યટન કરી એમના 'ગોપાલ' માટે પૂજાની સામગ્રી ભેગી કરતા; અને એમ કરતાં તેમણે અનેક શિષ્યો કર્યા. અદ્વૈતાચાર્ય, નિત્યાનંદ, કેશવભારતી, અને ઈશ્વરપુરિ વગેરે વૈષ્ણવ ભકતો માધવેંદ્રપુરિના શિષ્યો હતા. એમની શુદ્ધ ભકિત વૈષ્ણવ ભકતોને દીંગ કરતી અને એમના તલસાટથી તેમના અંતરમાં શુદ્ધ ભકિત પેદા થતી.

અને તેમને જ્ઞાન, મોક્ષ, ઉપાસના ને વૈરાગ્યની પરવા નહોતી; સંપ્રદાય સ્થાપવાની ઉત્કંઠા નહોતી. માધવેંદ્રપુરિ અપૂર્વ શુદ્ધ ભક્ત હતા. કલ્પનાવિલાસમાં સજીવ ગોપાલ એમનો પ્રાણ હતો. શ્રી કૃષ્ણ ચૈતન્ય પણ માધવેંદ્રને આદર્શ માનતા. શુદ્ધ ભકિતએ પ્રગટાવેલી મહાન પ્રણયોર્મિના અવતાર એવા આ પુરિનું સ્થાન, તલસાટની તીવ્રતામાં, જીવનના સમર્પણમાં કે માધુર્યની અમર્યાદિત ઘેલછામાં– ભકિત ને પ્રણયના ઇતિહાસમાં ઘણું મોટું છે. વૃંદાવન તો ભકિતની કુંજ બન્યું હતું; માધવેંદ્ર તેનો પ્રાણ બન્યા. ૧૬ સૈકામાં સાધન-તત્ત્વમાં નરોત્તમે કહ્યું છે તેમ :

૧ શ્રી માધવપુરિ–કે જેનામાંથી ભકિતના પ્રથમ સ્રોતનો ઉદ્ભવ થયો તેને આજ ધ્યાનપૂર્વક વંદન કરીએ.

તે આશરે ઇ. સ. ૧૪૮૫ માં ગુજરી ગયા.

અદ્વૈતાચાર્ય ઇ. સ. ૧૪૩૪ માં જન્મ્યા હતા. તે અદ્વૈતમતના

---

1 Sen: Vaishnav Literature of Mediaeval Bengal.

સાવધાને બન્દિવ આજ શ્રી માધવપુરી ।
વિષ્ણુ ભક્તિ પથેર પ્રથમ અવતરি ॥

અનુયાયી હતા પણ માધવેંદ્ર પાસે તેમણે ભક્તિની દીક્ષા લીધી હતી. શાંતિપુરમાં તેમના ઘરમાં સદાયે કૃષ્ણકીર્તન ચાલ્યા કરતું અને એમના શિષ્યગણમાં જન્મે મુસલમાન એવો હરિદાસ, નડીયાના ધનાઢ્ય શ્રીવાસ અને પુંડરીક વિદ્યાનિધિ હતા. એમણે ભજનમંડલીઓની પ્રથા સ્થાપી. નડીયામાં દરેક મતના આચાર્યો ને દરેક શાસ્ત્રના જ્ઞાતાઓ વસતા. ત્યાં પણ અદ્વૈતાચાર્ય પૂજ્ય લેખાતા.

આ નવદ્વીપમાં ૧૮ મી ફેબ્રુઆરી ૧૪૮૫ ને દિને પંડિત જગન્નાથમિશ્રની સ્ત્રી શચીદેવીને ચૈતન્ય અવતર્યા. તેમનું જન્મનામ નીમાઈ હતું. પહેલો પુત્ર વિદ્યા શીખી સંન્યાસી થઈ ગયો હતો એટલે માતાપિતાએ નીમાઈને અભણ રાખવાની યોજના ઘડી અને પરિણામે નવરા નીમાઈએ તોફાન માંડ્યું. તેને સીધો કરવા પિતાએ તેને શાળામાં મુકયો, ને થોડા સમયમાં તેણે વિદ્યા સંપાદન કરી. વીસ વર્ષે તેણે પોતે શાળા કાઢી. વિદ્વાન, સુંદર, સ્નેહાળ ને તોફાની નીમાઈ નડીયાના પંડિત વિદ્વાનોમાં પ્રિય થવા લાગ્યા. પ્રખર વિદ્વાન અને જ્ઞાની કેશવ કાશ્મીરી નડીયામાં આવ્યા; અને તેની દુઃસહ પંડિતાઈની સામે નડીયાના વિદ્વાનોએ યુવક નીમાઈ ને ધર્યો. કેશવ કાશ્મીરી મહાત થયા ને નીમાઈની ખ્યાતિ ગામેગામ પ્રસરી અને તેની શાળા સુવિખ્યાત થઈ.

તે પિતાનું શ્રાદ્ધ કરવા ગયાજી આવ્યા ત્યારે રસ્તામાં માધવેંદ્રના શિષ્ય ઇશ્વરપુરિને મળ્યા; અને પોતાની શુદ્ધ ભક્તિની જ્યોત તેની આંચે પ્રગટાવી. ગયાજીમાં મંદિર આગળ જઈ તે બેભાન થઈ ગયા. ભાન આવ્યું ત્યારે મિત્રોને કહ્યું: " મને છોડી જાઓ, હું સંસારને લાયક નથી. હું વૃંદાવનમાં જઈ મારા નાથ કૃષ્ણને મળીશ." તેમણે જાગતી આંખે સ્વપ્નાં જોવા માંડ્યાં.

ગર્વિષ્ઠ અને તોફાની પંડિત ગયાથી પાછા આવ્યા ત્યારે પ્રણયઘેલી ગોપી બન્યા અને ચંડીદાસ ને વિદ્યાપતિનાં પદોજ તેના

જીવનનાં આધાર થઈ રહ્યાં. મા, સ્ત્રી ને શિષ્યો પ્રાર્થી રહ્યાં; જવાબમાં સાશ્રુ નયનોએ તેમણે આક્રંદભર્યો જવાબ આપ્યો: 'ક્યાં છે મારો નાથ કૃષ્ણ?' ને તે બેભાન થઇ ગયા. તેમને વેણુનાદ સંભળાયા કરતો, ને તે આખો વખત વિહ્વલ બની ફર્યા કરતા. પ્રતિષ્ઠિત વૈષ્ણવ શ્રીવાસ શચીદેવીની સૂચનાથી તેમને સમજાવવા ગયા; અને પાછા આવી માને કહેવા બેઠા: "મા! તારો પુત્ર ગાંડો નથી, દેવ છે."

નીમાઈ શાળા બંધ કરી, કીર્તનમાં પોતાનો પ્રણય વ્યક્ત કરવા બેઠા. અને બધા વૈષ્ણવો એમનો તલસાટ, એમની પ્રણયઘેલછા, એમનું રુદન જોઈ દીંગ થઈ ગયા અને આ અનેરા ભક્ત પાસે પ્રેરણા લેવા મથી રહ્યા.

તેજોદ્વેષથી બળતા તેમના દુશ્મનો કાઝીને મળ્યા ને તેણે કીર્તનો બંધ કરવાનું ફરમાન કાઢયું. અદ્વૈત, હરિદાસ, શ્રીદાસ ને નીમાઈએ સંકીર્તનથી ગામ ગજવી ફરમાનો તોડયાં. કાઝીએ નીમાઈને જોયા. દેવસમા દેદીપ્યમાન ને કામસમા મોહક નીમાઇને જોઇ કાઝી મુગ્ધ થયો. પણ દુશ્મનોએ પીછો છોડયો નહીં અને પરિણામે સંસારની જંજાળ છોડી તે સંન્યાસી થયા. આખા બંગાળના વૈષ્ણવોને કૃષ્ણનો નવો અવતાર પ્રગટયો લાગ્યો.'

એપ્રીલ ૧૫૧૦ માં તેમણે પર્યટન આરંભ્યું. તે પહેલાં દક્ષિણ હીંદમાં ગયા અને ઠામોઠામ શિષ્યો મુકી આવ્યા. પાછા આવતાં શિષ્યો સમેત તે નાશીકથી દખ્ખણ આવી ગુજરાતમાં આવ્યા. ભક્તિના મધ્યાહ્નમાં તપતા પ્રતાપી સૂર્ય જેવા ચૈતન્યની ગુજરાતની મુસાફરી અનેક દૃષ્ટિબિંદુથી ઉપયોગી છે. અને તે તેમના સહપ્રવાસી ને શિષ્ય ગોવિંદદાસના લખેલા કડચામાં વર્ણવેલી હોવાથી એ વૃત્તાંત ઐતિહાસિક છે એ નિર્વિવાદ છે. એ વૃત્તાંત આ પ્રમાણે છે:—

તે પુને આવ્યા, અને બકુલના ઝાડ નીચે અછાસર તળાવ પર ઉતર્યા. પુનામાં ગીતા ને ભાગવતના અઠંગ અભ્યાસીઓ વસતા હતા;

અને તેમની સાથે કૃષ્ણની કથાનો વિવાદ કરતાં ચૈતન્ય મસ્તીમાં આવી જતા અને ભકિતની ધુનમાં બેભાન બનતા.

એક અશ્રદ્ધાળુ બ્રાહ્મણે મજાકમાં સરોવર દેખાડી કહ્યું કે ' આ સરોવરમાં કૃષ્ણ છે'. ધુનમાં આવેલા ચૈતન્ય પ્રેમપૂર્વક નયને જોઈ રહ્યા. પેલા બ્રાહ્મણે ફરીથી મજાકમાં તેનું તે કહ્યું. ભગવાનને ભેટવા ચૈતન્યે સરોવરમાં ઝંપલાવ્યું ને તે બેભાન થઈ ગયા. જ્યારે ભાન આવ્યું ત્યારે પેલા બ્રાહ્મણને ઠપકો દેનારને એમણે કહ્યું: "એને કંઈ કહેશો મા, શ્રી કૃષ્ણ બધે છે. એને ત્યાં તે દેખાય, પણ તેની કૃપાનો ભિક્ષુ હું તો નિષ્ફળ શોધ કર્યા કરું છું." ને તે રડવા લાગ્યા.

ત્યાંથી દેવળેશ્વર થઈ જેજુરીમાં આવ્યા, ને ખાંડવ (ખંડોબા)[1] ની મુરારી (મુરલી)ઓને ઉપદેશ આપ્યો. ચોરનંદીના જંગલમાં લુંટારો નારોજી તેમને મળ્યો, ને ઉપદેશ પામી, સંન્યસ્ત લઈ, તેમની સાથે થયો. ખંડાળે થઈ તે નાશીક ગયા ને પંચવટીનાં દર્શન કર્યાં. ત્યાંથી તેઓ દમણ થઈ સુરત આવ્યા. સુરતમાં અષ્ટભૂજા માતાનાં દર્શન કર્યાં. ત્યાં એક સાધુએ પુછ્યું, " પ્રભુને કેમ ભજવા ? " ચૈતન્યે કહ્યું: " સુંદર નાયક દેખીને જેમ સામાન્ય નાયિકા તેને માટે તલસે છે, તેવીજ રીતે ઈશ્વરને માટે ઝંખના કરવી જોઈએ, કે જેથી માનસિક અંધકારનો વિનાશ થાય."[2]

તે વાત કરતા હતા અને માતાને વધેરવા કોઈ બકરો લાવ્યો. પણ તેમના ઉપદેશથી તેણે બકરો છોડી દીધો. ત્યાંથી તાપીના

૧ ગોવિંદદાસે આપેલાં નામ રાખી તેનાં ખરાં નામ કૌંસમાં આપ્યાં છે.

૨ સુન્દર નાયક દેખિ સામાન્ય નાયિકા ।
ચેઈ ભાતે દેખે તારે હય રાગાત્મિકા ॥
સેઇ ભાતે કૃષ્ણકે ઠાહકે બાર બાર ।
આપનિ ઘુચિયા યાબે મનેર આંધર ॥

કીનારે વામનનાં દર્શન કરી તે ભરુચ આવ્યા, રેવાજી નાહ્યા ને દશાશ્વમેધતીર્થનો યજ્ઞકુંડ જોયો. ત્યાંથી વડોદરે આવ્યા. ત્યાં ગોવિંદભક્ત કોઈ વૈષ્ણવ રાજા રાજ કરતો હતો. ડાકરજી (ડાકોરજી કે ઠાકોરજી ?)નું મંદિર ગામથી પૂર્વે હતું. વડોદરામાં નારોજી ગુજરી ગયા. અને તેને દાટવાની સામગ્રી માટે ગોવિંદદાસ ભિક્ષા માંગવા ગયા ને ચૈતન્યે આખી રાત કીર્તન કર્યું. રાજાને ભક્તની પધરામણીની ખબર પડી અને તેમને મહેલે પધારવા નિમંત્રણ આપ્યું. ચૈતન્ય પોતે ન ગયા, પણ ગોવિંદદાસને મોકલ્યો.

ત્યાંથી પશ્ચિમ માર્ગે મહાનંદી ( મહી નદી ) ઓળંગી અમદાવાદમાં આવ્યા. એ સમૃદ્ધશાળી શહેર હતું. ગામની બહાર નંદિની નામના બાગ આગળ રહ્યા. અને અનેક ઉપાસકના નિમંત્રણોનો અસ્વીકાર કર્યો. એક ભાગવતના અભ્યાસી સાધુએ ચૈતન્યની મહત્તા પારખી, અને ગામમાં તેમની ખ્યાતિ પ્રસારી. ઘણા લોકો ઉપદેશ સાંભળવા આવ્યા અને મુસાફરીમાં શીખેલી ભાષા વડે ચૈતન્યે ઉપદેશ આપ્યો. પણ ગોવિંદદાસ કૈં સમજ્યા નહીં ને ગુરુને પુછવાની તેની હીંમત ચાલી નહીં.

ત્યાંથી તેઓએ સુભ્રામતી (સાબરમતી) ઓળંગી અને ગોવિદ અને રામચરણ નામના બંગાલીઓને મળ્યા. એ બે જણે ચૈતન્યને જોઈ પ્રણિપાત કર્યો, ને તે તેમની સાથે થયા.

ત્યાંથી તેઓ ઘોઘે આવ્યા. ગોવિંદદાસ કહે છે : ઘોઘામાં બારામુખી નામની વેશ્યા રહેતી હતી. તે ધનાઢ્ય હતી. તેણે અનીતિથી પૈસો મેળવ્યો હતો. તે રાજકુંવરી જેવાં લુગડાં, ઘરેણાં પહેરતી ને મહેલ જેવા ઘરમાં રહેતી. પૈસાદાર લોકોને લલચાવવા તે ઘરમાં ને બગીચામાં ફરતી. તેનો વેશ પેશાવરની સ્ત્રીઓ જેવો હતો ને તેને ત્યાં અનેક સ્ત્રીપુરુષો નોકરી કરતાં.

તેના ઘરની પાસે પેયારી કાનન નામે બાગ હતો. ત્યાં ચૈતન્ય આવીને બેઠા ને ઈશ્વરપ્રેમમાં લીન બન્યા. હું એની સાથે ઘણા દેશો આટલો વખત ફર્યો હતો, પણ આવો ભાવ મેં તેના પર કદી જોયો નહોતો. રામાનંદ ને ગોવિંદ બે પાસ ઉભા રહી તાળી પાડી કૃષ્ણકીર્તન કરતા હતા. ચૈતન્ય બેભાન બની પાસેના ખાડામાં ગબડી પડ્યા.

એક દુષ્ટ માણસે આવી ચૈતન્યને ગાળો દેવા માંડી:

"નિર્દોષ ગામડીયાઓને છેતરવા શા માટે આવ્યા છો? કૃષ્ણ-ભક્તિનો આડંબર કરી પૈસા ધુતવા છે. હું જોઉં છું તમે કેવા સંન્યાસી છો તે. તમારા જેવા ઘણાએ ધુતારા જોયા છે."

આ દુષ્ટ માણસના શબ્દથી ગામના રહેવાસી ગુસ્સે થયા ને તેને મારવાને તૈયાર થયા. પણ ચૈતન્ય ભાનમાં આવ્યા હતા, તે વચ્ચે પડ્યા. "ભાઈઓ! કોને મારો છો? એનું અંતર સુકાઈ ગયું છે. એને પ્રભુભક્તિ જરાક આપો. એનું મન ભક્તિ વિના શુષ્ક થયું છે; રેતીનું રણ થયું છે. એનામાં ફળદ્રુપતા આવે એવું કૈં કરો." ને તે પેલા તરફ ફર્યા. "ભાઈ, મારી સાથે આવ. હું કૃષ્ણનામ તને સંભળાવીશ ને તારાં બધાં દુઃખો જશે." એમ કહી તે તેને ભજન સંભળાવવા લાગ્યા.

બારામુખી વેશ્યાએ બારીમાંથી બધું જોયું ને સાંભળ્યું, અને કહ્યુંઃ "હું કેવું ક્ષુદ્ર જીવન જીવું છું! આ જુવાન સંન્યાસી દેવ જેવા છે. હું બધું છોડી એની પાસે જઈશ. એની પાસે પૈસો નથી છતાં એને જોઈ મારું હૃદય સહર્ષ નાચે છે. આ ઘર નર્ક સમાન છે; એમાં હું ક્યાં સુધી રહું? શું આ દેવ મારા પર નહીં રીઝે? એણે દુષ્ટ બાળાજીને પાપમાંથી બચાવ્યો—કોણ જાણે કેમ. હું એની પાસે જાઉં ને પગે પડું, અને જ્યાં સુધી મને બચાવે નહીં ત્યાં સુધી છોડું નહીં."

બારીમાંથી તેણે પોતાના વિચારો દર્શાવ્યા ને લોકો તે સાંભળી ખુશ થયા. લોકો આવેશમાં આવ્યા ને હસવા લાગ્યા. થોડી પળમાં વેશ્યા નીચે આવી અને તેની પાછળ તેની દાસી મીરાં આવી. "હું તને મારી બધી મીલકત આપું છું." બારામુખીએ કહ્યું: "તું જાણે છે કે હું ધનવાન છું, પણ મારે આજે ભીખારી થવું છે." આમ કહી તેણે પોતાના લાંબા વાળ છોડી નાંખ્યા અને વાદળોમાં વિદ્યુત્ ચમકે તેવી દેખાઈ રહી. લાંબા વાળ નીચે સુધી પહોંચ્યા ને ચૈતન્યે આંખો મીંચી. તેનું રુપ તેજસ્વી હતું ને લોકો તેની સામે જોયા કરતા. તે ચૈતન્યની સામે ઉભી રહી ને વારંવાર કહેવા લાગી: "ભગવાન ! મને જગતના પાશમાંથી બચાવો. હું મહા પાપી છું. તમે દયા નહીં બતાવો તો જીંદગી ધારું શું કામ ?" એમ કહી, તેણે પોતાના લાંબા વાળ કાપી નાંખ્યા, સાદો વેશ પહેર્યો ને ફરીથી હાથ જોડી ચૈતન્ય પાસે ઉભી રહી.

"બારામુખી ! અહીંઆં તુલસીનું વન કર ને કૃષ્ણની ભક્તિ કર." ચૈતન્યે કહ્યું.

"તમેજ મારા કૃષ્ણ ને તમેજ મારા દેવ." પગે પડતાં બારામુખીએ કહ્યું. રખેને તે અડકે તેથી ચૈતન્ય દૂર હઠયા.

લોકો વેશ્યાનાં વખાણ કરવા લાગ્યા ને મીરાં રડવા લાગી. બારામુખીએ હસીને કહ્યું: "મીરાં ! તને હું બધી દોલત આપું છું. કોઈ અતિથિ આવે તો યોગ્ય સત્કાર કરજે. કૃષ્ણનું દિવસ ને રાત રટણ કરજે, અને પાપથી દૂર રહેજે. પ્રેમ સાચો છે, પણ પાપી મનુષ્યોનો નહીં; કૃષ્ણનોજ પ્રેમ કરજે." એમ કહી તેણે તુલસીની માળા લઈ કૃષ્ણને જાત અર્પણ કરી.

ત્યાંથી ચૈતન્ય ઘોઘે થઈ ને સોમનાથ આવ્યા. ત્યાં શંકર જેવા લાગતા એક સંન્યાસીએ તેમને આશીર્વાદ દીધા. ત્યાં મંદિરની પ્રદક્ષિણા કરી એ બધા જુનાગઢ ગયા અને મીરાજી નામના બ્રાહ્મણને ત્યાં ઉતર્યા. ત્યાં રોસનજી (રણછોડજી)ને મંદિરે દર્શન કર્યાં.

ત્યાંથી ગીરનાર જતાં ભર્ગદેવ નામના સંન્યાસીઓના મુખીને ચૈતન્યે સારો કર્યો. ભર્ગદેવ તેમની સાથે ચાલ્યો. ગીરનાર પર ચઢી તેમણે શ્રીકૃષ્ણનાં પાદચિન્હનાં દર્શન કર્યાં. તે જોતાં દિવસોના દિવસો સુધી ભક્તિની ધુનમાં તેમણે બેભાન અવસ્થા અનુભવી, અને અનેક વાર પ્રભુનાં દર્શન કર્યાં.

આખરે તેઓ અમરાવતી અથવા પ્રભાસતીર્થમાં ગયા અને ત્યાં ચૈતન્યે ઉપદેશ આપ્યો. લોકોએ તેમને દેવ માન્યા. આખરે આશ્વિન સુદ પડવાને દિવસે ( સપ્ટેંબર, ૧૫૧૧ ) તેઓ દ્વારકા પહોંચ્યા. અહીંઆં દ્વારકાધીશનું મંદિર ને રૈવતક પર્વત જોઈ તેમને કૃષ્ણનાં દર્શન થયાં, અને એક પખવાડીયું આનંદથી તે ઘેલા બની ગયા.

લોકોએ કહ્યું કે "અમે આવો સંન્યાસી કદી દીઠો નથી. એને જોઈ સ્વર્ગસુખ મળે છે." ત્યાંથી તે બધા બરડા ગયા અને સોળ દહાડે નર્મદાતીરે પહોંચ્યા. ભર્ગદેવે કહ્યું: "તમે પોતેજ કૃષ્ણ છો" ને રજા લીધી. ચૈતન્યે તેને ઠપકો દીધો. ભર્ગે ભગવાનમાં શ્રદ્ધા કેળવવાનો રસ્તો પુછયો. ચૈતને કહ્યું, "એની કૃપાથીજ શ્રદ્ધા આવે છે. વિદ્યા ને વાદથી આવતી નથી."

ત્યાંથી તેઓ દોહદ (દાહોદ) ગયા. ત્યાં એક વૈશ્ય ધનિકને શ્રી કૃષ્ણનું સ્વપ્નું આવ્યું હતું કે સંન્યાસી રુપે હુંજ ગામમાં હાજર છું. ચૈતન્યને જોઈ તેણે સ્વપ્નાની મૂર્તિ ઓળખી ને તેની સેવા કરી; અને તે ધન છોડી સંન્યાસી થયો."

ત્યાંથી એ ગુજરાતની બહાર ગયા. આ મુસાફરીના સમકાલીન વૃતાંતમાંથી કેટલીક ઘણી ઉપયોગી વસ્તુઓ નીકળી આવે છે. વડોદરામાં ગોવિંદપૂજક વૈષ્ણવ રાજા હતો; જુનાગઢમાં રણછોડજીનું મંદિર હતું; અને દ્વારકામાં દ્વારકાધીશ પૂજાતા—એ શીવાય વૈષ્ણવ સંપ્રદાય ઘણો પ્રબળ નહોતો.

પુનામાં જેવો હતો તેવો વિદ્વાનો વાસ એક પણ સ્થળે નહોતો; અને ભક્તિનું પ્રાબલ્ય કોઈ પણ સમૂહમાં નહોતું.

જુનાગઢમાં કે કોઈ પણ ઠેકાણે શુદ્ધ ભક્તિનો સંપ્રદાય નહોતો; નરસિંહ મહેતાના પંથ કે સ્મરણોએ સ્વરુપ લીધું નહોતું. ગોવિંદદાસને ત્યાં ભક્તિની કૈં પણ ઉર્મિઓ દેખાઈ નહીં, અને ચૈતન્ય કૈં પણ અસર કરી ગયા નહીં.

આ સાથે આ લેખમાંથી ચૈતન્યની ઉપયોગીતા ચાલી જાય છે, એટલે શુદ્ધ ભક્તિની આ અપૂર્વ મૂર્તિની કારકીર્દી ટુંકામાંજ સમેટી લઈશું. ચૈતન્ય દેવપદ પામ્યા હતા. પાછાં આવતાં ધનાઢ્ય વૈષ્ણવો ધનથી ને અકિંચન કીર્તનથી તેમની સેવા કરતા. તે જ્યાં જતા ત્યાં મોટા સમૂહ સાથે જતા. મુસલમાન અધિકારીઓ તેમની પ્રશંસા કરતા. અને બંગાલનો શહેનશાહ આ છોકરાએ પ્રસારેલી અસરથી મુગ્ધ થઈ ગયો.

એ જ્યાં જતા ત્યાં ઘણા સંન્યાસી સાથે જતા. રસ્તો ન હોય ત્યાં ધનાઢ્યો રસ્તો કરાવતા. રસ્તે જ્યાં એ જાય ત્યાં મંદિર બંધાવવું એવો એક રાજાનો હુકમ થયો. પછી તેમણે વૃંદાવનની જાત્રા કરી. રસ્તામાં, કાશીમાં, વિદ્વાનોએ તેમનો તિરસ્કાર કર્યો. ત્યાંથી વૃંદાવન જઈ તેમણે રસસમાધિમાં કૃષ્ણ સાથે લીલા કરી અને વૃંદાવનમાં ભક્તિને ભભુકાવી. વલ્લભાચાર્યને ચૈતન્ય પુરીમાં મળ્યા હતા, તેનો અહેવાલ વલ્લભનો જ્ઞાનગર્વ અને ચૈતન્યની ભાવમયતા એ બે વચ્ચેનો ફેર સ્પષ્ટ કરે છે. વલ્લભ પહેલા પંડિત ને પછી ભક્ત હતા; ચૈતન્ય પહેલા ને છેલ્લા ભક્તજ હતા.

ઈ. સ. ૧૫૩૩ માં ચૈતન્ય ગુજરી ગયા, અને આખા દેશમાં ભક્તિનો મધ્યાહ્ન તપી રહ્યો. એમનું રુપ, એનું વાક્પાટવ, એમના ભાવોની સૂક્ષ્મતા, એમનો તલસાટ, એમની ઘેલછા અને કાલ્પનિક ભગવાન સાથે નિરંતર સેવેલું તાદાત્મ્ય એમને હીંદના બધા ભક્તોમાં

પ્રથમ ને અસ્પર્શ્ય સ્થાન અપાવે છે. એમનામાં કલાની દૃષ્ટિ નહોતી, માનવ પ્રેમનો સ્પર્શ નહોતો, જ્ઞાનનો મોહ નહોતો, ઉપાસના નામનીજ હતી; એ તો પ્રણયના તીવ્રમાં તીવ્ર તલસાટની જ્યોત હતા. એમની ભક્તિનું વર્ણન નરહરિ સરકારની ગૌરચંદ્રિકામાં આપ્યું છે:

'ફુલનો બાગ જોઈને તે ભારે નિશ્વાસ નાખે છે. કોઈ વખત તે પોતાનું માથું હાથ ઉપર ટેકવીને બેસે છે, અને કોઈ વખત તે આમતેમ ચોપાસ ઉદાસ થઈને જોઈ રહે છે. તેના મનમાં રોજ નવા નવા ભાવ ઉત્પન્ન થાય છે. જ્યાં ફુલો બધાં ખીલી રહ્યાં હોય છે ત્યાં તે ઘણીવાર જોઈ રહે છે. તેમાં એ શું શોધે છે તેની કૈં આપણને સમજ પડતી નથી. પણ એને તે વખતે એવો આનંદ થાય છે કે જે એ ફુલોને જુએ તે પાપમાંથી બચી જાય તેમના પ્રત્યેના પ્રેમથી તે આંસુ સારીને આખા જગતને ભીજવી નાંખે છે; માત્ર રાધા–મોહનને તેમાંનું એક બિંદુ પણ પ્રાપ્ત થતું 'નથી.[1]

એ શું જોઈ રહ્યો છે ? એના મુખ ઉપર કૈં કારણ વગર રાત ને દિવસ આ શાનું હાસ્ય છવાઈ રહે છે ? કોઈ કોઈ વખત તે ઉંચે સ્વરે કોઈ વિચિત્ર ગીત ગાયાં કરે છે, અને કહે છે: " હે પ્રાણનાથ ! તું ક્યાં ગયો છે ?" કોઈ વખત તેનું આખું અંગ કંપી રહે છે, અને તે કોઈ અદૃશ્ય વસ્તુની પાછળ દોડયાં કરે છે. જાણે સ્વર્ગને ભેટવાને માટે હોય તેમ તે ઘણી વાર હાથ ઉંચા કરી રહે છે, અને કોઈ કોઈ

૧. કુસુમિત કાનન, હેરિ શચીનન્દન, ડારત કાહે ઘનશ્વાસ।
ક્ષણે કરતલે,અવલમ્બઈ મુખશાશી ક્ષણ ક્ષણે રહત ઉદાસ ॥
દેખ નવભાવ તરંગ.
ચંચલ બયને ચાહે ચપલમાત, ગતિજિત મત ગજરાજ।
પુન-પુન ઐછન હેરત ફુલબન, કહ નાહિ બુઝિએ કાજ ॥
ઐછન ભાતિ કરિ તારલ જગજને ભાસાઇલ પ્રેમામૃત દાને।
રાધામોહન બિંદુ ના પાઓલ આપન કરમ વિધાને ॥

વાર તે કોઈ અજ્ઞાત વસ્તુને માટે વિલાપ કરે છે. તે આંખો બંધ કરે છે અને આંસુ સારતો "હે પ્રિયે" કરીને કોઈને બોલાવે છે. નરહરિ કહે છે, કે આ પ્રેમપૂર્ણ ભાવો રાધાના જેવા છે, અને આ કલિયુગના પાપી લોકોને ઉદ્ધારવા માટે તેણે આ પ્રેમ પ્રગટાવ્યો છે.[૨]

ચૈતન્યની ભક્તિ શુદ્ધમાં શુદ્ધ ગણી શકાય. જાનવરમાં વિજાતિ તરફ આકર્ષાવાની પાશવ શક્તિ છે. એ શક્તિ પર માનવની કલ્પના રંગ પુરે છે. સ્નેહાળતા સાતત્યનો ખ્યાલ આણે છે અને ભાવના સ્થૂલભાવોને અદૃષ્ટ કરવા મથે છે, અને પરિણામે પાશવશક્તિ સૂક્ષ્મ થતી જાય છે.

પુરુષ નારીને પ્રજોત્પત્તિનું સાધન ગણવાને બદલે ધીમે ધીમે પાળેલું ઢોર–દાસી–ગૃહિણી–છોકરાંની મા–પત્ની–ઢોલી–સહચરી–સહ-

---

૨. આરે આમાર ગૌર કિશોર ।

નાહિ જાને દિવા નિશિ, કારણ વિહને હાસિ,
મનેર ભરમે પંહુ ભોર ।
ક્ષણે ઉચ્ચૈઃ સ્વરે ગાય; કારે પંહુ કિ સુધાય,
કોથાય આમાર પ્રાણનાથ ।
ક્ષણે પીત અંગ કમ્પ, ક્ષણે ક્ષણે દેઈ લમ્પ,
કાંહા પાઉ ઞાઉ કાર સાથ ।
ક્ષણે ઉર્ધ્વ વાહુ કરિ, નાચિ બુલે ફિરિ ફિરિ,
ક્ષણે ક્ષણે કરયે વિલાપં ।
ક્ષણે આંખિ ચુંગ સુંદે, હા નાથ બલિયા કાંદે,
ક્ષણે ક્ષુણે કરયે સન્તાપ ।
કહે દાસ નરહરિ, આરે મોર ગૌર હરિ,
રાધાર પિરીતે હૈલ હેલ ।
ઐ છન કરિયા ચિતે, કલિયુગ ઉદ્ધારિતે,
વંચિત હઈનુ મુક્તિ કેન ।

ધર્મચારિણી–દેવી–અર્ધાત્મા–પ્રાણ–એમ સંસ્કારની સરણીએ ચઢતી માને છે. દરેક પગથીએ પશુવૃત્તિ વધારે ને વધારે કચરાતી જાય છે; ને છેલ્લે પગથીએ, વસ્તુ કલ્પના, તાદાત્મ્ય ને ભાવના તેને એક નિરંતર તલસાટની જ્યોતિરુપે રહેવા દે છે. પહેલે પગથીએ ગુલામોનો ખરીદનાર છે; છેલ્લે પગથીએ કલ્પનારુપેજ બની રહેલી બીએટ્રીસને મળવા તલસતો ડાંટે છે.

( તે જ પ્રમાણે ભક્તિની સરણી. જાનવરોમાંથી મનુષ્ય બનેલો લિંગપૂજક ઉત્પાદક શક્તિમાં દૈવી અંશ જુએ છે. સહજિયાભિક્ષુ ક્ષુદ્ર વાસનાને પુણ્ય માને છે. કાણભટ સ્વચ્છંદી વિલાસમાં નિર્વાણ નીહાળે છે. વલ્લભાચાર્ય વિલાસમહોત્સવને રાસલીલાનું સ્વરૂપ આપે છે. જયદેવ પ્રણયને ભક્તિ બનાવે છે. ચંડીદાસ પ્રણયની ઘેલછાને ભક્તિમય ઉપાસના ગણે છે. નરસિંહ મહેતા વિલાસી કલ્પનાસૃષ્ટિની ભૂખને ભકિત ગણે છે. મીરાં વિષયમેલ ધોઈ, સૂક્ષ્મ છતાં વિલાસી કલ્પનાએ સરજાવેલા પ્રણયી માટેના તલસાટમાં ભકિત નીરખે છે. ત્યાગી માધવેંદ્રપુરી, વૃંદાવનમાં મંત્રમુગ્ધ બની, ગોપાલ માટેના તલસાટને ભકિત કહે છે. પણ ચૈતન્યની કલ્પનાને સ્મરણચિન્હની જરૂર નથી. એની ઉર્મિઓને ભજનનું પ્રોત્સાહન જોઇતું નથી. એના પ્રણયને વિલાસની મોહિની નથી. એની ભાવનાને ઉપાસનાની મદદની ગરજ નથી. એની ભક્તિ એક નિરંતર બળતી, તાદાત્મ્ય સાધવા મથતી તલસાટની જ્યોતરૂપે બળે છે. )

પહેલે પગથીએ લિંગપૂજક, છેલ્લે પગથીએ ચૈતન્ય. એકમાં કલ્પના, સ્નેહ ને ભાવનાવિહોણી પશુવૃત્તિ; બીજામાં કલ્પના, સ્નેહ ને ભાવનાનું સત્વ–પશુવૃત્તિ વિનાનું. એકને માત્ર શરીરાવલંબી જડવૃત્તિ હતી, બીજાને માત્ર કલ્પનાવલંબી સૂક્ષ્મ પ્રણય હતો.

ચૈતન્યનું સ્થાન પયગમ્બરોમાં બુદ્ધ અને ખ્રીસ્ત સાથે છે; પ્રણયીઓમાં ચંડીદાસથી મોટું છે; ભક્તોમાં અતુલ અને અદ્વિતીય છે.

## ( ૬ )
## વૃંદાવનીય ભક્તિ.

શુદ્ધ ભક્તિના આ પયગંબર જીવતા જ કૃષ્ણના અવતાર તરીકે પુજાયા, અને તેની આસપાસ નડીઆની આખી વિદ્વત્તા ને બંગાલનો પૂજ્યતાભાવ વીંટાઈ રહ્યાં. જ્યાં જ્યાં ભાગવત પુજાતું ત્યાં ત્યાં ભક્તિનો સંચાર થયો. પુરી વૈષ્ણવ પ્રવૃત્તિનું ધામ હતું ત્યાં પણ ચૈતન્યે ભક્તિનો નવો યુગ પ્રવર્તાવ્યો. વૃંદાવનની મહત્તા એના શિષ્યોએ સ્થાપી. આમ ધર્મની પુનર્ઘટના શુદ્ધ ભક્તિએ શરૂ કરી. વૈષ્ણવો ચૈતન્યમય થઈ રહ્યા. બૌદ્ધો વૈષ્ણવ થઈ ગયા. સમાજમાં સમાનતા ને ઔદાર્ય આવ્યાં. અને બંગાલી સાહિત્યનો સુવર્ણયુગ શરૂ થયો.

"ચૈતન્યના અનુયાયીઓ દરેક જાતિમાં મળી આવે છે. પણ તેઓ મૂળ શિષ્યો (ગોસાંઈ)ના વંશજો છે એમ સ્વીકારે છે. આ ગોસાંઇઓની સંખ્યા હાલ બંગાલ એકલામાં જ ૨૩૦૬૨ જેટલી છે. આ પંથમાં પરણેલા અને કુંવારા સૌ કોઈને માટે સ્થાન છે. એમાં બ્રહ્મચારીઓ અને પર્યટન કરનાર ભિક્ષુઓ હોય છે. પણ એ પંથના ધર્મગુરૂઓ ઘણેભાગે પરણેલા હોય છે. તેઓ કૃષ્ણના મંદિરની આસપાસ બાંધેલાં ઘરોમાં પોતાનાં બૈરી છોકરાં સાથે રહે છે. અને આ રીતે ચૈતન્યપૂજા આખા ઓરિસામાં ઘેરઘેર પ્રસરેલી છે. જમીનદારો પોતાના ઘરમાં તેને અર્પણ કરેલા દેવસ્થાનોમાં તેને રોજ પુજે છે. એના મરણ પછી તેના અનુયાયીઓમાં એક એવો વર્ગ ઉભો થયો કે જેણે સ્ત્રીઓનું ધાર્મિક સ્વાતંત્ર્ય સ્વીકાર્યું. આ પંથનાં સ્ત્રી પુરૂષો પોતપોતાનાં અલાયદાં સ્થાનોમાં રહે છે અને બ્રહ્મચર્ય પાળે છે. સ્ત્રીઓ માથાના વાળ કઢાવી નાંખે છે, અને ફક્ત એક જ લટ રાખે છે. સ્ત્રીઓ અને પુરૂષો બન્ને સાથે જ વિષ્ણુ અને ચૈતન્યની સ્તોત્રો અને નૃત્ય સહિત સ્તુતિ કરે છે." [1]

1 Imperial Gazetteer of India, Vol. VI.

આ બતાવી આપે છે કે રાસલીલાના મોહમાં, ગુરૂના સમર્પણમાં ને પ્રણયની ઘેલછામાં ચૈતન્યને। સંપ્રદાય મહાયાન બૌદ્ધ મતનું વિકસિત અને વિશુદ્ધ સ્વરુપ છે. બીજા વૈષ્ણવ પંથો ચૈતન્યમનની શુદ્ધિ અને ભાવનામયતા સાચવી શકયા નથી.

ચૈતન્યને। સ્નેહ વૃંદાવન પર ચોંટયો હતો. ઇ. સ. ૧૫૧૦માં પૂર્વાશ્રમના મિત્ર લોકનાથ શિષ્ય થવા આવ્યા ત્યારે તેમણે કહ્યું : “ લોકનાથ ! તું અને હું સંસારી આનંદ માટે સરજાયાં નથી. આપણા રસ્તા સામાન્યોથી જુદા છે. વૃંદાવન જઈ તેનો ઉદ્ધાર કર.” લોકનાથ રડયા, કકળ્યા. ચૈતન્યને। પ્રેરણામય ને દૈવી સહચાર છોડવા ના પાડી. પણ ચૈતન્યની આજ્ઞા નિશ્ચલ હતી એટલે લોકનાથ વૃંદાવનનો ઉદ્ધાર કરવા આવ્યા.

અમર ને સંતોષ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતા અને રાજવંશી હતા. તેમના પૂર્વજો ગૌડના શહેનશાહના મંત્રીઓ હતા અને તેઓ દબીરખાસ ને સાકર મલીકનું નામ સ્વીકારી મુસલમાન થયા હતા. ઇ. સ. ૧૫૧૬માં તેઓ ચૈતન્યને મળ્યા, અને ધન, માન ને ધર્મ છોડી વૈષ્ણવ સંન્યાસી થયા અને સનાતન ને રૂપના નામથી ઓળખાયા. ચૈતન્યે બંનેને વૃંદાવન રહેવાનું ફરમાવ્યું. બંનેએ તે આજ્ઞા પાળી વૃંદાવનમાં વાસ કર્યો, અને તેને ભકિતનું કેન્દ્ર બનાવ્યું.

બંને વિદ્વાન હતા, સંસ્કૃત, ઈરાની ને અરબી ભાષામાં નિષ્ણાત હતા. તેમણે ચૈતન્યની પ્રેરણાથી કૃષ્ણનું સાહિત્ય રચવું શરૂ કર્યું. રૂપે ‘ વિદગ્ધ માધવ ’ ને ‘ લલિત માધવ ’, ‘ ભકિતરત્નામૃતસિંધુ ’ વગેરે લખ્યાં. સનાતને ‘ હરિભકિતવિલાસ ’ ને ‘ ચૈતન્યચરિતામૃતાદિ’ લખ્યાં. ઇ. સ. ૧૫૫૪માં સનાતને ભાગવત પર વૈષ્ણવતોષિણિ નામની ટીકા લખી. આ બંનેએ વૈષ્ણવ ધર્મ વિષે સાહિત્ય લખ્યું એટલું જ નહિ પણ સંસ્કૃત સાહિત્યનો અનેકદેશીય વિકાસ સાધી વૃંદાવનને સંસ્કારનું કેન્દ્ર બનાવ્યું. વૃંદાવનનું ગૌરવ તેમને અને

તેમના ભત્રીજા જીવા ગોસાંઈને લીધે વધ્યું. રામદાસ કાપરી નામનો ધનાઢ્ય તેમનો શિષ્ય થયો ને તેણે મદનમોહનનું મંદિર બંધાવી આપ્યું. અંબરના સુવિખ્યાત રાજા માનસિંહ તેમના શિષ્ય થયા અને ઇ. સ. ૧૫૯૦માં ગુરૂઓની આજ્ઞાથી તેણે ગોવિંદનું મંદિર બંધાવ્યું. તે સ્થાપત્યનો અદ્‌ભુત નમૂનો ગણાય છે.

આ વૃંદાવનીય ભક્તિનાં બે અંગ હતાં : (૧) જયદેવ કરતાંએ વિલાસી શૃંગાર; અને (૨) રાધા બની કૃષ્ણને ભજવાનો ચૈતન્ય પાસેથી ઉતરી આવેલો તલસાટ. એમ પણ કહેવાય છે કે રુપ ગોસ્વામીએ રાધાની માનસિક દશાનું વર્ણન ઘણી વાર પોતે જોએલી ચૈતન્યની મનોદશા પરથી લીધું છે. સનાતન અને રુપના વિશુદ્ધ ને ત્યાગી જીવનમાં જે વિલાસી અને ભક્તિભરી કલ્પનાઓ ઉદ્‌ભવતી, અને ચૈતન્યની પ્રેરણાથી એમણે જે ભક્તિભાવ કેળવ્યો અને જે ભક્તિના આદર્શથી એમણે વૃંદાવનીય ભક્તિને લાક્ષણિક સ્વરુપ આપ્યું, એ બધું એમના 'વિદગ્ધ માધવ' અને 'લલિત માધવ' નાટકોમાં સ્પષ્ટ થાય છે. એ નાટકના અંકોનાં નામજ તેની વસ્તુનો આછો ખ્યાલ આપવા પુરતાં છે. 'વિદગ્ધ માધવ'–અંક (૧) વેણુનિનાદવિલાસ; (૨) મન્મથલેખ; (૩) રાધાસંગમ; (૪) વેણુહરણ; (૫) રાધાપ્રાસાધન; (૬) શરદ્‌વિહાર; (૭) ગૌરીતીર્થવિહાર. 'લલિત–માધવ'ના અંકો આ પ્રમાણે છેઃ (૧) સાયન ઉત્સવ; (૨) શંખચૂડવધ; (૩) ઉન્મત્ત રાધિકા; (૪) રાધાભિસાર; (૫) ચંદ્રાવલિલાભ; (૬) લલિતાપ્રાપ્તિ; (૭) નવવૃંદાવનસંગમ; (૮) વૃંદાવનવિહાર; (૯) ચિત્રદર્શન; (૧૦) પૂર્ણમનોરથ.

જીવા ગોસાંઈ આ બેના ભત્રીજા હતા. તેમણે નડીયામાં વિદ્યા મેળવી, કાશીમાં સંપૂર્ણ કરી. વૃંદાવનની વિદ્યા, ભક્તિ ને ગૌરવના તે પ્રતિનિધિ થયા. એમણે પચીસેક સંસ્કૃત પુસ્તકો લખ્યાં અને ભક્તિસાહિત્યને સમૃદ્ધ કર્યું. રુપ, સનાતન ને જીવા

ગોસાંઈ વૃંદાવનની મહત્તાના અવતાર હતા. કાકાઓ વિદ્વાન છતાં નમ્ર હતા, ભત્રીજો જેટલો વિદ્વાન હતો તેટલો બાહોશ હતો. એમનાં જીવન શુદ્ધ ને એમના આદર્શો ઉચ્ચ હતા. એમનો પ્રતાપ આખા હીંદમાં પ્રસર્યો. અને પ્રેરણાથી દેશદેશના ભક્ત વિદ્વાનો સાહિત્ય સર્જાવતા થયા ને ભક્ત ધનાઢયો વૃંદાવનને મંદિરોથી વિભૂષિત કરવા પૈસા ખરચતા થયા. રુપ ને સનાતન આશરે ઈ. સ. ૧૫૯૦માં ગુજરી ગયા., જીવા ગોસાંઈ થોડાં વર્ષ પછી ગુજરી ગયા લાગે છે.

આ ત્રણે પહેલા ગોસ્વામીઓ થયા, અને અકબર પોતે એમની કીર્તિથી આકર્ષાઈ વૃંદાવન આવ્યા. આ ત્રણ અને લોકનાથ, રઘુનાથ ભટ, ગોપાલ ભટ ને રઘુનાથદાસ–આ ચૈતન્યના શિષ્યોમાં પહેલા સાત ગોસ્વામીઓએ વૃંદાવનને કૃષ્ણમહિમાનું કેંદ્ર બનાવ્યું. આ ઉપરાંત ઘણા ચૈતન્યના અનુયાયીઓએ વૃંદાવનમાંજ વસી ભક્તિનો પ્રચાર કર્યો.

એક મહાન આત્મા જીવન જીવી જાય છે; બીજા નાના આત્માઓ તેના પર ટીકા લખે છે. એક પયગંબર પોતાની આત્મસિદ્ધિ વ્યક્ત કરવા જીવે છે. તેના અનુયાયીઓ એ ઉર્મિની પ્રણાલિકા રચી સામાન્યો માટે સંપ્રદાય સ્થાપે છે. ચૈતન્યે તલસી તલસી જીવન પુરું કર્યું. આ ગોસ્વામીઓએ તલસાટ પર શાસ્ત્રો રચી ભક્તિને જીવનનું અંગ બનાવ્યું, અને એ તલસાટ નીભાવવા તેને મૂર્તિમાન્ કરતું સાહિત્ય શિષ્ટ ભક્તિસાહિત્ય થયું.

ઇ. સ. ૧૫૮૫ માં વૃંદાવનમાં હરિવંશ રાધાવલ્લભી સંપ્રદાય સ્થાપે છે. એમાં કૃષ્ણ કરતાં રાધાને પ્રાધાન્ય અપાય છે. આ પંથ ભાગવત પુરાણને પૂજ્ય લેખે છે, પણ એનો મુખ્ય આધાર એના સ્થાપકે લખેલા 'રાધાસુધાનિધિ' નામના પુસ્તક પર છે. આ પંથની સ્થાપના બતાવી આપે છે કે તે વખતે વૃંદાવનમાં રાધાકૃષ્ણના પ્રણય

પર ધાર્મિક ભાવનાનું આરોપણ સંપૂર્ણ રીતે થયું હતું. રાધાવલ્લભી સંપ્રદાય, વલ્લભ સંપ્રદાયથી નીરાળો છે. અને વલ્લભમત ૧૬ મા સૈકાના પાછલા ભાગમાં ગુજરાતમાં પ્રસર્યો તે પહેલાં રાધાવલ્લભી સંપ્રદાયે ગુજરાતમાં થાણાં કર્યાં હતાં. વલ્લભ સંપ્રદાય ગુજરાતમાં આવ્યો ત્યારે તેણે આ સંપ્રદાયની ઘણીખરી બેઠકો હાથ કરી લાગે છે. છતાં રાધાવલ્લભી સંપ્રદાયનાં મંદિરો આજે પણ ગુજરાતમાં ઘણાં શહેરોમાં છે.

આ પ્રમાણે વૃંદાવનીય ભક્તિ ગુજરાતમાં અપરોક્ષ રીતે દાખલ થઇ. તે ઉપરાંત પરોક્ષ રીતે પણ થઇ—તેનું સબળ દૃષ્ટાંત મીરાંબાઇનાં પદો.

## ( ૭ )

## મીરાંબાઇ

આ વૃંદાવનમાંથી ચારે તરફ પ્રસરતી ભક્તિના પ્રકાશે મેડતાની કુંવરીનું હૃદય તેજોમય કર્યું.

મીરાં કૃષ્ણને રામ નામે ઘણી વખત સંબોધે છે :

"મેરે પ્રીતમ પ્યારે રામને લિખ ભેજુંરી પાતી"

× × ×

"મેરે તો એક રામ નામ દૂસરા ન કોઈ"

તે ઉપરાંત એક ભજનમાં તે રૈદાસની શિષ્યા છે એમ પણ કહે છે:

ખોજત ફિરૂં ભેદ વા ઘર કો કોઈ ન કરત બખાની,
રૈદાસ સંત મિલે મોંહિ સતગુરૂ દીન્હ સુરત સહદાની.
મૈં મિલી જાય પાય પિય અપના તબ મેરી પીર બુઝાની,
મીરાં ખાક ખવક સિર ડારી, મૈં અપના ઘર જાની.

પણ તેને નામે પ્રચલિત પદોમાં રામાનંદી ઉપાસનાનું પ્રોત્સાહન દેખાતું નથી.

એની ભક્તિ પર ચૈતન્ય કે રામાનંદની અસર હતી એમ કેટલાક માને છે;[1] પણ તે માન્યતા વાસ્તવિક લાગતી નથી. તેમ મીરાંએ બોપદેવ કે જયદેવની કૃતિઓ મૂળમાં વાંચી હોય એ પણ સંભવે એમ નથી. પણ ભક્તિની અસર તે વખતના રાજસ્થાની સાહિત્ય પર જે થઈ હશે તેમાંથી મીરાંએ પોતાની પ્રેરણા લીધી છે એમ લાગે છે.

( મીરાંની ભક્તિ શુદ્ધ હતી; એની વિલાસવૃત્તિ રસિક હતી, પણ સ્વચ્છંદી નહોતી. એણે 'પ્રેમ નીર સિંચ સિંચ' વિષયમેલ ધોયો હતો; એણે ગોવિંદાને પ્રાણ માન્યો હતો. શુદ્ધ ભક્તિમાં નરસિંહની જોડે બેસે એવી ભક્તકવિ મીરાં છે.)

"મનુષ્યના બધા ભાવમાં પ્રેમ એજ સાથી જબરી જ્યોત જગવે છે. સ્વસ્થતા અનુભવતા કવિઓની–કારણ કે કવિઓમાં પણ સ્વસ્થ અને અસ્વસ્થ કવિઓ હોય છે–વ્યવહારબુદ્ધિ એવી હોય છે કે ચિરસ્થાયી કલ્પનાવિલાસ તે અનુભવતા નથી; અને તેમની કવિતાનું મૂળ કોઈ સ્ત્રી હોય છે અને તેનું સ્વરૂપ સ્નેહરાજ્ઞીની પ્રોત્સાહક સંગતિમાં મળેલા અનુભવનું ચિત્ર હોય છે.

પણ કેટલાક તો એવા કવિઓ નજરે ચઢે છે કે જેમની સૂક્ષ્મતમ કલ્પનાશક્તિ કોઈ આછા આભાસથી, કોઈ દીઠ–અદીઠ મુખથી, કોઈ કલ્પિત મૂર્તિમાત્રથી પ્રજવલિત થાય છે. તેમના મગજમાં કોઈક વખત એવી સ્પષ્ટ અને જીવંત મૂર્તિ ઉભી થાય છે કે તે તેમના જીવનમાં સજીવ અને દેહધારી વ્યક્તિરૂપે રહે છે. આ કવિઓ આવી મૂર્તિ જોડે બોલે છે, પરસ્પર ભાવસંબંધ બાંધે છે અને તેની આસપાસ હર્ષ અને શોકથી પૂર્ણ સંસાર ઉભો કરે છે.

સાચા કવિહૃદયનો વિકાસ એકજ ઉર્મિથી કેળવાય છે. ભક્તકવિમાં સામાન્યની માફક માત્ર કલ્પનાનું પ્રાબલ્ય હોતું નથી; એ તો

---

૧ રા. આનંદશંકર ધ્રુવ: વસંત, સં. ૧૯૯૧ શ્રાવણ.

રહી. જેમ લોરાનાં સ્મરણોથી પેટ્રાર્કનાં કાવ્યો થયાં તેમ કલ્પનામૂર્તિ શ્રીકૃષ્ણનાં સ્મરણોથી મીરાંનાં પદો ઉદ્ભવ્યા. આ પૌરાણિક કથાનાયક માટે જે પ્રેમ તેનું ભાવિક હૃદય અનુભવતું હતું તે તેનાં કાવ્યોનું મૂલ બન્યું."[1]

એની કલ્પના સમૃદ્ધ નહોતી. તે તેની તે જ મર્યાદામાં ફરી રહેતી. એના વિલાસનું ત્રત્ર ઘણુંજ નાનું છે; જમુના તીરે બાલલીલામાં ચીર ઉરાડવાથી વધારે વૈવિધ્ય એમાં નથી. 'મારો ગિરિધર ગોપાલ' ફરી ફરી કહેવામાં અને ગ્રામ્ય સંસારની વધુની માફક કેટલાક સામાન્ય ભાવો અદ્ભુત સરલતાથી દર્શાવવામાંજ તેની મહત્તા રહી છે.

"એને કહેવાની એકજ વાત છે. અને એનું જ્ઞાન પરિમિત છે તેથી એના કાવ્યોમાં વિવિધતા કરતાં લાલિત્ય અને કોમળતા વધારે આવ્યાં છે. પણ એનામાં વિવિધતા નથી એમ તો કોઈથી ન કહેવાય. એણે સંન્યાસ લીધો છતાં શૃંગાર ગાયો. એણે તપસ્વિની થઈને રસિકતા પોષી. વિરાગિની છતાં રાગ–પ્રેમની ધુન એણે જગાવી. સંસાર છોડયો છતાં સંસારીના સર્વ ભાવોથી એણે ગીરધરલાલને ગાયો. અને આ બધાં પરસ્પર વિરોધાભાસી મિશ્રણોએ એની કવિતામાં એક જુદો જ રસ અને પ્રફુલ્લતા આણ્યાં છે. મીરાંની કવિતામાં વિશાલતા નથી. એ દોષ એનાં જ્ઞાનની સાંકડી સીમાઓને લીધે આવ્યો છે; એના હૃદયનો નથી. હૃદયે એના ભાવોમાં પ્રબલતા આણી. જ્ઞાને એની દિશાઓને મર્યાદિત કરી. મીરાં જ્ઞાની નથી. જ્ઞાની હોવાનો એનો દાવો પણ નથી. અંતરપ્રેરણાથી જડે એટલું જ્ઞાન એને સ્વયંભૂ સ્ફુર્યું છે. મીરાં એટલે ડહાપણ નહી; એ તો માત્ર ઉર્મિઓની પરંપરા. મીરાં એટલે સત્તા નહીં, પણ પ્રેમનો દોર, અને વિલાસ નહીં પણ શોભા. મીરાંમાં ગહનતા નથી, પણ રસિકતા અને ભાવ છે "[2]

૧ મુનશી : મીરાંબાઈ. ૨ સૌ. લીલાવતી મુનશી મીરાંબાઈ; એક દૃષ્ટિ.

એનો તલસાટ તીવ્ર હતો; અને કોઈ વખત ચૈતન્યતા તલસાટની માફક ઘેલછાનું સ્વરુપ લેતો હશે.

'હેરી મેં તો પ્રેમ દીવાની, મેરા દરદ ન જાને કોઈ.'

× × ×

મીરાં કી પ્રભુ પીરમીટેગી, જબ બૈદ સાંવલીયા હોઈ!

× × ×

લેહ લાગી મને તારી, અલ્યાજી લેહ લાગી મને તારી.

× + ×

મારા પ્રાણ પાતળીયા વહેલા આવો રે,
તમરે વિના હું તો જનમ જોગણ છું

આ એનું આત્મકથન શબ્દે શબ્દ એને સાચું હતું.

પણ એની ભક્તિનું મુખ્ય લક્ષણ તે એની સરળતા. સાહિત્યના આદર્શોને તે જાણી જોઈને અનુસરતી નથી. અને એની કૃતિમાં પ્રયત્ન નામમાત્ર પણ દેખાતો નથી. એના ભાવો અટપટા નથી; એનો સ્વભાવ રીસાળ નથી; એની ઉર્મિઓમાં તોફાન નથી. એના ભાવનું સત્ત્વ એક જ સાદી છતાં અદ્ભુત પંક્તિમાં દેખાય છેઃ

'મુખડાની માયા લાગી રે, મોહન તારા મુખડાની માયા લાગી રે;
મુખડું મેં જોયું તારું, આ જગતડું થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે.'

તે સદાએ મધુર છે. એની વિલાસવૃત્તિ સૂક્ષ્મ ને વિશુદ્ધ છે. એને સેજલડી સુની લાગે છે. એનું કૃષ્ણના ચરણકમળમાં ચિત્ત લાગે છે, સ્ત્રીભક્તની સુરુચિ બહુ તો 'કાને મહીની મટુકી ઝટ ફોડી, પ્રીતની મર્યાદ સૌ તોડી'–એટલેથીજ અટકે છે. મીરાંની સરળ ને શુદ્ધ ભક્તિનું સ્થાન ભક્તિના ઇતિહાસમાં અદ્વિતીય છે. એને નામે પ્રચલિત પદોમાંનાં થોડાં શિષ્ટ સાહિત્યમાં સ્થાન પામે એવાં છે; બાકીનાની ભાષા ને ભાવ બંને ઘણાજ સામાન્ય પ્રકારનાં છે. અને એ પદોની જોડ બીજી આપણા સાહિત્યમાં ન હોવાથી સામાન્ય લોકોને તે ભક્તિનું સાહિત્ય પુરું પાડે છે.

## ( ૮ )
## નરસિંહ મહેતા
### ( ઇ. સ. ૧૪૧૪ થી ૧૪? )[1]
### ( ઇ. સ. ૧૫૦૦ થી ૧૬૦૦ ? )

ભાગવતની અસર નરસિંહ મહેતાની બધી કૃતિઓ પર છે અને 'ગીતગોવિંદ'ની પણ સ્પષ્ટ છાપ છે. 'સુરતસંગ્રામ'માં તેનો આ પ્રમાણે ઉલ્લેખ છે:

'સર્વે નીચું લહ્યું, હા ન કોઇ કહ્યું, ઉઠીયો જયદેવો સમય જોઈ;
નરસૈંયો ભણે, ઉભિયો મુદિત મને, કૃષ્ણ ભજતાં જીણે નાર ખોઈ.[2]

× × ×

એક જાણો છો વ્રજની ગોપી, કે રસ જયદેવે પીધો રે,
ઉગતો રસ અવની ઢળતો, નરસૈંયે તાણી લીધો રે.[3]

નરસિંહ મહેતાએ શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિ ગાઈ—સંપ્રદાય સ્થાપવા માટે નહીં, પણ માત્ર પોતાનો આત્મા વ્યક્ત કરવા માટે. અને આથી જ એનું સ્થાન ભાગવતની પ્રેરણા ઝીલનારાઓમાં ઘણું મોટું છે. એની કલ્પના 'ગીતગોવિંદ'થી અને વૃંદાવનીય ભક્તિથી ઉત્તેજાઈ હતી. 'ઉગતો રસ અવની ઢળતો એણે તાણી લીધો' એટલુંજ નહીં પણ ઘણા રસિક કલાકારો કરતાં વધારે શુદ્ધ ભક્તિ તેણે હૃદયમાં ધારી અને પદોમાં ગાઈ.


એણે ઉપાસના, ઉપદેશ, જ્ઞાન ને વૈરાગ્યનાં પદો લખ્યાં છે પણ તે ઘણાં જ થોડાં ને અપવાદરૂપ છે. અને તે એની ભક્તિના મધ્યાહ્ન કાલમાં લખ્યાં નથી. તેમાં દર્શાવેલા

---

૧ નરસિંહ મહેતાનો સમય હાલ મનાય છે એમ પંદરમા સૈકામાં નહીં પણ સોળમા સૈકામાં હતો એમ મને લાગે છે. જુઓ મુનશીઃ નરસૈંયો-ભક્ત હરિનો.

૨ કાવ્યસંગ્રહ, સુરતસંગ્રામ પદ ૨૩ મું.

૩ કાવ્યસંગ્રહ, શૃંગારમાળા, પદ ૭ મું.



આદિકવિ નરસિંહ મહેતો

[પૃ. ૧૯૬

વિચારો દેખાડે છે કે શંકરના જ્ઞાનમાર્ગના સિદ્ધાંતોનો તેને પરિચય હતો, અને પોતાના જીવનમાં ત્યાગ અને નીતિ તેણે ઉતારી હતી. આ પદોના ભાવ શુદ્ધ અને સંસ્કારી છે. જ્ઞાન, વૈરાગ્ય ને 'નીતિ ભક્તિ'નાં એનાં પરભાતીયાં મિશ્ર ભક્તિના સાહિત્યના શિષ્ટ આદર્શો પુરા પાડે છે. ગુજરાતીમાં એ પ્રકારનું પાછળથી ઘણું લખાયું; પણ એનાથી ઉત્તમ મિશ્ર ભક્તિનું સાહિત્ય થયું નથી.

એની ઘણી કૃતિઓમાં શુદ્ધ ભક્તિ જ દેખાય છે. દરેક પંક્તિમાં સ્વાનુભવનો પ્રબલ ધ્વનિ છે. એની ભક્તિ માત્ર અંગત માનવપ્રેમનું પરિણામ નથી. એણે ખરેખર ગોપી બની કાલ્પનિક કૃષ્ણ જોડે પ્રેમ બાંધી સજીવ સંબંધ બાંધ્યો હતો. એનાં પદોમાં માર્દવ ને નિખાલસપણું પ્રધાનપદે છે. કવિહૃદયની નિર્મલતાનું એમાં દર્શન થાય છે. એમાં, એ 'વૈષ્ણવજન' વ્યવહારમાં કેવાં નિર્દોષ ને ભાવનામય ધોરણ સ્વીકારતો હતો તેની ઝાંખી થાય છે; અને 'પીડ પરાઇ જાણનાર', 'પરઉપકારી', 'અંતરવૃત્તિ અખંડ રાખનાર', 'કૃષ્ણ ઉપાસી ને જગથી ઉદાસી' હરિજનના હૃદયની મોહક પીછાણનો લહાવો મળે છે.

તેની ભાષા સરસ છે. મધ્યકાલીન સંસ્કૃત કવિઓની કૃત્રિમ, ઝમકભરી શૈલીની અસર 'સુરતસંગ્રામ' જેવી કૃતિઓ પર છે; 'જાગીને જોઉં તો જગત દીસે નહીં' એ પદની ભાષાએ કોને મુગ્ધ નથી કર્યા? એ પદોનું સંગીત પણ સુમધુર છે; કલ્લોલતું વહી જાય છે.

પણ નરસિંહની ભક્તિ ભજનિકની નથી. એમાં ચોથી ભૂમિકાનો તલસાટ છે; શ્રીકૃષ્ણની પ્રિયતમા બની તેની જોડે તાદાત્મ્ય સાધવાની પ્રણયઘેલછા છે. ખરેખરી ગોપી તો ખરેખરા કૃષ્ણને ગમે તેવી ભક્તિથી ભજતી હશે, પણ નરસિંહ–ગોપી તો કાલ્પનિક કૃષ્ણને

૧ કાવ્યસંગ્રહ: હારમાળા, ક્ષેપક પદ ૩ જું.

ભાગવત ને ગીતગોવિંદની ગોપીને ભાવે ભજતી. દુનીઆમાં જયદેવ, એબેલાર્ડ ને કલાપી જેવા અનેક સુવિખ્યાત પ્રણયી થઇ ગયા છે. ડાંટે ને ટેસો જેવા કાલ્પનિક વ્યક્તિઓના પ્રણયની ઘેલછામાં ઘુમતા દેખાય છે. મીરાં, ને નોવેલીસ જેવાં અનેક કાલ્પનિક દેવ પાછળ ગાંડાં બનેલાં પ્રેમીઓ જડે છે. મેઘદૂત દ્વારા સંદેશ પાઠવ તો યક્ષ ને પ્રિયતમા પાછળ પ્રેમ અર્પતા ફરહાદ અને રોમીઓ નજરે પડે છે. ગુજરાતી નરસિંહનો પ્રેમ ઉર્મિના પ્રાબલ્યમાં આ બધાથી ભાગ્યેજ ઉતરે છે.

ગુજરાતી સાહિત્યમાં શુદ્ધ ભક્તિનો પ્રસાર કરનાર આ ભક્તને જરા પણ અન્યાય કર્યા વિના કહેવું જોઈએ કે એનાં કવનોમાં મીરાંના હૃદયની સરલતા નથી; એનામાં ચંડીદાસની અપૂર્વ કાવ્યમયતા નથી; એનામાં ચૈતન્યના તીવ્ર તલસાટનો કંપ નથી; એનામાં નોવેલીસનું આત્મવિસર્જન નથી. નાગરી નાતની પ્રતિષ્ઠાનો લોભ એનાથી છોડાતો નથી.

એનો વિલાસ વૈભવભર્યો છે. એનો પ્રણય મસ્તી ને રીસાળતામાં માણે છે. ઘણી વખત સૂક્ષ્મતાને વીસારી દઈ એના ભાવો તોફાને ચઢે છે અને જયદેવ જેવા કલાકારની વિલાસી કલ્પનાનું સ્મરણ કરાવે છે. એ પોતે ગોપી જ બની રહે છે :

"મુનિજનનો તેડયો નવ આવે, બ્રહ્માદિકને વશ ન થાય રે;
એ નરસૈંયો, એજ ગોપી, એક સ્વરૂપ કહેવાય રે."[1]

વળી તે પોતાના પુરુષત્વનો પણ ભોગ આપવા તૈયાર છે :

"પુરુષ પુરુષારથ લીન થયું માહરું, સખી રૂપે થયો ગીત ગાવા,
દેહ દિશા સૌ ટળી, ગોપીમાં ગયો મળી, દુતી થયો માનનીને મનાવા;
એવે મેં ભાવ રસભેદના જાણીઆ, અનુભવના રસબસ થાતાં."[2]

એ પોતાનો સંબંધ હંમેશાં સ્પષ્ટ રીતે કહે છે :

---

૧ કાવ્યસંગ્રહ: હારમાળા, પદ ૧૨૯ મું.

૨ ,, સામળદાસનો વિવાહ, પદ ૩ જું.

છોગાળો ને છેલછબીલો, જેણે વિશ્વ કૃતારથ કીધો;
જેણે જેવો દીઠો તેવો ગાયો, મેં રસિક રંગી ગાયો રે.૩

અને તે ગર્વથી ઉચ્ચારે છેઃ—

"રાધાની સંગે હીંચ લેતો, તે મારે હૃદયે સમાયો,"૪

એ 'લટકાળા છબીલા નાથને' પ્રેમે પેખી રહે છે' ને કહે છે :

'નરસૈંયાનો સ્વામી અમોલિક રતન,અન્ય તૃણવત્ લેખું છું રે'૫

પ્રણયીની ઘણી દશા તે અનુભવી શકે છે ને અદ્દ્ભુત શબ્દોમાં બહાર પાડે છે. તે રીસાય છે, મનાય છે, ભાંડે છે, મહેણાં મારે છે, વીનવે છે, ધુળ ચાટે છે, તીરસ્કારે છે.

પ્રીતની રીત ત્રૈલોક્યમાં સાર છે, શું કરું શામળા જો વિચારી;
સાચું જુઠું જગદીશ જાણો તમો, પ્રીતની રીત તો અટપટી ભારી.
શંકર સ્વામીએ દીન જાણી મને, હરિગુણ ગાવાની ટેવ પાડી;
વિવિધ વિલાસ ગાયા મેં ગોવિંદના,ભક્તિભાવ ભૂલ્યો શું હું અનાડી.
તે દિનનો મેં તો તુજને આરાધિયો, સાધિયો શુદ્ધ કરી મન સાથે;
આજ વેળા પડી આવ ઉતાવળો, ભલાઈ ભૂધરા કર રહીને માથે.
મારું તો બળ નથી, ઝાઝું શું કહું કથી, તુજ થકી થાશે તેજ થાશે;
ભણે નરસૈંયો જો જીવ મારો જશે, વળતી ગુણ તારા કોણ ગાશે.૬

× × ×

ગોકુળ માંહે તું ગાળ ખાતો ફરે, નવનીત આહીરનાં લેતો ચોરી,
ચંચલ ચોર તું મુખ નથી બોલતો, હજુ અમો લાજ રાખું જ તોરી.
બહુ પેર ગોપીએ લાડ લડાવીઓ, અન્ન આહીરનું જોતો ચાખી,
નટવાની પેર તું નૃત્યલીલા કરે, તે નરસૈંયો રહે છે રે સાંખી.૭

---

૩ ,, હારમાળા, પદ ૨૦ મું.

૪ ,, ,, ,, ,,

૫ ,, ,, પદ ૫૨ મું.

૬ કાવ્યસંગ્રહઃ હારમાળા, પદ ૧૧૩ મું.

૭ ,, ,, ,, ૯૧ મું.

એનામાં માત્ર પ્રણયીની ઘેલછા છે એમ નહીં. પ્રણયીના અંતરનું માર્દવ પણ એનામાં છે. ચાતુરી છત્રીસી એની એક સુંદર કૃતિ છે. તેની પંક્તિએ પંક્તિમાં સૂક્ષ્મ ઊર્મિઓના મૃદુ અને આલ્હાદક ભાવો છે. આખી કૃતિમાંથી અવર્ણનીય પ્રેમ નીતરે છે–આડંબરી ભક્તિ નહીં. નમુના તરીકે નીચેના ચાતુરીમાં રહેલા પ્રણયકથનની જોડ સાહિત્યમાં મળવી કઠણ છે:

મારી વિનતડી અવિધાર, નારી નિહાળી રે;
મારા નાથ તણો અપરાધ, મ જોશો વાળી રે.
તું તો હસીને ઘુંઘટડો છોડ, વદન રસાળી રે;
અંગો અંગે અમૃત સીંચે છે, વર વનમાળી રે.
શરણ નહીં શામળીયો કોને, સર્વાંગે તુંજ ટાળી રે;
તું તો જઇને સેજાએ પોઢ, હરિ આપીશ સંભાળી રે.

વલણ.

હાર આપીશ જમણે હાથ, જાણે તેમ કરજે રે;
તારા મનના હોયે મોદ, તેમ ઊર ધરજે રે.
ન દુભાય નાથ લગાર, તેમ આચરજે રે;
તુજ પાસેથી ક્યાંહી ન જાય, એમ અનુસરજે રે.
ભણે નરસૈંયો સકળ સાહેલડી, હરખે હૈડાં ભરજે રે;
પ્રભુ અંતરજામી નાથ સંગ, પ્રેમે તે રંગે રમજે રે.[1]

નોવેલીસ જેવા ભક્તની સૂક્ષ્મ ને અપાર્થિવ થએલી કલ્પનાથી એની કલ્પના જુદી છે; રુષ્ટપુષ્ટ છે. પરિણામે એની વિલાસવૃત્તિ સબળ છે–સર્વાંગે મસ્ત છે. એમાં અપવાસીયા નિર્માલ્યતા નથી, પણ એની આહીરડીની માફક એ ‘ તાતીમાતી ’ છે.

એની રાધિકાનો ગર્વ અને મીજાજ ઓર છે. તેની બહાદુરી પણ તેવીજ છે, અને એના વિલાસની સીમા નથી :

૧ કાવ્યસંગ્રહ : ચાતુરી છત્રીસી, ચાતુરી ૧૧ મી.

એમ હરાડીએ, એથી ન હારીએ, પણ લીધું તે તમે પૂર્ણ કરજો,
ક્રોધાંધ થઈ ભાખતી, શૂરપણું દાખતી, કંદર્પ શસ્ત્ર મારી એનો દર્પ હરજો.
પલાશનું ફુલ શું, રાતું ફૂલ શું, જાણે અધિક એથી મદે રાતી બાલી,
જીતીએ એહને, ટાળી સંદેહને, પણ એકદા કહેણુ મોકલીએ રે આલી.[1]

એના ભાવો ઘણા મધ્યકાલીન અનેક કવિઓથી ચઢીઆતા છે. પણ સર્વોત્તમ પ્રકારના કહી શકાતા નથી. વિરહઘેલી ગોપીનું આક્રંદ તે સુંદર રીતે શરૂ કરે છે :

આંણી વાટડીએ ગયા વનમાળી રે, બાઇ મારી બહેનડીઆં;
કોણે દીઠડો હોય તો દેખાડો રે, સખી સાહેલડીઆં. ૧

મેહેરામણ ન દીઠડે જાએ પ્રાણ રે, બાઈ મારી બહેનડીઆં;
અને પાએોલે પદ્મ એંધાણ રે, સખી સાહેલીઆં. ૨

વૃંદાવન માંહે રાસ રમતાં ચત્રુભુજે ચક્ષ મીચાવી રે;
અંતરધ્યાન થવા ધરણીધર, ગયો વીઠ્ઠલ મુને વાહી રે. બાઈ. ૩

ગોપી કહે ગિરિ તરુવર જાઈશું, સજ થાઓ બીજ નારી રે;
ગુણનિધાન ગિરિધરને જોઈશું, મહી સ્થળ હશે મોરારી રે. ૪

પણ આ ભાવોને ઉત્તરોત્તર વધતી સૂક્ષ્મતા પર એનાથી લઈ જવાતા નથી. આ સરસ પંક્તિઓ આખરે નીચેની નીરસ ટુંકોમાં વિરમે છે:

સોળ શણગાર સજીને શ્યામા, એને નાકે તે નિરમળ મોતી રે;
કનક દીવી કર સાહીને સુંદરી, એને હીંડે વન વન જોતી રે. ૫

પૂછતી હિંડે કલ્પદ્રુમ વેલી, તરુઅર તાલ તમાલ રે;
હરિહરિ કરતી નયણે જળ ભરતી, કોણે દીઠો નંદજીનો લાલ રે. ૬

વળવળતી વનિતા દેખીને, આવીયા અંતરજામી રે;
ભલે મળ્યો નરસૈયાનો સ્વામી, ગોપી આનંદ પામી રે.[2] સખી૦ ૭

---

૧ ,, સુરતસંગ્રામ, પદ ૧૧ મું.

૨ કાવ્યસંગ્રહ: રાસ સહસ્રપદી, પદ ૧૦૮ મું.

સંપૂર્ણ કોઈ હોતું નથી. ને શુદ્ધ પ્રણયની સોનેરી થાળમાં એક લોઢાની મેખ દેખાય છે. કોઈક વખત ભક્ત કે પ્રણયીને ન છાજે એવા પ્રતિષ્ઠાના અને દુનીઆદારી શોભાના ક્ષુદ્ર ભાવોથી તેની કૃતિઓ કલંકિત થાય છે. પુત્રનું પગરણ શોભાવવા ભક્તવત્સલ પ્રભુને રીઝવવાનો તલસાટ અનુભવવો; ઉત્તેજીત કલ્પનાથી રૂક્મિણીને કૃષ્ણને કહેતાં સાંભળવા 'ભક્ત નરસૈંયાની ભીડ ભાંજો જઈ, નાગરી નાતમાં થાય મોટો;' અને પોતાની ભક્તિને સંસારનાં કાટલાં બનાવી દીક્ષિતના મુખમાં શબ્દ મુકવા.

નરસૈયાને સમતોલ કોઈ છે નહીં, નાગરી નાતમાં જોતાં જોડે;
મદન મહેતો પણ કોણ તાંહાં બાપડો, એહ સરખા પણ નાવે જોડે;—[1]

આવી નાનકડી પ્રતિષ્ઠાભુખ જો આપણે વ્યવહારુ ગુજરાતીઓ ન હોઈએ તો આપણને ખુંચ્યા વગર નહિ રહે. પણ નિર્બળતા કોને નથી હોતી ?

ગુજરાતના આ ભક્તશિરોમણિની કારકીર્દિ ભક્તિ સાહિત્યના ઇતિહાસમાં અમર સ્થાન ભોગવે છે એ તો નિઃસંદેહ છે. ભાગવતની પ્રેરણાથી ઉદ્‌ભવેલી શુદ્ધ ભક્તિની અસર ગુજરાતમાં આ કવિ પછી ઝાઝી થઈ નથી. અને સાહિત્યના સર્જનનો ઇજારો પંડિત ને પુરાણી ભાલણના હાથમાં રહ્યો દેખાય છે.

આ યુગમાં શુદ્ધ ભક્તિનો પ્રવાહ આગળ ન વધ્યો એનાં કારણો અનેક છે. ત્યાગવૃત્તિ સેવતા જૈન સાધુઓનું જોર કેટલાક પ્રદેશોમાં મજબુત હતું. અને એ સાધુઓએ વૈરાગ્યના આદર્શો એવી સારી રીતે સાચવ્યા દેખાય છે કે જૈનોમાં બૌદ્ધોના જેવો ક્ષુદ્ર વિલાસ દાખલ થયો નહીં, વિલાસમહોત્સવો પેઠા નહીં અને શુદ્ધ ભક્તિના ઉદ્‌ભવ માટે જોઈતું વાતાવરણ ઉભું થયું નહીં. બ્રાહ્મણોમાં શૈવમત પણ

૧ ,, સામળદાસનો વિવાહ, પદ ૧૪ મું.

પ્રબળ હતો. અને ક્યાં તો શંકરના અનુયાયીઓ પાશુપત સંપ્રદાય પ્રમાણે ઉપાસના કરતા કે શંકરાચાર્યના મત પ્રમાણે જ્ઞાનમાર્ગે જતા. ધર્મધુરંધર બ્રાહ્મણોનું ઘણું જોર નહોતું. 'સંસારી રસ' છેક સુકાયો નહોતો. અને આ ઉપરાંત ગુજરાતી સ્વભાવમાં વ્યવહારિકતા અને વ્યાપારીવૃત્તિનું પ્રાબલ્ય એટલું હતું કે વિશુદ્ધ પ્રણય કે ભક્તિના તલસાટ પાછળ ઘેલા થવાની શક્તિ ખીલી નહોતી. આ પરિણામે ચંડીદાસ સમો પ્રણયી કે ચૈતન્ય સમો ભક્તશિરોમણિ પાકે એવી સાનુકૂલ પરિસ્થિતિ હતી નહીં.

---

## ( ૯ )

# પુષ્ટિમાર્ગ

### વલ્લભ સંપ્રદાય

આ સમયની પહેલાં કોઈ એક વિષ્ણુસ્વામિ થયા જેમનું અસ્તિત્વ અસ્પષ્ટ દંતકથાઓમાં લપાઈ રહ્યું છે.[૧] અને વલ્લભને મહત્તા આપવા તેમના અનુયાયીઓએ શુદ્ધાદ્વૈત મતના આદ્ય પ્રચારકને વિસારી દીધા છે. તેમનાથી છઠ્ઠા આચાર્ય વલ્લભ થયા એમ મનાય છે. પણ એ માન્યતા પાયાદાર લાગતી નથી.

વલ્લભાચાર્ય ઇ. સ. ૧૪૭૯માં થયેલા પ્રયાગવાસી તેલંગણ બ્રાહ્મણ દીક્ષિત લક્ષ્મણ ભટ્ટના પુત્ર થાય. એમની વિદ્વત્તા તે વિદ્વત્તાના જમાનામાં પણ અગાધ હતી. અને એમણે વિજયનગરથી વારાણસી સુધીનાં ઘણાં વિદ્યાવ્યાસંગી સ્થળોમાં સભાઓ જીતી હતી.[૨] કાશીમાં થએલો વિરોધ ન વેઠાયાથી એમણે પર્યટન આરંભ્યું. ગુજરાતમાં તે સારી પેઠે ઘુમ્યા હતા એમ એમના સંપ્રદાયના સાહિત્ય પરથી લાગે છે. એ વાતમાં ઐતિહાસિક વસ્તુ કેટલું છે તે હજી નક્કી થયું

---

૧ ભક્તમાલ.

૨ Tellivala : Introduction to Siddhant Rahasya.

નથી. આ પર્યટણમાં સુરત, ભરુચ, મોરબી, નવાનગર, ખંભાલીયા, પિંડતાર, ડાકોર, દ્વારકાં, જુનાગઢ, પ્રભાસ, નરોડા, ગોધરા વગેરે સ્થળે તે જઈ આવ્યા એમ મનાય છે.[1] ત્યાંથી વ્રજ આવી ઇ. સ. ૧૫૫૬ માં તેમણે શ્રીનાથજીની સ્થાપના કરી. ઇ. સ. ૧૫૭૬ માં પૂરણમલ્લમાં મોટું મંદિર બંધાવી ત્યાં શ્રીનાથજીને પધરાવ્યા અને સંન્યસ્ત લીધા પછી થોડા વખતમાં તે ગુજરી ગયા.

વલ્લભ પ્રખર વિદ્વાન હતા, અને પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે તેમણે સભા જીતી હતી, મંદિર બંધાવ્યાં હતાં ને થોડાક વિદ્વાનો ને થોડાક ધનાઢ્યોની ભક્તિને પાત્ર થયા હતા. પણ પોતાના જીવતાં તેમણે નવો સંપ્રદાય સ્થાપ્યો નથી તેમ પોતાને શ્રીકૃષ્ણ કલ્પ્યા નથી. એ પોતે કહે છે: " इति कृष्णदासस्य वल्लभस्य हित वचः " એમના હસ્તાક્ષરમાં એક લેખ છે તેમાં તે વિષ્ણુસ્વામી માટે આ પ્રમાણે લખે છે:[2]

"શ્રીમદ્ વિષ્ણુસ્વામીની મર્યાદા (સિદ્ધાંતો) ના અનુયાયી વલ્લભ અવન્તિકા (ઉજ્જેન) ના નરોત્તમનું પુરોહિત (કુટુંબના ગોર) તરીકે સન્માન કરે છે (સ્વીકારે છે): સંવત ૧૫૪૬ ના ચૈત્ર સુદ ૧ (તા. ૨૨ માર્ચ ૧૪૯૦).

શ્રી હરિ

મહાન આચાર્યે (વલ્લભે) આ લેખપત્ર (દસ્તાવેજ) નરોત્તમને કરી આપેલો છે."

એમના પછી વિઠ્ઠલેશ્વર એમને પહેલી વાર ઇશ્વરનું રુપ આપે છે: 'वस्तुतः कृष्ण एव'; 'भावी न भूतोत्स्यपि';[3]

---

૧ ચોરાશી બેઠકે ચરિત્ર.

૨ આ લેખ અપ્રકટ છે. એની છબી ને તરજુમો રા. ત્રિકમદાસ દ્વારકાદાસ પાસેથી મને મળ્યાં.

૩ ચરિતામૃત, Chaitanya and his age. p. 240



શ્રીમદ્ વલ્લભાચાર્યજી.

પૃ૦ ૨૦૪

વલ્લભ પંડિત હતા, ભક્ત નહતા. એમના પોતાના અંતરમાં ચૈતન્ય તો શું, પણ સનાતન ને રૂપનો તલસાટ કે દૈન્ય નહોતાં. ચતન્ય તેમને મળ્યા તેનો વૃત્તાંત ચૈતન્યના એક શિષ્યે લખેલો,[1] અને બીજો એમના સંપ્રદાયીએ પ્રગટ કરેલો તે બંને વાંચ્યા પછી તે આત્મ-સંતોષી જ્ઞાની હતા, પ્રણયઘેલા ભક્ત નહોતા એમ સ્પષ્ટ લાગે છે. ખરૂં જોતાં વલ્લભના પ્રયત્નો પ્રચલિત પ્રેમલક્ષણા ભક્તિનો ઉપયોગ કરી તેને પોતાની વિદ્વત્તાનું ધ્યેય કરવા તરફ દોરાયા લાગે છે.

આ પ્રયત્નો સફળ કરવા બે સિદ્ધાંતો તેમણે સ્વીકાર્યા: ૧ શરણ મંત્રોપદેશ, ૨ આત્મનિવેદન. દીક્ષા આપતી વખતે આચાર્ય શિષ્યના કાનમાં 'શ્રીકૃષ્ણ શરણં મમ' ઉચ્ચારી તેને પોતાનો કરે છે; અને આત્મનિવેદનથી શિષ્ય ગુરુને સર્વ સમર્પણ કરે છે. આત્મનિવેદનનો મંત્ર આ પ્રમાણે છેઃ

[2]ॐ श्रीकृष्णः शरणं मम सहस्रपरिवत्सरमितकालजातकृष्णवियोगजनिततापक्लेशानंततिरोभावोहं भगवते कृष्णाय देहेन्द्रियप्राणांतःकरणतद्धर्मांश्चदारागारपुत्राप्तवित्तेहपराण्यात्मसह समर्पयामि दासोहं कृष्ण तवास्मि ॥

વિઠ્ઠલેનાથે જ્યારે બાપના મતને સંપ્રદાય બનાવ્યો ત્યારે આ બે સિદ્ધાંતો તેના સ્તંભરુપ થયા. અને આચાર્ય તે જ શ્રીકૃષ્ણ, અને શરણ તેનું જ ને સમર્પણ પણ તેને જ—એ બે વસ્તુ સહેલાઈથી સ્વીકાર્ય થઈ પડી. ભક્તિ શુદ્ધને બદલે સાંપ્રદાયિક, પ્રણાલિકાગ્રસ્ત થઈ અને સહજીયા પંથના સિદ્ધાંતો, શુદ્ધ સ્વરુપ સ્વીકારી, કૈંક અંશે, વૈષ્ણવ મતમાં પેઠા.

---

૧ શ્રી વલ્લભાચાર્યજીકી જૂની વાર્તા.

૨ શ્રી કૃષ્ણ મારું શરણ છે. કૃષ્ણનો હજાર વર્ષથી વિયોગ સહન કરવાથી અત્યંત દુ:ખ અને ક્લેશ સહન કરતો એવો હું ભગવાન કૃષ્ણને મારૂં શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, અંતકરણ, અને તેની વૃતિઓ, તેમજ મારી સ્ત્રી, ઘર, કુટુંબ, માલિકત અને મારી જાત—એ બધાંને સમર્પણ કરૂં છું. હે કૃષ્ણ! હું તારો દાસ છું.

વલ્લભના મોટા પુત્ર મરતાં વિઠ્ઠલનાથજી ગાદી પર આવ્યા. તેમણે શિષ્યો કરી, કંઠી બંધાવવા માંડી. તે પ્રખર વિદ્વાન હતા એટલુંજ નહીં પણ વલ્લભમતના આચાર્યપદને રાજ્યાસન બનાવવાની એમનામાં શકિત હતી. પુષ્ટિમાર્ગમાં ત્યાગનો તો સવાલ હતોજ નહીં એટલે આ આચાર્યપદ વૈભવાન્વિત સિંહાસન થઈ રહ્યું.

તે ૭ વખત ગુજરાતમાં આવ્યા : પ્રથમ અડેલથી ગુજરાત આવ્યા, સંવત ૧૬૧૩ માં અડેલથી ગુજરાત આવ્યા, સંવત ૧૬૧૯ માં ગઢાથી આવ્યા, સંવત ૧૬૨૩ માં મથુરાથી આવ્યા, સં. ૧૬૩૧ માં શ્રી ગોકુલથી આવ્યા, સં. ૧૬૩૮ માં[1] દ્વારકાધીશનાં દર્શન કરવા. સં. ૧૬૨૮ માં તે ગોકુલમાં સ્થાયી થઈ વસ્યા અને ગોકુલ ગોસાઈ કહેવાયા.

પુષ્ટિ માર્ગના દશ મર્મ આ પ્રમાણે છે:

૧. આશરો એક શ્રી વલ્લભાધીશનો રાખવો;
૨. માનસી રીતની મુખ્ય સેવાનું વ્યસન રાખવું;
૩. લોક તથા વેદને તજીને ગોપીશને શરણે જવું;
૪. દૈન્યથી ને ખુશીથી ગુણ ગાવા;
૫. વ્રજની સ્ત્રી છું, એવો ભાવ મનમાં રાખવો;
૬. કૃષ્ણના નામનું સ્મરણ કરતા રહેવું:
૭, એક પળ પણ તેની આજ્ઞા ન તોડવી;
૮. તેના કૃત્ય તથા વચન ઉપર વિશ્વાસ રાખવો;
૯. ભગવતી જાણીને કોઈનો સત્સંગ ન કરવો;
૧૦. કોઇનો દોષ ન જોવો અને સાચું બોલવું.

ગુરુનેજ ઇશ્વર ગણવાનો સિદ્ધાંત ગોકુલનાથજીએ આ પ્રમાણે કહ્યો :

૧. વીઠલનાથના 'વિદ્વનમંડન' નામના ગુજરાતી અનુવાદનો ઉપોદ્ઘાત, પૃ. ૧૧ અનુવાદક નાનુલાલ ગાંધી.

"જે કોઇ પોતાના દીલમાં ક્રોધ કરીને પોતાના ગુરુની નિંદા કરે છે, અને પોતાના ગુરુ વીશે કઠણ શબ્દ વાપરે છે, તે મુંગો થાય છે, અને ત્યાર પછી તે સર્પનો જન્મ પામે છે. ત્યાર પછી તે ઝાડનો જન્મ પામે છે, અને તે પ્રેત થાય છે."

વિલાસમહોત્સવોને શુદ્ધ કરી તેને રાસલીલા તરીકે સ્થાન મળ્યું. અને આચાર્યનેજ કૃષ્ણ માની તેમને માટે આ પ્રમાણે કહેવાયું: "આચાર્ય (અથવા મહારાજ) નું બીજું નામ 'શ્રીપ:' કરીને છે. તેનો અર્થ 'પ્રિય' એટલે ઘણી સ્ત્રીઓનો ભરથાર કરીને સમજવો. આચાર્ય (અથવા મહારાજ) નું ત્રીજું નામ 'રાસલીલૈક તાતપ્રિય' એટલે એવો પુરુષ કે જેની મુખ્ય મતલબ રાસલીલા કરવાની છે."[1]

તેમજ ગોકુળનાથજીની સિદ્ધાંતરહસ્ય પરની ટીકામાં આ પ્રમાણે છે:—

[2]तस्मादादौ स्वोपभोगात्पूर्वमेव सर्ववस्तुपदेन भार्यापुत्रादीनामपि समर्पणं कर्तव्यं विवाहानन्तर स्वोपभोगे सर्वकार्य सर्वकार्यनिमित्तं तत्कार्योपभोगिवस्तु समर्पणं कार्यसमर्पणं कृत्वा पश्चात्तानि तानि कार्याणि कर्तव्यानीत्यर्थः ॥

આદિ ગોકુળ ગોસાંઇઓએ અધર્માચાર પ્રવર્તાવ્યો[3] એ આક્ષેપ

૧. વિઠ્ઠલેશરત્નવિવરણ તથા સર્વોત્તમ.

૨. તેટલા વાસ્તે પ્રથમ આપણે આપણાં સ્ત્રી છોકરાંનો ઉપભોગ કરીએ તેની અગાઉ તે અર્પણ કરવાં જોઈએ, કારણ કે સર્વ વસ્તુ (અર્પણ કરવી.) એમ કહ્યું છે. લગ્ન થયા પછી સ્ત્રીનો ઉપભોગ આપણે કરીએ તેની અગાઉ તે અર્પણ કરવી, એવી મતલબથી કે તે આપણા પોતાના કામમાં આવે. એ પ્રમાણે પુત્રના જન્મ પછી પૂત્ર પુત્રાદિકને અર્પણ કરવાં જોઇએ. સર્વ પ્રસંગે અને સર્વ પ્રસંગના કારણને લીધે તે પ્રસંગે હરેક વસ્તુ વાપરવી હોય તે અર્પણ કરવી જોઇએ. અર્પણ કર્યા પછી સર્વ કાર્ય કરવાં.

૩ મહારાજા લાયબલ કેસ.

ગેરવ્યાજબી છે. એમણે પ્રચલિત પ્રણાલિકાને તત્ત્વજ્ઞાનની મદદથી વિશુદ્ધ કરવાના પ્રયત્નો આદર્યા લાગે છે અને એમના પ્રયત્નોથી ભક્તિએ વિલાસમહોત્સવનું રૂપ છોડી ભજનમંડલીનું રૂપ લીધું. જે અસંસ્કારી હતા તે વૈષ્ણવ સંપ્રદાયમાં પણ ગુરુસમર્પણ કર્યા જ ગયા.

આવા પ્રકારની પ્રવૃત્તિથી ગુરુભક્તિ ન જ વિકસે એ સ્પષ્ટ છે. જે સ્થૂલ સ્વભાવના હોય તે આચાર્યજી મહાપ્રભુજીને ગોકુળેશ માની, તેની સેવામાંજ સિદ્ધિ માને. જે વિલાસી હોય તે વિલાસવૃત્તિને સંતોષવામાં આનંદ માને અને તેને કચરી ભક્તિનો તલસાટ અનુભવવાની તેને તક મળે નહીં. જે સૂક્ષ્મ સ્વભાવના ભજનિક હોય તેને વિલાસી પામરની પૂજા અકારી લાગે. જેને પોતાના હૃદય શુદ્ધ ભક્ત થવા પ્રેરતું હોય તે તો આવા પંથમાં ઉભા રહી શકે નહીં.

આવા પંથના અનુયાયીઓ વિલાસોત્સુક મનોદશા ને શૃંગાર-રસિક કાવ્યોમાંજ પોતાનાં અંતરો વ્યક્ત કરી શકે. તેમાં કલા હોય—ઘણી વખત નિર્લજ શૃંગારને વશ થએલી. કોઇક ઠેકાણે માનવ પ્રેમનો ધ્વનિ હોય, પણ ખરી શુદ્ધભકિત, ઉપાસના કે જ્ઞાનભકિત તો હોતી નથી. અને પરિણામે આ સાહિત્યમાં ભાવનાત્મક જ્યોત જડવી મુશ્કેલ પડે અને તે શિષ્ટતા ન જ પ્રાપ્ત કરે.

વિઠ્ઠલનાથજી ગુજરાતમાં આવ્યા ત્યારે અસારવા ગામમાં વલ્લભાચાર્યના શિષ્ય ભાઇલા કોઠારીને ત્યાં ઉતર્યા, અને પોતાનું ચાવેલું પાન તેના મુંગા જમાઇ ગોપાળદાસના મોંમાં મુકી તેને બોલતો કર્યો. તે ગોપાળદાસ કવિ થયા ( ઇ. સ. ૧૫૭૦ થી ૧૫૭૫ ) અને તેણે ' વલ્લભાખ્યાન ' ને ' ભક્તિપિયૂષ ' નામના ગ્રંથો રચ્યા. વલ્લભાખ્યાન પર વ્રજ ભાષામાં ટીકા થઇ છે. એ વિઠલનાથનું મહીમાગાન છે. ગોસ્વામિના ભભકાથી અંજાએલો ભક્ત એમને કૃષ્ણરૂપે વર્ણવે છે. આ સંપ્રદાય કયા પ્રકારનું સાહિત્ય પ્રગટાવે છે તેનો એ કૃતિ ખ્યાલ આપે છે. અને કાલ્પનિક કૃષ્ણ વેરે વરેલા ચૈતન્ય ને નરસિંહ, અને મનુષ્યાવતારી આચાર્યજીને વરેલા સાંપ્રદાયિક ભક્ત વચ્ચેનો આસ્માન જમીનનો ફેર વ્યક્ત કરે છે :

વિબુધ[૧] વાંછે વાસ વસુમતી[૨] ઉપરે,
શ્રી વલ્લભકુંવરની ટહેલ[૩] કરવા;
ઘોષથી વેગે પાઉ ધારે તે ગિરિભણી,
શ્રી ગિરિરાજ ધરણનો તાપ હરવા. ૮

ફુલ ફેંટે ભર્યાં વસન વાઘા તણા,
વિવિધ ભૂષણ તે અંગ ધરવા;
તુરંગ[૪] ચાલ્યો વાયુવેગે ઉતાવળો,
જાણે નૌકા ચાલી સિંધુ તરવા. ૯

દિવસ એકનો વિરહ તે જુગ સમો,
નીરાજન[૫] મિષે રૂપ હૃદય ધરવા;
જીવને એ કૃત્ય નિત્યપ્રતિ ક્ષણે ક્ષણે,
શ્રી વિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા. ૧૦

રૂપ બેઉ એક તે ભિન્ન થઇ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજન સાર;
વિવિધ વચનાવલી નેણ સેંભે[૬] કરી,
સંગના[૭] સૂચવે નિસ વિહાર. ૧૧

રત્ન મુક્તાવલી પાટસૂત્રે[૮] કરી,
ગલસરી[૯] શોભિતા કરે સિંગાર;
વિવિધ કુસુમાવલી ગ્રથિત હાથે કરી,
એક એકને કંઠે આરોપે હાર. ૧૨

વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ,
રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર;
વિવિધ બીડા સુગંધ કર્પુર એલચી,
લવંગ પુંગી[૧૦] અને ખેરસાર; ૧૩

વ્યજન શીતલ વાયુ મુકુર કરકમલ ધરિ,
દેખાડતાં મોહે સકલ સંસાર;

૧ દેવતા; ૨ પૃથ્વી; ૩ સેવા; ૪ ઘોડો; ૫ આરતી; ૬ સંજ્ઞાનું અપભ્રંશ; ૭ સાને; ૮ રેશમ; ૯ ગળાની સેર; ૧૦ સોપારી.

એ અહર્નિશ ધ્યાન વિઠ્ઠલાધીશનું,
સકલ કલિમલ[1] દુરિત કોટિ ક્ષાર.[2] ૧૪

વલ્લભાચાર્યના ચાર મુખ્ય શિષ્યો સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ અને કૃષ્ણદાસ અને વિઠ્ઠલનાથના ચાર શિષ્યો છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ અને નન્દદાસને વિઠ્ઠલનાથે 'અષ્ટછાપ' કરી બેસાડ્યા.

સૂરદાસ (આશરે ઇ. સ. ૧૪૮૪ થી ૧૫૬૯) આખા સંપ્રદાયમાં શ્રેષ્ઠ સાહિત્યક છે; કોઈક વાર નરસિંહના જેવો વિલાસ તે કેળવે છે; કોઈક વાર ભાગવતના પ્રતિધ્વનિ જેવો કમનીય શૃંગાર આલેખે છે; કોઈક વાર કલાનું સાહિત્ય પ્રગટાવે છે. કોઈક વખત તલસાટમાં તે નરસિંહથી ઉતરે છે, પણ કલાત્મક રચનામાં ચઢે છે. કોઈક વાર પૌરાણિક વર્ણનમાં, કોઈક વાર શબ્દમાધુર્યમાં તુલસીદાસને સ્પર્શ કરવા જતી કલા તે દેખાડે છે. એનું રાસલીલાનું એક પદ આ પ્રમાણે છેઃ—

નૃત્ય હૈં દોઉ શ્યામા શ્યામ । અંગ મગન પિય તે પ્યારી અતિ નિરખિ ચકિત બ્રજવામ ॥ તિરપલેતિ ચપવાસી ચમકતિ ઝમકતિ ભૂષણુ અંગ । યા છબિ પર ઉપમા કહું નાહીં નિરખત વિવસ અનંગ ॥ શ્રી રાધિકા સકલ ગુણપૂરણ જાકે શ્યામ આધિન । સંગ તે હોત નહીં કહું ન્યારી ભએ રહિત અતિલીન ॥ રસ સમુદ્ર માનોં ઉછલત ભયો સુંદરતા કી ખાનિ । સૂરદાસ પ્રભુ રીઝિ થકિત ભયે કહત ન કછુ બખાનિ[3] ॥૧૦૭૪૬॥

વિઠ્ઠલનાથજી સંવત ૧૬૪૨ માં ગુજરી ગયા અને કૃષ્ણરુપે ગુરુની ભક્તિ કરવાનો સંપ્રદાય મુકી ગયા. તેમના સાત પુત્રો સાત ગાદી પર બેઠા; અને બધા પોતાને શ્રીકૃષ્ણ ગણાવી, રાસલીલા કરતા, મોજ કરતા, પોતાના સંપ્રદાયને ઉપયોગ પુરતી વિદ્યાનું સંરક્ષણ કરતા, પુષ્ટિમાર્ગની મહત્તા વધારી રહ્યા.

---

૧ પાપ; ૨ ગોપાલદાસ કૃત વલ્લભાખ્યાનઃ કા. દો. ભાગ ૮, પૃ. ૪૬૭; ૩ સંક્ષિપ્ત સૂરસાગર, પૃષ્ટ ૨૦૯.

"માણસના શૃંગારી સ્વભાવને આ પંથમાં પુરેપુરો ઝોક મળવાથી તે ઘણો લોકપ્રિય થયો. આદ્ય શિષ્યો નૈતિક બળવાળા હતા. તેના અનુયાયીઓમાં સ્વચ્છંદ કે દૂષણો નહીં પેઠાં. પણ મનુષ્ય-સ્વભાવ નિર્બળ છે; અને અમર્યાદિત વાસનાથી સરલ થઈ પડેલું અધઃપતન ભાગ્યે જ તે લાંબા વખત સુધી રોકી શકે છે......હીંદમાં જે બિભત્સ કે અધોગતિપ્રેરક સાહિત્ય છે તેમાંનું ઘણુંખરું આ કૃષ્ણના સંપ્રદાયને લીધે પ્રગટયું છે."[૧]

---

૧ Lala Sita Ram': Selections from Hindi Literature Vol. 11.

# આથમતી ભક્તિ અને ગુજરાતી સાહિત્ય

## (૧)

### પૌરાણિક પ્રવાહ

નરસિંહ સાથે શુદ્ધ ભક્તિ અદષ્ટ થઈ. પણ પૌરાણિક પ્રવાહ નાકરયુગમાં વહ્યો ચાલ્યો આવે છેઃ વલ્લભ સંપ્રદાયથી રંગાયા વિના, તેમ ભાલણની રસસમૃદ્ધિ જાળવ્યા વિના. આ બલની પ્રેરણા વીશે મેં લખ્યું છેઃ

"કવિ ને કથાકારોની પરંપરા મારફતે આર્યભાષા ને સંસ્કારનો આત્મા ગુજરાતી સાહિત્ય અને તે દ્વારા સંસ્કારમાં ઉતર્યો. પ્રેમાનંદે નાનકડી રંગભૂમિ પર ભગવાન વેદવ્યાસનો પાઠ ભજવવાનો કેંક પ્રયત્ન કર્યો; અને દયારામ સુધી—મધ્યકાળ પુરો થયો ત્યાં સુધી—એ નવા બલની પ્રેરણા કાયમ રહી.

"આ બલની ભવ્યતાનું ભાન આણવા એક કોઈ પ્રેમાનંદ જેવી આદર્શ વ્યક્તિની મનોદશા પારખવાનો પ્રયત્ન કરીએ. ભૂતકાલની આર્ય સંસ્કૃતિ—પરાક્રમી કારકીર્દી, અપૂર્વ સાહિત્ય ને વિશુદ્ધ ભાવનાથી જાજવલ્યમાન એવી પવિત્ર ને શ્રેષ્ઠ સંસ્કૃતિનો તે વારસ હતો—પ્રતિનિધિ હતો. યુગો થયાં તેની સનાતન મહત્તા સદાચારી પિતા ને સતી માતાઓએ જાળવી હતી. તેને મન ભૂતમહત્તા ગયા જમાનાની ન હતી, પણ સદા સર્વદા વિજયી રહેતી મહત્તા હતી. તે પરસંસ્કારને ખાળવા તત્પર હતો. તેના કાન ભૂતકાલની પ્રેરણાનું સંગીત સાંભળી રહ્યા હતા. તેની આંખ ભાવિ વિજય પર ઠરેલી હતી. તેણે અંતરનાં બાર ખોલી પોતાના આત્માનું સંસ્કારી સંગીત રેલાવ્યું. તેણે પાઠશાલાઓ પ્રેરી; ગામેગામ કીર્તન કર્યું; ગલીગલીએ કથા કરી;

અને ઘેરઘેર લોકગીત ગવડાવ્યાં. એણે ધર્મ સાચવ્યો, ઐતિહાસિક સાતત્ય સાચવ્યાં, પ્રેરણા ને આદર્શ સાચવ્યાં. અને સંસ્કૃતિનો અમર આત્મા એને પ્રયાસે ગુલામગીરીની બેડી તોડી દેશમાં વિજયી થઈ વિચરી રહ્યો."[૧]

આ સાહિત્યનો પ્રવાહ પ્રેમાનંદ આવે છે ત્યાં સુધી ડગલે ડગલે ડહોળાતો જાય છે. તેમાં મૂલ સંસ્કૃતની સરસતા ઘટતી જાય છે; પુરોગામી ભાલણની વિદ્વતા, કળા, મીઠાશ કે ઉપાસના ભક્તિ નથી; અને અનુગામી પ્રેમાનંદની સર્જકતા અસ્પષ્ટ રીતે જ દેખાય છે. તેમાંથી કલ્પના ઉડી ગઈ, ભાવના અદષ્ટ બની, રસસમૃદ્ધિ વીસરાઈ ગઇ. ધર્મ ને વ્રતનો ઉપદેશ આપવાનું તે સાધન બન્યો અને પૌરાણિક કથાનો બહોળો પ્રચાર જ તેનો ઉદ્દેશ થઈ પડયો. રા. કેશવલાલ ધ્રુવ નાકરનાં આખ્યાનો માટે કહે છે તે આ આખા સમયના સાહિત્ય માટે ખરું છે: " એ થોથાં છે—સ્થૂલ ધર્મબુદ્ધિ તૃપ્ત કરનારાં જોડકણાં છે."

નાકર યુગમાં મુખ્ય નામ તો વિકાના પુત્ર નાકરનું ( આશરે સં. ૧૬૯૪). નાકરની આ લેખમાં એક જ વિશિષ્ટતા નોંધવા જેવી છે. સંસ્કૃત પુરાણના કલાના આદર્શો ગુજરાતી સાહિત્યમાં ઉતારવાનો પ્રયત્ન—જે પ્રેમાનંદમાં સંપૂર્ણ સફલતાએ પામ્યો—તે પણ નાકરમાં જણાય છે. વિરાટ પર્વમાં દ્રૌપદીનો ઉત્તર આ પ્રકારના પ્રયત્નનું દૃષ્ટાંત આપે છે:—

> કુંતા કહેશે વહુ ક્યાં ગયાં ? સુણો સ્વામીજી !
> વળી હસશે સકળ સંસાર, કહું શીર નામીજી. ૩૦
> ત્યાં ધૃષ્ટદ્યુમ્ન મળવા આવશે, સુણો સ્વામીજી !
> મુને મળવા દ્રુપદરાય, કહું શીર નામીજી. ૩૧
> માતા મારી મુજને નહીં મળે, સુણો સ્વામીજી !
> તમો વાર કરો છો નાથ ! કહું શીર નામીજી. ૩૨

૧ મુનશી: ગુજરાત, એક સાંસ્કારિક વ્યક્તિ.

તમોથી નવિ નીપજે, સુણો સ્વામીજી !
મેં જોયું વિમાસી મન, કહું શીર નામીજી. ૩૩

જોઉં અર્જુનથી કાંઇ નીપજે, સુણો સ્વામીજી !
આ તેલે નહીં કાંઈ તેલ ! કહું શીર નામીજી.[1] ૩૪


પૌરાણિક સાહિત્યને ખેડનારા કેટલાક કવિઓનાં નામ જ ગણાવી આ નીરસ યુગની કથા પુરી કરીશ. સં. ૧૬૦૫માં સુરતમાં હરિદાસ; સં. ૧૬૧૨માં ખંભાતમાં વિષ્ણુદાસ; સં. ૧૬૧૭માં ખંભાતમાં મેઘજી કાશી; સં. ૧૬૬૦માં દેવીદાસ અને ભગવદ્‌ગીતા ને વાંસલડીનાં પદ લખનાર રામદાસ; સં. ૧૬૬૪માં કુંતલપુરમાં ધ્રુવાખ્યાન ને રાસલીલા લખનાર તુલસીદાસ; સં. ૧૬૭૨માં દ્રૌપદીસ્વયંવર લખનાર શ્રીદાસ:—એમની કૃતિઓ માત્ર જુના સાહિત્યના શોધનારને જ ઉપયોગી લાગે એવી છે. સં. ૧૬૭૭માં નરહરિ ભગવદ્‌ગીતાનો પહેલો તરજુમો ગુજરાતીમાં કરે છે એટલી જ નોંધવા જેવી હકીકત છે. આ પ્રમાણે આ યુગ પુરો થાય છે.

## ( ૨ )

## પ્રેમાનંદ

નરસિંહ મહેતા પછી શુદ્ધ ભક્તિ ગઈ, અને માત્ર ભક્તિમહાત્મ્યનો યુગ આવ્યો. પ્રેમાનંદની પૂર્વે વિશ્વનાથ જાની (સં. ૧૭૦૮) જેને ભક્તિમહાત્મ્ય કહી શકાય એવું સાહિત્ય સર્જવું શરુ કરે છે. જેમ ભાલણ અને પ્રેમાનંદ વચ્ચે નાકર ને વિષ્ણુ છે, તેમ નરસિંહ ને પ્રેમાનંદ વચ્ચે વિશ્વનાથ કહી શકાય. વિશ્વનાથના નરસિંહ મહેતાના ચરિત્રમાં શુદ્ધ ભક્તિનો સ્વાનુભવિક તલસાટ નથી, પણ નરસિંહ મહેતાનું મહાત્મ્યજ્ઞાન કરવાની આછી કલા દેખાય છે. તે જ પ્રમાણે

૧ નાકર: વિરાટ પર્વ, કડવું ૨૩. કા. દો. ૮, પ્રસ્તાવના પૃ. ૪૫.



ગુજરાતના મહાકવિ પ્રેમાનંદ

[પૃ. ૧

ઘણા કવિઓએ નરસિંહના ચરિત્ર પરથી પોતાની કૃતિઓ લખી લાગે છે. એક કોઈ અજ્ઞાત કવિનું નરસૈં મહેતાનું આખ્યાન મળી આવ્યું છે.[1]

પ્રેમાનંદને આ બાબતમાં વિશ્વનાથની પ્રેરણા મળી હોય એમ સંભવે છે; પણ જે પ્રસંગો જાનીમાં ભક્તિભાવ અને પૂજ્યતા પ્રેરે છે તેને અનુગામી, અઠંગ કલાકાર કલાત્મક બનાવી મુકે છે. એની કલામાં શેકસપીયર અને ગેટી જેવા સર્વોપરિ કલાકારની સર્વગ્રાહી સર્જકતાના કેટલાક અંશો છે. શુદ્ધભક્તિ, ભક્તિ અને વૈરાગ્યથી કે જ્ઞાનથી મિશ્રિત થયેલી ભક્તિના જુદા જુદા ભાવો, આત્મલક્ષી થયા વિના, તે દર્શાવી શકે છે.

ભાગવતમાં શુદ્ધભક્તિ, ઉપાસના, પૌરાણિક બળ અને કલા એમ ચારે અંગ મળ્યાં હતાં. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મન્વંતર-ના મનુ સમાન ભાલણની કૃતિઓમાં ઉપાસના સામાન્ય હતી, પૌરાણિક બળ સંસ્કૃત પુરાણોના આદર્શોથી ઘડાયું હતું, કલા સંસ્કૃત સાહિત્યની છાયા ને સ્થાનિક જીવનના રંગોથી રંગાઈ હતી. પ્રેમા-નંદની ઉપાસના વૃત્તિ ભાલણથી પણ ઓછી પ્રેરણાવાળી હતી;–નાકર ને વિષ્ણુદાસની ઘરઢીયા ઉપાસનાથી સારી, પણ મહિમાગાનથી ઉંચા પ્રકારની નહીં જ. નરસિંહ મહેતાના મુખમાં મુકેલું નીરસ ને પ્રેરણાવિહોણું સ્તોત્ર આનું દૃષ્ટાંત આપશે:

મહેતે કરમાં તે લીધી તાલ, સ્તુતિ કરે ને સમરે ગોપાલ;
ખરેખરાં નૈણે આંસુ ઝરે, નરસૈંયો હરિને વીનતી કરે.
રખે તિરથવાસી પાછા ફરે, તે દુઃખે જીવડો નીસરે;
તાલ વાગે ને હરિગુણ ગાય, સામલીયાજી કરજો સહાય.
પ્રભુ પ્રલ્હાદની વારે ધસ્યા, લક્ષ્મીવર તમો લોહમાં વસ્યા,
અપરમાનો ઉતર્યો મદ, ધ્રુવને આપ્યું તેં અવિચલ પદ.

---

૧ જુઓ, મુનશીઃ નરસૈંયો–ભકતહરિનો.

ચંદ્રહાસને રાખ્યો તેં હરિ, વીખ ટાળીને વીખયા તેં કરી;
અમરીખનો ઉતાર્યો ભાર, પ્રભુ લીધા તેં દશ અવતાર.
અજામેલ નામે ઓધાર્યો, તેલ કઢામાંથી સુધનવા તાર્યો;
ગજેન્દ્ર રાખ્યો મગરે ગ્રહો, મેં મહિમા તમારો લહો.
ગુણકા તારી કરમે અઘોર, પ્રભુ ભીલડીનાં ચાખ્યાં બોર,
બળતા રાખ્યા તેં પાંડવ વીર, પંચાલીનાં પુર્યાં ચીર.[1]

પ્રેમાનંદે રચેલા ભક્તિસાહિત્યમાં કલાકારનાંજ તત્ત્વો છેઃ સ્વાનુભવના તલસાટ વિના તે પ્રણયઘેલછા વર્ણવી શકે છે. નરસિંહ મહેતાની કૃતિઓ કરતાં એની કૃતિઓમાં વૈવિધ્ય વધારે છે અને ભાવોને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન સર્વગ્રાહી છે. પણ તેમાં શુદ્ધભક્તિની પ્રચંડ ઊર્મિ નથી, તેમ સરસતાનો ઉંચો આદર્શ નથી. ભ્રમર-પચીસીમાં ગોપીનું વિરહગાન કે રાધાની ફરીયાદ નરસિંહના દઝાડતા અંગારા સમાન કવન આગળ નિશ્ચેતન લાગે છે.

"માવજી મથુરાં જઇ વસીઆ, પ્રીત ઉદ્ધવજી દીઠી રે,
પર ઘેર લોભી લખી નવ શકે, એક ચાર આંગળની ચીઠી રે.
× × ×
ગોવિંદ વિના ગોકુળીઆમાં, ગોદ ન લાગે રે મીઠી રે."

આમાં કવિતા છે, પ્રણયોર્મિ નથી.

પ્રેમાનંદને ભક્તિ કરતાં પૌરાણિક બળે વધારે પ્રેર્યો હતો; પણ તેનું પૌરાણિક સાહિત્ય માત્ર સંસ્કૃતનો અનુવાદ નહોતો. ગર્વથી તે કવિ કહે છેઃ—

"આ પાસા વ્યાસ વાંચે સંસ્કૃત, આ પાસા મારું પ્રાકૃત,
કવિઓ કહેશે આ શો ગર્વ? નથી ગર્વ સાંભળજો સર્વ.
થયા પુરાણી મોંઘાદાટ, તેથી થયો ઘણો ઉચાટ,
હવે કોણ દેખાડે વસમી વાટ, થયા બંધ સ્વર્ગ નર્કના ઘાટ.
ત્યારે કર્યું પ્રાકૃત વિમાન "[2]

૧ 'હુંડી'. ૨ માર્કંડેય પુરાણ.

એનાં આખ્યાનો એક પ્રકારનાં વિમાન છે; પૌરાણિક કથાઓ-માંથી તમને ઉપાડી લઈ પ્રાંતીય, સંકુચિત જીવન, સાહિત્ય અને આદર્શોના વાદળથી ઘેરા વ્યોમમાં વિહરાવે છે. ભાલણની કલાદૃષ્ટિ સંસ્કૃતની પ્રેરણા ઝીલનાર પંડિતની હતી. પ્રેમાનંદની કલાદૃષ્ટિ ગમે તેવી ઉતરતી પણ સજીવ કલાદૃષ્ટિ, સંસ્કૃત વસ્તુને સજીવન કરનાર ગુજરાતી કલાકારની હતી. એને મન ગુજરાતી સાહિત્ય ને જીવન દૈવી મનાતી પૌરાણિકની દૃષ્ટિથી ઘડવાની માટી ન હતી; પણ પૌરાણિક કથાઓ ગુજરાતી સાહિત્યની ભવ્યતાનું મંદિર ચણવાનાં ઈંટમટોડાં હતાં.

તેણે પુરાણની સામગ્રીથી નવી પણ સમકાલીન સૃષ્ટિ રચી છે; પૌરાણિક ભક્તિના સ્વાંગ નીચે ગુજરાતનું જીવન ચીતર્યું છે. સામાન્ય રીતે તેનાં પૌરાણિક પાત્રોમાં વ્યક્તિત્વ નથી. પણ જ્યાં આ ખામીયો થાય છે, ત્યાં સર્જકતા અવધિ કરે છે. એની કલાને પ્રતાપે દેવ ને દેવીઓ ગુજરાતી અલ્પતા પામી, હાસ્યજનક કે હેતને પાત્ર બને છે. નળાખ્યાનમાં દેવો મૂર્ખશિરોમણિ ગરાશીયા થઈ જાય છેઃ

> ઈંદ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરાના જેવું થયું વદન,
> અગ્નિએ જાણ્યું એ ઈંદ્રનું કાજ, રીંછમુખ થાજો મહારાજ.
> વરુણે શાપ મન માંહે દીધો, જમને માંજરમુખ કીધો,
> ધર્મે અંતર ઇચ્છયું એવું, વરુણનું મુખ થાજો શ્વાનના જેવું.
> રીંછ, વાનર, શ્વાન, માંજાર, કન્યા, ઠહે વરસડા ચાર,
> ઈંદ્ર રાયવાણી એમ ભણે, ખાધાવેધ માંડયો આપણે.[1]

આ પ્રેમાનંદની કલા; અને આ એની સર્જકતાની વિશિષ્ટતા. પૌરાણિક પાત્રોનાં તો માત્ર નામજ; જીવન ને ચારિત્ર્ય તો એના સમયનાં સ્ત્રીપુરુષોનાં.

આ કલા કોઈ વખત સામાન્ય, તલપદું કે ગ્રામ્ય વાતાવરણ સર્જાવે છે. પણ આ દોષો તેના સમયની પ્રચલિત સંસ્કારિતાના

---

૧. નળાખ્યાન.

છે–કલાકારની કલા ના નથી. ગુજરાત તે સમયે મુસલમાન ને મરાઠા સૈન્યો માટેની પગથી બન્યું હતું. તેની રાજ્યલક્ષ્મી ક્યારનીએ નષ્ટ થઈ હતી, અને સ્થાનિક શૌર્યનાં સ્મરણો પણ રહ્યાં નહોતાં. અંધ-મતા, અજ્ઞાન, સામાજિક નિશ્ચલતા ને રાજકીય પરતંત્રતાએ માનવતાનું માપ માત્ર મુઠભર કર્યું હતું. મહાન્ ભાવનાઓ, પ્રતાપી ઊર્મિઓ, વિપ્લવકારક ભાવો કે સંસ્કારી મૃદુતાની છાયા નહોતી. બીજા પ્રાંતોમાં શુદ્ધ ભક્તિએ જે પ્રેરણા કરી તેનો પણ ગુજરાતમાં ઝાઝો સંચાર થયો નહોતો.

પહેલાં અને પાછળ રચાએલા સાહિત્યમાં રહેલી કલા નિર્જીવ; માત્ર નિર્માલ્ય કથાકાર કે વાર્તાકારની–વિપુલ પણ ભાવવિહોણી, પ્રચંડ ઊર્મિ કે જ્વલંત ભાવના વિનાની; સંસ્કૃત સરસતાથી દૂર ને દૂર જતી, અને છતાં પોતાની મેળે સરસતા સર્જવાને અશક્ત; શુદ્ધ ભક્તિ કે ઉપાસના, પ્રણય કે ભાવના, વીરતા કે આત્મત્યાગથી અસ્પૃષ્ટ એવા નિર્જીવ જીવનનું અનાકર્ષક પ્રતિબિંબ. આ બધા અંધકારમાં–નિરાધારીમાં એકલો પ્રેમાનંદ કલાકારનું ભક્તિસાહિત્ય સરજાવે છે. તેની સર્જકતાની શક્તિ હલકું પાત્ર ચીતરવાથી ઘટતી નથી. તેનું સાફલ્ય સર્જનની સચોટ ચિત્રમયતામાં છે; તેના વિષયમાં નથી.

આ સર્જનકલાની ખુબી જોવા થોડાંક સરસ ચિત્રો જોઈએ. એક આ બજાજનું:—

> જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
> વાઘો શોભે કેશર છાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે.
> કાને કુંડળ હીરે જડીયાં રે, નેત્ર પ્રબંધ શ્રવણે અડીયાં રે;
> એક લેખણ કાને ખોશી રે, નામ ધાર્યું દામોદર દોશી રે.
> ઝીણા જામા ને પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
> ખાંધે પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ગ્રહ્યા છે હાથે રે.
> વીંટી વેઢ દશે આંગળીએ રે, સાદાં મોજાં પહેર્યાં સામળીએ રે;
> ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝાળા ગ્રહ્યા છે હાથે રે.[1]

---

૧ મામેરું.

આ એક રસિક ચિત્ર સાથે આ બીજું આબેહુબ ને કલામય છતાં નરસિંહ મહેતાની ભક્તિ ને ભાલણની ઉપાસના ન કલ્પી શકે એવું ચિત્ર જોવા જેવું છેઃ—

વહાલો ગોમતીજીના ઘાટમાં રે, મળ્યા તીરથવાસીને વાટમાં રે;
વેશ પુરો આણ્યો મારે વહાલે રે, નાથ ચાટાની ચાલે ચાલે રે.
તે અવળા આંટાની પાઘડી રે, વાલાજીને કેમ બાંધતાં આવડી રે;
દીસે વાણીઓ ભીને વાન રે, એક લેખણુ ખોસી છ કાન રે.

× × ×

ત્રીકમજી વણિકની તોલે રે, નાથ ઉતાવળું ને બોબડું બોલે રે;
સોનાની સાંકળી ને કંઠે દોરો રે, કેડે પાટીઆનો કંદોરો રે.
ઝળકે ધનરેખ હથેલીમાં રે, આંગળીએ વીંટી ને વેલીઆં રે;
સાદી એક તઇ પહેરી છે હરજી રે, એનો શીવનારો કોણ દરજી રે.
છે ટુકડા બંધન બેવડા રે, ગુણ ક્યાંથી શીખ્યા પ્રભુ એવડા રે;
કરે આડે હાથે લટકો રે, સાદી દોરીનો કેડે પટકો રે.
પટકે લટકે કુમતડા જોત રે, કેડે ખોસી પીતળની દોત રે.
ફીયાં ફીયાં તે કૌતક ભાળીએ રે, ઠાલી ગાંઠ વાળી બેચાર ફાળીએ રે,
એક ઓઢી પછેડી ખાંધ રે, નાથ દુંદાળો ને મોટી ફાંદ રે.[1]

તેજ પ્રમાણે 'રોષદર્શિકાસત્યભામાખ્યાન'ના છઠ્ઠા અંકમાં બે વાઘણ જેવી સ્ત્રી વચ્ચે નિરાધાર કૃષ્ણ, જુના ગુજરાતી ઘરોમાં થરથરતા કંથ જેવા, જુના ગુજરાતનું આબેહુબ વાતાવરણ ખડું કરે છે. અને આ કવિ શુદ્ધ કલાકારની દૃષ્ટિથી તેની કૃતિઓમાં જ્ઞાન વૈરાગ્ય કે નીતિથી મિશ્રિત ભક્તિને માત્ર નામનું જ સ્થાન આપે છે.

૧ પ્રેમાનંદ કૃત 'હુંડી.'

## ( ૩ )
## જ્ઞાન ને વૈરાગ્યભક્તિ

ભાલણે શરુ કરેલા પ્રવાહને જ્યારે પ્રેમાનંદ ગુજરાતી બનાવી રહ્યા હતા; જ્યારે શુદ્ધ ભકિત માત્ર મહાત્મ્યગાનનો વિષય થઈ હતી; જ્યારે ઉપાસના ક્ષુદ્ર બની વ્રતોમાં જ વીરમી ગઈ હતી; જ્યારે રામાનંદી બળવાને એક સંપ્રદાય રુપે નિર્ધન ને અસંસ્કારી સેવી રહ્યા હતા; જ્યારે વલ્લભ સંપ્રદાય શુદ્ધ ભકિતનાં પદો પોતાના કામમાં લેતો હતો, અને પુષ્ટિમાર્ગના વિલાસી સિદ્ધાંતોથી જીવનમાં ભાવના-વિહોણો રસ પ્રસારતો હતો, ત્યારે શાંકરમતના અનુયાયીઓ જ્ઞાન-માર્ગનો અભ્યાસ કરતા હતા, તત્ત્વજ્ઞાનનો શોખ સંસ્કારી વર્ગમાં વધ્યો હતો અને ભકિતને નામે પ્રસરી રહેલી ક્ષુદ્ર વિલાસની વૃત્તિ સામે કેટલાક વિરોધ સેવી રહ્યા હતા. આ વિરોધને પરિણામે વૈરાગ્યને સાહિત્યમાં ઉતારવાના પ્રયત્નો શરુ થયા છે.

સુરતના ગોપાળદાસ (ઇ. સ. ૧૬૫૦)માં તો જ્ઞાન ને વૈરાગ્યનાં જ દર્શન થાય છે. એની 'ગોપાળગીતા'ને મિશ્રભક્તિના સાહિત્યમાં ગણીએ છીએ છતાં એમાં ભકિતસાહિત્યના અંશો તો નામના જ છે. તે પોતાનો ઉદ્દેશ સારી રીતે સમજે છે:—

"પર્મ તત્ત્વનું પારખું, કોઈ સંતને હાથ
એવા તે સાધુને સેવીએ, ઓળખાવે રામ;
જીવ મળે જગદીશને, પામે વિશ્રામ.
મહંત મોટા મહારાજના, ભાઈ છે પરધાન;
માન મુકીને કીજીયે, સેવા સાવધાન.
એ ઉપરું જે સાધન કરે, તે તો આળપંપાળ;
શીખામણ સારી સુણો, કહે દાસ ગોપાળ."[1]

પણ આ વિરોધને ખરો કવનાર તે અખો. એનું સાહિત્ય તે પ્રચલતા ભક્તિ સંપ્રદાયો તરફ પુણ્યપ્રકોપની શાબ્દિક મૂર્તિ.

---

૧ ગોપાળદાસ કૃત ગોપાળગીતા: કા. દો. ભાગ ૩.

એનો મોક્ષ–જ્ઞાન; એનાં શસ્ત્ર–વક્રોક્તિ, કટાક્ષ. એના પુરોગામી કોઈ ગણાય તો રામાનંદ, કબીર ને દાદુ. અને કવિઓમાં માંડણ.[૨]

એની કૃતિઓમાં શુદ્ધ ભક્તિ નથી, ઉપાસના નથી, કલાની ભક્તિ નથી. જ્ઞાન અને વૈરાગ્યને જ તે ભક્તિ કહે છે. આમ નવી આંકણી કરવા તત્પર થયેલા મહાત્મા, સમકાલીનોમાંથી નવા મંત્રના પ્રચારક તરીકે બળવો કરી બહાર પડે છે.

" ગુરુ કીધા મેં ગોકુળનાથ, ગરડા બળદને ઘાલી નાથ.
× + ×
ગુરુ થઈ બેઠો હાંસે કરી, કંઠે પહાણ શકે કેમ તરી.
× × ×
ગુરુ થા તારો તું જ, નથી કોઈ બીજો ભજવા.
× × ×
કથા સાંભળી ફૂટયા કાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન.
× × ×
પથરા તેટલા પુજે દેવ
× × ×
હરિ પામવા સહુ તપ કરે, અખો હરિમાં મેળે ફરે.
× × ×

પેલે ઓળખ્ય હરિ પછી ભજે કાં વો રે જોયા વિના વજે;
ચૈતન્ય બ્રહ્મ કહે વેદ વાણ, તું તો માને પીતળ પાણ;
આતમની અવગણના કરે, અખા ભક્તિ કેમ પડશે વરે.
જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાન જેમ ઉઠે નશી;
લારે લાર જેમ ચાલ્યો સોર, ત્યાં કોણે દીઠો તો ચોર;
જે જેણે દીઠું સાંભળ્યું, અખા તે તે વળગે વળ્યું.

એની ભક્તિની વ્યાખ્યા એનો મંત્ર સ્પષ્ટ કરે છે:—

હરિ જાણે થકે ભક્તિ થાએ, તેજ ભક્તિ જાણો ખરી,
અજાળ કે આચરે, તેને દ્રોહ થાએ પાછો ફરી.
સદ્ગુરુનાં વચન સુણીને, ભક્તિ જેહને ઉપજે;
અચિર કાલે તે પામે આત્મા, સદ્ગુરુ વચન જો ભજે.
ભાઈ ભક્તિ જેવી પંખણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;
ચિદાકાશ માંહે તે જ ઉડે, જેને સદ્ગુરુ રુપી આંખ્ય છે.

૨ શંકરલાલ રાવળ : માંડણના ઉખાણા.

## ( ૩ )
## જ્ઞાન ને વૈરાગ્યભક્તિ

ભાલણે શરુ કરેલા પ્રવાહને જ્યારે પ્રેમાનંદ ગુજરાતી બનાવી રહ્યા હતા; જ્યારે શુદ્ધ ભક્તિ માત્ર મહાત્મ્યગાનનો વિષય થઈ હતી; જ્યારે ઉપાસના ક્ષુદ્ર બની વ્રતોમાં જ વીરમી ગઈ હતી; જ્યારે રામાનંદી બળવાને એક સંપ્રદાય રુપે નિર્ધન ને અસંસ્કારી સેવી રહ્યા હતા; જ્યારે વલ્લભ સંપ્રદાય શુદ્ધ ભક્તિનાં પદો પોતાના કામમાં લેતો હતો, અને પુષ્ટિમાર્ગના વિલાસી સિદ્ધાંતોથી જીવનમાં ભાવના-વિહોણો રસ પ્રસારતો હતો, ત્યારે શાંકરમતના અનુયાયીઓ જ્ઞાન-માર્ગનો અભ્યાસ કરતા હતા, તત્ત્વજ્ઞાનનો શોખ સંસ્કારી વર્ગમાં વધ્યો હતો અને ભક્તિને નામે પ્રસરી રહેલી ક્ષુદ્ર વિલાસની વૃત્તિ સામે કેટલાક વિરોધ સેવી રહ્યા હતા. આ વિરોધને પરિણામે વૈરાગ્યને સાહિત્યમાં ઉતારવાના પ્રયત્નો શરુ થયા છે.

સુરતના ગોપાળદાસ (ઇ. સ. ૧૬૫૦)માં તો જ્ઞાન ને વૈરાગ્યનાં જ દર્શન થાય છે. એની 'ગોપાળગીતા'ને મિશ્રભક્તિના સાહિત્યમાં ગણીએ છીએ છતાં એમાં ભક્તિસાહિત્યના અંશો તો નામના જ છે. તે પોતાનો ઉદ્દેશ સારી રીતે સમજે છે:—

"પર્મ તત્ત્વનું પારખું, કોઈ સંતને હાથ
એવા તે સાધુને સેવીએ, ઓળખાવે રામ;
જીવ મળે જગદીશને, પામે વિશ્રામ.
મહંત મોટા મહારાજના, ભાઈ છે પરધાન;
માન મુકીને કીજીયે, સેવા સાવધાન.
એ ઉફરું જે સાધન કરે, તે તો આળપંપાળ;
શીખામણ સારી સુણો, કહે દાસ ગોપાળ."[1]

પણ આ વિરોધને ખરો કવનાર તે અખો. એનું સાહિત્ય તે પ્રચલતા ભક્તિ સંપ્રદાયો તરફ પુણ્યપ્રકોપની શાબ્દિક મૂર્તિ.

---

૧ ગોપાળદાસ કૃત ગોપાળગીતાઃ કા. દો. ભાગ ૩.

એનો મોક્ષ-જ્ઞાન; એનાં શસ્ત્ર-વક્રોક્તિ, કટાક્ષ. એના પુરોગામી કોઈ ગણાય તો રામાનંદ, કબીર ને દાદુ. અને કવિઓમાં માંડણ.[૨]

એની કૃતિઓમાં શુદ્ધ ભક્તિ નથી, ઉપાસના નથી, કલાની ભક્તિ નથી. જ્ઞાન અને વૈરાગ્યને જ તે ભક્તિ કહે છે. આમ નવી આંકણી કરવા તત્પર થયેલા મહાત્મા, સમકાલીનોમાંથી નવા મંત્રના પ્રચારક તરીકે બળવો કરી બહાર પડે છે.

" ગુરુ કીધા મેં ગોકુળનાથ, ગરડા બળદને ઘાલી નાથ.

× + ×

ગુરુ થઈ બેઠો હાંસે કરી, કંઠે પહાણ શકે કેમ તરી.

× × ×

ગુરુ થા તારો તું જ, નથી કોઈ બીજો ભજવા.

× × ×

કથા સાંભળી ફૂટયા કાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

× × ×

પથરા તેટલા પુજે દેવ

× × ×

હરિ પામવા સહુ તપ કરે, અખો હરિમાં મેળે ફરે.

× × ×

પેલે ઓળખ્ય હરિ પછી ભજે કાં વો રે જોયા વિના વજે;
ચૈતન્ય બ્રહ્મ કહે વેદ વાણ, તું તો માને પીતળ પાણ;
આતમની અવગણના કરે, અખા ભક્તિ કેમ પડશે વરે.
જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાન જેમ ઉઠે નશી;
લારે લાર જેમ ચાલ્યો સોર, ત્યાં કોણે દીઠો તો ચોર;
જે જેણે દીઠું સાંભળ્યું, અખા તે તે વળણે વણ્યું.

એની ભક્તિની વ્યાખ્યા એનો મંત્ર સ્પષ્ટ કરે છેઃ—

હરિ જાણે થકે ભક્તિ થાએ, તેજ ભક્તિ જાણો ખરી,
અજાણ કે આચરે, તેને દ્રોહ થાએ પાછો ફરી.
સદ્ગુરુનાં વચન સુણીને, ભક્તિ જેહને ઉપજે;
અચિર કાલે તે પામે આત્મા, સદ્ગુરુ વચન જો ભજે.
ભાઈ ભક્તિ જેવી પંખણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;
ચિદાકાશ માંહે તે જ ઉડે, જેને સદ્ગુરુ રૂપી આંખ્ય છે.

---

૨ શંકરલાલ રાવળ : માંડણના ઉખાણા.

દેખે નેત્ર પરબ્રહ્મનાં, પરબ્રહ્મનો કર્ણ માત્ર;
પાદ પાણી પરબ્રહ્મનાં, પરબ્રહ્મ દાતાને પાત્ર.
જળે પરબ્રહ્મ સ્થળે પરબ્રહ્મ, સ્વર્ગ મૃત્યુ પાતાળે;
ગિરિ ગહ્‌વર વનવાટિકા, પરબ્રહ્મ જાળે ને માળે.
પરબ્રહ્મ વિના નહીં ઠામ ઠાલું, એમ દેખે ભરપુર;
જિહાં તિહાં દેખે હરિ ભાઈ, જેનાં પડળ થયાં છે દૂર.
કહે અખો સહુકો સુણો, ભક્તિ આવીને જંતને;
એવા શુદ્ધ ભજનને પામવા, તમે સેવો હરિ ગુરુ સંતને.[1]

પરિણામે એની ભક્તિ એટલે શુદ્ધ જ્ઞાન ને વૈરાગ્ય. મિશ્ર કલાકારની ભક્તિને તે ભક્તિ કહેતા નથી તો માનવપ્રેમ કે કલાકારની ભક્તિ કે શુદ્ધ ભક્તિમાં તો તે ચાંચ જ શાની બોળે? આ યુગનો પ્રધાન સ્વર મૃત્યુની પયંગબરી છે. તે કવનારનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન ઘણું મોટું છે, છતાં એની કૃતિઓ ભક્તિ સાહિત્યની મર્યાદાની બહાર છે.

પણ અખો જે બળનો પ્રતિનિધિ હતો તેણે શુદ્ધ ભક્તિને સાહિત્યમાંથી નાબુદ કરી. શુદ્ધ ભક્તિ નિષ્કંચન કે અસંસ્કારીઓનાં જીવનોને પ્રેરી રહી અને ગામેગામ અવારનવાર ભગતો દેખા દેવા લાગ્યા. પણ જ્ઞાન અને વૈરાગ્યને શબ્દોમાં માન ન આપે તેને ભગતનું પદ મળવું મુશ્કેલ થઈ પડયું. ઉપાસના તો નાબુદ થઈ ગઈ હતી. પરિણામે ભકતોનો એક નવો પ્રકાર પ્રગટયો, તે જ્ઞાન, વૈરાગ્ય, ઉપદેશ સાથે કલાકારના ભક્તિસાહિત્ય પ્રગટાવનાર કવિઓનો.

આ નવા આદર્શ સેવનારાઓના જીવનમાં ત્યાગ ઝાઝો નહોતો, શુદ્ધ ભક્તિ કે ઉપાસનાની જ્વાલા નહોતી, જ્ઞાન પણ નહોતું. તેમનામાં સામાન્ય જેવી કાવ્યશક્તિ હતી. જીવનમાં નિર્માલ્યતા; ઉપદેશમાં

[1] કાવ્યદોહન, ભાગ ૨ જો: અખેગીતા.

સાધુતા; જ્ઞાનમાં થોડાક જીર્ણ સિદ્ધાંતો; અને કલ્પનાસમૃદ્ધિમાં ઘરેઠીયા રસિકતા—આવાં લક્ષણોવાળા કવિઓ ધીમે ધીમે જોવામાં આવે છે. અને સંસ્કૃત સાહિત્યના પરિચયથી વિમુખ આ ભગતો ધીમે ધીમે પૌરાણિક સાહિત્ય ને જ્ઞાનના સાહિત્ય પર આક્રમણ કરી, નિર્જીવ કલાકારનું નીરસ ભક્તિ સાહિત્ય પ્રગટાવ્યા જ જાય છે.

આવામાં કોઈ સાહિત્યક આવી ચઢે છે. રત્નેશ્વર ઇ. સ. ૧૭૦૦ની આસપાસ થઈ ગયા. પ્રેમાનંદના તે સમકાલીન હોવાથી તેનું તેજ એ સર્જકતાના સ્વામી આગળ ઝાંખું થાય છે, પણ એને અત્યાર સુધી મળ્યું છે તેથી ઉંચું સ્થાન મળવું જોઈએ. રત્નેશ્વર ડભોઈના મેવાડા બ્રાહ્મણ હતા અને કાશી જઈ સંસ્કૃત શીખી આવ્યા હતા. પણ જ્યારે તેણે પુરાણીનો ધંધો કરવા માંડ્યો ત્યારે ધંધાના ઈજારદારોએ તેને કચરવાના પ્રયોગો શરુ કર્યા. પ્રેમાનંદે તેને હીંમત આપી અને 'દ્વાદશસ્કંધ' નામે ભાગવતનો સાર તેણે લખ્યો. વલ્લભાચાર્ય પંથના એક મહારાજે એને 'કલિયુગના વ્યાસ'-નું બીરદ આપ્યું.

રત્નેશ્વર ઉપર વર્ણવેલા કવિઓના વૃંદમાંના હતા. ઉપદેશ અને ચુસ્ત વૈરાગ્ય તે શીખવતા; ભક્તિમાં કલાકારનું ભક્તિ સાહિત્ય રચતા. એના વૈરાગ્યકથનમાં પણ ઉંચા પ્રકારની કલા છે; નરસિંહ પછી આ પહેલો ગુજરાતી કવિ છે કે જેણે વૈરાગ્ય વર્ણવતાં પણ સરસતા પ્રગટાવી છે. એની શૈલીમાં કેટલાંક અપૂર્વ લક્ષણો છે. સંસ્કૃતના આદર્શો તેની સુરુચિને વિશુદ્ધ વાતાવરણમાંથી બહાર જવા દેતા નથી.

શાને ફરે ભ્રમર પંકજ વાસ લેવા,<br>
પેસીશ મા કમલ મધ્ય પરાગ લેવા;<br>
સંકોચશે સહજમાં તવ શું કરીશ,<br>
એને વીશે અધમ આકુલ થૈ મરીશ. ૯

મોટા મનુષ્ય મનની ગતિ કો ન જાણે,
વીંટી વળ્યો ચૌદ લોક સમસ્ત તાણે;
જેણે કર્યો વશ મહા મન હસ્તિ તેહ,
બીજા વળી સરસ શૂકર તૂલ્ય દેહ. ૧૦

સંસાર માંસ મન મીન મતાક ખાવા,
ઉભા રહ્યા અધમ ઉપર વ્યાધિ સાવા;
સ્હાશે યદા વદન આંકડીયે ભરાશે,
તારો પછી તરફડી રડી જીવ જાશે.[1] ૧૧

પણ જ્યારે કલાકારની દૃષ્ટિએ તે ભક્તિ વર્ણવે છે ત્યારે તેની કૃતિમાં જે કૈં મીઠાશ, રસ, સમૃદ્ધિ, ને ભાવની સૂક્ષ્મતા આવે છે તે, નરસિંહ ને ભાલણને છોડયા પછી અને દયારામના આવતા સુધી, દુર્લભ છે.

પ્રકટી મદન વ્યાધિ, મો'હર્યો બાણ સાંધી,
હરિહરિ કહે રાધા, પ્રેમને પાશ બાંધી;
વિરહ વિકળ રોતી, ચીરશું નીર લ્હોતી,
અરુણ નયન દીસે, આશ જોતા અરીસે.

× × ×

મદન–શર મરોડી, રાધિકા થાય થોડી,
સકળ જુગન જોડી, વિનવે વસ્ત્ર ઓઢી;
સખી વચન સુહાવે કૃષ્ણને કોણ લાવે,
મુજ મન સુખ થાવા, નાથજીને મનાવા.

× × ×

પલ ન પલક લાગી, રાધિકા રાત જાગી,
વિરહ દુઃખ વિભાગી, નારમાં વાત વાગી;
ભવન ભવન ભાળી, નીસરી નાર ટોળી,
સજળ નયન પુછે, પ્રેમની વાત શું છે ?[2]

૧ રત્નેશ્વર : આત્મવિચાર ચંદ્રોદય, કા. દો. ભાગ ૩.

૨ રત્નેશ્વર : રાધાવિરહના મહીના. કાવ્યદોહન, ભાગ ૬ ઠો.

રત્નેશ્વરની કૃતિઓ આ સમયના પૌરાણિક સાહિત્યમાં નીરાળી ભાત પાડે છે. તે માણભટ નથી, સ્વતંત્ર સાહિત્યક નથી, માત્ર સંસ્કૃતનો અનુવાદક છે. પ્રેમાનંદ યુગના પ્રચલિત આદર્શો ત્યાગી, તે પોતાની કૃતિઓમાં સંસ્કૃતનું પ્રતિબિંબ જ રાખે છે. તેને મન ભાગવત ભક્તિનું અપૂર્વ સાહિત્ય છે, માત્ર રસિક સામગ્રીનો ભંડાર નથી. તેનો હેતુ ભાગવતનો પવિત્ર રસ ચખાડવાનો છે, લોકોની ધાર્મિક વૃત્તિ દ્વારા તેમનાં મન રંજન કરવાનો નથી. પણ એના ભાગવતના તરજુમાની ભાષાનું લાલિત્ય આકર્ષક છે.

"વળતા સુંદર નિજ મંદિર, આવ્યા શ્રી અવિનાશ રે;
સકળ કામ સંપૂરણ મંદિર, કોમળ કમળા વાસ રે. (૪૯)
સોળ સહસ્ર ને અષ્ટોત્તરશત, અંતઃપુર આગાર રે;
એક ચોક ને અળગાં મંદિર, આવ્યા જગદાધાર રે. (૫૦)
પતિ પરદેશ વરી ઘેર આવ્યા, અવલોકીને અબળા રે;
પ્રગટ થયા તે પદ્મિનીઓને, મન મહોત્સવ સબળા રે.[૧] (૫૧)

તેજ પ્રમાણે દશમસ્કંધમાં[૨] પણ એનું વ્યકિતત્વ દેખાય છે.

એ સમે સૌ ગ્રહની દાસી કારજ બીજાં હોતેજી,
નંદતણી ગૃહિણી યશોદા દધિમંથન કરતી પોતેજી. ૨
ચેજે ગીત પવિત્ર જ તેનાં બાલચરિત્ર વિનતીજી,
દધિમંથન શ્રમ યામા નારી સંભારી ગુણ ગાતીજી. ૩
પર પટકુલ અમુલક પૃથુ પરી કરી તહતાંણી બાંધ્યુંજી,
કરી નરશુ અટકી રેવા કરી મેખલા સાથે સાંધ્યુંજી. ૪
શુતને સ્નેહે પય હુભરાંતા ઝરતાં કુચ યુગ જાયજી,
સુંદરી કેરી શોભે ભ્રકુટી કુચત ટીપં કન થાયજી. ૫
નેતર તાંણે શ્રમ પામ્યા કરકંકણ ચંચલ હોએજી,
શશીમંડલ સરખા સુખ મધે કુંડલ ઝલકે દોયજી. ૬

૧ રત્નેશ્વરઃ ભાગવત, પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૧ મોઃ પ્રા. કાવ્યમાળા.

૨ ફાર્બસ સભાની પહેલા અઢાર અધ્યાયની પ્રતમાંથી.

સ્વેદ તણા કણ મુખ પર ચુગતા મુગતાશ મનહરતેજી,
છુટા કેશ થકે વહી ચાલતી માલતી મ થન કરતેજી. ૭

પણ એની ભક્તિમાં નથી શુદ્ધ ભક્તિની આગ, નથી ઉપાસના ભક્તિની ભવ્યતા, નથી એમાં માનવપ્રેમની ઝાળ અને નથી એમાં કલાકારની મોહકતા. માંડણ ને અખાની વક્રોક્તિ, જ્ઞાન પ્રદર્શનનો માંદો શોખ, 'ભગત' થવાનો નિર્જીવ આડંબર, ઉપદેશ મિશ્રિત, મૃત્યુની પયગંબરીઃ—આ ગુજરાતી સાહિત્યને લાંછનરુપ ચોટેલાં લક્ષણોનું પ્રદર્શન એનામાં જોવામાં આવે છે. આ લક્ષણોને મૂર્તિમાન કરતા એના નિર્જીવ સાહિત્યનો એક નમુનો લઈએ.

ચંદ્રમા સૂર્યના સેવકો કો થયા,
ભૂમિ નવ ગ્રે'તણા ભક્ત જાણો;
મૃતક માટીના ધાટીના ભાથીના,
હાથીના વ્યાઘ્રના મન આણો;
શેખના ભેખના મરદના મેરીના,
ભક્ત લાખો દઉં શાં પ્રમાણો;
રત્ન કે' યત્નથી ભક્તિને દાખવે,
ભાખવે ભિન્ન મુક્તિની માણો. ૬
જોઈ એવું અમો આદર્યું અંતરે,
શ્રેષ્ઠ નવધા ગણી ભક્તિ મોટી;
જ્ઞાની ધ્યાની તણો એહ આરંભ છે,
એ વિના સર્વની વાત ખોટી;
એમ નિશ્ચે કરી સર્વ મનમાં ધરી,
આદરી ભક્તિ શ્રી કૃષ્ણ ઓટી;
રત્ન કે' યત્નથી ભક્તિને દાખવે,
દાખવે ભિન્ન છે વાદ કોટી. ૭
ગોપીકા મધ્યમાં રાધિકા ઓપતી,
લોપતી લાલ લાવણ્ય માંહી;

૧ રત્નેશ્વરઃ ભાગવત, દશમસ્કંધ, અધ્યાય ૯ મો.

પુરુષને પ્રકૃતિ દાંત વેદાંતી કે',
રાધિકા કૃષ્ણુ નવ ભિન્ન ક્યાંહી ?
રૂપ એક ગુરુનું દેવ દેવેશનું,
ધારી ધ્યાને વસું વાસ જ્યાંહી;
રત્ન કે' યત્નથી ભક્તિને દાખવે,
ભાખવે ભિન્નતા ભેદ ત્યાંહી.[૧] ૮

રત્નેશ્વરનું સાહિત્ય સંપૂર્ણ દશામાં નથી એ ગુજરાતી સાહિત્ય પર પડેલી આફતોમાંની એક મોટી આફત છે. એની અસર પાછળના કવિઓ પર કેટલી થઈ તે નક્કી કરવાની સામગ્રી હજુ પ્રાપ્ત થઈ નથી.

( ૪ )

## નિર્માલ્ય જીવન અને સાહિત્ય

નરસિંહ યુગમાં જુના જીવનની કૈંક અસર હતી; વાતાવરણમાં સ્વસ્થાન સંરક્ષવા મથતા રજપુતોની હાકના પડઘા હતા. સંસ્કૃતનો પ્રતાપ પડતો, શુદ્ધ ભક્તિની નવી પ્રેરણા હતી. આ બધું નાકર અને પ્રેમાનંદ યુગોમાં જતું રહ્યું. મુસલમાનોની ઝુંસરી ને મરાઠાઓની લુંટ વચ્ચે નિર્માલ્યતા ચારે તરફ પ્રસરી. ભક્તિએ ઉપદેશનું સ્વરુપ લીધું, પુરાણ સાહિત્યે સ્થાનિક રસથી પૂર્ણ વાર્તાનું સ્વરુપ લીધું, માનવતાએ મૃત્યુની પયગંબરી સ્વીકારી, અને આખું સાહિત્ય શુષ્ક જ્ઞાન ને નામના વૈરાગ્યના મંદ ને અનાકર્ષક રંગોથી રંગાઈ રહ્યું.

સામળ ભટ ( સં. ૧૭૪૦ ) અને વલ્લભ ( સં. ૧૭૬૦ ) બંને પ્રેમાનંદે મુકેલી પૌરાણિક પ્રવાહની મર્યાદાને પણ ઓળંગી જાય છે. તેમના હાથમાં પુરાણ એક વાર્તા થઈ રહે છે. શામળભટના શિવપુરાણમાં, પૌરાણિક ઉપાસના લગભગ અદષ્ટ થઈ શિવમહાત્મ્યનું સ્વરૂપ લે છે.

---

૧ રત્નેશ્વરનો પદસંગ્રહ; પ્રાચીન કાવ્યમાળા ગ્રંથ ૨૫, પૃ. ૧૭.

આ યુગના આખ્યાન લખનારાઓનો આદર્શ આ જ પ્રકારનો થઈ ગયો. જેનામાં સર્જનશક્તિ કે કલા નહોતાં તે પ્રેમાનંદ.યુગના જોડકણાંનું અનુકરણ કરે છે. જેનામાં સર્જકતા અને કલા હતી તેણે પૌરાણિક કથાને સ્વતંત્ર વાર્તાનું સ્વરૂપ આપવા માંડ્યું. પદમાં ને ગરબામાં કલાકારની ભક્તિ ક્વચિત જણાય છે, પણ તે કલા ઘણી જ અધમ દશામાં છે.

સં. ૧૭૮૮ ના અરસામાં ભરુચ પાસે કેરવાડામાં રાજે રણછોડ નામનો મોલેસલામ ગરાસીઓ આ સમયના પ્રચલિત સાહિત્યનો સરજનાર છે. એનાં મુખ્ય કાવ્યોમાં વિરહ, બારમાસી, રાસપંચાધ્યાયી, રાસલીલા, છે. એના પર વૈષ્ણવ સંપ્રદાયની અસર દેખાય છે, અને આગળ-ના કવિઓએ દર્શાવેલા ભાવો અને રચેલી શબ્દાવલિઓને તે ઘુંટી રહે છે. દરેક પ્રકારના જુલમથી કચવાઈ રહેલી પ્રજા ગામેગામમાં કહેવાતી ભક્તિનાં પદોથી પોતાનું રસિક અંતર કેમ સતેજ રાખે છે તેનાં દૃષ્ટાંતરૂપ આ કવિની કવિતાઓ છે. આ પ્રકારના સાહિત્યના સ્વરૂપ કે આત્મામાં સદીઓ સુધી કૈં ફેર પડતો જણાતો નથી. રાસ-પંચાધ્યાયીમાં કવિ ગાય છે :

સાખી

પોહોચી પ્રેમાનંદને સઘળી સહીઓ સાથ,
કેહે રાજે રૂડું થયું, હાવે નૈણે નિરખ્યા નાથ.

ચાલ

હાવે નૈણે નીરખ્યા નાથ, વહાલા શૂં તે કીજે વાત,
મુખ દેખીને મોહ જ પ.મી, સહુ ન્રેહની વેદના વામી.
દેખીને દેવ મોરાર, હૈડામાં તે હરખી અપાર,
અમો આવ્યાં છઊં હાવે, વાહલા રાસ રમાડો ભાવે.
પ્રભૂ પૂરો તે મનની આશ, આજ રમવો તે રંગ વિલાસ,
એમ રૂડો તે રંગ રમાડો, વહાલા આંક વાળોની આડો.

× × *

તમે વહાલામાં અતિ વહાલા રે, મારા મન ગમતા.
તારા ચંચળ સઘળા ચાળા રે, મારા મન ગમતા.

તારી મોરલીએ મન લીધાં રે, મારા૦
તે તું અમને ઘેલાં કીધાં રે, ,,
મને બીજું કાંઈ ન ભાવે રે, ,,
તમે આંખ અમારી ઠારૂ રે, ,,
મને મોહને બાણે ન મારૂ રે, ,,
આજે દેખૈતી દીવાળી રે, ,,
હરિ મંદિર આવ્યા ચાલી રે.[1] ,,

આશરે સં. ૧૭૮૭ માં અમદાવાદમાં થઈ ગએલા વલ્લભ ભટ્ટનાં પદો પણ આજ પ્રકારનાં બીબામાં રચાએલી કવિતાઓ પુરી પાડે છે. સાથે સાથે જ્ઞાન ને વૈરાગ્યનું સાહિત્ય પણ એક જ ધાટીનું નીકળ્યું આવે છે. સંવત ૧૭૮૯ માં નાથ ભવાન ઉર્ફે અનુભવાનંદ સરસ્વતી 'બ્રહ્મગીતા ચોપાઈ' ચિદ્‌શક્તિ વિલાસાદિ પદો, લખે છે. આશરે સં. ૧૮૦૦ માં વલ્લભદાસ રઘુરામ મજમુદાર નવસારીમાં 'શિવરહસ્ય' અને 'શિવભક્તો' લખે છે. સં. ૧૮૦૦ માં જેબાઈ ગોધરામાં, 'રાજસૂય યજ્ઞ' લખે છે. સં. ૧૮૦૨ માં દાતા હરિના પંથના સ્થાપક 'રુકિમણી હરણ' અને 'દશમ લીલા' લખે છે. આશરે સં. ૧૮૦૦ માં કપડવણજનો રણછોડ ભક્ત કૃષ્ણજીવનનો મહિમા, રામાયણનાં પદ, રણછોડજીનો ગરબો, રાધાવિવાહ ઇત્યાદિ લખે છે. સં. ૧૮૦૪ માં મનોહરસ્વામી ભગવદ્‌ગીતા પર ટીકા લખે છે. આશરે સં. ૧૮૧૭ માં કાળિદાસ સીતાસ્વયંવર, પ્રલ્હાદઆખ્યાન, ધ્રુવાખ્યાન, ઈશ્વરવિવાહ અને ચંડિકાના છંદ લખે છે.

આમ ગુજરાતી સાહિત્યનો આ યુગ પુરો થાય છે. તેમાં જીવન ને સાહિત્ય બંને ક્ષુદ્રતા પામી રહ્યાં. જેમ જીવન ન્યાતોનાં નાનાં

---

૧. અપ્રગટ પ્રાચીન કાવ્યસુધા ભાગ ૫ મો. કવિ રાજેભાઈઃ રાસ પંચાધ્યાયી.

ખાબોચીઆંમાં પડી રહ્યું હતું, જેમ મહત્ત્વાકાંક્ષા નવાબોની નોકરીમાં મર્યાદિત થઈ રહી હતી, તેમ માનવ અંતર વિરહનાં પદો, બારમાસીઓ ને થોડાંક ચલણી વૈરાગ્યસૂત્રોનાં ખાબોચીઆમાં પડી રહ્યાં જણાય છે.

નાકર યુગ, પ્રેમાનંદ ને સામળ યુગ આમ સમેટાઈ જાય છે; થોડીક ભક્તિનાં પદોએ પાથરેલી લીલોતરી શીવાય કાલવિસ્તારમાં સહરા સમું રણ, ભાવો કે ભાવનાઓ વિનાનું. અને ગુજરાત જોડકણાં કે રાસડા રચી, ગાઈ, પુરાણીઓની નિઃસત્ત્વ થતી કથાઓ, 'ભગતો'નાં નિશ્ચેતન વિરહપદો ને આડંબરી વૈરાગ્યનાં સૂત્રો સાંભળી જીવન વીતાવે છે.

## ( ૫ )

## સ્વામીનારાયણ સંપ્રદાય

આ નિશ્ચેતન સમયમાં એક સચેતન બલ વૈષ્ણવ સંપ્રદાય છે. જેને ઉલ્લાસની જરુર જણાતી તે વૈષ્ણવ મંદિરમાં જતો, મહારાજોના વૈભવ જોઈ કલ્પના ઉત્તેજતો, રાગ. રંગ ને ભોગનો પરોક્ષ રીતે આનંદ અનુભવતો, અને સામાન્ય જીવનમાં વ્યક્ત ન કરી શકાય એવી ઊર્મિઓ શ્રીકૃષ્ણને નામે કે વલ્લભકુલદીપકોના મહિમાગાનરૂપે બહાર પાડતો. તેમજ, જેને ઉપદેશ આપવો હોય કે વૈરાગ્ય શીખવવો હોય તેને પણ વૈષ્ણવ સંપ્રદાયનો આશ્રય લેવો પડતો. અધમતામાં પડી રહેલા સમાજ અને જીવનને ઉદ્ધારવાના આવા અનેક પ્રયત્નો થયા છે. તેમાં શ્રી સહજાનંદ સ્વામીએ કરેલો પ્રયત્ન ગુજરાતને ઘણો ઉપયોગી નીવડયો છે.

સ્વામીનારાયણ પંથની સેવાનું માપ કાઢવાનું આ સ્થાન નથી. ભક્તિસાહિત્યના ક્ષેત્રમાં તો તેણે ચાલી આવેલી પ્રણાલિકાને સ્પષ્ટ અને સુદૃઢ કરી. ઉપદેશ અને વૈરાગ્યનું સાહિત્ય આ પંથના કવિઓએ ઘણું સરજાવ્યું છે, અને સાથે કલાની દૃષ્ટિએ કેંક

સારું પ્રણયનું સાહિત્ય, ભક્તિને નામે, પ્રગટાવ્યું છે. સહજાનંદી કવિઓનો જીવન સાથેનો વિરોધ આકરો હતો પણ જ્યારે શૃંગારનાં પદ તે ગાવા બેસતા ત્યારે આકર્ષક સાહિત્ય રચતા.

આ કવિઓમાં મુક્તાનંદ ઘણા લોકપ્રિય થયા હતા. શૃંગારના ભાવો અને વાક્યરચનાઓને તે અવનવું સ્વરૂપ આપી ગયા.

મારા મંદિરિયામાં માલજો, જુમાણો રે;
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે. ૧
હું તો તરણાતુલ્ય સંસાર, સઘળો જાણું રે;
વાલા એક તમારી બીક ઉરમાં આણું રે. ૨
તમો ભૂપોના છો ભૂપ, મહાસુખકારી રે;
વાલા તનમનધન પરિવાર, તમ પર વારી રે. ૩
તારા અધર અમૃતથી નાથ, હું નવ ધરાઉં રે;
વાલા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપું રે. ૪
તમે રસીઆ રંગની રેલ, વાલમ વાલી રે;
હું તો મગ્ન થઈ મસ્તાન, સુખ દુઃખ માલી રે. ૫
મને આપ્યો અખંડ સુહાગ, કુંજબિહારી રે;
મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલીહારી રે.[1] ૬

× × ×

વાલા સુંદર શ્યામ સુજાણ, મારે ઘેર આવો રે;
મારા પ્રાણતણા આધાર, મન ઘણું ભાવો રે. ૧
તારી વાંસલડી વ્રજરાજ, ચિતડું ચોરે રે;
તારાં નયણાં નંદકુમાર, કાળજડું કોરે રે. ૨
તારી ઘુઘરડીનો ઘોર, ઘમ ઘમ બોલે રે;
તે સુણતાં સુંદર શ્યામ, મન મારૂં ડોલે રે. ૩
તારા ઝાંઝરનો ઝમકાર, અતિ સુખકારી રે;
તારી છબી પર સુંદર શ્યામ, જાઉં બલીહારી રે. ૪

---

૧ કાવ્યદોહનઃ ભાગ ૩ જો, પૃષ્ઠ ૬૫૭ મુક્તાનંદઃ શૃંગારનાં પદ, પદ ૪ થું.

વાલા ઉરે મુક્તાફળ હાર, સુંદર છાજે રે;
તેને નીરખી કોટિક કામ, શોભા લાજે રે. ૫
વાલા એ છબી ઉરમાં નાથ, નિશદિન રેજો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દરશણ દેજો રે. ૬

આ કવિની કલા સમકાલીન ધોરણો જોતાં ઉંચા પ્રકારની હતી એ ઉદ્ધવગીતા અને સતીગીતા પરથી દેખાય છે. એણે પુરોગામી સાહિત્યમાં નવી ધાટી અને નવી મોહકતા આણ્યાં.

આ પંથના નિષ્કુલાનંદ કવિ તો દઢતાને–શ્રદ્ધાને–ભક્તિ લેખે છે. 'ધીરજાખ્યાન'માં ત્યાગને પણ ભક્તિ લેખે છે. અને ઉપદેશ અને એ ભક્તિના સાહિત્યનો સમાવેશ થયો માને છે. ભક્તિસાહિત્યની દૃષ્ટિએ આ પંથમાં પ્રેમાનંદ સખી (આશરે સંવત ૧૮૭૮ થી ૧૯૦૫) મોટા કવિ છે; એટલું જ નહીં પણ નરસિંહ મહેતાના પછી મધ્યકાલના સાહિત્યમાં જો કોઈનાં કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો એમનામાં છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ભક્તો ઈશ્વરનો પરોક્ષ સંબંધ છોડી સંપ્રદાયના ગુરુની સાથે અપરોક્ષ સંબંધ સાધતા, તે પ્રમાણે પ્રેમાનંદે પણ કર્યું જણાય છે. એનાં પદોમાં સહજાનંદ નટવર બની જાય છે.

એનું નામ સહજાનંદ સ્વામી રે, મારા પ્રાણ આધાર અંતરજામી રે–(૨)

× × ×

હરિ પ્રગટ્યા ધરી એવી ટેક રે, મારી કર્મની રેખ પર મેખ રે. (૭)
આખું શું કહી વર્ણવું વિશે કરે, પ્રેમાનંદના સ્વામિ એવા એક રે.[૨] (૮)

ભાવોની સૂક્ષ્મતાને બદલે ગુરુની મહત્તા કવિને મુગ્ધ કરતી.

---

૧ કાવ્યદોહન: ભાગ ૩ જો, પૃષ્ઠ ૬૫૭ મુક્તાનંદ: શૃંગારનાં પદ, પદ ૫ મું.

૨ પ્રેમાનંદ કાવ્ય ભક્તિવિલાસ–પ્રગટ મહિમા, પદ ૭૭૨ મું.

સંસ્કૃત સાહિત્યના ઉંચા આદર્શો જોડે કવિને સતત પરિચય હોય એમ લાગતું નથી. જન્મે તે ગવૈયા હતા. પંથના આદર્શો પ્રમાણે એમનું જીવન અસંસ્કારીઓને ઉપદેશ આપવામાં જતું. અને આસપાસ સરજાતાં ને ગવાતાં વ્રજભાષાનાં ને ગુજરાતી પદોનો માત્ર પ્રતિધ્વનિ સંભળાતો. પરિણામે એમનામાં સૂક્ષ્મ ભાવો ઘણા જ થોડા; કથનની ઘાટી ને સામગ્રી ઘણી વાર એક જ પ્રકારની; વર્ણન કરવાની શક્તિ કોઈક વાર નિશ્ચેતન. પણ કવિમાં કલાદૃષ્ટિ ઉંચા પ્રકારની હતી. તેમની શૈલી સંસ્કૃત અને તલપદી ભાષાના સંમિશ્રણથી હંમેશાં સુમધુર બનતી. એમની ભક્તિમાં લાડ હતું. એમના વિરહમાં તલસાટ હતો.

એમની વિલાસવૃત્તિ સહજાનંદ અને બ્રહ્માનંદ જોડે રહીને પણ ઓછી થઈ હોય એમ લાગતું નથી. બે ત્રણ દૃષ્ટાંતો, મર્યાદિત છતાં તલસાટભરી એમની શક્તિનો ખ્યાલ આપશેઃ—

આવો રસિઆ રાખું મારે ઉર, પ્યારા પ્રાણજીવન અલબેલડા,
નહીં મેલું નટવર દૂર, મારા શ્યામ સુંદર વર છેલડા. પ્યા૦ ૧
જોઇ રસિક સુંદર વર રૂપને, મારા નેણાં તે શીતલ થાય;
હું તો ઘેલી ફરૂં ઘેર આંગણે, મારે હૈડે તે હરખ ન માય પ્યા૦[1] ૨

લટકાળા લાડકડા મારા, લોચનીયામાં રાખું લાલ;
લોચનીયામાં રાખું મારા વહાલા, પ્રાણ વારી વારી નાખું લાલ. લટ૦ ૧
પ્રાણ વારી વારી નાખું મારા વહાલા, કરી રાખું ઉર હાર લાલ;
કરી રાખું ઉર હાર મારા વહાલા, નેણ તણા શણગાર લાલ. લટ૦ ૨
નેણ તણા શણગાર મારા વહાલા, નથડી કેરું મોતી લાલ;
નથડી કેરું મોતી મારા વહાલા, હીંડું જોતી જોતી લાલ. લટ૦ ૩
હીંડું જોતી જોતી મારા વહાલા, દુર્લભ છો તે સારું લાલ;
દુર્લભ છો તે સારું મારા વહાલા, જીવિત તમ પર વારું લાલ. લટ૦ ૪

---

૧ પ્રેમાનંદ કાવ્ય, પ્રથમ ભાગ, ભક્તિવિલાસ, પદ ૬૨૧ મું.

જીવિત તમ પર વારું મારા વહાલા, મારું જીવતર તમે સુધાર્યું; લાલ;
જીવતર તમે સુધાર્યું મારા વહાલા, મારું કારજ સરવે સાર્યું લાલ. લટ૦ ૫
કારજ સર્વે સાર્યું મારા વહાલા, હું તો છું વેચાણ તમારી લાલ;
છું વેચાણ તમારી મારા વહાલા, જાપે પ્રેમાનંદ બલિહારી લાલ,[1] લટ૦ ૬

જી રે કુંવરીએ રે કૃષ્ણજીને કાવીયું, અલબેલા ઉતાવળો આવ—
મુખડું તારું ચિતડામાં ખુટ્યું.
જી રે આવડી તે વાર તમને ક્યાં થઈ, સુંદરવર નટવર નાથ,
—મુખડું૦
જી રે વદન જોયા વિના જાદવા, મારે પળ જુગ જેવડી જાય—
—મુખડું૦[2]

નીચેની પંક્તિઓની સરસતા વીસરાય એમ નથીઃ

નહીં મેલું રે સુંદર શ્યામ કુંજબિહારી રે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારી રે. ૧

તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણી રે;
હું તો હાથે તમારે નાથ, જી વેચાણી રે. ૨

જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઉભી રે;
નહીં વરતું કોઈ દિન નાથ, તમને દૂભી રે.[3] ૩

આ પંથના બ્રહ્માનંદ કવિ ( મૃત્યુ સં. ૧૯૦૫ ) ઉપદેશમાં જ રમી રહે છે. તેમની શૈલીમાં મોહકતા છે. જે વર્ણનો અને ભાવો ઘુંટાઈ ઘુંટાઈને નીરસતા એ પહોંચ્યાં હતાં તેને એ આકર્ષક કરી શકે છે, અને તલપદા શબ્દોના સુંદર ઉપયોગથી સામાન્ય હૃદયને મુગ્ધ કરે

---

૧ પ્રેમાનંદ કાવ્ય, પ્રથમ ભાગ,ભક્તિવિલાસઃ પ્રગટ મહિમા,પદ ૭૪૭ મું.

૨. કાવ્યદોહન ભાગ ૩ જો, પૃષ્ઠ ૫૯૧, પ્રેમાનંદ સ્વામી તુળસી વિવાહ, પદ ૩૫ મું.

૩. કાવ્યદોહન ભાગ ૧ લોઃ પૃષ્ઠ ૮૧૩–૧૪; પ્રેમાનંદસ્વામી કૃત શૃંગારનાં પદો, પદ ૧૪ માંથી.

એવી કૃતિ સરજાવે છે. નીચેનું દૃષ્ટાંત કવિની કલા અને તે સમયમાં લોકપ્રિય થએલા પદની ઢાટીનો ખ્યાલ આપે છે:—

લટકાળા તારે લટકે રે લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિતડાને લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વલૂકે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ટોળરીઆ હું દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂર્તિ તારી રે, વાલમ મારે ચિત્ત ચઢી;
બ્રહ્માનંદના ધાર દિલજાની રે. કેમ કરી મેલું એક ઘડી.[1] ૪

રૂડું ભાળ તિલક રુપાળું રે, કાઢ કીધું કેસરનું;
ભાવે હું સુંદર ભાળું રે, કાપડલું મેલી ઘરનું. ૧
વાંકી ભ્રકુટિ જોઇ વનમાળી રે, મારું લોભાણું મનડું,
મોહન નાસા વનમાળી રે, દોયલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનીયાં નંદ લાલા રે, રંગણીના રંગ ભરિયાં;
મનજીવન નટવર વાલા રે, ગુણિયલ અંતરમેં ગરિયાં. ૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શામ સુહાગી રે, બેઠી જગભય ટાળીને.[2] ૪

આ કવિઓ પછી, અનેક નાના કવિઓએ આ સંપ્રદાયે સરજાવેલા સાહિત્યના આદર્શોને થોડેવધતે અંશે સેવ્યા છે. એક તરફ ઉપદેશ અને વૈરાગ્યનું કથન, બીજી તરફ શૃંગારનાં પદો. આ સાહિત્ય જોતાં એમ લાગ્યા વગર રહેતું નથી કે ધાર્મિક સંપ્રદાયની છાયા નીચે રચેલી કૃતિઓમાં સરસતાનાં તેજો ઝાંખા થયા વિના રહેતાં નથી. બ્રહ્માનંદ અને પ્રેમાનંદ જો નરસિંહ અને ભાલણની માફક સ્વતંત્ર હોત અને પંથના સાહિત્ય કરતાં સંસ્કૃત સાહિત્યની પ્રેરણા

૧ કાવ્યદોહન: ભાગ ૧ લો, બ્રહ્માનંદનાં શૃંગારનાં પદ, પદ ૯ મું.

૨. કાવ્યદોહન: ભાગ ૧ લો, પૃષ્ઠ ૭૯૪.

મેળવી શક્યા હોત તો એમનું સ્થાન સાહિત્યમાં ઘણું મોટું હોત. બ્રહ્માનંદ અને પ્રેમાનંદનાં કાવ્યોની મર્યાદિત સરસતા પરિસ્થિતિનું પરિણામ છે. શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર કરવા જતાં પરિસ્થિતિ કેમ અંતરાયરૂપ થઈ પડે છે તેનાં એ બે કવિઓ દૃષ્ટાંત પુરાં પાડે છે.

( ૬ )


## દયારામ : ગુજરાતનો પ્રણયકવિ

સંવત ૧૮૨૩ માં, સુરમ્ય રેવાના તટ પર રમણીય ચાંદોદમાં, સાઠોદરા નાગર પ્રભુરામને ઘેર પુત્ર જન્મે છે. આ પુત્ર તે ગુજરાતનો (કવિશિરોમણિ) થવા સર્જાએલો દયારામ.

(ભાષાની સંસ્કારિતા, સમૃદ્ધિ કે સંગીતમાં, ઊર્મિઓની સચોટતા કે તરવરાટમાં, ભાવવૈવિધ્યની રંગબેરંગી ચમકમાં, હૃદયંગમ શબ્દમાધુર્યની મોહિનીમાં, પ્રણયના તલસાટની તીવ્રતામાં કોઈ કથનકાર ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં તેને સ્પર્શી શક્યો નથી. નરસિંહ પછી શૃંગાર અને પ્રણયનો સરસ ગાનારો ગુજરાતે મધ્યકાલમાં એને એકને જ પેદા કર્યો.)

(દયારામ ભક્ત કહેવાય છે પણ તે સદાએ કવિ જ છે. તેનાં કાવ્યો ભકિતસાહિત્ય કહેવાય છે, પણ તે માનવપ્રેમનાં ભકિતસાહિત્યનાં દૃષ્ટાંત છે. જે જમાનામાં ભકત કહેવડાવ્યા વગર ઊર્મિઓ દર્શાવાતી નહીં તે જમાનામાં એને ભક્ત થવું પડયું. આ જમાનામાં ભક્તિના કૃત્રિમ આડંબરમાં છુપાએલા પ્રણયમૂર્તિને ઊર્મિગાન ગાનારા કવિવર તરીકે પીછાણવા જોઈએ. એ પીછાણમાં જ ભકિતસાહિત્ય કેમ ઉદ્‌ભવે છે તેનાં ઘણાં રહસ્યો સમજાય છે.)

(દયારામનું વ્યકિતત્વ કલાત્મક હતું. સમાગમમાં આવતાં કાવ્યમૂર્તિઓનું, તીવ્ર પ્રણયીઓનું વ્યકિતત્વ છુપ્યું છુપાતું નથી. એમાં



શ્રી કવિ દયારામ

સ્રૈણનો અંશ હોય છે. એમાંથી સર્વગ્રાહી સંસ્કારિતાનાં કિરણો ફુટે છે. માનવતાના બધા ચમકારા એમાંથી ચમકશે એમ થયાં કરે છે. ઊર્મિઓના પ્રચંડ તોફાનોનો નાદ તેમાંથી સંભળાય છે. વાસ્તવિક ને કાલ્પનિક વિલાસની તે ઝાંખી કરાવે છે. સ્ત્રીઓને અકથ્ય તલસાટથી તે આકર્ષે છે. પુરૂષો તેને મને કમને માગ દે છે. ચંડીદાસ, ગોએથે, શેલી, બાયરન, મુસે, કલાપીનું એ વ્યક્તિત્વ. એ જ વ્યક્તિત્વ દયારામનું.)

ધાટીલું, નાજુક, સુરેખ અંગ, ગૌરવર્ણ, લટકભરી ચાલ, આ એનાં લક્ષણો. માથાના વાળ રાખતો તે ગોસાઈજી મહારાજ-ના જેવા, અને સુગંધી તેલથી તરબોળ. હોઠ સદાએ તે પાનથી લાલ રાખતો. અને જરૂર પડયે ભાંગથી કલ્પના તે પોષતો. તે જમાનામાં બબ્બે ત્રણ ત્રણ રૂપીઆ આપી મલમલનાં બંધએસતાં અંગરખાં તે કરાવતો અને ગળે ને બાંયે જાળીની કારીગરી રખાવતો. મોટી કોરનું નાગપોરી ધોતીઉં અડધો કલાક ચીપી ચીપી તે પહેરતો, અને માથે તાજી ટપકતી કુસુંબી પાઘડી મુક્યા વિના બહાર નીકળતો નહી.

એનો સ્વભાવ તોફાની, ટીખળી ને વખત આવ્યે નફટ. એનો અવાજ મીઠો, સંસ્કારી; એનું સંગીત હૃદયભેદક. સાથે મીજાજ અને અભિમાનનો પાર નહી. વડોદરામાં તે સમયે પ્રતાપ પ્રસારી રહેલા ગોપાળદાસે ગણપતિનાં પદો રચવાનું એને નિમંત્રણ મોકલ્યું. તેણે જવાબ વાળ્યોઃ 'એક વર્યો ગોપીજનવલ્લભ નહીં સ્વામી બીજો... અવર કોઈનું કામ ન મારે, રીજો કે ખીજો.'

દરજી તંગ અંગરખો કરી લાવ્યોઃ સામે કલમદાન ફેંકી. ગોસ્વામીએ અભિમાન દાખવ્યું, તો તેની સામે બારણાં દઈ દીધાં, ને તેના દેખતાં કંઠી તોડી નાખી. રતનબાઈની સેવામાં ખામી જણાઈ તો તેને ઘર બહાર કરી.(એ દીન નરસિંહ નથી, ત્યાગી ચૈતન્ય નથી, પણ માનવતામાં મસ્ત પ્રણયી છે. એ નરસિંહ ને મીરાં

માફક વિરહિણી સખી નથી, પણ મધ્યકાલનો છેલછબીલો વરણાગીઓ નટવર નાવલીઓ છે. ડભોઇ, ચાંદોદ, વડોદરા, આખા ગુજરાતની જનતા તેની પાછળ ઘેલી થાય છે. એ મસ્ત કવિ છે, દીન ભક્ત નથી.)

(જેમ ત્યાગને અને એને વેર છે તેમ શુષ્કતા જોડે પણ છે. સંસ્કાર સમૃદ્ધ કરે ને રસિકતા પોષે એવા બધા અનુભવો એણે આદર્યા.) એ સાઠોદરા નાગર, અને ચાંદોદ જેવા યાત્રાસ્થળનો રહેવાસી હતો; એ પંડિતો, ભટજીઓ ને સ્વામીઓનો સમાગમ સેવતો; એ અનેક વાર શ્રીનાથજી જઈ આવ્યો હતો. સંસ્કારના સંરક્ષક થઈ પડેલા વૈષ્ણવ મહારાજનો માનીતો થઈ પડ્યો; ને તેમના આશ્રય નીચે રસિકતા કેળવતા અનેક કવિ અને પંડિત જોડે રસાકસીમાં ઉતર્યો. એણે ગોકુળ, મથુરાં, વૃંદાવન, કાશીથી રામેશ્વર સુધી જાત્રાઓ કરી. (હીંદી, વ્રજ ને સંસ્કૃત સાહિત્યની બને તેટલી–તે સમયને માટે ઘણી–સમૃદ્ધિ લુંટી. ભાલણ નરસિંહ ને પ્રેમાનંદને તેણે પોતાના કર્યા. સો વર્ષ પહેલાં–ટ્રેનના જમાના પહેલાં–હીંદમાં કે યુરોપમાં, આથી વધારે સંસ્કારિતા પર્યટનથી કે સાહિત્યમંથનથી કેટલાને મળવી શકય હતી?)

તે જમાનામાં આવા વ્યક્તિત્વ ને સંસ્કારિતાને માટે જીવનમાં ઝાઝો અવકાશ નહોતો. ખટપટી રાજ્યદરબારમાં તેને માટે સ્થાન નહોતું. સંસારમાં સામાન્ય ધંધો કરી તે કીર્તિ કે ધન મેળવી શકે એમ નહોતું.(તેને માટે એક જ માર્ગ હતો–ભક્ત થવાનો. તે માર્ગે રસ કેળવાતો, હૃદયની સંસ્કારિતા ને ઊર્મિઓ નીડરપણે વ્યક્ત કરાતી, ભક્તમંડળ ભેગું થતું, પ્રતિષ્ઠા મળતી, જોઈતા પૈસા મળતા, રાજા ને ધર્મગુરુઓનો આદર મળતો, સમાજના જુલ્મથી પર જવાતું. ભક્તને બંધન નહોતાં, ભક્તને માટે બધાં દ્વાર ઉઘડતાં. પ્રેમલક્ષણા ભક્તિ એ પરલોકમાં રસિક જીવનો મોક્ષમાર્ગ હોય કે ન હોય, પણ આ લોકમાં તો હતો જ. દયારામ ભક્ત થયો.)

(તેણે ભક્તિની પ્રણાલિકા સેવવા માંડી. મનુષ્યસ્વભાવ વિચિત્ર છે; જે માનવા ઇચ્છે છે તે એ માને છે. દયારામ પોતાને ભક્ત માનવા લાગ્યો, ભક્તાની વાણી બોલવા લાગ્યો, સખીભાવ કેળવવા લાગ્યો.

એક વર્યો ગોપીજનવલ્લભ નહીં સ્વામી બીજો

× × ×

આ શામળીઆ સાથે મારો નેહ લાગ્યો રે
આ પાતળીઆ સાથે મારો નેહ લાગ્યો રે

સાથે સાથે પ્રેમભક્તિની શાસ્ત્રીય મહત્તા પણ પ્રતિપાદન કરવા લાગ્યો.

જપું નહી અજપા રે જાપને, ન ગમે સુણવો અનહદ વાદ;
યજ્ઞ સમાધિ રે ના ગમે, ના ગમે સ્વરગ મુક્તિના સ્વાદ.
અન્ય ઉપાસના રે ના ગમે, વિના એક પુરણ પુરુષોત્તમ;
ફીકાં લાગે રે, સાધન સહુ, પડી મુજને પ્રેમભક્તિમાં ગંમ.

× × ×

ગોપી ગોવિંદની ગત ન્યારી, શું જાણે સંસારી રે.

પણ આ બધાંમાં શુદ્ધ ભક્તિનો ધ્વનિ નથી. દયારામ માનવી છે–ભક્ત નથી. તે પ્રણયને તેનાં સ્વાભાવિક વિષય પરથી ખસેડી શકતો નથી. ભક્તોની વાણીને વશ થઈ તેને ખસેડવાના પ્રયત્ન કરે છે, પણ સફળ થતો નથી. તે મૃત્યુના પયગંબરોની વાણી ઉચ્ચારે છે.

જો કોઈ જન કલ્યાણ ચાહો તે સ્ત્રીની સંગત તજજો રે;
દુઃખ દરીયો પાપપુતળી, શાણા સમઝી ભજજો રે.
જડ જુઠ્ઠી નિર્દય લોભણી, ગંદી છળ રચનારી રે;
સાહસ' કરતી નીચ હઠીલી, સદા કાળ સહુ નારી રે.)

× × ×

પણ આ અણગમો કાલ્પનિક પ્રભુના પ્રણયમાં મસ્ત ભક્તાનો નથી, અનુભવ તૃપ્ત લહેરીનો છે.

અફીણ ને અબળા બે સરખાં, ગળે પડયાં ન છુટે રે,
× × ×

મન તો ભ્રષ્ટ આખી વિશ્વનું રે, પણ તનથી ન રહેવું સ્ત્રીની પાસ.

× × ×

દયા જગતમાં એહ બચે જેનો કર ગ્રહે નંદકીશોર.

(દયારામ લંપટ હતો એમ ગુજરાતમાં માન્યતા છે. તેને કેટલાક જીવનકથાકાર આ લક્ષણને છાવરવા ભગીરથ પ્રયત્ન કરે છે. સદ્ગત મહાપુરુષની નિર્મલતાની તુલના કરવા સાહિત્યવિવેચકે ન્યાયાસને ચઢવું એ અવાસ્તવિક છે. તેના વ્યક્તિત્વ અને વિકાસને, તેનાં કથન અને કર્તવ્યને તેણે કેવો રંગ આપ્યો એની નોંધ લેવી એ ચરિત્રકારનું કર્તવ્ય છે. દયારામનું આ લક્ષણ એની મૌલિક અને અનિયંત્રિત પ્રચંડ માનવતાનો, સંયોગવશાત્ અનાદરણીય થઈ પડેલો, માત્ર આવિર્ભાવ છે. સેફોથી શેલી સુધી, ચંડીદાસથી નર્મદ ને કલાપી સુધી અનેક કવિઓને માથે કલંક ચઢયું છે: ખરી રીતે કે ખોટી રીતે. પણ કવિહૃદય એટલે માનવતાનો ઉકળતો જ્વાલામુખી. સામાન્ય હૃદયમાં જ્યાં શાંત ને સ્થિર ભૂતલ હોય ત્યાં એ હૃદયમાં ભભુકતા લાવાની ભમરીઓ ફરે છે. જ્યારે સામાન્ય જમીન ડોલે પણ નહીં, ત્યારે વીસુવીઅસમાં ધગધગતા ગંધકનાં કડાયાં ઉકળે છે. જે કવિતા આપણે રસથી વાંચીએ છીએ તે ઉકળતા રસના તરંગો છે, સ્થિર સહારાની ધુળ નથી.)

(લાલસા અને પ્રણયમાં પરિણમતી પોતાની વૃત્તિને દયારામ તેના સ્વાભાવિક ક્ષેત્ર–સ્ત્રી–માંથી ખસેડી લઈ જઈ શક્યો નથી. જે વૃત્તિ ભક્તજીવનમાં કલંક રૂપ હતી તે કવિજીવનની પોષક બની. ગરબી-ઘેલી સ્ત્રીઓનું એને આકર્ષણ હતું. રતન સોનારણ તેને પરભવની પોતાની સ્ત્રી દેખાઈ હતી, અને તેને તેણે પોતાના ઘરમાં રાખી હતી.) આ સોનારણ શ્રી ગોપાળ ભજતાં અંતરાયરૂપ બનેલી ' જંજાળ ' નહોતી; પૂર્વ જન્મની પ્રીતની અધિકારી હતી.) ગોસ્વામી મહારાજ પાસે તે આશીર્વાદ પામ્યો " તમારાં બંનેનો મેળાપ પાછો સો વર્ષે થશે. "

દયારામે શ્રદ્ધાળુ હીંદુની દૃષ્ટિએ એ પ્રણયસંબંધને આધ્યાત્મિક સ્વરૂપ આપ્યું. "અમારે ને એને પૂર્વ જન્મનો સંબંધ ન હોત તો એ શ્રીમાળી સોનીની જાત ને વળી બાળરાંડ અને અમે નાગર બ્રાહ્મણ. અમારો ને એનો યોગ શી રીતે ખાય ?" કેટલાંએ વર્ષો એમનો સંબંધ રહ્યો.

(નરસિંહ મહેતાનું દૈન્ય દયારામમાં નથી. મહેતામાં કૃષ્ણદર્શનનો તલસાટ છે, દયારામમાં આત્મલક્ષી ભાવકથનની જ ઈચ્છા છે. દુઃખ, તપશ્ચર્યા, કે વૈરાગ્યના અગ્નિમાં તપી, માનવ ઊર્મિઓ ભક્તિમાં પરિવર્તન પામે છે. દુઃખ અનુભવવા જેવી દયારામની પરિસ્થિતિ નહોતી. તપશ્ચર્યા કરવા જેટલી એનામાં દૃઢતા નહોતી. અને વૈરાગ્ય હૃદયમાં ઉતારવાની શક્તિ ને સંસ્કાર નહતાં.)

(અનેકાનેક વાર તેની કલ્પના સ્થૂલ વિલાસની સિદ્ધિ પર ઠરે છે. એવા પ્રસંગોમાં પ્રભુની લીલા જોવાનું દીન, સબહુમાન કુતૂહલ તે દર્શાવતો નથી, પણ નફ્ફટ માનવીનો વિલાસલોભ દર્શાવે છે. કૃષ્ણની કલ્પિત રાસલીલા વર્ણવતાં જ્યારે નરસિંહની કાવ્યશક્તિ ખીલે છે ત્યારે દયારામ માત્ર સામાન્ય વિગતોથી જ તે પતાવી દે છે. ભક્ત બિભત્સ રસમાં પણ પૂજ્યભાવ રેડ્યા વિના રહેતો નથી; દયારામ તેને અનાકર્ષકતા, ધૃષ્ટતા કે અસંસ્કારિતાથી વર્ણવે છે.)

(ગરબી એની વિશિષ્ટતા, એનું અવિચલ પદ સાચવનારું સાહિત્ય છે. કવિ નાનાલાલ તેને 'ગુર્જરી સાહિત્યકુંજે ભરી બંસીનો છેડણહાર' કહે છે; એ બંસી તે એની ગરબીઓ. 'એનાં જ છે ગુજરાતનાં સાચાં ને સર્વોપરિ Lyrics—ઊર્મિગીતો'; આ સૂત્રમાં એનું સાચું અને સર્વોપરિ સ્થાન ક્યાં છે તે નક્કી થાય છે. આ કવિના ઊર્મિગીતોની કીંમત આંકવાનું આ સ્થાન નથી, છતાં તેની કાવ્યશક્તિનું રહસ્ય સમજવા તેને તપાસવાં જોઈએ.)

(ઊર્મિગીત એટલે, એક અંગ્રેજી વિવેચક[1] કહે છે તેમ, 'અપૂર્વ શબ્દોની અપૂર્વ વ્યવસ્થા.'

અનુભવની પણ માનવ હૃદયમાં ભાવના છે. કેટલાક અનુભવો એ ભાવનાને રુચે છે, કેટલાક તેને અકારા થઈ પડે છે. જ્યારે અનુભવ (૧) તીવ્ર થાય, (૨) સર્વગ્રાહી થાય (૩) અને જ્યારે એથી વધારે સરસ અનુભવ અકલ્પ્ય થઈ પડે, ત્યારે એ ભાવના સંતોષાય છે. જ્યારે અનુભવમાં આમ અપૂર્વતાનાં દર્શન થાય ત્યારે જ આનંદ ઉદ્‌ભવે છે. ત્યારે જે ઊર્મિ પ્રગટે છે તે સરસ લાગે છે.

આવો એક અનુભવ, અપૂર્વ શબ્દોદ્વારા, એવી રીતે વ્યક્ત કરવામાં આવે કે તેના શ્રવણથી અસલ અનુભવમાં રહેલાં અપૂર્વતા, આનંદ અને સરસતા અનુભવાય ત્યારે અપૂર્વ ઊર્મિગીત સાંપડે.)

(અનુભવની પરંપરામાંથી અથવા અવલોકન, વિચાર કે ઉડ્ડયનથી મિશ્રિત અનુભવમાંથી તીવ્રતા ને સરલતા ચાલી જાય છે. એવા મિશ્ર અનુભવને પરિણામે બીજા ગમે તે પ્રકારનું કાવ્ય પ્રગટે, પણ ખરું ઊર્મિગીત પ્રગટતું નથી. અનુભવ—અમિશ્રિત, વિશુદ્ધ અનુભવ—તો ક્ષણિક જ હોય. એમાંથી ઝરતો આનંદ પણ ક્ષણિક હોય. અને એ ક્ષણભરમાં સમજાય એવા કથનમાં મઢાય તો જ સાંભળનારમાં એવો આનંદ પ્રગટ કરી શકે છે.)

(ગુજરાતમાં ગરબી એ ઊર્મિગીતનું સુંદરમાં સુંદર સ્વરૂપ છે. એમાં એને માટે જોઇતાં બધાં લક્ષણો છે. નાની ગરબીમાં એક વિશુદ્ધ અનુભવનું સરલ કથન સહેલાઈથી થઈ શકે છે. દયારામે કેટલીક ગરબી વર્ણનથી બગાડી છે, છતાં દરેકમાંથી વર્ણન કાઢી નાખતાં બાકી રહેલો ભાગ એક જ ક્ષણિક અનુભવ આલેખે છે.)

---

[1] કોલેરીજ.

(ક્ષણિક આનંદને ક્ષણભરમાં ચાખી શકાય એવી નાની સરલ પંક્તિઓની દયારામકાવ્યમાં ખોટ નથી.

એક ઓળખે ના, એક તો મરી મથે જો

× × ×

કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે, ભોળું ભાખ મા રે...

× × ×

નેહ સુખથી ન વાધે રે, દેખી દુઃખ નવ ઘટે.

× × ×

જેનું મન જેસું માન્યું રે, તેને સુખ તેથી મળે,
તે વિના તેથી સારું રે, નાવે તેની આંખ તળે.

× × ×

રસીએ વજાડી રંગ વાંસળી, પાંસળી મારી ત્રોઈ,
વિકળ કરી મને વાલમે, વાંકે દષ્ટે રે જોઇ.

અને આ સાથે શબ્દની પસંદગી નોંધવા જેવી છે. એવા અપૂર્વ ને સરસ શબ્દો ભાષામાં જડવા અશક્ય છે.

× × ×

નંદકુંવર ક્યાંથી લાવું, વ્રજ વહાલું રે વૈકુંઠ નથી જાવું.

× × ×

મારી લાડકડી ક્યાં લાગી આવડી વાર, મારી લાડસઘેલી લાડલી રે.

× × ×

સાંભળ રે તું સજની મારી, રજની ક્યાં રમી આવીજી.

× × ×

શ્યામ રંગે સમીપે નવ જાવું, મારે આજ થકી.

આવા કેટલાક અપૂર્વ શબ્દોની યોજના એની પંક્તિઓને અમર કરી રહી છે.)

નીચેની પંક્તિમાં તીવ્રતમ ભાવાનુભવ છેઃ

✓ હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું,
વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું.
× × ×
✓ મને એકલડી દેખી ત્યાં મારે પાવળે લાગે,
રંક થઈ કાંઈ કાંઇ મારે પાસે માગે.

અને અનુભવની અપૂર્વતાનાં દૃષ્ટાંત પણ સ્થળે સ્થળે મળે છે—

✓ વાંકુ મા જોશો વરણાગીઆ,
જોતાં કાળજામાં કાંઈ થાય છે જી રે.
અણિયાળી આંખે વાલમ પ્રાણ મારો ત્રોયો છે,
મોહન મુખડું જોઇ મનડું મોહાય છે જી રે.
નખશીખ લગી રૂપરસિક મધુર મનોહર,
જ્યાં જોઇએ ત્યાં આંખ ઠરી જાય છે જી રે.

જે સ્ત્રી પતિને શોકમાં, પુસ્તકમાં, કામમાં, પરોવાએલો જોઈ જળતી હોય તેના અનુભવની સંપૂર્ણતા નીચેની ગરબી શીવાય કયાં મળે છે?

✓ માનીતી તું છે મોહનતણી હો વાંસલડી રે,
તુને વાહાલમ કરે છે ઘણું વહાલ રે હો વાંસલડી.
મીઠો આવડો શો સોહેર મોહાયો નંદનો કિશોર,
તારું આવડું શું જોર, ભુંડી કાળજું મા કોર રે હો વાંસલડી.
પીએ અધરામૃત પીયુ તણું તું વાંસલડી રે,
હમારે શોકય સરીખું તું સાલ રે હો વાંસલડી.
વાજી વાજીને વિહ્વલ કર્યાં હો વાંસલડી,
તું તો પીડે હમારા પ્રાણ રે હો વાંસલડી.
સુણતાં પડે છે હૃદે સાસરાં હો વાંસલડી,
તારા ટહુકારાથી મોહબાણ રે હો વાંસલડી.
ઝેર ઘણું છે તારી ઝપટમાં હો વાંસલડી,
ભલાં તુંથી ભાલા તરવારરે હો વાંસલડી.
એકી વારે તું હણી નાખતી હો વાંસલડી,
આ ભુંડો થોડે થોડે મા માર રે હો વાંસલડી.
પતિવ્રતાનાં પણ મુકાવ્યા હો વાંસલડી,

તે તો છોડાવિયા સતીઓનાં સત્યરે હો વાંસલડી.
વનવન કુંજકુંજ ફેરવ્યાં તેં વાંસલડી,
તે તો સહુની કરી છે એવી ગત્ય રે હો વાંસલડી.
ગરજે ગુમાનભરી આવડી હો વાંસલડી,
તું તો જોની વિચારી તારી જાત રે હો વાંસલડી.
જોતાં તું કાષ્ટ કેરો કરકડો હો વાંસલડી,
તુંને આજ મળી છે ઠકરાત રે હો વાંસલડી.

વળી એક વિશુદ્ધ અનુભવનું સરસ કથન લઈએ—

નંદનંદન અલબેલડો રે એનાં વહાલાં લાગે છે વેણ, સાંભળ સહી મારી,
ઘેલું કીધું ગોકુળિયું રે એના કામણગારાં નેણ, સાંભળ સહી મારી!

નટવર સુંદર શામળો રે, મનગમતો મોહનલાલ,
હૃદયા સરસો લેઇ લપટાવું મુને એવું લાગે છે વહાલ.

હોંસીલી પ્રિયતમાના કોડભર્યા નિમંત્રણમાં રહેલી ઊર્મિનો અનુભવ જેવો આ ગરબીમાં સમાયો છે તેવો બીજે મળવો મુશ્કેલ છે.

મોહોલે પધારો મારા રાજ, માણીગર મોહોલે પધારો.
વહાલ વધારો વ્રજરાજ, માણીગર મોહોલે પધારો.
કરી રાખી છે એકઠી, ઘણા દિવસની છે ગોઠ;
રાજ મળે તો કીજીએ, આવી રહી છે મારી હોઠ.

× × ×

હું સરખી બહુ આપને, મારે તો એક આપ;
રહેવાતું નથી રાજવણ, કોને કહું પરિતાપ.

ગુજરાતની ગરબીઓનું ડોલન પણ અદ્ભુત છે. તીવ્ર અનુભવથી ઝરતા આનંદમાં જે અકથ્ય સરસતા જડે છે તે સાહિત્યમાં અપૂર્વ શબ્દોના ડોલનથી જ પ્રગટે;—ડોલન, ગેયતા નહીં. સંગીતથી થતો આનંદ શબ્દડોલનથી થતા આનંદથી જુદો છે. એક નાદસંવાદ:—એ માધુર્યનું અંગ છે. બીજું શબ્દ ને અર્થનાં એકીકરણથી, અપૂર્વતા પ્રગટાવવા આણેલું ડોલન: એ સાહિત્યનું અંગ છે. ગરબીઓ—અર્વાચીન

સ્ત્રીઓની ઉસ્તાદી સંગીતભરી કહેવાતી ગરબીઓ શીવાયની—ડોલનાત્મક છે; અને દયારામને એ ડોલનની અપૂર્વતામાં કોણ સ્પર્શી શક્યું છે?

નેહ નચાવતા નંદના કુંવર પાધરે પંથે જો.

× × ×

ગરબે રમવાને ગૌરી નીસર્યાં રે
રાધિકા રંગીલી અભિરામ વ્રજવસણી રે લોલ.

અને દયારામનાં ઊર્મિગીતોમાં સર્વ હૃદયો સ્પર્શે એવી ખુબી છે. એક વિશુદ્ધ અનુભવની સરલતા દરેક હૃદયમાં ઝણઝણાટ પ્રગટાવે છે. અને એ ઝણઝણાટ પેદા કરવાનું લક્ષણજ ઊર્મિગીત રચનારને અમર કવિઓમાં સ્થાન આપે છે. દયારામનું ભક્તકવિઓમાં સ્થાન નથી, પ્રણયના અમર કવિઓમાં છે.)

( ૭ )

## અર્વાચીન યુગનો પ્રારંભ:

### શુદ્ધ ભક્તિનો અસ્ત

દયારામ સાથે મધ્યકાલ અસ્ત થાય છે.

વૈદિક કાળમાં સ્ત્રી સન્માનીય હતી, અને પ્રેમનું પાત્ર હતી. જ્યાં સુધી એ માન્યતા રહી ત્યાં સુધી ઈશ્વર તરફ પૂજ્યભાવની ભાવના કેળવાઈ.

તપનો અર્થ શુષ્ક વૈરાગ્ય થયો. સ્ત્રી તરફ તિરસ્કાર વધ્યો. દેશમાં અધમતા આવી. પરિણામે પ્રણય ને પૂજ્યભાવનું મિશ્રણ થયું અને ઈશ્વરનો પ્રણય કરવાની ભાવના પ્રગટી.

શુદ્ધ ભક્તિએ કાલ્પનિક પ્રભુ સાથે લગની લગાડવામાં મોક્ષ દીઠો. આ ભરતી ટોચે પહોંચી ત્યારે ચૈતન્યની વિશુદ્ધ ભક્તિનાં દર્શન થયાં. ચૈતન્યની ભાવનાનું કથન એ નરસિંહ મીરાંની શિષ્ટતાનું રહસ્ય છે.

થોડાંક રસદર્શનો...........



શ્રી ભોળાનાથ સારાભાઈ



શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા

પૃ૦ ૨૪૭

શુદ્ધ ભક્તિમાં વૈષ્ણવ ગોસ્વામીએ મનુષ્ય પૂજાનો અંશ દાખલ કર્યો, અને ત્યાગને બદલે રંગ, રાગ ને રાસને સ્થાન આપ્યું. પ્રણય કાલ્પનિક પ્રભુ પર નામનો રહે, પણ ખરી રીતે ગોસ્વામી તરફ વળે તેવા પ્રયત્નો થયા. પરિણામે શુદ્ધ ભક્તિ કલુષિત થઈ. શુદ્ધ ભક્તિની ભાવના ગઈ ત્યારે ભક્તિને નામે માનવપ્રેમનું સાહિત્ય પ્રગટયું. તે દયારામનું સાહિત્ય. આખરે પ્રણય અને પૂજ્યભાવનો અવાસ્તવિક સંબંધ તુટવા લાગ્યો.

અંગ્રેજી કેળવણી આવી. સુધારાનો પવન વાયો. અંગ્રેજી સંસ્કાર, પ્રણય, સ્વાતંત્ર્ય અને સ્ત્રીસન્માનોના તરંગો પ્રગટયા. ઓગણીસમી સદીની શરુઆતમાં અંગ્રેજી રાજ્ય ગુજરાતમાં સ્થપાયું. ઇ. સ. ૧૮૩૩માં નર્મદ જન્મ્યો. ઇ. સ. ૧૮૪૦માં દુર્ગારામ મહેતાજીએ વિધવા-વિવાહની હીમાયત કરી. ઇ. સ. ૧૮૭૧ માં ભોળાનાથે પ્રાર્થના સમાજ સ્થાપી.

ઇ. સ. ૧૮૫૭માં નર્મદે કાવ્ય છપાવવાં માંડયાં.

ઇ. સ. ૧૮૭૨માં ઈશ્વિર પ્રાર્થનામાળા પ્રગટ થઈ.

નર્મદે ભક્તિના ઢોળ વિના પોતાની ઊર્મિ વ્યક્ત કરીઃ

વાહાલી તેં ઘેલો કીધો રે, પ્રીત જુવંતી
ભણવું, ગણવું, રળવું સીધું, છોડી મેં તો સહુ દીધું
તારૂં જ નામ લીધું રે—પ્રીત૦
સંસારને હું ભુલ્યો, પ્રીતડી રસે કુલ્યો,
નીહાળી મુખડું ઝુલ્યો રે—પ્રીત૦
× × ×
પ્રીતની આવે લહેરી, નરમ અંગ કેરી
ગુલાબી જાયા ઘેરી રે—પ્રીત૦
× × ×
સ્ત્રી જન્મ થકી નિંદિત ભણાય,
પણ એમ કહે જુલમ ગણાય
શાખેથી તો દુર્ગુણ હણાય
× × ×

સહુ સુધારાનું મૂળ તો નારી રે,
સહુ સુધારાના ઘરની તે બારી રે;
સ્ત્રીના હક છે પુરુષ પ્રમાણે,
નહીં ઓછું વત્તું મન આણે.

ભોળાનાથે શુદ્ધભક્તિના સ્પર્શ વિનાની ઉપાસના ગાઈ:

અજ્ઞાનથી લાગે સર્વ વિપરિત,
પરંતુ ઘટિત કરે પ્રભુ.
× × ×
તમારી કૃપાથી કરું હું તિતિક્ષા,
ભોગવું હું શિક્ષા જે આપો તે.
× × ×
અવશેષ કાલ વૃથા નવ જાય,
સર્વ કાર્ય થાય પ્રભુ પ્રિય.
પ્રભુચરણથી રહે નહિં લક્ષ,
નિરખું સમક્ષ તમને હું.
× × ×
પ્રકૃતિ મળીને ગાય પ્રભુ ગાન,
આપે સદા માન, માને નીમ.
રવિ શશી તારા, શુભ ગુણ ગાય,
દિનનિશ જાય અધિષ્ઠાને.
વન વૃક્ષ વેલી ગંગ પુષ્પ માલ,
તમને કૃપાલ અર્પે સદા.
સમુદ્રના ધ્વનિ ગીત નિત્ય ગાય,
પ્રભુ પ્રતિ ધાય તરંગોથી.
એવું મહત્વ સબળ સમર્થ,
પૂર્ણ કરે અર્થ યોગ્ય સર્વ.

આમ નર્મદે સ્ત્રી પ્રણયનો સ્વાભાવિક વિષય છે એમ ગાયું ને શીખવ્યું. ભોળાનાથે પ્રભુપૂજા પૂજ્યભાવનો વિષય છે એમ ગાયું ને

શીખવ્યું. નર્મદે સ્ત્રીને સર્વપાપનું મૂલ માનવાની ના પાડી. ભોળાનાથે વિજાતી તરફની લાગણીથી પૂજ્યભાવ કલંકિત કરવાની ના પાડી.

પ્રણયનું અને પૂજ્યભાવનું અસ્વાભાવિક લગ્ન છુટ્યું. દરેક ભાવ પોતાના યોગ્ય વિષયે જવા લાગ્યા. અને ભક્તિયુગ પુરો થયો. શુદ્ધ પ્રણયનું સાહિત્ય વધ્યું, ઊર્મિગીતો સ્વાભાવિક થયાં. શુદ્ધ પૂજ્યભાવનાં પ્રદર્શન સાહિત્યમાં થયાં અને પ્રાર્થનાઓમાં ચેતન આવ્યું.

જે ઊર્મિઓ નરસિંહ મહેતામાં એક થઈ હતી તે નરસિંહરાવ દીવેટીઆમાં તદ્દન નીરાળી પડી. પાશ્ચાત્ય સંસ્કારના સ્પર્શે શુદ્ધ ભક્તિની ઈંદ્રજાલ જતી રહી.

રા. નરસિંહરાવે ઊર્મિગીત ગાયું:

સંધ્યા સલૂણી થઈ લુપ્ત સુષુપ્ત થાયે,
તેને રમે તદપિ રંગ કદા બધાયે;
ખીલી હસે કુસુમ તે કરમાય જ્યારે,
તોયે સુગંધ મનમાં કેરી વાસ મહાલે.
આનંદ દે તું મૃદુગાન વિરામ પામે,
તોયે ભમી શ્રવણમાં ધ્વનિ રમ્ય જામે;
હા! તેમ આજ તુ જ દર્શન લુપ્ત થાયે,
તારા ગુણો સ્મરણમાં રમશે સદાયે.
મારી ઉંડી હૃદયને વ્યથતી મથા જે,
ગંભીર શોક સરિતા પુર માંહી ગાજે;
હા! તેવી તુ જ સુકુમાર ઉરે કદીયે,
મા રેલશો અસહ્ય શોક તણી નદીએ!

× × ×

દઈ વદાય સખિ! આટલું યાચતો હું,
થાઉં વિલુપ્ત ભવચિત્ર પટેથી જો હું;
કર્ણે પડે ખબર એ તુ જ કોઈ કાળે,
બે આંસુડાં મધુર નેત્ર થકી તું ઢાળે.

અને એ કવિએ પ્રાર્થના કરી:

પ્રેમલ જ્યોતિ તારો દાખવી મારો જીવનપથ ઉજાળ

× × ×

મંગલ મંદિર ખોલો, દયામય ! મંગલ મંદિર ખોલો

× × ×

દુરિતરૂપે પડ્યો હું હે જગત્ત્રાતા !
લોભન લતા નિરખી મુજ પાય ચઢયો–દુરિતરૂપે
શ્રવણ ધરી તુજ વાણી મંગલ,
રૂપમુખ અંધ બની ચરણ મુક્યો–દુરિતરૂપે
કરુણ રુદન સુણી તાત ! ઉગારો,
નીરખવા દિવ્ય પ્રભા હું અતિ ભૂખ્યો–દુરિતરૂપે

શુદ્ધ ભક્તિ મધ્યકાલની સુંદરમાં સુંદર ભાવના છે, અર્વાચીન કાલની અસ્વાભાવિક ઊર્મિ છે.

21455

સંપૂર્ણ

શ્રી. કનૈયાલાલ મુનશીની નવલકથાઓ અને પૌરાણિક નાટકો
વાંચી મંત્રમુગ્ધ થનાર માટે તદ્દન નવી વાનગી વાંચવી હોય તો વાંચો
તેમની સર્વોત્તમ અને નવી જ કલાકૃતિ–

# લોપામુદ્રા

**વિભાગ ૧ વિશ્વરથ : વિભાગ ૩ દેવે દીધેલી**
**,, ૨ શમ્બરકન્યા : ,, ૪ વિશ્વામિત્ર**

ભારતના ઇતિહાસના પ્રથમ પરાક્રમોથી શ્રી. મુનશીએ 'પૌરાણિક નાટકો'માં રોમાંચ આણ્યા છે. તેનાથી ય વધુ સુંદર ને વધુ રોમાંચક આ કથા આર્યોના ઉષઃકાલને તમારી દૃષ્ટિ સન્મુખ આણે છે. આર્યાવર્તના સ્રષ્ટા, ઋષિઓ, વિશ્વામિત્ર, વસિષ્ઠ, અગસ્ત્ય અને લોપામુદ્રા જેવાં જીવંત પાત્રો હજુ શ્રી. મુનશીએ પણ દોર્યાં નથી. ખાસ કરીને પોતાની લાક્ષણિક શૈલિમાં લખાએલું નાટક 'દેવે દીધેલી' ગુજરાતી સાહિત્યમાં અવનવું પ્રણયગાન છે. તપસ્વિની, ઋષિ અને મંત્રદ્રષ્ટા લોપામુદ્રાનું સંવનન જેમ ઋગ્વેદમાં અદ્ભુત રીતે આલેખાએલું છે, તેમ આપણા સાહિત્યમાં પણ ચીતરાયું છે.

## થોડાંક રસદર્શનો :

### સાહિત્ય અને ભક્તિનાં

આ રસદર્શનો ગુજરાતી સાહિત્ય વિવેચનમાં સરસતા, શૈલી, ભક્તિ અને સાહિત્યનાં પ્રેરણામય દૃષ્ટિબિન્દુઓ આકર્ષક રીતે રજુ કરે છે.

શ્રી. મુનશીએ એ લખ્યાં છે એટલું જ તેની વિશિષ્ઠતા પુરવાર કરવા પુરતું છે. સચિત્ર : પૃષ્ઠ ૨૫૦ ઉપર. પાકું પુંઠું. કિંમત રૂ. બે.

# જીવનમાંથી જડેલી

ખંડ ૧ ને ૨ ( સાથે )

સૌ. લીલાવતી મુનશીએ તેમના આ નવા નવલિકા સંગ્રહમાં સંસારના જુદા જુદા પ્રસંગોને અદ્દભુત કલાથી ચીતર્યા છે. ભાષાની સચોટતામાં, આલેખનની સુરેખતામાં અને દૃષ્ટિબિન્દુની વાસ્તવિકતામાં આ પુસ્તક અનુપમ છે.

આમાં પ્રગટ થએલી વાતો "વનમાલાની ડાયરી", "સત્યાગ્રહ" વગેરેને વિવેચકોએ ઉંચી કલાકૃતિ તરીકે વખાણી છે. આમાંની સર્વે વાતો દરેક ગુજરાતીએ વાંચવી જ જોઇએ.

અર્વાચીન સ્ત્રીઓનું માનસ સમજાવનાર આ પુસ્તક ગુજરાતના વિકાસનું સીમાચિન્હ છે. આમાં એકંદર ૧૭ વાતો છે.

પૃષ્ઠ ૩૭૮: કીંમત રૂ. ૨-૮-૦.

---

# નરસૈયો : ભક્ત હરિનો

**શ્રી કનૈયાલાલ મુનશીએ લખેલું પહેલું જીવનચરિત્ર.**

ગુજરાતી સાહિત્યમાં નવી જ રીતે લખાએલું આ જીવનચરિત્ર તમારે સૌએ વાંચવું જ જોઇએ.

જુનાગઢનો આદિકવિ આ ચરિત્રમાં જીવતો જાગતો થઈ સંચરે છે. એ જીવનચરિત્ર નથી, નરસિંહ મહેતાના જીવનનું એક ગદ્યકાવ્ય છે.

ઉપરાંતઃ—

૧: નરસિંહ મહેતાનાં કાવ્યોનું પૃથક્કરણ

૨: હારમાલા

૩: નરસિંહ મહેતાનો કોયડો—

ઉપોદ્ઘાતના આ ત્રણ નિબંધોમાં શ્રી. મુનશીએ આદિકવિ વિષે ઉંડું અન્વેષણ કર્યું છે. છપાય છે. ટુંક મુદતમાં બહાર પડશે.

ગુજરાતી નવલિકા સાહિત્યમાં એક નવી જ ભાત પાડતું-
શૌર્ય, પ્રેમ, સાહસ, પાતિવ્રત અને વીરતાની છોળો ઉછાળતું,

સ્વદેશાભિમાન અને સ્વાભિમાનની ગૌરવભરી ભાવનાથી
છલોછલ ભરેલું, રાજસ્થાન, મોગલાઇ, ગુજરાત અને
મરાઠા ઇતિહાસની ઝાંખી કરાવતું

સ્વતંત્ર-મૌલિક નવું જ પુસ્તક-

# ઐતિહાસિક કથામંજરી

**આ પુસ્તકનો પ્રસ્તાવ દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ લખ્યો છે.**

આ 'ઐતિહાસિક કથામંજરી'માં આવેલી ૨૦ નવલિકાઓ:-

૧ પ્રચ્છન્નકુમારી અને ભોળો ભીમ.
૨ સંયોગિતા.
૩ પદ્મિની.
૪ રાણો કુંભો.
૫ રાણા રાયમલ.
૬ ચંદ્રસિંહ.
૭ ત્યાગમૂર્તિ પન્ના.
૮ ચિતોડનો ઘેરો.
૯ હલદીઘાટનું યુદ્ધ.
૧૦ સ્વદેશભક્ત ભામાશા.
૧૧ વીર ચંદાવત.
૧૨ વીર બાલુજી ચંપાવત.
૧૩ કુમારસિંહની કુરબાની.
૧૪ બેગમ રોશનઆરા.
૧૫ બાજી પ્રભુ દેશપાંડે.
૧૬ વીર જોત્યાજીરાવ.
૧૭ અટંકી વીર દુર્ગાદાસ.
૧૮ વીર મુરારિરાવ.
૧૯ વીરાંગના લક્ષ્મીબાઈ.
૨૦ માનીનિદેવી.

ક્રાઉન સાઇઝ: પૃષ્ઠ ૪૪૦ પાકું સોનેરી નામોનું પુંઠું
કિંમત રૂ. ૨-૮-૦

સંસારના પડદા પાછળ ડોકીયું કરી અભ્યાસ પૂર્વક
લખાયેલી વાતો—

# જીવનની ઝાંખી

( સ્ત્રીજીવનના પ્રશ્નોની સામાજીક ૧૯ વાતોનો સંગ્રહ )

લેખક શ્રી. કેશવપ્રસાદ દેસાઈ, તંત્રી " સ્ત્રીબોધ "

પ્રો. કર્વેની સ્ત્રીવિદ્યાપીઠમાં ગુ. ટેકસ્ટ બુક તરીકે પસંદ થઇ છે.

પાકું પુંઠું. પૃષ્ઠ ૩૦૦ કીંમત રૂા. ૨-૦-૦

સ્ત્રી-પુરૂષ, કુમાર-કુમારિકા સૌને સરખું ઉપયોગી છે :
અનેક પેપરોએ પ્રસંશા કરી છે.

**આમાં નીચેની ઓગણીશ વાતો છે—**

૧ એ તો છોકરીજ છે ને ?
૨ ઉંઘ વિનાની
૩ કચરાએલી કળી
૪ ગૃહવ્યવસ્થાની ગભરામણ
૫ ગૃહિણી કે સેવીકા ?
૬ ચક્રમના પત્રો
૭ પતિતોદ્ધાર
૮ પિતાના પાપનું પરિણામ
૯ પ્રમદાનો પ્રેમ
૧૦ બધાજ પુરૂષો આવા હશે ?
૧૧ મધરાતનો મહેમાન
૧૨ વ્યવહારકુશળતાનો વિજય
૧૩ શો ન્યાય મળશે ?
૧૪ સહચારિણી
૧૫ સંસારસેવા
૧૬ સાચું સેવામંડળ
૧૭ સાચું સ્વપ્ન
૧૮ સ્વદેશસેવા
૧૯ જન્મભૂમિની જાત્રાએ

# શ્રી કલાપીનો કેકારવ

## સંશોધિત, સંવર્ધિત, કાવ્યો ઉપર માર્ગદર્શક ટીકા, ઉપોદ્‌ઘાત અને શબ્દાર્થકોષ સાથેની કેવળ નવી જ આવૃત્તિ.

શ્રી કલાપીના તમામ સ્વહસ્તલિખીત દફતરો, નામદાર લાઠી ઠાકોર સાહેબ બહાદુરે કૃપાવન્ત થઇને સંશોધન માટે આપેલાં અને તે ઉપરથી સંશોધન કરતાં એ દફતરોમાંથી મળી આવેલી ત્રીસ ચાળીસેક નવી કવિતા, નવો જ શબ્દકોષ તેમ જ કાવ્યો ઉપની માર્ગદર્શક ટીકા પણ ઉમેરીને, નવા ઉપોદ્‌ઘાત સાથે તેમ જ હમીરજી ગોહેલનું મહાકાવ્ય આખું નવા–ચોથા સર્ગના વધારા સાથે આ ગ્રન્થમાં દાખલ કરીને આ આવૃત્તિને અપૂર્વ બનાવવામાં આવી છે. એમાં શ્રી કલાપીની જુદી જુદી અવસ્થાની ઘણીક છબિઓ તેમ જ પોતાના હસ્તાક્ષરની કવિતા પણ પહેલવહેલાં જ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

કદ પહેલાંના કરતાં લગભગ દોઢા જેવડું થયું છે.

આટલો બધો પરિશ્રમ તથા નવીન સુધારોવધારો છતાં

કિંમતમાં "હમીરજી ગોહેલ" પુરતો

માત્ર એક રૂપિઓ વધારીને

કીમત રૂ. પાંચ રાખવામાં આવી છે.

# श्री कलापीनी पत्रधारा

## લેખક-મહાકવિ શ્રી સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ

“कलापीना केकारवे ” સમસ્ત ગુજરાતી આલમને મુગ્ધ કરી મુકી છે એ કોણ નથી જાણતું? એજ केकारवना પ્રણેતાએ કાવ્યો ઉપરાન્ત, પોતાના બહોળા મિત્રમંડળને-સ્નેહીવર્ગને ભાવનાપૂર્ણ, દર્દભર્યા ઘણા પત્રો લખ્યા છે.તેવા હજારો પત્રોમાંના ૫૩૫ પત્રો આમાં છે.

**આમાંના ઘણાક પત્રો પહેલીજ વાર પ્રસિદ્ધ થાય છે. આ પત્રધારામા નીચેની વ્યક્તિઓ ઉપરના ૫૩૫ પત્રો છેઃ-**

(૧) સાક્ષર શ્રી પ્રૉ. મણિલાલ નભુભાઈ દ્વિવેદી.
(૨) શ્રી કલાપીનાં સ્નેહરાજ્ઞી શ્રી શોભના-મોંઘીબા.
(૩) શ્રી કલાપીનાં રાણીશ્રી રમાબા.
(૪) શ્રી કલાપાનાં રાણીશ્રી કોટડાવાળાં બા.
(૫) હડાળા દરબાર શ્રી વાજસુરવાળા સાહેબ.
(૬) संचित्-બાલુભાઈ-રા. રા. રૂપશંકર ઉ. ઓઝા.
(૭) રાણા શ્રી સરદારસિંહજી સાહેબ (કંથારીઆ).
(૮) સ્વ. શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.
(૯) સંતકવિ શ્રી લલિતજી (૧૦) કેપ્ટન ઑલ્ડફીલ્ડ.
(૧૧) રા. રા. આનંદરાયભાઈ દવે-વકીલ.
(૧૨) રા. રા. હરીશંકર નરસિંહરામ પંડયા-વકીલ.
(૧૩) શ્રી કલાપીના ભાઈ શ્રી વજુભા સાહેબ.
(૧૪) રા. રા. તાત્યા સાહેબ-ગીરધરદાસ મંગળદાસ દેસાઈ.
(૧૫) મોરબીના મહારાજા શ્રી લખધરસિંહજી સાહેબ.

**પૃષ્ટ ૫૦૦ ઉપરાંત-સચિત્ર કિમ્મત રૂપીયા ત્રણ.**